Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

Gujrati
1999

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માઁ આનન્દમયી

અમૃત વાર્તા

VOL. 3 JANUARY, 1999 NO. 1

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

SHREE SHREE ANANDAMAYEE SANGHA

❋ Branch Ashrams ❋

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram,
P. O. Kamarhaiti, Calcutta-700058 (Tel : 5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram,
Palace Compound, P.O. Agartala-799001. West Tripura
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram,
Patal Devi, P.O. Almora-263602, U.P. (Tel : 23313)
4. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Dhaul-China, Almora-263881, U.P.
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram,
Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 33208)
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
Kishenpur, P.O. Rajpur, Dehradun-248009
U.P. (Phone: 684271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
Kalyanvan, 176, Rajpur Road,
P.O. Rajpur, Dehradun-248009, U.P.
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram.
P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
47/A Jakhan, P.O. Rajpur, Dehradun, U.P.
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram,
Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram,
P.O.Kankhal, Hardwar-249408, U.P. (Tel: 416575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok,
P.O. Kedarnath, Chamoli-246445, U.P.
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir,
P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
તથા
દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૩ જાન્યુઆરી, ૧૯૯૯ સં - ૧

-: સંપાદક સમિતિ :-

સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-

શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

ભારતમાં	રૂા. ૬૦/-
વિદેશમાં	યુ. એસ. ડૉલર ૧૨/-
એક અંકની છૂટક કિંમત	રૂા. ૨૦/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

"અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી, સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિંટિંગ વર્ક્સ, બી. ૨૧/૪૨, કમચ્છા વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

☆ ☆ ☆ ☆ ☆

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

સત્યસ્વરૂપ, સુખસ્વરૂપ, આનન્દસ્વરૂપ એકમાત્ર ભગવાન - માનવ જીવવનો એકમાત્ર ઉદ્દેશ્ય ભગવાનનો લાભ. જેનો ત્યાગ થઈ જાય છે તેનો જ ત્યાગ કરવાની વાત ઊભી થાય છે. જે નિત્ય સત્ય એ જ ગ્રાહ્ય.

☆

આદેશ પાલન કરવો (એ) જ સૌથી મોટી સેવા. એટલા માટે ગુરુ જે આદેશ કરે, નિર્વિચાર ભાવે પાલન કરવાથી જ સર્વોપેક્ષા મોટી સેવા થાય છે. ગુરુના આદેશનું પાલન તથા સંયમિત જીવનથી પોતાનું સાચું રૂપ પ્રકાશિત થઈ જશે.

☆

જેને ગુરુ ન હોય તે ભગવાનનું જે નામ ગમતું હોય તેનો જાપ કરે તથા જે ભગવાનનું નામ જપે એની મૂર્તિનું ધ્યાન કરે. અને જેને ભગવાનનું નામ કરવાનું પણ ન ગમે, તે ચુપચાપ એકાંતમાં બેસીને વિચારે કે હું કોણ છું. પોતાને ઓળખવાની કોશિશ કરવી જોઈએ. જો ગુરુ ન હોય તેણે ગુરુ બનાવી લેવા જોઈએ. મનમાં જો ગુરુનો પ્રકાશ થઈ જાય તો દીક્ષાની ક્રિયા થવી જોઈએ. ચાહે માનીને થાય (કે) ચાહે મંત્રથી થાય. ગુરુશક્તિ પ્રાપ્ત થવી જોઈએ. ગમે તે રીતે થાય. દીક્ષા જાતજાતની હોય છે. દૃષ્ટિથી પણ થાય, સ્પર્શથી પણ થાય, અને મંત્રદાનથી પણ થાય. ઘણી રીતો છે. ખરી રીતે ગુરુશક્તિ પ્રાપ્ત થવી જોઈએ.

☆

સંસારયાત્રામાં કદીયે કોઈ સુખી નથી થતું. પરમાર્થ યાત્રા જ પરમ સુખનો માર્ગ છે. એ જ પોતાના માર્ગમાં પોતે ચાલવાની ચેષ્ટા કરો, જ્યાં સુખ-દુઃખનો પ્રશ્ન નથી. અભિમાનશૂન્ય પરમાનંદ તરફ.

☆

ધર્મ (એ) જ ધર્મનો પુરસ્કાર છે. ધર્મ પ્રમાણે ચાલવાથી, શાસ્ત્ર અનુસાર, ધર્મ રક્ષા કરે છે. ધર્મ ધર્મની રક્ષા કરે છે. ધર્મથી ચાલજો, તો કષ્ટરૂપી ભગવાન નહીં આવે. ધર્મ નીતિથી રક્ષા થાય, કષ્ટ નથી આવતું.

☆

કોઈની પાસેથી જો કોઈ ચીજ લેવી હોય તો જેટલી આવશ્યકતા હોય તેટલી જ લેજો. તેમ જ બીજાને આપતી વખતે જેટલું મેળવીને એ સંતુષ્ટ થઈ જાય યથાશક્તિ તેટલું જ આપજો. સંકુચિત ચિત્તને બૃહત્ કરીને સ્વાર્થ ને પરાર્થનું અભેદ-જ્ઞાન ઉત્પન્ન કરવાના ઉદ્દેશ્યથી પરોપકાર, દાન, દયા ઈત્યાદિ દ્વારા યથાસાધ્ય સેવા કરજો. જ્યાં સુધી પોતાની ભોગવૃદ્ધિ અને અભાવનો બોજો છે, ત્યાં સુધી બીજાઓના અભાવને જોવો જોઈએ. આમ ન થાય તો મનુષ્યત્વ લાભ નથી થતો.

☆

ભાવનો અભાવ છે. પ્રાર્થના કરો, "ભગવાન મને શ્રધ્ધા આપો, ભક્તિ આપો, કૃપા કરો." સાધન વડે શોધન. બધો સમય સાધના ટાઈમ છે. "સાધના માટે ટાઈમ નથી" એ નહીં. બધો સમય જ સાધનીય છે. સુકૃતિ સુકામ હોય તો નિરાશા નહીં. આમ વિચારો કે ભગવાન અમને અપનાવવા માટે એમના મનનું (ગમતું) કરે છે. તેથી પોતાની ઈચ્છા એમનામાં મેળવી દેવી જોઈએ.

☆

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દર્શન એટલે ગ્રહણ. આપવું એટલે લેવું. પ્રણામ એટલે અહંકારરૂપી માથા પર ભાર જ્યાં સુધી રહે છે ત્યાં સુધી (માથું) સીધું રહે છે. જેટલું આપી દીધું એટલું ગ્રહણ થઈ ગયું. પ્રણામ બે પ્રકારના હોય છે. એક તો પાવડરની ડબ્બીમાંથી નીકળેલા પાવડરની માફક અને એક જેવા કે માટલી ઢોળી દીધી. જો ગ્રંથિ ખુલે તો બધું જ પડી જશે. પ્રણામ કરવાની વિધિ છે. નમન એટલે 'ન+મન', અર્થાત્ મનનું ન રહેવું. જો મનરહિત થઈ જાય અર્થાત્ મનનું જે કાંઈ છે તે અર્પિત થઈ જાય તો પોતાનું સ્વરૂપ 'કોણ છે' પ્રકાશિત થઈ જાય.

☆

મન કરવા ન ઈચ્છે તો પણ કર્મ છોડતા નહીં. કારણ મન તો ચુપ થઈને રહેશે નહીં. તમારે અન્ય કર્મ પાછળ દોડવું પડશે. કર્મને છૂટી જવા દો, જો નામથી એ રીતે મન ડૂબી જાય. ત્યારે જોજો તમારું કર્મ પડી રહ્યું છે અને તમે ક્યાં ડૂબી ગયા છો. આ મને પરંતુ કર્મ છોડ્યું નથી, કર્મ મનને છોડી ગયું છે. એટલા માટે જ કર્મ કરજો. ભગવાનની સેવા નિયમથી કરજો. સૂતી વખતે પણ વિચારજો કે ભગવાનના ચરણોમાં માથું મૂકીને સૂતા છો. આ પ્રમાણે દિન રાત્રિ એમને લઈને રહેજો.

☆

કોઈ કોઈ વાર તમારી પાસેથી હું એક બહાનાની વાત સાંભળું છું, "એની કૃપા ન થાય તો શું ભજન થઈ શકે?" એની કૃપા આખો વખત છે, ત્યારે જ તો જીવિત છો. ધૈર્ય ધારણ કરીને પોતાની બાજુ લક્ષ્ય કરીને જુઓ તો એની કૃપાનો આભાસ મેળવશો. સંસારમાં જુદા જુદા સ્થાનોમાં જુદી જુદી વસ્તુઓ વિખરાયેલી પડી છે. એ બધી એકત્રિત કરવા માટે કેટલી જાતનાં કારખાનાં અને વૈજ્ઞાનિક કૌશલની નવી નવી વ્યવસ્થા થઈ રહી છે. બરોબર એ જ રીતે ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે મન-પ્રાણ મૂકીને જુઓ ને એની કૃપા હાથોહાથ મેળવશો.

☆

અમૃતનું સંતાન, તેઓ મૃત્યુની બાજુ કેમ જવા દે ?

☆

નિત્ય ભગવત્ક્રિયા-સૂત્ર અખંડ અને સુરક્ષિત રાખવું પડશે.

☆

અખંડની પ્રાપ્તિ ખંડ-સાધનાથી નથી થતી.

☆ ☆ ☆ ☆ ☆

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃલીલા કથા

(ગતાંકથી ચાલુ)

૧૯૭૪

૨૮ જાન્યુઆરી, દિલ્હી	:	શ્રી ગોપાલસ્વરૂપ પાઠક (ઉપરાષ્ટ્રપતિ)ને ત્યાંની સરસ્વતી-પૂજામાં માનું આગમન.
૧૧ ફેબ્રુઆરી, કનખલ (હરિદ્વાર)	:	કુંભમેળાની પ્રથમ શોભાયાત્રા.
૧૮ ફેબ્રુઆરી, દહેરાદૂન	:	સાધન આશ્રમમાં શિવલિંગ-પ્રતિષ્ઠા
૨૦ ફેબ્રુઆરી, કનખલ	:	કુંભમાં શિવરાત્રિના સ્નાનની દ્વિતીય શોભાયાત્રા.
૨૩ ફેબ્રુઆરી, કલકત્તા	:	ઝૂલનોત્સવ માટે ભક્તોના આગ્રહથી માનું કલકત્તા આગમન.
૨૫ ફેબ્રુઆરી થી ૪ માર્ચ, કલકત્તા	:	જોધપુર પાર્કમાં ભાગવત-સપ્તાહ - શ્રી નારાયણ ગોસ્વામી દ્વારા વ્યાખ્યાં.
૮ માર્ચ, કલકત્તા	:	દોલોત્સવને દિવસે વૈષ્ણવોના આમંત્રણથી એમની શોભાયાત્રામાં માનું યોગદાન.
૧૦ માર્ચ, દેવઘર (બિહાર)	:	શ્રી નરેન્દ્ર બ્રહ્મચારીના આશ્રમમાં તથા શ્રી બાલાનન્દ બ્રહ્મચારીજીના આશ્રમમાં.
૨૫ એપ્રિલ, વારાણસી	:	અક્ષય તૃતીયાને દિવસે પૂ. મુક્તાનન્દ ગિરિજીની મૂર્તિની સ્થાપના નવનિર્મિત શિવમંદિરમાં.
૩ મે થી ૯ મે, મુંબઈ	:	પ્રતાપભાઈ વસનજીની પ્રાર્થનાથી એમના નિવાસ સ્થાને માનો જન્મોત્સવ.
૧૨ મે, પૂના	:	પૂ. અખંડાનન્દ સરસ્વતી દ્વારા ૧૫ દિવસનું શ્રીમદ્‌ભાગવત-પ્રવચન માની ઉપસ્થિતિમાં
૨૮ મે, પૂના	:	શ્રી દિલીપકુમાર રૉય તથા શિષ્યા ઈન્દિરાજી મા પાસે. સંત શ્રી દત્તબાલજી માનાં દર્શનાર્થે.
૪ જૂન, પૂના	:	શ્રી નરેંનદ્ર બ્રહ્મચારી દ્વારા વિસ્તૃત રૂપે જગન્નાથ-પૂજા.
૫ ઑક્ટોબર, રામઘાટ, હરિદ્વાર	:	જયપુરિયા ભવનમાં અજ્ઞાતવાસ
૨૨ થી ૨૮, નવેમ્બર, દહેરાદૂન	:	મસૂરી રોડ સ્થિત 'રામતીર્થ આશ્રમ'માં પૂ. ગોવિંદપ્રકાશજીના આમંત્રણથી સંયમ-સપ્તાહનું આયોજન.
૧ ડિસેમ્બર, કાનપુર	:	જયપુરિયા પરિવારની પ્રાર્થનાથી 'સ્વદેશી હાઉસ'માં શ્રી અતુલ કૃષ્ણ ગોસ્વામી દ્વારા થતા રામાયણમાં માની ઉપસ્થિતિ.
૧૦ ડિસેમ્બર	:	શ્રી સિંઘાનિયાને ત્યાં સ્વામી અખંડાનંદ સરસ્વતી દ્વારા શ્રીમદ્ ભાગવત પ્રવચન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માની ઉપસ્થિતિમાં

૧૯૭૫

૧૪ જાન્યુઆરી, નૈમિષારણ્ય :	નવનિર્મિત યજ્ઞ-શાળાના યજ્ઞકુંડમાં અગ્નિસ્થાપન.
૬ માર્ચ, ગોંડલ :	રાજકુટુંબની પ્રાર્થનાથી ગોંડલમાં માનું આગમન. સૌરાષ્ટ્રની પરંપરા પ્રમાણે માનું ભવ્ય સ્વાગત.
૭ માર્ચ, પોરબંદર :	ગાંધીજીના જન્મસ્થાને માનું આગમન. ગુરુકુળમાં માનું ભવ્ય સ્વાગત. ભુવનેશ્વરી મંદિર તથા કન્યાપીઠ શાળા પરિદર્શન.
૨૭ માર્ચ, મુરાદાબાદ :	હોળીને દિવસે પૂ. હરિબાબાજીના ભક્તો દ્વારા હરિબાબાજીની મૂર્તિ-પ્રતિષ્ઠા.
૧૪ એપ્રિલ, કનખલ :	સત્સંગ હૉલનું ઉદ્ઘાટન.
૩ મે, નૈમિષારણ્ય :	માના જન્મદિવસની પૂજા.
૧૪ મે, નૈમિષારણ્ય :	અક્ષય તૃતીયાએ 'પુરાણ પુરુષ'ની શોભાયાત્રા. સવા લાખ જ્યોતથી આરતી.
૧૯ મે, કલકત્તા :	માનો ૭૯મો જન્મોત્સવ.
૧૧ જૂન, ગોહાટી :	રામમંદિરમાં રાત્રિવાસ.
૧૩ જૂન, ડિબ્રૂગઢ :	શ્રી રામઠાકુરના ભક્તો દ્વારા માને માટે આશ્રમ-નિર્માણ. કાલીબાડીમાં તથા સ્થાનીય શારદામઠમાં માનું આગમન. બ્રહ્મપુત્ર નદીને તટે વિરાટ રૂપમાં પ્રસાદ-વિતરણ.
૨૯ ઑગસ્ટ, ડિબ્રૂગઢ :	આકાશવાણીમાં માની વાણી રેકોર્ડ કરવામાં આવી. જન્માષ્ટમી-પૂજા.
૯ ઑક્ટોબર, વારાણસી :	શારદીય નવરાત્રિ પ્રારંભ. દુર્ગાપૂજા. સુપ્રસિદ્ધ ગાયિકા શ્રીમતી ગિરિજા દેવી માનાં દર્શનાર્થે.
૧૬ ઑક્ટોબર, વારાણસી :	કેન્દ્રીય રેલ્વે-પ્રધાન શ્રી કમલાપતિ ત્રિપાઠી માનાં દર્શનાર્થે આશ્રમમાં. બંગાળનાં પ્રસિદ્ધ લેખિકા અન્નપૂર્ણાદેવી મા પાસે.
૩ નવેમ્બર, ઉત્તરકાશી :	આશ્રમના કાલી-મંદિરમાં કાલીપૂજા. ૫૦૦ સાધુઓનું ભોજન. ઉદાસજી દ્વારા બે મહીનાનો હવન.
૫ નવેમ્બર, કનખલ :	યોગાનન્દજીના શિષ્ય સ્વામી ક્રિયાનન્દ તથા ૨૪ અમેરિકન તીર્થયાત્રીઓનું મા પાસે આવવું. પૂ. સત્યસાંઈબાબા માનાં દર્શનાર્થે.
૬ નવેમ્બર, દિલ્હી :	વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી મા પાસે. દીદીની અસ્વસ્થતા.
૧૦ નવેમ્બર, કાનપુર :	૨૬ મો સંયમ-સપ્તાહ શ્રી સિંઘાનિયાને નિવાસે સ્વામી અખંડાનન્દજીના સત્સંગમાં મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૫ ડિસેમ્બર, વારાણસી	: આશ્રમના આનન્દ-જ્યોતિમંદિરમાં વિદેશી ભક્તો દ્વારા એમની પ્રથા અનુસાર ક્રિસમસની ઉજવણી, મધ્યરાત્રિએ માની ઉપસ્થિતિમાં ધ્યાન તથા ઈશુ ખ્રિસ્તનો જન્મોત્સવ.

૧૯૭૬

૧૬ જાન્યુઆરી, દિલ્હી	: શ્રીમતી ઈન્દિરા ગાંધી મા પાસે. સ્વામી સચ્ચિદાનન્દજી ૪૦ શિષ્યો સહિત માતૃદર્શનાર્થ.
૧૯ ફેબ્રુઆરી, વારાણસી	: માની ઉપસ્થિતિમાં કન્યાપીઠનો પુરસ્કાર-વિતરણ-સમારોહ. વિશેષ અતિથિ તરીકે માતૃ-ભક્ત રાજ્યપાલ ડૉ. ચેન્ના રેડ્ડી.
૨ મે થી ૧૯ મે, કનખલ	: જન્મોત્સવ.
૨૦ મે, રાયવાલા (દહેરાદૂન)	: ગંગા તટે શ્રી રામ પંજવાનીની વ્યવસ્થાથી ''ગંગાલહરી''માં આઠ દિવસ માનો એકાંતવાસ.
૨ જૂન, ઉત્તરકાશી	: 'કૈલાસ આશ્રમ' ઋષિકેશના મહામંડલેશ્વર સ્વામી વિદ્યાનન્દ ગિરિજીના આમંત્રણથી માની ઉત્તરકાશી-યાત્રા
૧૧ ઑગષ્ટ, હરિદ્વાર	: 'શાંતિકુંજ'ના સ્થાપક પંડિત રામશર્મા આચાર્ય તથા એમનાં ધર્મપત્ની મા પાસે
૧૬ ઑગષ્ટ, આગરપાડા (કલકત્તા)	: કૃષ્ણમંદિરમાં રાધા-ગોવિંદ તથા ગૌર-નિતાઈ વિગ્રહોની પ્રતિષ્ઠા.
૨૧ ડિસેમ્બર, દિલ્હી	: દુર્ગાપૂજા, લક્ષ્મીપૂજા તથા કાલીપૂજા દિલ્હી આશ્રમમાં.
૩૦ ઑક્ટોબર, ગોંડલ	: રાજપરિવારની પ્રાર્થનાથી માની ઉપસ્થિતિમાં સંયમ-સપ્તાહ.
૭ નવેમ્બર, રાણાવાવ	: ગોંડલથી રાણાવાવ.
૧૬ નવેમ્બર, કરોલી	: કૈલાદેવી (મહાલક્ષ્મી) મંદિરમાં શતચંડીપાઠમાં માની ઉપસ્થિતિ, મદનમોહન મંદિરમાં આગમન.
૨૩ નવેમ્બર, પટના	: હથુઆ રાજપરિવારના આમંત્રણથી 'હથુઆ ભવન'માં માની ઉપસ્થિતિમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ.
૨૯ ડિસેમ્બર, વારાણસી	: પ્રસિદ્ધ વયોવૃદ્ધ સંત પૂ. સીતારામદાસ ઓંકરનાથ મા પાસે.

૧૯૭૭

૭ જાન્યુઆરી, પ્રયાગ	: નિર્વાણી અખાડામાંથી શોભાયાત્રા સહિત માનો કુંભ મેળામાં પ્રવેશ.
૧૧, ૧૯, ૨૪	: કુંભનાં મુખ્ય સ્નાનોને દિવસે મહાત્માઓની વિનંતિથી 'શાહી સ્નાન'ની શોભાયાત્રામાં સમ્મિલિત.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૪ ફેબ્રુઆરી, વારાણસી	:	માની ઉપસ્થિતિમાં કન્યાપીઠના પુરસ્કાર-વિતરણોત્સવમાં ડૉ. ચેન્ના રેડ્ડી.
૧૪ ફેબ્રુઆરી,વારાણસી,કુરુક્ષેત્ર	:	શ્રી ગુલઝારીલાલ નંદાના આમંત્રણથી શિવરાત્રિ સમયે માનું આગમન. બ્રહ્મસરોવરને તટે સુવિશાળ હૉલમાં માના સાન્નિધ્યમાં આખી રાત સમૂહમાં શિવરાત્રિપૂજન. વિખ્યાત સંગમેશ્વર શિવમંદિરમાં મા.
૧૯, ફેબ્રુઆરી, અમદાવાદ	:	મહામંડલેશ્વર શ્રી ગીતા ભારતીના આમંત્રણથી સાબરમતી તટે હરિહરાનંદ આશ્રમમાં માનું આગમન. માને ખુલ્લી ગાડીમાં બેસાડીને સમગ્ર ભારતમાંથી પધારેલા સાધુ-મહાત્માઓ સાથે શ્રી ગીતાભારતી દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન. આશ્રમના નવનિર્મિત મંદિરોમાં મા દ્વારા પ્રાણ-પ્રતિષ્ઠા.
૮ માર્ચ, ચિત્રકૂટ	:	જયપુરિયા કુટુંબની પ્રાર્થનાથી નવનિર્મિત ધર્મશાળામાં માનો નિવાસ. સ્વામી શ્રી અખંડાનંદ સરસ્વતી દ્વારા આઠ દિવસ સુધી અધ્યાત્મ રામાયણની વ્યાખ્યામાં માની ઉપસ્થિતિ.
૧૯ માર્ચ, દેવઘર (બિહાર)	:	સ્વામી અખંડાનંદજી સહિત શ્રી નરેન્દ્ર બ્રહ્મચારીના આશ્રમમાં માનું આગમન. માની ઉપસ્થિતિમાં તા. ૨૮ મીએ વિશેષ ઉત્સવ સહિત શ્રી અન્નપૂર્ણા પૂજા.
૧૪ માર્ચ, કનખલ	:	શ્રી શ્રી મુક્તાનંદ ગિરિજી જન્મશતવાર્ષિકોત્સવ પ્રારંભ. એક વર્ષ સુધીનું અનુષ્ઠાન.
૧૭ એપ્રિલ, નૈમિષારણ્ય	:	અક્ષય તૃતીયાને દિવસે "વૈદિક અને પૌરાણિક અનુસંધાન કેન્દ્ર"ની સ્થાપના.
૨ થી ૭ મે, દહેરાદૂન	:	મસૂરી રોડ સ્થિત શ્રી રામતીર્થ આશ્રમમાં ધામધૂમથી સ્વામી ગોવિંદ-પ્રકાશજી દ્વારા માનો જન્મોત્સવ.
૧૪ મે, કનખલ	:	મહર્ષિ મહેશ યોગી માનાં દર્શનાર્થે.
૧૯ મે, બરેલી	:	શુકદેવાનંદજીના આમંત્રણથી ૨૦ થી ૨૭ મે સુધી યોજેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં માની ઉપસ્થિતિ.
૨૬ મે, અલમોડા	:	૧૩ વર્ષ પછી માનું અલમોડા આગમન.
૨૬ જૂન, કનખલ	:	શ્રીમતી ઈન્દિરા ગાંધી માનાં દર્શનાર્થે. ૨૧ થી ૨૮ જુલાઈ સુધી સ્વામી વિષ્ણુ આશ્રમજી દ્વારા શ્રીમદ્ ભાગવત વ્યાખ્યામાં માની ઉપસ્થિતિ.
૧૨ ઑક્ટોબર, નરેન્દ્રનગર (ટિહરીગઢવાલ)	:	૧૩ થી ૨૨ ઑક્ટોબર સુધી નવરાત્રિમાં દેવી ભાગવત- સપ્તાહ માની ઉપસ્થિતિ.
૧૮ નવેમ્બર, બદરિકાશ્રમ (ચાંદોદ)	:	નર્મદા કિનારે બદરિકાશ્રમમાં મહામંડલેશ્વર સ્વામી બ્રહ્માનંદ ગિરિજીના આગ્રહથી સંયમ-સપ્તાહમાં માની ઉપસ્થિતિ.
૨૬ નવેમ્બર, ભીમપુરા (ચાંદોદ)	:	લગભગ ૧૩ વર્ષ પછી માનું ભીમપુરા-આગમન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૫ ડિસેમ્બર, ભોપાલ	:	બૈરાગઢ આશ્રમમાં માનો સાત દિવસ નિવાસ.
૩૧ ડિસેમ્બર, પંચમઢી	:	ભૂતપૂર્વ ચીફ એન્જિનિયર શ્રી કે. કે. શાહ દ્વારા માને માટે કુટિયાનું નિર્માણ. માનો એકાંતવાસ.
૧૯૭૮		
૧૪ જાન્યુઆરી, કનખલ	:	મકર સંક્રાન્તિને દિવસે નવ નિર્મિત યજ્ઞશાળામાં વિધિપૂર્વક અગ્નિ-સ્થાપન.
૨૫ જાન્યુઆરી, ભીમપુરા	:	માનો એકાંતવાસ ૧૨ મી ફેબ્રુઆરીએ ભીમપુરા આશ્રમમાં સર્વપ્રથમ સરસ્વતી પૂજા.
૧૪ એપ્રિલ, કનખલ	:	શ્રી શ્રી મુક્તાનંદ ગિરિજીની શતાબ્દીના ઉપલક્ષ્યમાં વર્ષવ્યાપી ઉત્સવોની પરિસમાપ્તિ.
૩ મે, કનખલ	:	માનો શુભ જન્મોત્સવ પ્રારંભ. ૧૦ મી મે - અક્ષય તૃતીયાએ શ્રી આદિ શંકરાચાર્યની શ્વેત આરસની મૂર્તિની પ્રતિષ્ઠા. ૧૯ મી મે - મહામંડલેશ્વર સ્વામી પૂર્ણાનંદજીના આમંત્રણથી એમના આશ્રમમાં માનો જન્મોત્સવ - ૨૬ મે સુધી. માનું આગમન અને ઉત્સવ દરમ્યાન ઉપસ્થિતિ.
૨૯ ઑગસ્ટ, ધનબાદ	:	કુ. છબિ બંધોપાધ્યાયના નવનિર્મિત ભવનના ગૃહ-પ્રવેશમાં માનું આગમન.
૭ થી ૧૧ ઑક્ટોબર, ગોંડલ	:	મહારાજા તથા મહારાણીના આમંત્રણથી શારદીય નવરાત્રિ પૂજા માની ઉપસ્થિતિમાં. ૧૬ મી ઑક્ટોબરે શરદ પૂર્ણિમાએ શ્રી મહાલક્ષ્મી - પૂજન તથા શ્રી સત્યનારાયણ - કથા.

(ક્રમશઃ)

☆☆☆☆☆

"સત્યનો જ વિજય થાય છે, અસત્યનો નહીં. જે માર્ગે કૃતકૃત્ય ઋષિગણો જાય છે અને જ્યાં એ સત્યનું પરમ નિધાન છે, એવો એ દેવોનો માર્ગ અમારે માટે સત્ય દ્વારા જ ખુલે છે."

- મુંડકોપનિષદ્ (૩-૧-૬)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃલીલા

- કુ. ગીતા બૅનર્જી
(કન્યાપીઠ, કાશી આશ્રમ)

માએ બહુ વર્ષો પૂર્વે શ્રી ગુરુપ્રિયા દીદીને કહ્યં હતું કે, "યહ શરીર સાધારણસે સાધારણ હો જાયેગા". તેથી માનું શરીર સાધારણ ભાવે જ તિરોહિત થયું. માએ કહ્યું, "ઈસ શરીરકા વૃક્ષોંકે પત્તે, પેડ, પૌધે, કીટ, પતંગ પર્યંત સાધારણસે સાધારણ વસ્તુ કે સાથ અભેદ સંબંધ હૈ". સાધારણ પણ મા છે, અસાધારણ પણ મા જ છે, તેથી માનું શરીર સાધારણ ભાવે જાય કે અસાધારણ ભાવે જાય તેમાં પણ કાંઈ ક્ષતિવૃદ્ધિ નથી.

સૌથી મુખ્ય વાત એ છે કે માનો ત્યારે શરીર પ્રત્યે કોઈ "ખેયાલ" જ નહોતો. ખ્યાલ હોત તો મા હજી વધારે સમય સુધી શરીર રાખી શકત.

પ્રશ્ન થઈ શકે કે માનો આ "ખયાલ" શું છે? એ વિષે એટલું જ કહી શકાય કે અનંતકોટિ-બ્રહ્માંડનાયક લીલાપુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્માની ઈચ્છાશક્તિ, ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિનું સમન્વયાત્મક રૂપ એ જ લીલામયી મહાભાવમયી માનો "ખેયાલ" છે. આ "ખેયાલ" દ્વારા મા સમસ્ત બ્રહ્માંડને ઉથલાવી દેવાની શક્તિ રાખતાં હતાં.

એક વાર માને કોઈએ પ્રશ્ન કર્યો, "મા, આપે સ્ત્રી અર્થાત્ માતૃરૂપમાં કેમ અવતાર લીધો? પુરુષ રૂપે કેમ ન આવ્યાં?" ઉત્તરમાં માએ કહ્યું,"ખેયાલ નહીં હુઆ. ખેયાલ હોનેસે પુરુષરૂપમેં આના હોતા." તે જ વખતે કોઈએ માને પૂછ્યું, "મા, આપ ખેયાલ થાય તો આ માઈક્રોફોન યંત્ર બનાવી શકો?" માએ કહ્યું," અવશ્ય". આમ જે અખિલ બ્રહ્માંડનાં અધીશ્વર છે, જેમના ખેયાલમાત્રથી બ્રહ્માંડની સૃષ્ટિ, સ્થિતિ તથા સંહાર થઈ શકે છે, એમનું શરીર આ રૂપે કેમ ગયું , એ રૂપે કેમ ન ગયું, આવા આવા પ્રશ્નો બાલસુલભ ચપળતાનું પ્રતીક છે. માનો સંપૂર્ણ લીલાવિલાસ અચિંત્ય છે. શ્રી ગુરુપ્રિયા દીદી કહેતાં, "મા શા માટે શું કરે છે - કાંઈ સમજાતું નથી. માનું કામ મા જ જાણે". એટલે આ વિષયમાં અધિક આલોચના કરવી તે ઉચિત નથી.

માને જન્મ-જન્માંતર નથી. ૧૯૮૨ના સંયમ-સપ્તાહમાં જે લોકો કનખલ ગયા હતા એમને જરૂર યાદ હશે કે માતૃ-સત્સંગ વખતે શ્રધ્ધેય સ્વામી સ્વતંત્રાનંદજીએ માને પૂછ્યું, "મા, બોલો, આપ પૂર્વ જન્મમાં કોણ હતાં?" ત્યારે માએ ખૂબ જોરથી કહ્યું, "જ ન મે", અને ત્યાર પછી શિશુ સમાન મધુર હાસ્યથી તાળી વગાડીને બોલ્યાં, "અબ સમઝ લો બાબા." ચોક્કસ ભક્તોના માનસ-પટલ પર માના એ મનોહર રૂપનું ભાવમય ચિત્ર સદા સદાને માટે અંકિત રહેશે. માની વાણી "જ ન મે" ના ઘણા અર્થો થઈ શકે - અર્થાત્ "મારો જન્મ નથી" ઈત્યાદિ માએ વખતો વખત વારંવાર કહ્યું છે, "ઈસ શરીરકા જન્મ નહીં હૈ. ઈસ શરીરકા પ્રારબ્ધ નહીં હૈ, ભોગ નહીં હૈ. પ્રારબ્ધવશાત્ જૈસા હોતા હૈ ઈસ શરીરકા વૈસા જન્મ નહીં હુઆ હૈ. તુમ લોગોંને ચાહા થા ઈસલિયે પાયે હો." માની વાણીથી એટલું નિશ્ચિતરૂપે સિદ્ધ થાય છે કે માને જન્મ-મૃત્યુ નથી. મા અજન્મા છે. શ્રદ્ધેય ગોપીનાથ કવિરાજજીએ કહ્યું છે, "મા સાધક પણ નથી, સિદ્ધ પણ નથી, કારણ માનાં જન્મજન્માંતર નથી." જે અજન્મા છે એનો વિનાશ પણ નથી થયો. સ્વયમ્ પૂર્ણ બ્રહ્મ નારાયણ માતૃરૂપે જીવોના કલ્યાણ માટે આ ધરતી પર આવિર્ભૂત થયા. કૈલાસ આશ્રમના મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ સ્વામી વિદ્યાનંદ ગિરિજી મહારાજે કહ્યું છે કે, "ઘણી શતાબ્દીઓ સુધી આવી શક્તિનો આવિર્ભાવ નથી થતો." સર્વ મનીષીઓની સમ્મતિ છે કે હજારો વર્ષોમાં આવી મહાશક્તિનો આવિર્ભાવ નથી થયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા ક્યાંય ગયાં નથી. મા આપણા હૃદયમાં વિરાજમાન છે. જો આપણે માની આજ્ઞાનું અક્ષપશઃ પાલન કરી શકીએ તો અવશ્ય માની કૃપાથી દિવ્ય દૃષ્ટિ મેળવીને આપણે માની એ અપરૂપ રૂપમાધુરીનું અત્યારે પણ દર્શન કરી શકીશું. આપણે માના દિવ્ય સ્પર્શને અનુભવીને તથા માની મધુર વાણીના ચિંતન-મનન દ્વારા અવશ્ય કૃતકૃત્ય થઈશું.

આપણે સહુ માના આદેશનું અક્ષરશઃ પાલન કરવાને સમર્થ થઈએ એ જ માના ચરણોમાં પ્રાર્થના. જય મા.

☆ ☆ ☆ ☆ ☆

"કર્તવ્ય-પાલન કરણીય. ફલાફલ બાજુ જોયા વગર. સત્યની પ્રાપ્તિથી વધારે બીજું કોઈ કર્તવ્ય નથી. સાચું કર્તવ્ય ભગવત્ - પ્રાપ્તિનો પ્રયત્ન કરવો."

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃ-કથિત કથાઓ (સ્મૃતિને આધારે)

ગોપિયાનંદન

એક વાર એક જણને ભગવાનને પ્રાપ્ત કરવાની ખૂબ ઈચ્છા થઈ. પરંતુ તે એ નહોતો જાણતો કે ભગવાનને કેવી રીતે મેળવવા. અનેક પ્રયત્નો કરવા છતાં જ્યારે એ કોઈ ઉપાય શોધી ન શક્યો ત્યારે એ એવું કરતો કે જે કોઈ પણ વ્યક્તિ એની સામે આવે, એનો હાથ પકડીને પૂછતો, "મહાશય, તમે ભગવાનને પામવાનો ઉપાય જાણતા હો તો કહી દો. સમય-અસમયનો વિચાર કર્યા વિના બધાંને તે આ જ પ્રશ્ન પૂછ્યા કરતો. લોકો આવા વર્તનથી એને ગાંડો સમજીને "દૂર રહે, દૂર રહે" એમ કહ્યા કરતા.

એક વાર બહારગામથી આવેલા એક માણસનો હાથ પકડીને એણે આ જ પૂછ્યું. એ માણસને લાગ્યું કે જરૂર આ ભગવાનને વ્યાકુળતાથી શોધી રહ્યો છે. એની પીઠ હાથ મૂકીને એ બોલ્યો, "જો, ભગવાનને મેળવવાનો રસ્તો બતાડવો એ કંઈ બધાંના ગજાની વાત નથી, બગવાનની જાણ હોય છે સાધુ-સંન્યાસીઓને, મહાત્માઓને; તેથી દરેક માણસનો હાથ પકડવાથી તારું કામ નહીં થાય. તું કોઈ સાધુ મહારાજ પાસે જા, દીક્ષા લે, તો તેઓ જ તને ભગવાનનો માર્ગ બતાવશે.

આખરે એને કોઈ રસ્તો નડ્યો ! સાધુની શોધમાં નીકળી પડ્યો. બહુ શોધ્યા બાદ એક સાધુનો ભેટો થયો, પણ મુશ્કેલી એ હતી કે આ સાધુ કોઈને પણ દીક્ષા આપતા ન હતા, કેવળ કહેતા, "ભાગી જા."

આ માણસ પણ એની હઠ છોડવા તૈયાર ન હતો. સાધુ જેટલી વાર કહેતા, "ભાગી જા", આ કહેતો, "મહારાજ, આપના પગ પકડું." હવે તો બસ - "ભાગી જા" - અને "પગ પકડું" આ બે વાક્યોની હોડ જામી ગઈ! આવું ઘણો સમય સુધી ચાલ્યા પછી સાધુએ ક્રોધમાં ડંડો ઊઠાવ્યો ને જોરથી બૂમ પાડી બોલ્યો,

"લે, ગોપિયાનંદન. ભાગી જા અહીંયાથી."

એ માણસ સમજ્યો કે "ગોપિયાનંદન" તે મારો દીક્ષામંત્ર છે. પરમ શ્રદ્ધાપૂર્વક સાધુને પ્રણામ કરીને એ તો "ગોપિયાનંદન, ગોપિયાનંદન" જપતો જપતો વિદાય થયો. હવે એના જાપ તો એવા ચાલ્યા કે ન દિવસ જુએ, ન રાત. માત્ર જપતો રહ્યો. જપના આવેશમાં ન્હાવા-ધોવાનું કે ખાવા-પીવાનું ભાન ન રહ્યું. નિદ્રા પણ જતી રહી. જપમાં જ ઉન્મત્ત ને તન્મય થઈ ગયો.

એનાં સ્વજનોએ વિચાર્યું કે આ તો ગાંડો થઈ ગયો છે, કોણ જાણે હવે કેટલા દિવસ જીવતો રહેશે ? ખૂબ સમજાવ્યા છતાં એનો પ્રત્યુત્તર મળતો "ગોપિયાનંદન". ઘરના લોકો તો ઠીક, આસપાસના આડોશી-પાડોશીઓને પણ "ગોપિયાનંદન". "બેસીને જમી લે", તો એ કહેતો "ગોપિયાનંદન". "અરે, સૂઈ જા" - "ગોપિયાનંદન" "શરીર બગડશે, યાદ રાખ, તને બરોબર મારવા લઈશું." - "ગોપિયાનંદન"

કોઈનું કશું યે ન ચાલ્યું ત્યારે એક ખાસ વ્યક્તિને બોલાવવામાં આવી. એ બહુ ભલો માણસ હતો અને એને પ્રાણસમ પ્રિય પણ. એણે કહ્યું, "સાંભળ, તારા મંત્રનો અનવરત જપ ચાલુ રહે એ જ તું ઈચ્છે છે ને ?" માથું હલાવીને ભક્તે હા પાડી. પેલો માણસ. બોલ્યો, " સારું, હું અહીંયાં બેઠો બેઠો તારો મંત્ર જપું છું. તું જા, કંઈ ખાઈ-પી લે અને થોડો વિશ્રામ કરી લે. તારું શરીર અતિ દુર્બળ થઈ ગયું છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ સાંભળીને એ રાજી થઈ ગયો ને એને જપ આપીને પોતે ખાવા-પીવા ગયો. માંડ દસ-વીસ મિનિટમાં તો સ્નાન, ભોજન વગેરે પતાવીને પાછો આવી ગયો. વળી પાછો એને સમજાવીને પાછો વાળ્યો કે તારા "ગોપિયાનંદન"ના જાપ તો ચાલુ છે. એ માની ગયો ને વિશ્રામ કરવા ગયો, અનેક દિવસના અનાહાર તથા અનિદ્રાને લીધે સૂતાવેંત ઊંઘી ગયો.

આ બાજુ પેલા આત્મીય વ્યક્તિએ જોયું કે આ તો ઊંઘી ગયો છે, હવે "ગોપિયાનંદન" જપવાથી શો લાભ? ઊઠશે ત્યારે જોયું જશે. આમ વિચારીને એણે જપ બંધ કરી દીધા.

હજી તો એ થોડેક દૂર જ ગયો ત્યાં તો પેલો જાગી ગયો ને જોયું કે કોઈ મારા જપ નથી કરતું. ગાંડાની જેમ પેલા માણસને શોધવા દોડ્યો. એના મનમાં એવો વિશ્વાસ હતો કે પેલાને સોંપેલા જપ જ્યાં સુધી એ ખુદ ન પાછા આપે ત્યાં સુધી કેવી રીતે જપ થાય ? એણે સાંભળ્યું હતું કે ઘણી વાર જપતાં જપતાં મંત્રનું તેજ અને શક્તિ એટલી બધી વધી જાય છે કે અનેક વાર મંત્ર પણ બદલાઈ જાય.

પેલો માણસ પકડાતાં જ આણે કહ્યું, "ક્યાં છે મારો મંત્ર? જલ્દી મને પાછો આપ."

પહેલાં તો એ વ્યક્તિને આશા જ નહોતી કે આટલી જલદી આ જાગી જશે ને મને પકડશે. તેમાં વળી પાછળથી આવીને એટલા જોરથી પકડયો કે એ ગભરાઈ ગયો. પછી અણગમો થઈ ગયો ને ક્રોધાવેશમાં બોલ્યો, "આ લે તારા 'ઘંટાનંદન', ભાગ અહીંયાથી."

એ બિચારો, સરળ માણસ હવે જપવા માંડ્યો "ઘંટાનંદન ઘંટાનંદન." આ મંત્રને એણે જપનાં પ્રભાવબળથી રૂપાંતરિત થયેલો માન્યો. હવે તો નિરંતર જપ્યા કરતો "ઘંટાનંદન ઘંટાનંદન."

ફરી પાછી એ જ અવસ્થા ઉપસ્થિત થઈ – ન દિવસ જુએ ન રાત ! ન ખાવું, ન પીવું, ન સૂવું ! ઘરવાળા અને પાડોશીઓ કંટાળી ગયા. એને ઘરમાંથી કાઢી મૂક્યો. તેમ છતાં એના મનમાં કોઈ જાતનું દુઃખ નથી. પરમ આનંદ સહિત ઘરમાંથી નીકળીને એક ઝાડ નીચે ડેરો જમાવ્યો, નિરંતર ચાલ્યું "ઘંટાનંદન ઘંટાનંદન."

સરળ વિશ્વાસ પાસે શ્રી ભગવાન તો ચિરકાળથી બંધાયેલા છે ! અહીંયાં પણ એવું જ બન્યું. ભક્તના સરળ વિશ્વાસ ને શ્રદ્ધાએ વૈકુંઠમાં શ્રીકૃષ્ણનું આસન હલાવી દીધું. ભગવાને શ્રીરાધાને કહ્યું, "ચાલો, આપણા એક પરમ ભક્તને જોઈ આવીએ." શ્રીરાધાજીને થયું, જોઈ આવીએ તો ખરા એ પરમ ભક્તને.

શ્રીરાધા-કૃષ્ણ વૈકુંઠમાંથી પ્રેમ દ્વારા ખેંચાઈને પૃથ્વી પર ઊતરી આવ્યા, પરંતુ તરત આ ભક્ત પાસે ન આવ્યા. શ્રીકૃષ્ણ દૂર એક વૃક્ષની ઓટમાં સંતાઈ ગયા, અને શ્રીરાધાજી એક સાધારણ સ્ત્રીના વેશમાં એની પાસે આવ્યાં. જોયું તો એકાગ્રચિત્તે આસન જમાવીને, આંખો મીચીને એ બેઠો છે ને નિરંતર અવિરામ પ્રેમાશ્રુની ધારા ગંડસ્થલને ભીનાં કરીને વહી રહી છે. એવું લાગતું હતું કે કોઈ અનિર્વચનીય આનંદસાગરનું એને અનુસંધાન મળી ગયું હતું.

શ્રી રાધાએ થોડી વાર તો એના પ્રેમમંડિત મુખને જોયા કર્યું, પછી પૂછ્યું, "તું કોનું નામ જપે છે ?"

કોણ સાંભળે એ વાત ? જેના ભાવમાં નિમગ્ન હતો કેવળ એ જ જાણતા હતા કે કોનું નામ જપે છે.

વારંવાર પૂછ્યા પછી એણે આંખો ખોલી તો સામે એક સ્ત્રીને જોઈ. સરળ વિશ્વાસવાળા એ ભક્તની જ્ઞાનદૃષ્ટિ મંત્રના પ્રભાવ વડે ખુલી ગઈ હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી રાધાએ પોતાનો જરાયે પરિચય આપ્યા વગર કહ્યું, "અરે ! તું જવાબ નથી આપતો, કા ુ નામ જપે છે ?"

વારંવર પૂછ્યા પછી એણે આંખો ખોલી તો સામે એક સ્ત્રીને જોઈ. સરળ વિશ્વાસવાળા એ ભક્તની જ્ઞાનદષ્ટિ મંત્રના પ્રભાવ વડે ખુલી ગઈ હતી.

શ્રીરાધાએ પોતાનો જરાય પરિચય આપ્યા વગર કહ્યું, "અરે ! તું જવાબ નથી આપતો, કોનું નાપ જપે છે?"

હવે ભક્તે પ્રણામ કર્યા, ને બોલ્યો, "મા, તમારા પતિનું."

બધું જાણતા હોવા છતાં શ્રી રાધાએ ફરી પૂછ્યું, "મારા પતિનું નામ? કોણ છે. મારા પતિ કહે તો ?"

એને તો કશું અજાણ્યું નહોતું. સહજ ભાવે બોલ્યો, "ત્યાં જુઓ, પેલા ઝાડ પાછળ જે સંતાઈ ગયા છે તે."

આટલું કહેતામાં જ શ્રીકૃષ્ણ સામે આવી ગયા. ભક્તે રાધાકૃષ્ણનાં સાક્ષાત્ દર્શન કર્યાં ને મુક્ત થઈ ગયો.

☆☆☆☆☆

રાજાના પ્રશ્નો અને ખેડૂતના ઉત્તરો

એક હતો રાજા - ધર્માત્મા અને જ્ઞાની પણ ખરો. એક વાર એણે પંડિતોને ચાર પ્રશ્નો પૂછ્યા. જ્યારે એમના જવાબોથી એના મનનું સમાધાન ન થયું ત્યારે દેશદેશાંતરમાં એણે ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ મારી જિજ્ઞાસાનું સમાધાન કરશે એને હું મારું અડધું રાજ્ય આપીશ. ઠેરઠેરથી વિદ્વાનો આવવા માંડ્યા, પણ કોઈ પોતાના જવાબોથી રાજાને સંતોષ ન આપી શક્યું. એક દિવસ એ બધા નિષ્ફળ વિદ્વાનોનું એક દળ પોતપોતાને ઘેર પાછું ફરી રહ્યું હતું ત્યારે રસ્તામાં ખેતર ખેડતા એક ખેડૂતે એમને પૂછ્યું, "કેમ ભાઈ, રોજ રોજ તમે લોકો આમ રાજમહેલમાં અવરજવર કરો છો એનું શું કારણ છે? પહેલાં તો ક્યારેય આ જાતની અવરજવર જોઈ નથી."

પંડિતોએ રાજાના ચારે પ્રશ્નો એને કહ્યા. ખેડૂતે કહ્યું, "આ તો જરીકે અઘરા પ્રશ્નો નથી. મને સમજ નથી પડતી કે આટલા ભણેલા-ગણેલા થઈને પણ તમને આના સાચા જવાબ કેમ ન સૂઝ્યા!"

"તું શું આના સાચા જવાબો આપી શકીશ?" આમ પૂછવાથી ખેડુત બોલ્યો, "જો મને પૂછવામાં આવે તો મને ખાત્રી છે કે ચોક્કસ રાજાના મનનું સમાધાન કરી શકીશ." આવું સાંભળીને પંડિતોની એ ટોળીએ ખેડૂતને રાજદરબારમાં લઈ જઈને રાજસિંહાસન પર બિરાજેલા રાજાને કહ્યું, "રાજન્ ! આપના પ્રશ્નોના યથાર્થ ઉત્તરો આપીને આપનું સમાધાન કરવા માટે આ ખેડૂતને અમે આપની પાસે લાવ્યા છીએ. આપ પ્રશ્નો આની સામે મૂકો."

પ્રશ્ન : ભગવાન ક્યાં રહે છે ?

ઉત્તર : (ખેડૂત) : ભગવાન ક્યાં નથી રહેતા ?

ખેડૂતે ઉલ્ટો પ્રશ્ન કર્યો. રાજા નિરુત્તર !

રાજા : ભગવાન શું ખાય છે ?

ખેડૂત : ભગવાન અહંકાર ખાય છે.

રાજા : ભગવાન ક્યારે હસે છે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખેડૂત : માતૃગર્ભમાં જ્યારે બાળક રહેતું હોય છે ત્યારે એ ભગવાનને પ્રાર્થના કરે છે કે હે ભગવાન, મને અંધકારમાંથી મુક્ત કરો, પ્રકાશમાં ગયા પછી મનસા, વાચા, કર્મણા હું તમારું ભજન કરીશ. આ રીતે વારંવાર ભગવાનને પોકારે છે, પરંતુ જન્મતાંવેંત એ જ ભગવાનને, કે જેને આર્ત થઈને હજી થોડીક ક્ષણો પહેલાં સુધી પોકારતો રહ્યો, ભૂલી જાય છે. એ જ સમય ભગવાનનો હસવા માટેનો છે.

રાજા : ભગવાન શું કરે છે?

આ ચોથો અને આખરી પ્રશ્ન રાજાએ પૂછ્યો.

ખેડૂત : મહારાજ ! ખેતર ખેડતો ખેડતો હું તડામાર આપની પાસે આવ્યો છું. અહીં આવીને આટલી વાર સુધી ઊભા ઊભા જ આપના પ્રશ્નોના ઉત્તરો પણ આપ્યા છે. હવે જરા આપ નીચે ઊતરો, મને આપના આ રાજસિંહાસન પર જરા બેસવા દો. શાંતિથી બેસીને પછી જ હું આપના આ પ્રશ્નનો ઉત્તર આપી શકીશ.

રાજા એ ખેડૂતના ત્રણે ઉત્તરોથી એટલો બધો પ્રભાવિત થઈ ગયો હતો કે એકદમ જ સિંહાસન પરથી નીચે ઊતરીને બોલ્યા, "આવો, તમે અહીંયાં બેસીને થોડો આરામ કરો, ત્યાં સુધી હું તમારા સ્થાને ઊભો છું. તમારો થાક ઊતરે ત્યારે હું ઉત્તર સાંભળીશ. જ્યારે ખેડૂતને રાજસિંહાસન ઉપર બેસી રહ્યે અને રાજાને નીચે ઊભા રહ્યે થોડોક સમય પસાર થઈ ગયો, ત્યારે રાજાએ ફરીથી પ્રશ્ન કર્યો; પરંતુ ખેડૂત, કંઈ ન બોલ્યો. ત્રીજી વારને ચોથી વાર રાજાએ પૂછ્યું ત્યારે ચોંકી ગયો હોય એમ ખેડૂત બોલ્યો, "મારા આ ઉત્તરથી શું આપનું સમાધાન નથી થયું ?"

રાજા : ક્યાંથી ? તમે મારા ચોથા પ્રશ્નનો ઉત્તર જ ક્યાં આપ્યો છે ?

ખેડૂત બોલ્યો : "જવાબ તો તમને મળી ગયો છે. પણ આપ સમજ્યા નથી. સાંભળો, ફરીથી સમજાવું છું. કલાક પહેલાં પેલા ધગધગતા તડકામાં હું ખેતર ખેડતો હતો, હજી થોડીક વાર પહેલાં આપની સામે રાજદરબારમાં ઊભો હતો, અને અત્યારે રાજસિંહાસન પર બેઠો છું, તથા રાજસિંહાસન પર બેસનારા આપ મારી સામે ઊભા છો. ભગવાન આ જ રીતે રાજાને રંક અને રંકને રાજા - એમ જ કર્યા કરે છે."

કહેવું નહીં પડે કે રાજાનું સંપૂર્ણ સમાધાન થઈ ગયું.

☆ ☆ ☆ ☆ ☆

"જ્ઞાન જ વિસ્મય-રાજ્યનું દ્વાર ખોલી દે છે. જે જ્ઞાન મનને 'એ વસ્તુ'ની નિકટ લઈ જાય છે, જેને જાણી લીધા પછી સર્વ કાંઈ જાણી શકાય છે. (મુંડકોપનિષદ્-૧-૧-૩), જે બધા જ પ્રકારનાં જ્ઞાનનું કેન્દ્ર છે, જેના સ્પંદનથી બધા જ પ્રકારનાં વિજ્ઞાનો જીવંત થઈ જાય છે, તે જ ધર્મ-વિજ્ઞાન ચોક્કસ જ શ્રેષ્ઠ છે; કારણ કે કેવળ તે જ મનુષ્યના સંપૂર્ણ ધ્યાનમય જીવનને સમર્થ બનાવે છે. ધન્ય છે એ દેશ કે જે આને પરાવિદ્યા કહે છે."

- સ્વામી વિવેકાનન્દ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલિ સંતરણ ઉપનિષદ્

હરિ ૐ. દ્વાપરયુગ સમાપ્ત થયો ત્યારે નારદમુનિ બ્રહ્માજી પાસે ગયા. નારદમુનિએ પૂછ્યું, ''હે ભગવન્ ! આ પૃથ્વી પર વિચરણ કરતો હું કેવી રીતે આ કળિયુગને પાર કરી શકીશ ? શ્રી બ્રહ્માજી બોલ્યા, ''તારો પ્રશ્ન બહુ સુંદર છે, તેથી સર્વ શ્રુતિઓની ગોપનીય સારરૂપ વાત તને કહું છું તે સાંભળ, જેથી કલિયુગના સંસારને તરી જઈશ. ભગવાન આદિપુરુષ નારાયણના નામના માત્ર ઉચ્ચારણથી કલિયુગના પ્રભાવને મનુષ્ય ધોઈ નાખે છે. નારદે ફરી પૂછ્યું, ''એ નામ કયું?'' હિરણ્યગર્ભ બ્રહ્મા બોલ્યા,

'હરે રામ હરે રામ રામ રામ હરે હરે ।
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે ॥

આ સોળ નામ કલિકલ્મષનાશન છે. આના સિવાય બીજો ઉપાય સર્વ વેદોમાં (પણ) નથી દેખાતો કે જેનાથી સોળ કલાઓથી ઢંકાયેલા પુરુષના આવરણનો વિનાશ થાય છે. ત્યાર પછી વાદળો દૂર થતાં સૂર્ય-કિરણોના સમૂહની જેમ પરબ્રહ્મ પ્રકાશે છે. નારદે ફરી પૂછ્યું, ''હે ભગવન્ ! એની વિધિ શી છે?'' (બ્રહ્માએ) એને કહ્યું, ''એની વિધિ નથી. સર્વદા શુચિ કે અશુચિ વિચાર્યા વિના એનો પાઠ કરનાર બ્રહ્મનું સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય પ્રાપ્ત કરે છે.

''જ્યારે પુરુષ આ સોળ (નામવાળા) મંત્રના સાડા ત્રણ કરોડ જપ કરે ત્યારે બ્રહ્મહત્યાના પાપને તરી જાય છે, સુવર્ણની ચોરીના પાપમાંથી (મુક્ત થઈ) પવિત્ર થાય છે, અશુદ્ધ સ્ત્રી સાથેના સમાગમના પાપમાંથી (મુક્ત થઈ) પવિત્ર થાય છે, સર્વધર્મપરિત્યાગના પાપમાંથી તરત (મુક્ત થઈ) પવિત્રતા પ્રાપ્ત કરે છે, તરત મુક્ત થાય છે, તરત મુક્ત થાય છે. ઈતિ ઉપનિષદ્.

☆☆☆☆☆

''હૃદય જ સર્વ સુખદુઃખોના અનુભવનું સ્થાન છે ને ? વળી એ યથાર્થમાં છે ભગવાનનું આસન. જેમનું આસન છે એમને ન બેસાડી શકાય તો ચિર શાંતિ નથી મળતી. એ આસન પર જે કોઈને (બીજા કોઈને) બેસાડો તો એમાં અશાંતિ છે, કારણ કે એ પવિત્ર આસનનું સમ્માન એ ન રાખી શકે.''

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય

(શ્રીમદ્ ભાગવત-પુરાણ)

- વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ

આર્ય સંસ્કૃતિમાં મનુષ્યના આત્મકલ્યાણ માટે પૌરાણિક સાહિત્યનો પ્રાચીન સમયથી વિશિષ્ટ ફાળો રહ્યો છે. આ સાહિત્યમાં અઢાર મહાપુરાણો છે. તેમાં શ્રીમદ્ભાગવત અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. "નિગમકલ્પતરુ" એટલે કે વેદરૂપી કલ્પવૃક્ષનું રસમય પરિપક્વ મધુર ફળ એટલે શ્રીમદ્ભાગવત.

"વેદોપનિષદાં સારાજ્જાતા ભાગવતી કથા"

વેદ અને ઉપનિષદ્‌ના સાર દોહનરૂપ આ ગ્રંથને આથી જ પંચમ વેદ માન્યો છે.

શ્રીમદ્ આચાર્ય ચરણે શ્રીમદ્ ભાગવતને પ્રમાણગ્રન્થ માન્યો છે. મહર્ષિ વેદવ્યાસે તો એને પરમહંસોની સંહિતાનું બિરૂદ આપ્યું છે. આ પ્રમાણગ્રંથ અષ્ટાદશસાહસી પારમહંસી ગૂઢ સંહિતામાં આવેલા દાર્શનિક નિગૂઢ તત્ત્વો ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની રસધારા વહાવે છે; નિઃશ્રેયસસિદ્ધિ પૂર્વક વિવેકપૂર્ણ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું એકત્વ કરાવી જીવતાં જ જીવનમુકતિ અને પરમાનન્દ પ્રાપ્તિ કરાવે છે.

સંહિતા એટલે મંત્રસમુચ્ચય. શ્રીમદ્ ભાગવત પરમહંસસંહિતા હોવાથી એનો પ્રત્યેક શ્લોક મંત્ર છે. જનહિતાર્થે પ્રકટ કરેલી આ મંત્રમયી સમાધિભાષા દ્વારા મહામુનિ વ્યાસજી આ કપરા કલિકાળમાં સંસારના ઝંઝાવાતમાંથી નિવૃત્તિ આપી, કલેશશામક અને પરમકલ્યાણદાયક ભગવાનના અનંત, સુભદ્ર નામો, સ્તુતિઓ અને કથાઓનું દિવ્ય રસમય નિરૂપણ કરે છે.

કાલરૂપી સર્પના મુખનો કોળિયો બનેલા કલિયુગના ત્રસ્તજીવોના જન્મ-મૃત્યુના ભયનો નાશ કરી ભક્તિનો પ્રવાહ વધારવા માટે શ્રી શુકદેવજીએ ભાગવતશાસ્ત્રનું શ્રવણ કરાવ્યું. જ્યારે મનુષ્યના જન્મ જન્માન્તરના પુણ્યનો ઉદય થાય, ત્યારે તેને ભાગવત શાસ્ત્રની પ્રાપ્તિ થાય છે. જ્યારે શુકદેવજી રાજા પરીક્ષિતને આ કથા સંભળાવવા માટે સભામાં વિરાજમાન થયા, ત્યારે દેવતાઓ તેમની પાસે અમૃતનો કળશ લઈને આવ્યા. દેવતાઓ પોતાનું કાર્ય સાધવામાં ખૂબ કુશળ હોય છે. તેઓએ શુકદેવમુનિને નમસ્કાર કરીને કહ્યું ; "આપ આ અમૃત લઈને બદલામાં અમને કથામૃતનું દાન કરો. આમ અદલાબદલી કરીને રાજા પરીક્ષિત અમૃતપાન કરે અને અમે શ્રીમદ્ ભાગવતરૂપી અમૃતનું પાન કરીએ." પરંતુ શુકદેવજીએ દેવતાઓની ઠેકડી ઉડાડીને કહ્યું કે, આ સંસારમાં ક્યાં કાચ અને ક્યાં મહામૂલો મણિ ? ક્યાં અમૃત અને ક્યાં કથા ? દેવોને ભક્તિશૂન્ય અભક્ત સમજીને શુકદેવજીએ કથામૃતનું દાન કર્યું નહીં. આમ શ્રીમદ્ ભાગવતની કથા દેવોને પણ દુર્લભ છે.

પૂર્વકાળમાં શ્રીમદ્ભાગવતના શ્રવણમાત્રથી જ રાજા પરીક્ષિતની મુક્તિ થયેલી જોઈ બ્રહ્માજીને પણ આશ્ચર્ય થયું હતું. તેમણે સત્યલોકમાં બધાં સાધનોને ત્રાજવે તોળ્યાં, તેમાં શ્રીમદ્ ભાગવતનું પલ્લું જ નીચું નમેલું રહ્યું. આ જોઈને વિસ્મિત થયેલા ઋષિઓએ નક્કી કર્યું કે કળિયુગમાં ભગવદ્રૂપ ભાગવતશાસ્ત્રનું શ્રવણ તત્કાલ મોક્ષ આપનાર છે. તેના શ્રવણમાત્રથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને પુષ્ટિ મળે છે. ભગવાન વેદવ્યાસજીએ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની સ્થાપના માટે શ્રીમદ્ ભાગવતને પ્રકાશિત કર્યું છે.

જ્યારે અનેક જન્મોના સંચિત પુણ્યપુંજનો ઉદય થાય છે ત્યારે મનુષ્યને શ્રીમદ્ ભાગવતનો સત્સંગ થાય છે અને ત્યારે જ તેના અજ્ઞાન-જનિત મોહ અને મદરૂપી અંધકારનો નાશ થાય છે અને વિવેકનો ઉદય થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે મનુષ્ય અહર્નિશ અર્થસહિત શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો પાઠ કરે છે તેના કરોડો જન્મોનાં પાપ નષ્ટ થઈ જાય છે.

જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ આ ભૂલોકને છોડીને પોતાના નિત્યધામમાં જવા લાગ્યા ત્યારે ઉદ્ધવજીએ પૂછ્યું "હે ગોવિંદ, આપના વિયોગમાં ભક્તજનો પૃથ્વી ઉપર કેવી રીતે જીવી શકશે ?" ત્યારે ભગવાને પોતાની બધી શક્તિ ભાગવતજીમાં પધરાવી અને પોતે અંતર્ધાન થઈ ભાગવતરૂપી સમુદ્રમાં પ્રવેશી ગયા. આથી આ શાસ્ત્ર ભગવાનની સાક્ષાત્ શબ્દમયી મૂર્તિ છે. તેના સેવન, શ્રવણ, પઠન અથવા દર્શનથી જ મનુષ્યનાં સર્વ પાપો નષ્ટ થઈ જાય છે.

સંસારમાં શુકશાસ્ત્રથી અધિક પવિત્ર વસ્તુ કોઈ નથી. પરમાનંદની પ્રાપ્તિ માટે આ દ્વાદશસ્કંધરૂપ સાક્ષાત ભગવદ્ સ્વરૂપ આ ગ્રંથનું સદાય રસપાન કરવું જોઈએ, કારણ કે આ શાસ્ત્રરૂપે ભગવાન જ આપણને પ્રાપ્ત થયા છે. ભગવાન અવતાર દશામાં આપી શકે તેટલી જ પ્રેરણા આ શાસ્ત્ર આપે છે. શ્રીમદ્ ભાગવત તો પરમાત્માનો પ્રકાશ છે.

શ્રીમદ્ ભાગવત શ્રી ગોવર્ધન નાથજીના શ્રીઅંગરૂપ છે. શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે.

પ્રથમ સ્કંધ	અધિકાર લીલા	શ્રીજીનું દક્ષિણ ચરણારવિંદ
દ્વિતીય સ્કંધ	સાધન જ્ઞાનલીલા	શ્રીજીનું વામ ચરણારવિંદ
તૃતીય સ્કંધ	સર્ગલીલા	શ્રીજીનો દક્ષિણ બાહુ
ચતુર્થ સ્કંધ	વિસર્ગલીલા	શ્રીજીનો વામ બાહુ
પંચમ સ્કંધ	સ્થાનલીલા	શ્રીજીની દક્ષિણ સાથળ
ષષ્ઠ સ્કંધ	પુષ્ટિલીલા	શ્રીજીની વામ સાથળ
સપ્તમ સ્કંધ	ઊતિલીલા	શ્રીજીનો જમણી કેડ ઉપર મૂકેલો દક્ષિણ શ્રીહસ્ત
અષ્ટમ સ્કંધ	મન્વન્તર લીલા	શ્રીજીનું દક્ષિણ સ્તન
નવમ સ્કંધ	ઈશાનુકથા	શ્રીજીનું વામ સ્તન
દશમ સ્કંધ	નિરોધલીલા	શ્રીજીનું હૃદય
એકાદશ સ્કંધ	મુક્તિલીલા	શ્રીજીનું મસ્તક (લલાટ)
દ્વાદશ સ્કંધ	આશ્રય લીલા	શ્રીજીનો ઊંચો કરેલો વામ શ્રીહસ્ત છે.

શ્રીનાથજીનું સ્વરૂપ જેવું છે તેનું શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર ભક્તિ પ્રકટ કરવા માટે રચાયું. માયારૂપી પવન આવતાં જ જ્ઞાનનો દીવો બુઝાઈ જાય છે પરંતુ ભક્તિરૂપી મણિ પ્રભુનો પ્રકાશ મળતાં જ સ્વતઃ પ્રકાશિત બને છે. માયા ભક્તિના મણિને બુઝાવી શક્તી નથી. ભક્તિ અથવા પ્રભુ પ્રત્યે નિષ્કામ, નિર્વ્યાજ પ્રેમનું શાસ્ત્ર એટલે શ્રીમદ્ ભાગવત, અહીં પદે પદે ભક્તિ દૃષ્ટિગોચર થાય છે. જ્ઞાન અને વૈરાગ્યની જનની ભક્તિ મહારાણીની દાસી તરીકે મુક્તિને વર્ણવી છે.

જે ભક્તિરૂપી દોરીથી બંધાઈને સાક્ષાત્ ભગવાન પણ પોતાનું પરમધામ છોડીને ભક્તના હૃદયમાં આવીને વસી જાય છે તેવી પરમમહિમામયી ભક્તિનું અદ્ભુત, અલૌકિક વર્ણન કરતું ભક્તિશાસ્ત્ર શ્રીમદ્ ભાગવત આપણને સૌને શ્રીહરિચરણાવિંદમાં સાચી ભક્તિ આપે તેવી પ્રાર્થના.

ભવે ભવે યથા ભક્તિ, પાદયોસ્તવ જાયતે, તથા કુરુષ્વ દેવેશ, નાથસ્ત્વં નો યતઃ પ્રભો

☆ ☆ ☆ ☆ ☆

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીધરીનો ભગવદ્રસ

અનેક વિદ્વાનોએ શ્રીમદ્ ભાગવત પુરાણ ઉપર સ્વસંપ્રદાયાનુસાર ટીકાઓ લખી છે. પ્રત્યેક વ્યાખ્યાકારે સ્વવિચાર પોષણાર્થે ભાગવતની વ્યાખ્યા કરી છે. તે સર્વ વ્યાખ્યાકારોમાં શ્રીધરસ્વામી બહુમાન પામે છે. તેઓ શ્રી શંકરાનુયાયી અદ્વૈતવાદનું સમર્થન કરે છે. ભાવાર્થ- દીપિકાકાર શ્રીધરસ્વામીની ટીકા વિશદ તેમજ મલાનુસારિણી છે. તેઓશ્રી માટે કહેવાયું છે કે;

"व्यासो वेत्ति शुको वेत्ति राजा वेत्ति न वेत्ति वा।
श्रीधरः सकलं वेत्ति श्रीनृसिंहप्रसादतः॥"

અર્થાત્ મહાભાગવતકાર વ્યાસજી તથા પરીક્ષિત રાજાને ભાગવતનો મર્મ સમજાવનાર શુકદેવજી આ બન્ને ભાગવતના રહસ્યને યથાર્થ રીતે જાણે છે. રાજા તે જાણે છે કે નહીં તે શંકાસ્પદ છે, પરંતુ શ્રીધર સ્વામી પોતાના ઈષ્ટદેવ શ્રીનરસિંહભગવાનના કૃપાપ્રસાદથી સર્વ જ્ઞાન ધરાવે છે.

શ્રીધરી ટીકાની વિશેષતા એ છે કે તેમાં માત્ર શ્લોકોનો અર્થ જ નહીં પરંતુ તેનું ગૂઢાર્થયુક્ત વિવેચન પણ છે. તેમાં માત્ર શુષ્ક તર્ક નથી પણ સ્વાનુભવની સરણી દ્વારા અપ્રત્યક્ષ પદાર્થોને પ્રત્યક્ષ કરવાની ક્ષમતા છે. ભાગવતપુરાણના અગિયારમા સ્કંધના બાવીસમા અધ્યાયમાં વૃત્તિવિવેચન કરતાં શ્રીધરમહારાજે મનની વૃત્તિઓનું જે વર્ણન કર્યું છે તે કેવળ અનુભૂતિગમ્ય છે. તત્ત્વચિંતક અને આત્મજ્ઞાની યોગી હોવા ઉપરાંત તેમનું હૃદય ભક્તિની સરવાણીથી આપ્લવિત હતું જેમાં વિવેકરૂપી પદ્મ વિકસિત થયું હતું. આ શુદ્ધબુદ્ધરૂપ યોગી, ભક્તિરસપ્રવણ ભક્ત અને દાર્શનિક વ્યાખ્યાકાર ચૌદમી સદીમાં થઈ ગયા. જેમનું સમાધિસ્થાન પંઢરપુરમાં છે.

પરમકૃપાળુ શ્રી બાલકૃષ્ણલાલજી પ્રભુ, જગતજનની કરુણામયી શ્રી શ્રી મા તથા પ્રભુના વાઙ્મયસ્વરૂપ શ્રીમદ્ ભાગવતગ્રંથ - આ સર્વેનો અનુગ્રહ તથા ગુરુજનોના કૃપાપ્રસાદ વડે શ્રીધરીટીકાનો ભગવદ્રસ આપણે સૌ માણી શકીએ તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

भागवतपुराणम्

प्रथम स्कन्धः

श्रीगणेशाय नमः॥ श्रीगोपालकृष्णाय नमः॥ ॐ नमः परमहंसास्वादितचरणकमलचिन्मकरन्दाय भक्तजनमानसनिवासाय श्रीरामचन्द्राय॥ ॥ वागीशा यस्य वदने लक्ष्मीर्यस्य च वक्षसि॥ यस्याऽऽस्ते हृदये संवित्तं नृसिंहमहं भजे॥ १ ॥ विश्वसर्गविसर्गादिनवलक्षणलक्षितम् ॥ श्रीकृष्णारूपं परं धाम जगद्धाम नमाम तत् ॥ २ ॥ माधवोमाधवावीशौ सर्वसिद्धिविधायिनौ ॥ वन्दे परस्परात्मानौ परस्परनुतिप्रियौ ॥ ३ ॥ संप्रदायानुरोधेन पौर्वापर्यानुसारतः ॥ श्रीभागवतभावार्थजीपिकेयं प्रतन्यते ॥ ४ ॥ काहं मन्दमतिः केदं मन्थनं क्षीरवारिधेः ॥ किं तत्र परमाणुर्वै यत्र मज्जति मन्दरः॥ ५ ॥ मूकं करोति वाचालं पङ्गु लङ्घयते गिरिम् ॥ यत्कृपा तमहं वन्दे परमान्दमाधवम् ॥ ६ ॥ श्रीमद्भागवताभिधः सुरतरुस्ताराङ्करः सज्जनिः स्कन्धैर्द्वादशमिस्ततः प्रविलसद्भक्त्याल वालोदयः ॥ द्वात्रिंशत्त्रिशतं च यस्य विलसच्छाखाः सहस्राण्यलं पर्णान्यष्टदशेष्टदोऽतिसुलमो वर्वर्ति सर्वोपरि ॥७ ॥ अथ नानापुराणशास्त्रप्रबन्धैश्चित्तप्रसत्तिमलममानस्तत्र तत्रापरितुष्यन्नारदोपदेशतः श्रीमद्भगवद्गुणानुवर्णनप्रधानं भागवतशास्त्रं प्रारिप्सुर्वेदव्यासस्तत्प्रत्यूह-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

निवृत्त्यादिसिद्धये तत्प्रतिपाद्यपरदेवतानु स्मरणलक्षणं भङ्गलमाचरित–

॥ ॐ માઁ ॥

શ્રીમદ્ ભાગવત પુરાણ - પ્રથમ સ્કંધ

શ્રી ગણેશજીને નમસ્કાર. શ્રી ગોપાલકૃષ્ણને નમસ્કાર.

જેના ચરણકમલના ચૈતન્યરૂપ પુષ્પરસનું પરમહંસો દ્વારા આસ્વાદન કરવામાં આવ્યું છે, અને જે ભક્તજનોના ચિત્તમાં નિવાસ કરનાર છે તેવા શ્રીરામચંદ્ર ભગવાનને નમસ્કાર.

વાગીશા જેના વદને લક્ષ્મી જેના ઉરસ્થલે
જેના હૃદયમાં સંવિત્ ભજું તે નરસિંહને ॥ ૧॥
વિશ્વસર્ગ વિસર્ગાદિ નવલક્ષણ લક્ષિત
પરંધામ જગદ્ધામ પ્રણમીએ શ્રીકૃષ્ણને ॥ ૨॥
લક્ષ્મીસ્વામી ઉમાસ્વામી સર્વસિદ્ધિપ્રદાયક
વંદું અન્યોન્ય આત્મા જે અન્યોન્યની સ્તુતિપ્રિય ॥ ૩॥
સંપ્રદાય અનુસાર પૂર્વાપર અનુક્રમે
શ્રીભાગવત ભાવાર્થ દીપિકા અહીં વિસ્તરું ॥ ૪॥
ક્યાં હું મંદમતિ ને ક્યાં ક્ષીરવારિધિમંથન
ક્યાં ક્ષુદ્ર પરમાણુ આ જયાં ડૂબે મંદરાચલ ॥ ૫॥
જેની કૃપા વડે મૂંગો ઉચ્ચારે વેદની ગિરા
પંગુ પર્વત ઓળંગે તે નારાયણને નમું ॥ ૬॥
શ્રીમદ્ ભાગવતતણું સુરતરુ પ્રણવાંકુર બ્રહ્મનો
શાખા દ્વાદશસ્કંધની પ્રસરતી ભક્તિતણા કુંડમાં,
ત્રણસોબત્રીસ ડાળીઓ વિલસતી પર્ણો અઢારેહજાર
સર્વાભીષ્ટફલે સુલભ્ય સૌને સોહંત સર્વોપરિ ॥ ૭॥

અનેક શાસ્ત્રો તથા પુરાણોની રચના કરવા છતાં પણ ચિત્તને પ્રસન્નતા તેમજ પૂર્ણસંતોષ પ્રાપ્ત ન થવાથી શ્રીનારદમુનિના ઉપદેશાનુસાર જેમાં પ્રધાનતયા શ્રીહરિના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે તેવા શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો પ્રારંભ કરવા ઈચ્છતા મહામુનિ શ્રીવેદવ્યાસજી વિઘ્નોની નિવૃત્તિ વગેરે સિદ્ધ કરવા માટે તે પુરાણના પ્રતિપાદ્ય પરમદેવતાના સ્મરણરૂપ મંગલાચરણ કરે છે.

ॐ नमो भगवते वासुदेवाय॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट् तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ॥

तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥ १ ॥

ૐ ભગવાન વાસુદેવને નમસ્કાર.

અનુવાદ - જેમાંથી આ જગતની સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય થાય છે - કારણ કે તે સર્વ સદ્રૂપ પદાર્થોમાં અનુગત છે અને અસત્ પદાર્થોથી પૃથક્ છે; જડ નહીં, ચેતન છે, પરતંત્ર નહીં, સ્વયં પ્રકાશ છે, જે બ્રહ્મ અથવા હિરણ્યગર્ભ નહીં, પરંતુ તેમને પોતાના સંકલ્પમાત્રથી જ જેમણે એ વેદજ્ઞાનનું દાન કર્યું છે કે જેમાં મહાન વિદ્વાનો પણ મોહિત થઈ જાય છે. જેવી રીતે તેજોમય સૂર્યકિરણોમાં જળનો, જળમાં સ્થળનો અને સ્થળમાં જળનો ભ્રમ થાય છે, તેવી જ રીતે જેમાં આ ત્રિગુણમયી જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિરૂપા સૃષ્ટિ મિથ્યા હોવા છતાં પણ અધિષ્ઠાનની સત્તાથી સત્યવત્ પ્રતીત થઈ રહી છે, તેવા પોતાની સ્વયંપ્રકાશ જ્યોતિથી સર્વદા અને સર્વથા માયા અને માયાના કાર્યથી પૂર્ણતઃ મુક્ત રહેનાર પરમ સત્યરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. ॥ ૧ ॥

जन्माद्यस्येति। परं परमेश्वरं धीमहि। ध्यायतेर्लिङि छान्दसम् । ध्यायेमेत्यर्थः । बहुवचनं शिष्यामिप्रायम् । तमेव खरुपतयस्थलक्षणाम्यामुपलक्षयति। तत्र स्वरुपलक्षणं सत्यमिति। सत्यत्वे हेतुः – यत्र यस्मिन्ब्रह्मणि त्रयाणां मायागुणानां तमोरजःसत्त्वानां सर्गो भूते-न्द्रियदेवतारूपोऽमृषा सत्यः। यत्सत्यतया मिथ्यासर्गोऽपि सत्ववत्प्रतीयते तं परं सत्यमित्यर्थः।

શ્રી. દી. जन्माद्यस्येति। 'परं' પરમેશ્વરનું 'धीमहि', ધ્યૈ-'ધ્યાન કરવું' નું વિધ્યર્થ પહેલો પુરુષ બ.વ. ध्यायेम એવું. રૂપ હોવું જોઈએ. 'धीमहि' એ ધ્યૈ ૧ લો ગણ પરસ્મૈ. નું વૈદિક (છૂટછાટવાળું) રૂપ છે. અમે પરમેશ્વરનું ધ્યાન કરીએ, તેવો અર્થ છે. શિષ્યો સાથે ધ્યાન કરીએ છીએ તેવા અભિપ્રાયથી બ.વ.નો પ્રયોગ કર્યો છે.

તે જ પરમેશ્વરને સ્વરૂપલક્ષણ તથા તટસ્થલક્ષણ દ્વારા દર્શાવે છે. સત્ય એ તેનું સ્વરૂપલક્ષણ છે. સત્યત્વ દર્શાવવા માટે કારણ કહે છે - જે બ્રહ્મમાં માયમાં ત્રણે ગુણોની સૃષ્ટિ - (તમોગુણરૂપ ભૂતસર્ગ, રજોગુણરૂપ ઈન્દ્રિયસર્ગ અને સત્ત્વગુણરૂપ ઈન્દ્રિયોના અંધિષ્ઠાતા દેવતાઓનો સર્ગ) - વસ્તુતઃ મિથ્યા હોવા છતાં જેની સત્યતાથી સત્યવત્ ભાસે છે તે પરમાત્મા સત્યસ્વરૂપ છે તેવો અર્થ છે.

अत्र दृष्टान्तः– तेजोवारिमृदां यथा विनिमय इति। विनिमय। व्यत्ययोऽन्यस्मिन्नन्यावभासः। स यथाऽधिष्ठानसत्तया सद्वत्प्रतीयत इत्यर्थः। तत्र तेजसि वारिबुद्धिर्मरीचितोये प्रसिद्धा। मृदि काचादौ वारिबुद्धिर्वारिणि च काचादिबुद्धिरित्यादि यथायथमूह्यम्। यद्वा तस्यैव परमार्थसत्यत्वप्रतिपादनाय तदितरस्य मिथ्यात्वमुक्तम्। यत्र मृषैवायं त्रिसर्गो न वस्तुतः सन्निति। यत्रेत्यनेन प्रतीतमुपाधिसंबन्धं वारयति। स्वेनेव धाम्ना महसा निरस्तं कुहकं कपटं मायालक्षणं यस्मिस्तम्। तटस्थलक्षणमाह – जन्मादीति। अस्य विश्वस्य जेन्मस्थितिमङ्ग यतो भवन्ति तं धीमहीति। तत्र हेतुः – अन्वयादितरतश्च। अर्थेष्वाकाशादिकार्येषु परमेश्वरस्य सद्रूपेणान्वयादकार्येभ्यश्च खपुष्पादिभ्यस्तद्यतिरेकात्। यद्वा अन्वयशब्देनानुवृत्तिः, इतरशब्देन व्यावृत्तिः।

અહીં દૃષ્ટાંત આપવામાં આવ્યું છે - 'तेजोवारिमृदां यथा विनिमय इति।' જેવી રીતે પ્રકાશ, જળ અને માટીનો વ્યત્યય અર્થાત્ અન્યોન્ય આભાસ થાય છે તેમ. વિનિમય એટલે વ્યત્યય, વ્યતિક્રમ, ઊલટું, એકમાં બીજાનો આભાસ. જેવી રીતે અધિષ્ઠાનની સત્યતાથી (મિથ્યાસર્ગ પણ) સત્યવત્ પ્રતીત થાય છે તેવી રીતે (માયાના ત્રણે ગુણોની સૃષ્ટિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસ્તુતઃ અસત્ય હોવા છતાં સત્ય જેવી ભાસે છે.) સૂર્યપ્રકાશમાં જળનો કાચરૂપે માટીનો ભાસ થાય છે, કાચરૂપી માટીમાં જળનો ભ્રમ થાય છે વગેરે યથાયોગ્ય રીતે સમજી લેવું. અથવા તો, એક તે જ પરમ અર્થ સત્ય છે તે પ્રતિપાદન કરવા માટે માયાનું મિથ્યાત્વ દર્શાવ્યું છે. જ્યાં (પરમેશ્વરમાં) આ ત્રણે ગુણોનો સર્ગ વસ્તુતઃ 'મૃષા' અસત્ય જ છે, અર્થાત્ વાસ્તવિક નથી. 'यत्र' એ શબ્દ દ્વારા બ્રહ્મમાં જણાતા ઉપાધિસંબંધનો નિષેધ કરે છે. 'स्वेनैवधाम्ना' પોતાના સ્વયંસિદ્ધ તેજ (જ્ઞાન) વડે માયારૂપી કપટનો જે પ્રકાશસ્વરૂપ પરમાત્મામાં સંપૂર્ણ અભાવ છે તે (પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ).

હવે તટસ્થલક્ષણ કહે છે - 'जन्मादीति।' જેમાંથી આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે પરમાત્માનું અમે ધ્યાન કરીએ. તે (પરમેશ્વરનું કારણત્વ) દર્શાવવા માટે હેતું કહે છે - 'अन्वयादितरतश्च।' અન્વય અને વ્યતિરેક - 'अर्थेषु' આકાશાદિ (આકાશ જેના આરંભમાં છે તેવા) સર્વ પદાર્થો (પંચમહાભૂતો)માં પરમાત્માનો સત્ રૂપે અન્વય છે, તથા આકાશકુસુમ વગેરે અકાર્યોમાં તેનો વ્યતિરેક (અભાવ) છે, અથવા અન્વય શબ્દ દ્વારા અનુવૃત્તિ (સાતત્ય, નૈરન્તર્ય, અબાધત્વ) અર્થ થાય છે. તથા ઈતર (વ્યતિરેક) શબ્દ દ્વારા વ્યાવૃત્તિ, અભાવ અર્થ થાય છે. ('यत्सत्त्वे यत्सत्त्वं सोऽन्वयः।' જેનું અસ્તિત્વ હોય ત્યારે બીજાનું અસ્તિત્વ હોય, તે અન્વય. 'यदभावे यदभावः स व्यतिरेकः।' જેના અભાવમાં બીજાનો અભાવ હોય તે વ્યતિરેક.)

अनुवृत्तत्वात्सद्रूपं ब्रह्म कारणं मृत्सुवर्णादिवत्। व्यावृत्तत्वाद्विश्वं कार्य घटकुण्डलादिवदित्यर्थः। यद्वा सावयवत्वादन्वयव्यतिरेकाभ्यां यदस्य जन्मादि तद्यतो भवतीति संबन्धः। तथा च श्रुतिः – 'यतो वा इमानि भूतानि जायन्ते। येन जातानि जीवन्ति। यहायन्त्यभिसंविशन्ति' इत्याद्या। स्मृतिश्च – 'यतः सर्वाणि भूतानि भवन्त्यादियुगागमे। यस्मिंश्च प्रलयं यान्ति पुनरेव युगक्षये' इत्याद्या। तर्हि किं प्रधानं जगत्कारणत्वाद्धेयममिप्रेतं नेत्याह। अभिज्ञो यस्तम्। 'स ईक्षत लोकान्नु सृजा इति। स इमाँल्लोकानसृजत' इति श्रुतेः। 'ईक्षतेर्नाशब्दम्' इति न्यायाश्च।

સર્વમાં અનુસ્યૂત હોવાથી સદ્રૂપે રહેલું બ્રહ્મ જગતનું કારણ છે, માટી, સોનું વગેરેની જેમ. ઘટ, કુંડલ વગેરેની માટી, સુવર્ણ વગેરેમાં વ્યાવૃત્તિ છે માટે તે કાર્ય છે. અથવા તો, આ જગત અવયવવાળું હોવાથી કાર્ય છે. (કારણ કે જ્યાં સાવયવત્વ છે. ત્યાં કાર્યત્વ છે જેમ કે ઘટ વગેરેમાં, અને જ્યાં સાવયવત્વ નથી ત્યાં કાર્યત્વ નથી. જેમ કે આત્મામાં) અન્વય અને વ્યતિરેક વ્યાપ્તિથી આ જગતના જન્માદિનો નિશ્ચય થાય છે. તે જન્માદિ જેમાંથી થાય છે તે બ્રહ્મ છે એમ સંબંધ છે. આ વિષયમાં શ્રુતિ છે -

"નિશ્ચય જ જેમાંથી બ્રહ્માથી માંડીને સ્તમ્બપર્યંત બધા પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઈને જેના આશ્રયથી તેઓ પ્રાણ ધારણ કરે છે અને જેના તરફ પ્રયાણ કરતા રહે છે. (તથા વિનાશકાળ ઉપસ્થિત થતા અંતમાં મરમોન્મુખ થઈ જેમાં લીન થાય છે." તૈ. ૩-૧ (તેને જાણવાની ઈચ્છા કર, તે બ્રહ્મ છે.)

તથા સ્મૃતિ પણ છે.

"સૃષ્ટિના પ્રારંભમાં જે યુગીનો આગમ છે ત્યારે જેમાંથી સર્વ ભૂતો પ્રકટ થાય છે અને યુગના અંતે જેમાં ફરીથી વિલીન થાય છે." વગેરે - म. भा. आनु.

તો શું (સાંખ્યમત પ્રમાણે) પ્રધાન (જડ પ્રકૃતિ) જગતનું કારણ હોવાથી તેનું ધ્યાન કરવું જોઈએ એવો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અભિપ્રાય છે ? તો કહે છે કે ના, (પ્રધાન ચિંતનીય નથી.) જે અભિજ્ઞ 'अभिज्ञ' (સર્વજ્ઞ) છે, તેનું ધ્યાન કરવું જોઈએ, તે અર્થમાં આ શ્રુતિવચન છે.

"તેણે ચિંતન કર્યું કે હું ભુવનોનું સર્જન કરું. તેણે આ ભુવનોનું સર્જન કર્યું" - ઐત. ૧-૧-૨ વળી, ન્યાયશાસ્ત્રમાં પણ આ વચન છે.

"જગતનું કારણ ઈક્ષણ (સંકલ્પ) કરે છે, તેથી (પ્રધાન) જગતનું કારણ નથી. (વળી, શ્રુતિમાં પ્રધાનને કારણ બતાવનારું) વચન નથી." ब्र. १-१-५

तर्हि किं जीवो ध्येयः स्यान्नेत्याह। खराद् खेनैव राजते यस्तम्। खतःसिद्धज्ञानमित्यर्थः। तर्हि किं ब्रह्मा ध्येयः 'हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत्' इति श्रुतेः। नेत्याहं – तेन इति। आदिकवये ब्रह्मणेऽपि ब्रह्म वेदं यस्तेने प्रकाशितवान्। 'यो ब्रह्माणं विदधाति पूर्वे यो वै वेदांश्च प्रहिणोति तस्मै। तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये' इति श्रुतेः। ननु ब्रह्माणोऽन्यतो वेदाध्ययनमप्रसिद्धम्। सत्यम्, तत्तु हृदा मनसैव तेने विस्तृतवान्। अनेन बुद्धिवृत्तिप्रवर्तकत्वेन गायत्र्यर्थो दर्शितः। वक्ष्यति हि – 'प्रचोदिता येन पुरा सरस्वती वितन्वताऽजस्य सर्ती स्मृतिं हृदि॥ खलक्षणा प्रादुरभूत्किलास्यतः स मे ऋषीणामृषभः प्रसीदताम्' इति।

તો શું (જ્ઞાતા હોવાથી) જીવાત્મા ચિંતનીય છે ? કહે છે કે ના. (જીવાત્મા સ્વયંપ્રકાશ નથી.) 'स्वराट्' જે સ્વયં પ્રકાશમાન છે, તેનું (ધ્યાન કરીએ). જેનું જ્ઞાન સ્વયંસિદ્ધ છે. (જેને પ્રકાશવા માટે બીજાની અપેક્ષા નથી.) તેવો અર્થ છે.

તો શું (સર્વ ઐશ્વર્ય ધરાવનાર) બ્રહ્માજી ધ્યેય છે ? કારણ કે શ્રુતિમાં કહ્યું છે, "જ્યારે કોઈ પણ પ્રાણીઓ ન હતાં ત્યારે પુરુષરૂપ કે જેની અંદર સુવર્ણતેજ છે તે બ્રહ્માજી જન્મતાંની સાથે જ ભવિષ્યમાં થનાર જગતના પતિ થયા." ऋ १०-१२१-१ – यजु. १३-४

(તેના ઉત્તરમાં કહે છે) ના, (બ્રહ્માજી ધ્યેય નથી.) 'तेन इति' (તેને ઈતિ) જેણે (જગતના કારણ) 'आदिकवये' આદિ કવિ અર્થાત્ બ્રહ્માજીના હૃદયમાં પણ બ્રહ્મ (વેદોને) પ્રકાશિત કર્યાં. તે અર્થમાં આ શ્રુતિ વચન છે - "જે સૃષ્ટિના પ્રારંભમાં હિરણ્યગર્ભને ઉત્પન્ન કરે છે અને જે નિશ્ચિતરૂપે તેમને વેદજ્ઞાન પ્રદાન કરે છે તે મારી બુદ્ધિને પ્રકાશિત કરનાર દેવનું હું મુમુક્ષુ પૂર્ણપણે શરણ ગ્રહણ કરું છું.

– श्वे. ६-१८, गो. पू. ता. ४-५

અહીં શંકા ઉદ્ભવે છે કે બ્રહ્માજીએ વેદનું અધ્યયન અન્ય પાસેથી કર્યું હોય એવું પ્રસિદ્ધ નથી. તો કહે છે, હા, વાત સાચી છે. તેણે તો 'हृदा' અર્થાત્ મનથી જ, સંકલ્પથી જ (બ્રહ્માજી સમક્ષ વેદો) પ્રકટ કર્યાં. (પરમેશ્વર) બુદ્ધિવૃત્તિના પ્રેરક હોવાથી આ દ્વારા અહીં ગાયત્રીનો અર્થ દર્શાવવામાં આવ્યો છે. કહે છે - "સૃષ્ટિના સમયે જેમણે બ્રહ્માજીના હૃદયમાં દેવી સરસ્વતીને પ્રેરિત કરી અને તે પોતાના અંગો સહિત વેદ રૂપે તેમના મુખથી પ્રકટ થઈ, તે આદિકારણ ભગવાન મારી પર કૃપા કરો અને મારા હૃદયમાં પ્રકટ થાઓ !" श्रीमद्भा. श्रीमद् भागवत २-४-२२

ननु ब्रह्मा स्वयमेव सुप्तप्रतिबुद्धन्यायेन वेदमुपलभतां नेत्याह। यद्यस्मिन्ब्रह्मणि सूरयोऽपि मुह्यन्तीति। तस्माद्ब्रह्मणोऽपि पराधीनज्ञानत्वात्स्वतः सिद्धज्ञानः परमेश्वर एव जगत्कारणम्। अत एव सत्योऽसतः सत्ताप्रदत्वाच्च

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

परमार्थसत्यः सर्वज्ञत्वेन च निरस्तकुहकस्तम्। धीमहीति गायत्र्या प्रारम्भेण च गायत्र्याख्यब्रह्मविद्यारूपमेतत्पुराणमिति दर्शितम्। यथोक्तं मत्स्यपुराणे पुराणदानप्रस्तावे - 'यत्राधिकृत्य गायत्रीं वर्ण्यते धर्मविस्तरः॥ वृत्रासुरवधोपेतं तद्भागवतमिष्यतो॥ लिखित्वा तच्च यो दद्याद्धेमसिंहसमन्वितम्॥ प्रौष्ठापद्यां पौर्णमास्यां स याति परमं पदम्॥ अष्टादशसहस्राणि पुराणं तत्प्रकीर्तितम्'॥ पुराणान्तरे च - 'ग्रन्थोऽष्टादशसाहस्रो द्वादशस्कन्धसंमितः॥ हयग्रीवब्रह्मविद्या यत्र वृत्रवधस्तथा॥ गायत्र्या च समारम्भस्तद्वै भागवतं विदुः'॥ पद्मपुराणेऽम्बरीषं प्रति गौतमोक्तिः - 'अम्बरीष शुकप्रोक्तं नित्यं भागवतं श्रृणु॥ पठस्व स्वमुखेनापि यदीच्छसि भवक्षयम्' इति। अत एव भागवतं नामान्य-दित्यति न शङ्कनीयन् ॥१॥

જો શંકા કરવામાં આવે કે જેમ ઊંઘમાંથી જાગેલા મનુષ્યને સૂતા પહેલાંના જ્ઞાનનું સ્મરણ થાય છે તેમ બ્રહ્માજીને સૃષ્ટિના પ્રારંભમાં પૂર્વકલ્પનું વેદોનું જ્ઞાન સ્વયં પ્રાપ્ત થયું હશે. તો કહે છે, ના તેમ નથી. 'યત્' જે વેદોના વિષયમાં 'सूरयोऽपि मुह्यन्ति' મહાન બુદ્ધિમાન જનો પણ મોહને પામે છે, અર્થાત્ જે વેદોનું તાત્પર્ય સમજવામાં (બ્રહ્માજી વગેરે) મહાન વિદ્વાનોની બુદ્ધિ પણ ભ્રમિત થઈ જાય છે. (તેથી) બ્રહ્માજીનું જ્ઞાન પણ પરાધીન છે, અને સ્વયંસિદ્ધ જ્ઞાન-સંપન્ન પરમેશ્વર (કે જે વેદવિદ્યાના આવિષ્કારનું મૂળકારણ છે) તે જ જગતનું મૂળકારણ છે, આથી જ સત્ય છે. અસત્ અર્થાત્ મિથ્યાને સત્તા પ્રદાન કરતા હોવાને કારણે પણ પરમાર્થ સત્ય છે. સર્વજ્ઞ હોવાને કારણે જે માયાથી સર્વથા મુક્ત છે, તનું (ધ્યાન કરીએ છીએ) સર્વજ્ઞ પારમાર્થિક સત્ય હોવાથી 'निरस्तकुहकम्' તે માયા અને તેનાં કાર્યોથી મુક્ત છે. 'धीमहीति' ગાયત્રી વડે પ્રારંભ કર્યો હોવાથી ગાયત્રી નામવાળી બ્રહ્મવિદ્યારૂપ આ પુરાણ છે. તેવું દર્શાવવામાં આવ્યું છે. મત્સ્યપુરાણના પુરાણદાનપ્રસ્તાવમાં છે તે પ્રમાણે - "જેમાં ગાયત્રીને કેન્દ્રમાં રાખીને ધર્મના વિસ્તારનું વર્ણન કરવામાં આવ્યું છે તથા જે વૃત્રાસુરના વધથી યુક્ત છે તેને ભાગવત કહેવામાં આવે છે. તેને લખીને ભાદરવામાસની પૂર્ણિમાના દિવસે સોનાના સિંહ સહિત જે આપે છે તે પરમગતિને પામે છે. તે પુરાણમાં અઢારહજાર શ્લોકો છે." અન્ય પુરાણમાં પણ કહ્યું છે કે, "જે અઢારહજાર શ્લોકોવાળું છે, બાર સ્કંધવાળું છે, જેમાં હયગ્રીવ દ્વારા બ્રહ્મવિદ્યાનું અને વૃત્રાસુરના વધનું નિરૂપણ કરવામાં આવ્યું છે તથા જેનો ગાયત્રીથી પ્રારંભ થયો છે તેને ભાગવત જાણવું" - વામનપુરાણ, પદ્મપુરાણમાં રાજા અમ્બરીષને ગૌતમઋષિ કહે છે. "હે અમ્બરીષ, શ્રીશુકદેવજી દ્વારા કથિત શ્રીમદ્ભાગવતનું નિત્ય શ્રવણ કર. જો તું ભવક્ષય ઈચ્છતો હોય તો સ્વમુખેથી પણ તેનો પાઠ કર." આથી ભાગવત નામનું બીજું કોઈ પુરાણ છે તેવી શંકા કરવી નહીં. ॥ ૧ ॥

इदानीं श्रोतृप्रवर्तनाय श्रीभागवतस्य काण्डत्रयविषयेभ्यः सर्वशास्त्रेभ्यः श्रैष्ठयं दर्शयति - धर्म इति।

અવતરણિકા - હવે આ ભાગવતશાસ્ત્ર સાંભળવાની ઈચ્છા થાય તે માટે ત્રણે કાંડ (જ્ઞાનકાંડ, કર્મકાંડ, દેવતાકાંડ) વિષેના સર્વ શાસ્ત્રોથી તે શ્રેષ્ઠ છે, તેમ બીજા શ્લોક દ્વારા દર્શાવે છે.

धर्मः प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां वेद्यं वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोन्मूलनम्। श्रीमद्भागवते महामुनिकृते किं वा परैरीश्वरः सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रूषुभिस्तत्क्षणात् ॥ २ ॥

અનુવાદ - મહામુનિ આદિ નારાયણ દ્વારા નિર્મિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં ફલની કામનાથી રહિત પરમધર્મનું અહીં નિરૂપણ થયું છે. જેમાં પ્રોજ્ઝિત ના પ્ર ઉપસર્ગ દ્વારા સૂચિત) મોક્ષની કામનાનો પણ નિરાસ કર્યો છે. આમાં શુદ્ધ અંતઃકરણવાળા સત્પુરુષો દ્વારા જાણવાને યોગ્ય એ વાસ્તવિક વસ્તુ પરમાત્માનું નિરૂપણ થયું છે, જે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્રણે પ્રકારના દુ:ખોના મૂળનો નાશ કરનાર તથા કલ્યાણ કરનાર છે. બીજા કોઈ પણ સાધન કે શાસ્ત્ર દ્વારા ઈશ્વર હૃદયમાં તરત જ શું સ્થિર થાય છે ? (ભાગવતથી ઈશ્વર શ્રવણની ઈચ્છા કરતાં તરત જ હૃદયમાં સ્થિર થાય છે.) જ્યારે પણ પુણ્યશાળી વ્યક્તિ આના શ્રવણની ઈચ્છા કરે છે, ઈશ્વર એ જ ક્ષણે (અવિલમ્બ) એના હૃદયમાં આવીને વાસ કરે છે. ॥ ૨ ॥

***

"વેદનું નિત્ય અધ્યયન કરો, એમાં પ્રતિપાદિત વિહિત કર્મોનું સ્વવર્ણાશ્રમ અનુસાર સવિધિ યથાશક્તિ પાલન કરો. એ જ કર્મોને ઈશ્વરાર્પણ કરી કામ્ય કર્મોને છોડી દો. શુદ્ધ નિત્યકર્મો દ્વારા પાપોના મળોને ધોઈ નાખો, ધર્માનુકૂળ મળેલા સાંસારિક સુખોમાં પણ દોષોને જુઓ. આત્મસ્વરૂપ-પ્રાપ્તિની ઈચ્છા ઉત્પન્ન કરો. ઘરની મમતા છોડીને પરમાર્થમાર્ગે નીકળી પડો."

- સાધનપંચકમ્

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્મસૂત્રનો સારાંશ

શ્રીશ્રીમાની જન્મશતાબ્દીજયંતી નિમિત્તે વારાણસી આશ્રમમાં અઢાર દિવસ મહામંડલેશ્વર કૈલાસ પીઠાધીશ્વર આચાર્ય સ્વામી શ્રી વિદ્યાનંદ ગિરિજીના પ્રવચન પર આધારિત સારાંશ પ્રસ્તુત છે.

પ્રવચનના પાંચમે દિવસે વ્યાખ્યાનમાં પરમાત્મા - પરમેશ્વર - નિત્ય મુક્ત સ્વભાવવાન બ્રહ્મને માટે શ્રુતિમાં આપેલા વિશેષણ શબ્દો ઉપર વિચાર કરવામાં આવ્યો.

શ્રુતિ કહે છે - "આત્માને રથી તથા શરીરને રથ જાણો". અસંયત ઈંદ્રિયો દ્વારા જીવને સંસારની પ્રાપ્તિ તથા સંયત ઇંદ્રિયો દ્વારા વિષ્ણુપદની પ્રાપ્તિ થાય છે, ઇંદ્રિયોથી પર અર્થ, અર્થથી પર મન તથા મનથી પર બુદ્ધિ અને બુદ્ધિથી પર મહત્તત્વ છે, એનાથી પર અવ્યક્ત, તથા અવ્યક્તથી પર પુરુષ છે. પુરુષથી પર બીજું કાંઈ નથી, એ જ ચરમ ગતિ છે.

કઠોપનિષદ્‌માં નચિકેતાનો જે પ્રસંગ આવે છે, તેમાં અગ્નિ, જીવાત્મા તથા પરમાત્મા સંબંધી પ્રશ્નો કરવામાં આવ્યા છે. એમાં સંદેહ નથી કે 'મહત્' અને 'અવ્યક્ત' શબ્દોથી એ પુરુષ કહ્યો છે. એ પરમ પુરુષના પરમ પદની પ્રાપ્તિ માટે અગ્રેસર થતો પરબ્રહ્મને પામીને "બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ"ના સિદ્ધાંત સુધી પહોંચે છે.

ચતુર્થ પાદના દ્વિતીય અધિકરણમાં "અજામેકાં લોહિતશુક્લકૃષ્ણામ્" મંત્રને લઈને વિચાર ચાલે છે. સાંખ્યવાદીઓ "અજા" શબ્દ વડે "પ્રધાન"ને કહે છે. સિદ્ધાંતીઓનું કહેવું છે કે તે જ, જળ અને પૃથ્વી એ ત્રણે માટે ઉપરોક્ત લોહિત, શુક્લ, કૃષ્ણઃ શબ્દો છે, પરંતુ એમાં "અજા" શબ્દનો પ્રયોગ અજાકૃતિ નિમિત્તે નથી કરવામાં આવ્યો. કલ્પનાથી એમની પ્રકૃતિમાં અજાકૃતિનો પ્રયોગ કર્યો છે. અગ્નિ - જળ - પૃથ્વીરૂપ ભૂતોની પ્રકૃતિ ત્રણ વર્ણવાળી છે, એ સમાન રૂપોથી વિકાર ઉત્પન્ન કરે છે. એને અજ્ઞાની જીવ સદા ભોગવતો રહે છે. પરંતુ જ્ઞાની એનો પરિત્યાગ કરી દે છે. જેમ આદિત્યને મધુ, વાણીને ધેનુ કહ્યાં છે, તે જ પ્રમાણે ત્રણ ગુણોવાળી પ્રકૃતિમાં અજાની કલ્પના કરી છે.

સ્વામીજીએ આગળ કહ્યું કે વેદાંત મતને સમજવા માટે મીમાંસા, વૈશેષિક, નૈયાયિક, ચાર્વાક આ બધાં દર્શનોનું અધ્યયન કરવું જોઈએ, નહીં તો ખંડનનું તાત્પર્ય ન સમજાય.

સિદ્ધાંત પક્ષ નિર્ણય આપે છે. પ્રાણ, ચક્ષુ, શ્રોત, અન્ન તથા મન - આ જ પાંચને ગ્રહણ કરવાં જોઈએ. બૃહદારણ્યક શ્રુતિમાં પ્રાણના પ્રાણ, ચક્ષુનાં ચક્ષુ, શ્રોતનાં શ્રોત, અન્નનાં અન્ન તથા મનના મનને પણ જાણીએ છીએ. આ શબ્દોથી પણ એ જ પરમાત્મામાં જ આકાશાદિ પ્રતિષ્ઠિત છે એવો નિર્ણય થાય છે.

ચતુર્થ અધિકરણમાં સ્વામીજીએ પરબ્રહ્મ પરમાત્મા જ જગતનું જન્માદિ કારણ છે. એ વિષે કહ્યું. શ્રુતિ કહે છે, એણે જ સર્વ કાંઈ રચ્યું, નામરૂપાત્મક સૃષ્ટિની પૂર્વે એ જ એકમાત્ર સત્ હતું. એને જાણવાથી બધું જણાઈ જાય છે.

મૈત્રેયીએ યાજ્ઞવલ્ક્યને કહ્યું, જેને જાણવાથી અમરત્વ મેળવીશ એનો ઉપદેશ કરો. ત્યારે યાજ્ઞવલ્ક્ય કહે છે, "હું તને બ્રહ્મનો ઉપદેશ કરીશ. આત્માને જાણવાથી બધું જાણી જવાય છે, જેવી રીતે માટીને જાણવાથી ઘડાને જાણવાનું થાય છે." અહીં આત્મા શબ્દનો પ્રયોગ એ પરમાત્માને માટે જ કરાયો છે.

સ્વામીજીએ કહ્યું કે બૃહદારણ્યકનું એ વાક્ય અહીં ધ્યાન આપવા જેવું છે. જે આત્માથી ભિન્ન બ્રહ્મને માને છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એને બ્રહ્મ હરાવી દે છે. જેમ દુંદુભિને પકડવાથી એનો શબ્દ સ્વયમ્ પકડમાં આવી જાય છે, તેમ ઋગ્વેદાદિ એ પરબ્રહ્મના નિઃશ્વાસ હોવાથી એનું મનન, અનુસરણ આદિ કરવાથી એ પરબ્રહ્મ પરમાત્મા આપોઆપ પ્રકાશિત થઈ જશે. શ્રુતિવાક્યોનો સમન્વય પરમાત્મામાં જ થાય છે, અન્ય કશામાં નહીં. આ વાત સિદ્ધ કરીને ચતુર્લક્ષણી બ્રહ્મસૂત્રને પ્રથમ અધ્યાય કે જે સમન્વય અધ્યાય કહેવાય છે તે પાંચમે દિવસે સંપૂર્ણ થયો.

સંપૂર્ણ વિશ્વના કર્તા પરબ્રહ્મ છે. પરંતુ વેદાંતમત કરતાં અન્ય મતાવલંબીઓ શંકા કરે છે કે ચેતન પરમાત્મા જડ અચેતન જગતના કર્તા કેવી રીતે હોઈ શકે? અદ્વૈતવાદીનું કહેવું છે કે વ્યવહારમાં દેખાય છે તેમ ચેતન જીવાત્મામાંથી જડ પદાર્થો કેશ - નખ વગેરે સૃષ્ટ થાય છે, જડ પદાર્થ છાણામાંથી વીંછી વગેરે પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. એ જ રીતે ચેતન બ્રહ્મમાંથી નિખિલ પ્રપંચની ઉત્પત્તિમાં કંઈ વિરોધ ન હોઈ શકે. જડ-ચેતન સંપૂર્ણ વિશ્વ જ બ્રહ્મમય છે.

સર્વત્ર ચેતનની વ્યાપકતા સમજાવતાં સ્વામીજીએ અત્યંત રોચક પ્રસંગ કહ્યો. ગિરિરાજ હિમાલયે પુત્રી પાર્વતીના વિવાહ સમયે સમસ્ત પર્વતોનું, નદીઓનું આવાહન કર્યું. ખૂબ ધામધૂમથી લગ્ન થયાં. પુત્રીને વિદાય કરી. પરંતુ પુત્રીની ચિંતા સતત રહેતી. એમને થયું કે મેં પુત્રીને એક અકિંચનના હાથમાં આપી દીધી વગેરે. પિતાના વાત્સલ્યએ કાર્ય કર્યું. થોડી સુવર્ણની ઈંટો લઈને તેઓ વિશ્વનાથ - નગરી કાશી જવા નીકળ્યા વિશ્વનાથની ગૃહિણીને મળવા ! હજી તો કાશી પહોંચ્યા નહોતા, સારનાથમાં હતા ને એમને સ્વર્ણમયી કાશી દેખાઈ, જ્યાં ભીંતો સુવર્ણની છે, ઘાટના પત્થરો સુવર્ણના છે, જમીનો સુવર્ણની છે ! હિમાલયને થયું - હું આ સ્વર્ણપુરીમાં સામાન્ય સ્વર્ણની ઈંટો ક્યાં લઈ જાઉં ! ભોળાનાથને સૂચના મળી, તરત સારનાથ પહોંચ્યા. શ્વસુરને સત્કાર્યો. આ પ્રસંગ બતાવે છે કે ચેતનમયી સત્તા સર્વત્ર વિદ્યમાન છે.

કાશીની મહિમા કહેતાં સ્વામીજી બોલ્યા - કાશીનાં જળ અને માટી બહાર ન લઈ જવાય, એનાથી અપરાધ થાય છે, અને લઈ જનાર વ્યક્તિએ એટલું જ સ્વર્ણદાન કરવાનું વિધાન છે. અચેતન દેખાતા સર્વ પદાર્થોમાં અવ્યક્ત રૂપે ચેતન સત્તા વિરાજે છે. તેથી ચેતન બ્રહ્મ અચેતન દેખીતા જડ જગતથી અભિન્ન છે. જેવી રીતે મૃત્તિકામાં કાર્યરૂપે ઘડો રહ્યો છે, સુવર્ણમાં અલંકારો, દૂધમાં દહીં, તે જ રીતે એ નિત્ય શુદ્ધ મુક્ત સ્વભાવવાન ચેતન બ્રહ્મમાં જીવ-જગતની સત્તા અવ્યક્ત રૂપે વિરાજે છે. તર્કથી સમાધાન ન થઈ શકે.

પૂર્વપક્ષી કહેવાતા સાંખ્યાદિએ શંકા કરી કે પરબ્રહ્મ પરમાત્મા સમદર્શી છે છતાં આટલી વિષમ સૃષ્ટિ કેમ કરે છે? કોઈ મનુષ્ય તો કોઈ પશુ, કોઈને ભોજનનો અભાવ નથી તો કોઈ ભૂખે મરે છે. સમદર્શી પરમાત્મામાં આવી વિષમતા શાથી?

આચાર્ય શંકરનું ભાષ્ય કહે છે કે જીવનાં પુણ્યાપુણ્ય આમાં કારણ છે, જેમ કે એક સમાન ખેતરમાં વિવિધ વૃક્ષો છે, કોઈ મીઠાં ફળવાળું તો કોઈ લીંબૂ જેવા ખાટા રસવાળું તો કોઈ લીમડાના કડવા સ્વાદવાળું. પોતપોતાના સ્વભાવાનુસાર વિભિન્ન સ્વાદો છે. આ જ રીતે જીવ પણ એના શુભાશુભ કર્મોનાં ફળ ભોગવે છે.

સર્વપ્રથમ સૃષ્ટિ જ્યારે થઈ ત્યારે કર્મ ક્યાં હતાં? સ્વામીજીએ કહ્યું કે કોઈ કહી શકે છે કે આંબાનું વૃક્ષ પહેલાં કે ગોટલા પહેલાં ? આનો ઉત્તર આપતાં માથું પાકી જાશે, હારીને કહેવું પડશે કે એ તો અનાદિનો ક્રમ છે. આ સૃષ્ટિ પણ અનાદિ અનંત છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરબ્રહ્મ પરમાત્મા તો સર્વજ્ઞ સર્વસિદ્ધ છે. એમણે સૃષ્ટિ શા માટે કરી ? એનું કંઈ પ્રયોજન તો દેખાતું નથી. સ્વામીજીએ કહ્યું કે પરબ્રહ્મ પરમાત્માને કોઈ નિજી પ્રયોજન નથી. આ સંપૂર્ણ વિશ્વ એનો લીલાવિલાસમાત્ર છે.

(મા કહે છે "ઉનકી મૌજ", "કલ્પનામાત્ર જગત્ સૃષ્ટ", "લીલા ખેલ".)

આમ સાંખ્ય આદિના વિરોધનો પરિહાર થતાં આચાર્ય શંકરનો મત સર્વત્ર ગૂંજે છે "જીવો બ્રહ્મૈવ નાપરઃ।"

પ્રવચનને સાતમે દિવસે બ્રહ્મસૂત્રના દ્વિતીય અધ્યાય પર શાંકરભાષ્યને આધારે ચર્ચા કરી કે આ સંપૂર્ણ વિશ્વ ચેતનસ્વરૂપ પરમાત્માનું જ રચેલું છે. કોઈ પણ જડ પદાર્થમાંથી એની સૃષ્ટિ ન હોઈ શકે. આ સૃષ્ટિ અનાદિ અનંત છે, તેથી એનો સ્રષ્ટા પણ અનાદિ, અનંત, સર્વજ્ઞ, સ્વર્શક્તિમાન, સર્વકતૃત્વસંપન્ન પરમાત્મા જ હોઈ શકે.

ભારતીય દર્શનો કુલ બાર માનવામાં આવે છે. જેમાંનાં છ આસ્તિક તથા છ નાસ્તિક દર્શનો છે.

વિવિધ દર્શનોને માનનારા પોતપોતાના તર્કાનુસાર એ સર્વશક્તિમાનનું વિવિધ રૂપે વર્ણન કરે છે. સાંખ્યાદિ "પ્રધાન"ને જગત્નું કારણ માને છે. ન્યાય, વૈશેષિક "પરમાણુ" થી જગત્ સૃષ્ટિ માને છે. બૌદ્ધ દર્શન ચાર ભાગોમાં વિવિધ પ્રકારે જગત્ની રચના માને છે. જૈનો એમના તીર્થંકરના અનેકાંતવાદને જ દ્રઢતાથી સ્વીકારે છે. પરંતુ બધા જ મતોમાં કોઈને કોઈ દોષ ઉપસ્થિત થઈ જ જાય છે જે એમની સર્વોપરિતામાં બાધક બની જાય છે. મુમુક્ષુઓ માટે એનો પરિહાર આવશ્યક છે. અદ્વૈત વેદાંતમતમાં અનિર્વચનીય અવિદ્યા દ્વારા સર્વજ્ઞ સર્વશક્તિમાન નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુક્ત સ્વભાવવાળા બ્રહ્મમાં વિચિત્ર નામરૂપ અને વિચિત્ર ક્રિયાકલાપયુક્ત જગતની રચના સંભવ થાય છે, પરંતુ નિર્વિકાર બ્રહ્મમાં કોઈ વિકાર નથી દેખાતો. અવિદ્યા કે માયા પણ એમનું સ્વરૂપ છે.

બધાં જ નાસ્તિક તેમ જ આસ્તિક દર્શનોનું ખંડન આચાર્ય શંકરને વિશ્વના મુમુક્ષુઓના કલ્યાણાર્થે કરવું પડ્યું, નહીં તો વિવિધ ભ્રાંતિઓમાં ગૂંચવાઈને જીવે વિપત્તિનો સામનો કરવો પડે.

☆ ☆ ☆ ☆ ☆

(મૃત્યુના ભયથી ભાગતા હરિશ્ચંદ્રપુત્ર રોહિતને ઈંદ્ર કહે છે:)

"હે રોહિત ! સત્પુરુષો પાસેથી અમે સાંભળ્યું છે કે જે નિરંતર શ્રમ નથી કરતો એની પાસે લક્ષ્મી નથી આવતી. જે બેપરવા અને આળસુ છે તે પાપી છે. એ વાત સત્ય છે કે ઈંદ્ર અર્થાત્ પરમાત્મા પ્રગતિપરાયણના જ મિત્ર-સહાયક છે, તેથી ચાલતો રહે, ચાલતો રહે."

- ઐતરેય બ્રાહ્મણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અલ્હાબાદની સ્મૃતિઓ

(૨૩, માર્ચ, ૧૯૯૬માં વિંધ્યાચલ આશ્રમમાં પૂ. સ્વામીજીના કથનપ્રમાણે) - સ્વામી ભાસ્કરાનંદજી

૧૯૪૮ના પ્રયાગના અર્ધકુંભ મેળાના અનુભવોથી હું મારું કથન આરંભીશ. હું માને સર્વપ્રથમ અમદાવાદમાં મળ્યો. ત્યારે હું વિદ્યાર્થી હતો. પછીથી માને મુંબઈમાં મળ્યો અને અતિશય પ્રભાવિત થયો. ડૉ. પન્નાલાલે મા વિષે લખેલું પુસ્તક મેં વાંચ્યું હતું. મેં એમને એક પત્ર લખ્યો. એમણે મને માના કેમ્પમાં પ્રયાગના અર્ધકુંભમાં જવાનું કહ્યું. મને એ વાત યોગ્ય લાગી. અલ્હાબાદ જવાનું નક્કી કર્યું, પણ અપરિચિત જગ્યા અને લાંબી રેલયાત્રાનો વિચાર થતાં મેં મારા મિત્ર શ્રી જોષીની સલાહ માગી. ડૉ. પન્નાલાલનો પત્ર એમને બતાવ્યો. એમનાં માતાજીએ અમારી વાતો સાંભળી, અને એમના દીકરાને મારી સાથે પ્રયાગ જવાનું કહ્યું. જોષી એ કામ માટે બરાબર હતા અને એમની ઉપસ્થિતિ મારે માટે મહામૂલ્યવાન હતી. અમે બે સાથે હોવાથી જોષીનાં માતુશ્રી પણ નચિંત થયાં. જોષીનાં માતાની માતૃભાવના મને ખૂબ મદદરૂપ નીવડી.

અમે જે ટ્રેનમાં ચઢ્યા તેણે અમને લગભગ મધરાતે અલ્હાબાદ પહોંચાડ્યા. અમને જાણવા મળ્યું કે માની છાવણી (કૅમ્પ) કુંભમેલાનગરમાં છે. અમે તરત જ ત્યાં જવાનું નક્કી કર્યું. એક રીક્ષા કરીને લગભગ રાત્રે દોઢ વાગે મેલા ઑફિસરની છાવણીએ પહોંચ્યા. ત્યાંથી માની છાવણી વિષે દોરવણી મળી. અમે કીર્તનનો અવાજ સાંભળ્યો. આખું મેલાનગર દીવાઓથી ઝળહળતું હતું અને યાત્રીઓ બધે ફરતા હતા. અમે મા વિષે પૂછ્યું. અમને માની કુટિયા બતાવવામાં આવી. અમે ત્યાં ગયા. કુટિયાનો દરવાજો બંધ હતો, તેથી ત્યાં જ લાંબા થઈને પ્રણામ કરવાનું મેં નક્કી કર્યું. પ્રણામ કરીને જેવો હું ઊભો થયો કે મારા અદ્‌ભુત આનંદાશ્ચર્ય વચ્ચે મારી સામે પ્રત્યક્ષ માને ઊભેલાં જોયાં.

માએ પૂછ્યું, ક્યાંથી આવો છો ? મેં ટૂંકો જવાબ આપ્યો. જ્યાં કીર્તન ચાલતું હતું ત્યાં જઈને બેસવાનું મને કહેવામાં આવ્યું. મા પણ ત્યાં ગયાં. મેળાના સૌથી મોટા ને સૌથી છેલ્લા સ્નાનને થોડાક કલાકોની જ વાર હતી. માની મંડળી સાથે અમે પણ જોડાઈ ગયા. અમે એક મોટા બજરા (મોટી હોડી જેને નીચલે માળે ઘણી જગ્યા હોય) પર ચઢ્યા. અમે બધાંએ સંગમમાં ડૂબકી મારી. સ્નાન પછી માની છાવણીમાં પાછા ફર્યા, ત્યારે ખબર પડી કે લગભગ ૧૨.૩૦ વાગે મા વારાણસી જવા માટે નીકળશે. મા મોટરમાં ગયાં. છાવણી બપોરે ઉપાડી લેવાની હોવાથી અમને ખાલી કરવાનું તથા અમારી સગવડ બીજે કરી લેવાનું કહેવામાં આવ્યું. મારા મિત્ર જોષીના એક મિત્ર દારાગંજમાં રહેતા હતા. અમે ત્યાં રાતવાસો કરવા રોકાયા. અમે વારાણસી જઈને માને આશ્રમમાં મળવાને નિર્ણય કર્યો. 'મેલા સ્પેશ્યલ' ટ્રેનમાં બેસીને વારાણસી પહોંચ્યા. સ્ટેશને ઊતરીને માના આશ્રમના રસ્તા વિષે પૂછપરછ કરી. એક તાંગાવાળો અમને ભદૈની લઈ ગયો. અમે, વારાણસીથી સર્વથા અપરિચિત હતા. તેમ જ આશ્રમમાં કછાવણીમાં પણ કોઈને ઓળખતા નહોતા. ત્યાં પહોંચ્યા પછી સદ્‌ભાગ્યે લગભગ તરત જ માનાં દર્શન થયાં. માએ મારે વિષે થોડી પૂછપરછ કરી, ત્યાર બાદ આશ્રમમાં રહેવાનું કહ્યું અને વારાણસીનાં મહત્ત્વપૂર્ણ સ્થળો જેવાં કે શ્રીવિશ્વનાથ મંદિર, મા અન્નપૂર્ણા મંદિર, તિલભાંડેશ્વરજી મંદિર, સારનાથનું બુદ્ધ મંદિર જોવાનું કહ્યું. માએ મને કહ્યું કે "આ શરીર પાસે" દર વર્ષે મારે એક મહીના માટે રહેવું. આટલું ધ્યાન અને સ્નેહ પામીને મારા આનંદની સીમા ન રહી. એ દિવસોમાં હું મુંબઈ સરકારના ટેકસટાઈલ ડિપાર્ટમેન્ટમાં ઑફિસરની નોકરી કરતો હતો. મેં વારાણસી ફરી વાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવવાનો નિશ્ચય કર્યો.

એ મોકો ખૂબ જલદી સાંપડ્યો. મેં મુંબઈની નોકરી છોડી દીધી અને વિંધ્યાચલ આશ્રમમાં જોડાઈ ગયો. ત્યારે કયું વર્ષ હતું તે મને અત્યારે યાદ નથી પણ મા દેહરાદૂનમાં હતાં અને જન્મોત્સવ માટે વારાણસી જવાનાં હતાં. થોડાક દિવસ વચમાં હતા. મા ટ્રેનમાં બેઠાં. મા ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં હતાં. નિર્વાણાનંદજી મા સાથે હતા. હું ટ્રેનની જુદી બોગીમાં હતો. લખનૌથી એક સ્ટેશન પહેલાં મને માના કમ્પાર્ટમેન્ટમાં જવાનું કહેવામાં આવ્યું. માએ નિર્વાણાનંદને કહ્યું કે તેઓ અજ્ઞાત સ્થળે જવાનાં છે અને કોઈએ પણ એમની પાછળ જવાનો પ્રયત્ન ન કરવો. મા લખનૌ ઊતરવાનાં હતાં, અને માત્ર અનસૂયાબહેન તથા હું મા સાથે જવાનાં હતાં. ત્યાં ઉપસ્થિત સહુને ચિંતા થઈ, કારણકે અમે બંન્ને આશ્રમમાં તદ્દન નવાં હતાં અને મા સાથેના વ્યવહારમાં તેમજ માની આવશ્યકતાઓ વિષે સંપૂર્ણ અજાણ હતાં. પરંતુ મા મક્કમ હતાં.

ટ્રેન લખનૌ ઊભી રહી. 'ન્યુ ઈન્ડિયા એશ્યોરેન્સ'ના ઑફિસરો આવીને એક મોટર અને ડ્રાઈવર માની સેવામાં આપી ગયા. એ લોકોએ ભક્તોને કહ્યું કે માની પાછળ પાછળ કોઈ ન જાઓ, પણ પોતપોતાને ઘેર જાઓ. નક્કી કર્યા પ્રમાણે મા મોટરમાં બેઠાં, અમે એટલે અનસૂયાબહેન અને હું પણ એ જ મોટરમાં બેઠાં. હું લખનૌ વિષે કંઈ જાણતો નહોતો. માએ જ ડ્રાઈવરને સૂચનો કર્યાં કે ક્યો રસ્તો લેવો, અને થોડી વારમાં અમે એક મકાન પાસે પહોંચ્યા, જ્યાં નામ લખ્યું હતું "રામેશ્વર સહાય". હૉર્નના અવાજોથી શ્રી સહાય ઘરની બહાર આવ્યા, અને માને જોતાંવેંત આનંદવિહ્વળ થઈ ગયા. મા મકાનમાં ગયાં, અમે પાછળપાછળ ગયાં. માના આગમન વિષે શ્રી સહાયને પણ કોઈ પૂર્વ જાણકારી ન હતી. ગુપ્તતાના સોગન ખાઈને, માના અનન્ય ભક્ત રામેશ્વર સહાયે સઘળી આવશ્યક સગવડો કરી આપી. અમે પણ એમની પાસેથી ઘણી જરૂરી માહિતીઓ મેળવી લીધી. પાંચ-છ કલાક બાદ મા બિઠુર (કાનપુર જિલ્લામાં, જ્યાં સીતાજી રહ્યાં હતાં તે વાલ્મીકિ આશ્રમ હતો) જવા રવાના થયાં, પરંતુ રસ્તો ખરાબ હોવાથી માએ ડ્રાઈવરને કાનપુર શહેરમાં સિંઘાનિયાના રાધાકૃષ્ણ મંદિરે જવાનો રસ્તો બતાવ્યો. અમે જ્યારે ત્યાં પહોંચ્યાં, ત્યારે એ પરિવારનું કોઈ જ પૂર્વ સૂચના એમને મળી નહોતી. પરંતુ સમાચાર પવનવેગે ફેલાઈ ગયા, અને ખૂબ જલદી એ કુટુંબના બધા જ સભ્યો ત્યાં આવી ગયા તથા માને પ્રણામ કર્યા. માની ઉપસ્થિતિ તથા માનાં દર્શનોથી તેઓ ખૂબ આનંદિત થઈ ગયાં. થોડી વાર પછી માએ કાનપુર રેલવે સ્ટેશને જવાની વાત કરી. માએ મને વારાણસી બાજુ જતી તરતની ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસની વારાણસીની બે ટિકિટો ખરીદવાનું તથા 'કુપે' માગવાનું કહ્યું. સ્ટેશન પર પુષ્કળ ભીડ હતી. ટિકિટ બારી સુધી પહોંચવાનું મુશ્કેલ હતું, છતાં મારે તો ફરજ બજાવવાની હતી. જેમ તેમ કરીને બારી સુધી પહોંચ્યો અને માની સૂચના અનુસાર ટિકિટો માગીય મારા આશ્ચર્ય વચ્ચે કલાર્કે તરત જ 'કુપે'ની ટિકિટો આપી. મારા આનંદની સીમા ન રહી. મને થયું કે નસીબ સારું છે, અને ત્વરાથી મા પાસે ટિકિટોની ને 'કુપે'ની વાત કરવા દોડી ગયો. અત્યાર સુધીમાં ભક્તોનું મોટું ટોળું ભેગું થઈ ગયું હતું. એ લોકોએ સાચવીને માને આસામ મેલમાં ચઢાવ્યાં. ટ્રેનમાં બેઠો બેઠો હું ટિકિટો બાબતનું મારું ભાગ્ય વખાણી રહ્યો હતો. પણ મને થયું કે કેવું. અદ્‌ભુત કે માએ 'કુપે' લેવાનું હતું અને 'કુપે' સિવાય બીજું કંઈ ઉપલબ્ધ પણ નહોતું ! ત્યાં જ મને સ્ફુર્યું કે એ માની કૃપા જ હતી. મા તો સર્વજ્ઞ છે. મને વિચારમગ્ન જોઈ માએ પૂછ્યું, "કિ હોય છે ?" અર્થાત્ શું થયું? જાણે કે મને વિશ્વાસ બેસાડતાં હોય !

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ટ્રેન થોડી આગળ ગઈ, ત્યાં માનો "ખ્યાલ" થયો કે અલ્હાબાદ ઊતરી જવું; ટ્રેન તો મોડી રાતે વારાણસી પહોંચવાની હતી. મા અલ્હાબાદ ઊતરી પડ્યાં, મધરાત પછીનો થોડોક સમય થયો હતો. સ્ટેશને કોઈ જ નહોતું, કારણ કોઈને ખબર ન હતી કે મા અલ્હાબાદ આવશે. અમે બહાર નીકળ્યાં, અને જ્યોર્જટાઉન જવા માટે ઘોડાગાડી કરી. ગાડીવાળા સાથે માએ જ બધી વાતો કરી અને બિંદુ (એક અનન્ય ભક્ત)ના ઘરનો રસ્તો બતાવ્યો. મધરાતે બારણે ટકોરા પડવાથી રેનુદી વગેરે દરવાજે દોડી આવ્યાં. એક નજર પડી ને આખું ઘર ઊઠીને દોડતું ધસી આવ્યું માને આવકારવા. "મા એશે છે, મા એશે છે" એટલું બોલવાનું જ પૂરતું હતું કે બધાં જ ઊઠી ગયાં. આખું ઘર કારભારમાં વ્યસ્ત થઈ ગયું - કોઈએ માનો ઓરડો સાફ કર્યો, બીજાંઓ માને અસુવિધા ન થાય તે જોવા લાગ્યાં, ટૂંકમાં, બધાં જ આનંદમાં ડૂબી ગયાં, આ તો અણધાર્યું ને આર્શીવાદરૂપ આગમન હતું, પોતાના ભાગ્યને વખાણવા લાગ્યાં.

એ બધું જોવા જેવું હતું. મેં એક વાત નોંધી લીધી કે સમસ્ત પરિવારને મા પ્રત્યે મહાન્ આદર તથા સ્નેહ હતો. સવાર પડતાં જ ટેલિફોનો આવવા માંડ્યા. કેટલાક વારાણસીથી હતા ને ચિંતિત થઈને મા વિષે પૂછતા હતા કે મા આસામ મેલમાં તો ન હતાં ! બધાને ચિંતા થતી હતી. માના ખ્યાલ પ્રમાણે અસ્પષ્ટ ઉત્તરો આપવામાં આવ્યા જેથી કોઈ જાણી ન જાય. માએ સુબોધ (અનન્યભક્ત અને નિર્વાણનંદના ભાઈ)ને સુદ્ધાં જણાવવાની ના પાડી, જેથી બીજા કોઈને પણ ખબર ન પડે. બપોરે લગભગ એક વાગે મા મોટરમાં વારાણસી જવા નીકળવાનાં હતાં. બિંદુના ભાઈ અમને વારાણસી લઈ ગયા. વારાણસીના ભક્તોએ ખૂબ મોટું આયોજન કર્યું હતું, સ્ટેશન ઉપર વાદ્યસંગીતની પણ વ્યવસ્થા કરી હતી, પરંતુ માને આસામ મેલમાં ન જોઈને અત્યંત નિરાશ થઈ ગયા હતા. મા આવા સ્વાગતના પક્ષમાં નહોતાં, વારાણસી આશ્રમે જવાના કાર્યક્રમમાં ફેરફાર કરી દીધો !

જેવી મોટર વારાણસી પહોંચી કે માએ સંકટમોચન મંદિર બાજુ દોરાવી દીધી. ત્યાંના વિશ્રામગૃહમાં રહ્યાં. કોઈએ માને જોયાં હશે તેથી પૂછપરછ કરી. સાંજે ચાર વાગતામાં તો કોઈ આવ્યું (કદાચ પાટલદા). બીજા પણ એક સજ્જન આવ્યા, માના ચરણોમાં રૂપિયા અર્પણ કરી ગયા. માએ મને એ રાખી લેવાનું કહ્યું. કદાચ માએ મને કાનપુર અને અલ્હાબાદમાં ખર્ચો કરતાં જોયો હશે. સાચું પૂછો તો, તે વખતે મારી પાસે એક રૂપિયો પણ નહોતો. માની દૃષ્ટિ હંમેશાં સાચી પડતી, જેની મારા પર ઊંડી છાપ પડી ગઈ.

મારી અલ્હાબાદની દ્વિતીય યાત્રા હતી. પછીથી તો મા સાથે ઘણી વાર ગયો, અને પ્રત્યેક વાર મારા મનમાં જે છાપ પડી તે હંમેશ તાજી રહેશે. ખરેખર, એ એક અનુભવ હતો ! વિચાર કરતાં એમ લાગે છે કે મારું અમૂલ્ય સદ્ભાગ્ય હતું કે આશ્રમમાં જોડાઈને તરત જ માની રક્ષામાં અને સ્નેહમાં આવી ગયો. મારું સદ્ભાગ્ય હતું કે મા સાથે લખનૌથી કાનપુર, અલ્હાબાદ અને ત્યાંથી વારાણસી ગયો. આ ચાર સ્થળોએ મા અવારનવાર જતાં. અલ્હાબાદ, કાનપુર ને લખનૌમાં ઘણા ભક્તો હતા. માની કરુણા, સ્નેહ, વાણી તથા ક્રિયાથી બધા આકર્ષાયા હતા. માના સ્નેહપાશમાં સહુ બંધાઈ ગયા હતા. સ્મિત, થોડા સાંત્વનાના શબ્દો કે પછી નિયમિત જપ ને પ્રાર્થના કરવાનાં સૂચનો દુઃખી મનને શાંતિ બક્ષવા માટે પૂરતા હતા. દર્શન કરવા આવનાર એક્કે એક વ્યક્તિ અપૂર્વ આનંદનો અનુભવ કરતી.

ત્યારે તો આરંભકાળ હતો. કેટલાં બધાં વર્ષો વીતી ગયાં ! અગણ્ય ઘટનાઓ ઘટી ગઈ છે. બધું જ યાદ કરવાનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કે બધી જ ઘટનાઓ વિષે લખવાનું શું શક્ય છે ? તે ઉપરાંત મારાથી લખી નથી શકાતું, કારણ અમુક માંદગી આવી ગઈ છે (તે સમયે સ્વામીજી અસ્વસ્થ હતાં). મને ખરેખર આનંદ છે કે અલ્હાબાદના ભક્તો એક સ્મારિકા તૈયાર કરી રહ્યા છે, અને મને એમાં કંઈક આપવાનું કહેવામાં આવ્યું. મારી પ્રથમ બે મુલાકાતો, આ પવિત્ર નગરી સંબંધી, મેં યાદ કરી છે.

આ શહેરના અમુક ભક્તો માના આશ્રમમાં રહે છે, જાણીતી વ્યક્તિઓ માના ભક્તમંડળમાં છે જેવી કે શ્રી ગોપાલસ્વરૂપ પાઠક કે જેઓ કર્ણાટકના રાજ્યપાલ, ને ત્યાર બાદ ભારતના ઉપરાષ્ટ્રપતિ બન્યા. (એમની બે પુત્રીઓ જેઓ હવે સ્વામી ધ્યાનાનંદ અને સ્વામી પૂર્ણાનંદ છે), ડૉ. પન્નાલાલ કે જેમનાં માની આધ્યાત્મિકતા વિષેનાં લખાણોએ ઉપલા વર્ગના લોકોને આકર્ષ્યા, શ્રી ગોપાલ ઠાકુર જેમનો સત્યગોપાલ આશ્રમ છે અને બીજા ઘણા. અલ્હાબાદમાં શ્રી પાઠકને ત્યાંની બંન્ને સરસ્વતી પૂજામાં તથા બાલેશ્વરીપ્રસાદજીને ત્યાંની બંન્ને દુર્ગાપૂજામાં હું હાજર હતો. એમના સમસ્ત પરિવારો માના અનન્ય ભક્ત હતા. એમની કેટલીક પુત્રીઓ તથા પૌત્ર-પૌત્રીઓ આશ્રમમાં જોડાયાં છે. આપણા સ્વામી નિર્વાણાનંદ અને સ્વામી શિવાનંદ અલ્હાબાદના છે. સ્વામી પૂર્ણાનંદ પણ અહીંના છે. મારી આ સ્થળની યાત્રા તથા મા સાથેના કુંભમેળાઓ મારી સુખદ સ્મૃતિઓમાં છે. અંતિમ કુંભ ૧૯૭૭નો મારો છે. અમે આ સાથે આવ્યા હતા. કુંભમાં પધારેલા બધા મહામંડલેશ્વરોમાં તથા સંતોમાં માને સર્વોપરિ સ્થાન આપીને આદર-સમ્માન કરવામાં આવ્યું હતું. એ પણ શું દૃશ્ય હતું ! આજીવન મારી સાથે એ દૃશ્ય રહેશે. યાદ કરતાં હું આત્માવિભોર થઈ જાઉં છું. મા એવાં હતાં !

દરેક પ્રસંગે કંઈને કંઈ ઘટના ઘટતી, અને મારી સ્મૃતિ માની લીલાઓથી ભરપૂર છે. જેમણે માનાં દર્શન કર્યાં છે અથવા માની નજીક રહ્યા છે તેઓ કૃપાપાત્ર છે. જેમણે માનાં દર્શન કર્યાં કે નથી કર્યાં, પણ જો મા વિષે વાંચશે તેમને પણ મહા લાભ થશે, કારણ મા પૂર્ણ બ્રહ્મ છે, જેઓ આ પૃથ્વી પર આવ્યા, જેમ એમના પહેલાંના અવતારો આવ્યા. મા માનવજાતના કલ્યાણ અર્થે આવ્યાં, સર્વેમાં સ્નેહ અને શાંતિ પ્રર્વતે એ આ વિશ્વને માનો સંદેશ છે, છતાં સૌથી મહત્ત્વ એ વાતને આપ્યું કે મનુષ્ય જીવન માત્ર ભોગ માટે નથી પણ આત્માસાક્ષાત્કાર માટે છે. જો એ લક્ષ્ય નહીં રહે તો આખું જીવન વ્યર્થ જશે. તેથી મા વારંવાર કહેતાં કે દિવસનો અમુક ભાગ ઈશ્વર માટે તથા સાધન-ભજન માટે જુદો રાખો. સત્સંગ કરવો પણ આવશ્યક છે. સંતો ને મહાત્માઓને સાંભળવાથી પણ આત્મશુદ્ધિ થાય છે. જય મા.

☆☆☆☆☆

"વૃક્ષાદિ વનસ્પતિ પૂર્વકૃત અજ્ઞાનપૂર્ણ કર્મરૂપ અંધકારથી વીંટાયેલ છે, તેથી જડ લાગે છે; પરંતુ એમની અંદર ચેતના-સંવેદના હોય છે, અને તેઓ પણ સુખ-દુઃખનો અનુભવ કરે છે."

- મનુસ્મૃતિ (૧-૪૯)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂ. સ્વામી શ્રી ભાસ્કરાનંદજીના પ્રવાસ વિષે - ૨

લોસએન્જલેસમાં ઑગસ્ટ ૩ને સોમવારે સવારના સત્સંગ પછી એકાદશીનું ફરાળ કરી, આરામ કરી અમે સ્વામીજી સાથે સરલાબેનને ત્યાં ગયાં. એમની તબીયત બહુ બગડી હતી. સ્વામીજીના દર્શનથી એમને તથા એમના ભાઈ-ભાભી બધાને ખૂબ સંતોષ અને શાંતિ મળી એવું સ્પષ્ટ જણાતું હતું. પાછા ફરતાં રસ્તામાં પિનાકિન પાઠકને ઘેર થોડું રોકાઈ મુકામ પર આવ્યા. સાંજના સત્સંગમાં ડૉ. બિપિન ભટ્ટના ભાઈ જતિન ભટ્ટ કે જેઓ પણ L.A. માં ડૉક્ટર છે, એમનાં બાળકોને લઈને આવ્યા. એમનાં માશી તારાબેન અને માશીની દીકરી હેમલ પંડ્યા પણ આવ્યાં. માર્કેલ બુક્સ આવ્યા. એમણે સમાચાર કહ્યા કે Mrs. Empie (એટલે માના આશ્રમના ગદાધરનાં બા) ગુજરી ગયાં. ગદાધર શ્રી માંની પાસે વર્ષો પહેલાં આવ્યો હતો. બ્રહ્મચારી તરીકે રહે તો કનખલમાં સાધુકુટિયાની પાછળ જે રૂમમાં સ્વામી ચિદાનંદજી રહેતા હોય છે, તે રૂમ ગદાધરે બતાવ્યો હતો. એ ગદાધરનું શરીર મા ની ઉપસ્થિતિ વખતમાં શાંત થયેલું હતું. એ વખતે એમના માતાપિતાને શ્રી મા એ બોલાવ્યાં હતાં. એ Mrs. Empie (પણ શ્રી મા પ્રત્યે ખૂબ ભાવ રાખતાં. હમણાં સ્વામીજી આ દેશમાં આવ્યા તે અરસામાં જ મારે Mrs. Empie સાથે (ઓક્લોહોમામાં) ફોન પર વાત થઈ હતી. એ માંદાં અને બહુ અશક્ત હોવાનું કહ્યું, તેમ જ મને બહુભાવપૂર્વક વિનંતિ કરી કે સ્વામીજીની ટુર ગોઠવાય એમાં થોડાક સમય તેઓ ઑક્લોહોમામાં આવી શકે એવું રાખશો જેથી એ દર્શન કરી શકે. મેં એમને જણાવ્યું કે અમે પેન્સીલવેનીયાથી સીધા કેલીફોર્નિયા જઈ ત્યાંની ટુર કરી, હલાઈ જઈ, ત્યાંથી આવી શિકાગો ડેટ્રોઈટ ફરી, નીચે સાઉથમાં જતાં ઑક્લોહોમા આવી શકીશું. પરંતુ અમે એ પુણ્યાત્માની ઈચ્છા પુરી કરી શક્યા નહિ. શ્રી મા ની કૃપા એમની ઉપર જરૂર રહી હશે. એટલે તો એમને સ્વામીજીનાં દર્શનની તાલાવેલી થઈ અને એ સાથે જ એમનું શરીર છોડવાનું બન્યું હશે.

બીજે દિવસે માર્કેલ બ્રુક્સ ફરીથી સવારના સત્સંગમાં આવ્યા. અમે માર્કેલની કારમાંજ મહાદેવ ભટ્ટને ત્યાં ગયા. ત્યાં સત્સંગ કર્યો. સાંજે નિતાઈને ત્યાં સત્સંગમાં જતિન ભટ્ટ, તારાબેન પંડ્યા અને હેમલબેન પણ આવ્યાં હતાં. પાઠક ભાઈઓ પૈકિ સદગત્ હેમંતભાઈના બીજા નંબરના ભાઈ ગૌતમભાઈ પણ આવ્યા. એમની સાથે સ્વામીજી અને બધાં રાધાકૃષ્ણ - મંદિરે ગયાં. જ્યાં એમના ભાઈ અંબરીષભાઈ અને દિવ્યાબેન તરફથી શ્રીમદ્‌ભાગવતનો પ્રારંભ થવાનો હતો. બુધવારે પાંચમી ઑગસ્ટે સવારમાં અંબરીષભાઈને ઘેર ભાગવત ભગવાનની પૂજામાં સ્વામીજીએ હાજરી આપી. બપોર પહેલાં સત્સંગ પછી, એલોટ જ્યોર્જ (નિર્મલાનંદ) જેમનો આશ્રમ નેબ્રાસ્કામાં હતો ને હવે કેલીફોર્નિયાના 'બોરેગો સ્પ્રીંગ' ખીણમાં છે - એ તથા સાથમાં એમના આશ્રમના સાધુ અને સાધ્વીઓ તથા શ્રદ્ધા અને ચૈતન્ય (અમેરિકન ભક્તો) વિગેરે નિતાઈના ઘેર આવ્યાં. એ બધાંએ બ્રહ્મખિચડી ખાધી. લગભગ આખો દિવસ સ્વામિજી સાથે બધાંએ સત્સંગ વાર્તાલાપ કર્યો. કેરોલ દેવી પણ હાજર રહેલાં.

ગુરુવાર તા. ૬ ઑગષ્ટે સ્વામીજી સાથે અમે ગૌતમભાઈની સારથી-સેવા વડે સેન્ડીએગો જવા નીકળ્યાં. S.R.F. સેલ્ફ રીયેલાઈઝેશન ફેલોશીપ (સ્વામી યોગાનંદના સ્થાને) ગયાં. કેરોલદેવી અને બીજા અમેરીકન ભક્ત માધવાનંદ ત્યાં હાજર હતાં. આશ્રમના મુખ્ય સાધુ અને બીજા બ્રહ્મચારીઓએ અમને યોગાનંદજીની કુટિયા બતાવી બેઠાં, આગળ હંકારી, માધવાનંદના નિવાસસ્થાને રોકાઈ અમારા મિત્ર કિશોરભાઈ દોશી અને સુધાબેનને નિવાસસ્થાને ગયા. ત્યાં સ્વામીજીએ ખીચડી બનાવી, અમે પણ પ્રસાદ પામ્યા. સાંજના શ્રી રામદાસના દોહિત્ર શ્રી પ્રેમને ત્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગયા. ત્યાં દર ગુરુવારે સત્સંગ થાય છે. ત્યાં રામકૃષ્ણ મિશનના સ્વામી ચેતનાનંદજી મહારાજની મુલાકાત થઈ. પાછા ફરતાં કેરોલદેવીનાં "માતૃસત્સંગ" ના સ્થાને રોકાયા. એમણે માનાં દર્શન કર્યાં છે, અને ૧૯૭૭ ના બદ્રિકાશ્રમના સંયમ સપ્તાહમાં પણ ભાગ લીધો હતો. શતાબ્દી વર્ષમાં પણ કનખલ આવ્યાં હતાં.

હાલમાં તેઓ શ્રી મા ના ફોટા પેન્ડન્ટ, પુસ્તકો, કેસેટો વિગેરેના વિતરણનું કામ કરે છે. મકાનમાં એક ભાગમાં પૂજાખંડમાં શ્રી મા ની પૂજાની સુંદર સજાવટ છે. એમના પતિ જૉન ટેપલી મકાન બાંધકામના વ્યવસાયમાં હોવાથી "માતૃસત્સંગ"માં સારા ફેરફારો કરી રહ્યાં છે. નિતાઈના નિવાસસ્થાને અવારનવાર કેરોલ દેવી અને જોન આવતા રહેતાં. અમે હોલના પૂજાખંડમાં મહિમ્ન પાઠ કર્યો. અમે પાછા ફર્યા ત્યારે શ્રી જોન - અને કેરોલદેવએ સ્વામીજીને ફળની બાસ્કેટ આપી. તે સુંદર કલાત્મક તથા ફળોની સજાવટ તથા પસંદગી અત્યાર સુધી જોયેલી હોય તેમાં અદ્વિતીય કહેવાય, ક્યાંય સામાન્યતઃ ન દેખાતાં હોય એવાં ફળો - સૂકો મેવો - અને ડીહાઈડ્રેટેડ ફળો વિગેરે હતાં. સ્વામીજી પ્રત્યેનો ભાવ એમના બંન્નેના મુખ પર દેખાઈ આવતો હતો. ૭મીએ પાઠક કુટુમ્બનાં નાનાં બેન ઈલાબેનનાં દીકરી ક્ષમા આવ્યાં. સ્વામીજી સાથે અમે એમની સાથે ઈલાબેનના દીકરા પ્રણવ (જેઓ ડૉક્ટર છે) ને ઘેર ગયાં. ત્યાં એમનાં પત્ની કોમલ હતાં. ઈલાબેન પણ હાજર હતાં. પ્રણવ અને કોમલ બંને પ્રકૃતિપ્રેમી અને મહેનતુ લાગ્યાં. એમણે નિવાસસ્થાનની જગ્યા દૂર ટેકરી ઉપર પસંદ કરેલ છે. જ્યાં આસપાસની ટેકરાળી જગ્યાનો ઉપયોગ બાગાયત માટે જાત મહેનતથી કરવા માંડ્યો છે. સાંજના અમે પાછા મુકામે નિતાઈને ત્યાં આવ્યા. આઠમી તારીખે સ્વામીજીએ પાઠક કુટુમ્બના બધાને જનોઈ બદલવાની વિધિમાં મદદ કરી.

બપોર પછી રાધાકૃષ્ણ મંદિરમાં ભાગવતમાં શ્રીકૃષ્ણજન્મ પ્રસંગવેળાએ સ્વામીજી સહિત જવાનું ગોઠવ્યું - નીકળતાં જ જલંધરના જાણીતા શિખ ભક્ત શત્રુઘ્નસિંગના દીકરા ડૉ. હરભજનસિંગ આવ્યા જેમને ભાગવતમાં સાથે લીધા. પાછા આવી ડૉ. સિંગ સત્સંગ વખતે પણ બેઠા અને કેરોલદેવી એમના પતિ જોન ટેપલી, બીજા એક ચાઈનીઝ અમેરીકન ભક્ત સ્ટીબન ક્વોંગ અને પત્ની, તથા એક અમેરિકન ભક્ત જે પાછા કુટુમ્બના વર્ષોથી પરિચિત છે, સર્વેએ ભાગ લીધો.

૧૦મી ઑગષ્ટ સોમવારે તૈયારી કરી બપોર પછી ૩ વાગે નીકળી અમે એરપોર્ટ પર આવ્યાં. સ્વામીજી, હું, કનુભાઈ અને સાથે સાધનાબેન. પાઠક બધાએ હવાઈ જવા ફલાઈટ લીધી. ડૉ. બિપિન ભટ્ટ, ડૉ. મીનાબેન અને આનંદ-અનુપ બે પુત્રો આગલે દિવસે હવાઈ જવા નીકળી ગયાં હતાં. સાંજના ૮ વાગે અમે હવાઈ પહોંચ્યાં. એરપોર્ટ પર, હવાઈના આશ્રમ તરફથી સ્વામી સત્યાનંદ, સ્વામી પ્રેમાનંદ, વીણાબેન શેઠ બીજા બ્રહ્મચારી ભાઈ-બહેનો વિગેરે તથા કેરોલ દેવી અને આપણા ડૉ. બિપિન ભટ્ટ, ડૉ. મીના ભટ્ટ અને આનંદ-અનૂપ વિગેરે આવ્યાં હતાં.

સાંજ પડી ગઈ હોવા છતાં અમે જયારે આશ્રમે પહોંચ્યાં ત્યારે માતૃમંદિરમાં હોલમાં બધા આશ્રમવાસીઓ પોતપાતાના આસનો પર બેઠા હતા. સામે શ્રી શ્રી મા ની પુરી સાઈઝની સફેદ મૂર્તિ પ્રકાશિત હતી. એમના ગુરુ (અમેરિકન) સ્વામી દયાનંદજી વિગેરે બહાર આવીને સ્વામીને સત્કારીને અંદર લઈ ગયા. મૌનના સમય બાદ પ્રાસંગિક વાતચીત પછી અમારા નિવાસસ્થાને પહોંચ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવાઈ આશ્રમ વિષે :-

લાવાથી બનેલા હવાઈ ટાપુઓની મુખ્યવસ્તીના ચારેક ટાપુઓમાં કદમાં મોટામાં મોટો ટાપુ ...... "કોના" હોનોલુલુ (રાજધાની) વાળો નાનો છે. બીજા નંબરે આ કોનામાં અમે ઉતર્યાં તે એરપોર્ટ પશ્ચિમ કિનારા પર છે. આ જ ટાપુની પૂર્વ બાજુએ બીજું પણ એરપોર્ટ છે. જ્યાં ટુરીસ્ટ તથા વ્યાપારી વ્યવસાય વધુ છે. કોના તરફ પ્રમાણમાં શાંતિ છે. પ્રશાંત મહાસાગર અને વસ્તી પછી ડુંગરાળ - રેન્જ છે. એના ઉપર ૩ જેટલાં સ્થાનોમાં વહેંચાયેલો આશ્રમ દયાનંદ સ્વામી ચલાવે છે. નીચેનો ભાગ દરિયાઈ સપાટીથી ૧૦૦ ફુટ જેટલે ઉપર છે. એમાં માતૃમંદિર, અન્નપૂર્ણા (જનરલ રસોડું) બીજાં રહેઠાણો અને નજીકમાં કૉફી પ્લાન્ટ છે. કૉફી લગભગ ત્રણેય સ્થાનોમાં ઉગે છે. એ બધાનો પ્રોસેસ કરવાનો પ્લાન્ટ પણ આશ્રમ ચલાવે છે. આથી ઉપર લગભગ ૧૫૦૦ ફુટ ઉપર માં સ્થાન છે જેને અમરનાથ કહે છે. ત્યાં અમારું રહેઠાણ અને બાજુમાં રસોડું તથા બે-ત્રણ રૂમો છે. નજીકમાં જ કુદરતી ગુફા છે જ્યાં ઉતરીને બેઠાં બેઠાં અથવા ઘુંટણે થોડું ચાલીએ ત્યાં શિવલીંગ સ્થાપિત કરેલું છે. આ સ્થાનથી ઊંચે લગભગ ૨૦૦૦ ફુટની ઉંચાઈના સ્થાનને બદ્રીનાથ કહે છે. સ્વામી દયાનંદ તથા બીજા ત્યાં રહે છે. સ્વામી સત્યાનંદ, ભક્તાનંદ તથા બીજા અમરનાથમાં રહે છે. આશ્રમવાસીઓમાં ચારેક સાધુ (સંન્યાસી), બ્રહ્મચારિણીઓ તેમ જ કેટલાક ગૃહસ્થો મળીને કુલ ૬૦ જેટલા લોકો રહે છે. બધાં જ અમેરિકન છે ફક્ત એકજ અમેરિકન વીણાબેન શેઠ મૂળ ભારતીય છે. આમાના ઘણા આશ્રમની બહાર પોતપોતાના ક્ષેત્ર મુજબની કામગીરીવાળી નોકરી કે વ્યવસાય કરે છે. બાકીના આશ્રમ વ્યવસ્થા, કોફી પ્લાન્ટ વિગેરે કામકાજ સંભાળે છે. બધાનું ભેગું રસોડું "અન્નપૂર્ણા" છે. સવાર સાંજ માતૃમંદિરમાં ધ્યાન - ભજન - કીર્તન થાય છે. અમે રહ્યા ત્યાં સુધી બંન્ને સમયે નીચે માતૃમંદિરમાં જઈને સત્સંગ કરતા, સાંજની આરતી આપણી શ્રી મા ની જ, એજ સૂરોમાં આ અંગ્રેજીભાષી ભક્તો વાજીત્રો સહિત તાલબદ્ધ રીતે ગાતા હતા. ભજનો, ધૂનો પણ એ જ શાંતિ અને શિસ્ત્ શ્રી માની અત્યાર સુધી જોયેલી તમામ સંસ્થાઓમાં અજોડ હવાઈ આશ્રમમાં જન્માષ્ટમીને દિવસે શ્રી માના મંદિરમાં સવારે ૮.૩૦ વાગે (એટલે કે ટાઈમ ફેરફારને કારણે ભારતમાં રાત્રિના ૧૨ને સમયે) જન્માષ્ટમી પૂજા થઈ. શ્રી માના વિગ્રહ પાસે સુંદર હીંચકો જેમાં દયાનંદ સ્વામીના બાલકૃષ્ણ (લહુગોપાલ)ને અલંકાર સહિત પધરાયેલા હતાં. બીજા આસનોમાં અન્ય ૩ જેટલા ભક્તોના લાલજી ભગવાન પણ પધરાવ્યા હતા. બધાની પૂજા તથા આરતી થઈ બધા ભક્તોને ફૂલ આપ્યાં ને પુષ્પાજંલિ અર્પણ થઈ. "નંદઘર આનંદ ભયો જય કનૈયાલાલકી"ના ઘોષ પણ થયા. આમ બધાં એ સ્વામીજીની હાજરીમાં કૃષ્ણજન્માષ્ટમી ઉજવી.

સ્વામીજી બપોરના આરામ પછી સાંજના પાંચેક વાગ્યા સુધી ત્યાંના ભક્તોને અંગત મુલાકાતો આપતા રહ્યા. નાનાં બાળકો પણ બહુ ભાવથી સ્વામીજી સાથે ભળી ગયાં. એ બધાંને સ્વામીજીએ અંગ્રેજીમાં ભગવાનનું નામ લાકવાનું બતાવ્યું. બાળકો પણ રોજ સાંજના પોતાનું (Home Work) લખીને સ્વામીજીને બતાવતા. આ પ્રવૃત્તિ સ્વામીજીએ બધેજ ચાલુ રાખી. સ્વામીજીને હોનોલુલુ - જે દુનિયાનું વિખ્યાત ટુરીસ્ટ મથક કહેવાય છે ત્યાં જોવા જવાનું પુછતાં એમણે ના પાડી. પરંતુ અમે સ્વામીજી સાથે કોના ટાપુ પર જ આવેલા વિખ્યાત જ્વાળામુખીનું સ્થાન જોવા ગયાં. હોનોલુલુથી એક પંજાબી ભક્ત બેન નામે "કાશ્મીર" બે દિવસ સ્વામીજી પાસે આવ્યાં. અમને હવાઈ આશ્રમે જાણ થયી કે આપણા આશ્રમના શ્રી નિર્વાણાનંદનું મહારાજ ભારતથી ૨૭મી એ હવાઈ આવનાર છે. તે દિવસે આશ્રમમાં યજ્ઞ રાખવામાં આવ્યો હોવાનું જાણેલું પછીથી નિર્વાણાનંદ સાથે ફોન પર વાત થઈ છે. તેઓ ૬

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સપ્ટેમ્બરે પાછા ફરીને કેલીફોર્નિયાની ઉત્તરે આવેલા સ્ટીવન કવોંરાના સ્થાને ગયો છે, અને તા. ૧૦ થી ૧૪ પાઠક કુટુમ્બના નિતાઈભાઈ અને એમનાં માતૃશ્રી સાધનાબેનને ઘેર રહેવાના હોવાનું જાણવા મળ્યું. સ્વામીજી સાથે અમે કૉફી પ્રોસેસીંગ પ્લાન્ટ પણ જોયો. આ કોફી એ લોકો બહાર પણ મોકલે છે. જેથી આશ્રમને સારો ટેકો મળે છે. એક દિવસે શ્રાવણ માસના છેલ્લા સોમવારે, ૧૭મી ઑગષ્ટે, સ્વામીજીએ ડૉ. બિપિન પાસે તૈયાર કરાવી ગુફામાં બધાની હાજરી સાથે શિવજી પૂજા કરાવી સહસ્ર નામની આહુતિ સ્વામી દયાનંદ તથા બિપિનભાઈએ આપી.

અમારા નિવાસસ્થાન પૂરતું રસોઢું સાધનાબેન પાઠક સંભાળતાં. અન્ય તૈયારીઓ માટે વીણાબેન શેઠ અને એક અમેરિકન સાધ્વી નામે સ્વામી ભક્તાનંદ બંન્ને સતત હાજરી રહી મદદ કરતાં ડૉ. મીનાબેન ભટ્ટ પણ એ જુથમાં રહેતાં.

૧૭મી સપ્ટેમ્બરે જ સાંજના ફલાઈટમાં અમારે L.A. જવાનું હોવાથી પરવારીને અમે માતૃમંદિરે આવ્યા. બધા આશ્રમવાસીઓ બેસી ગયા હતાં. મૌન ધ્યાન ને કીર્તન કરીને છૂટા પડતાં લગભગ બધાં જ ભક્તો નાનાં બાળકોથી માંડી મોટી ઉંમરના સહુ રડતા હતા. કેટલાક તો સારી કામગીરીવાળા, સરકારી વકાલ કે અન્ય અધિકૃત જગ્યાઓ વાળાને પણ રડતા જોઈ આપણી સ્થિતિ ભાવમાં તરબોળ થઈ જાય. એરપોર્ટ અર્ધા કલાક જેટલા કારના રસ્તા જેટલું છે. અને ત્યાં પહોંચ્યા પછી તો ૩ર જેટલા અન્ય આશ્રમવાસીઓ બતાવવા આવી પહોંચ્યા. અમે બેઠા હતા ત્યાં નીચે બધી સ્વામીજી પાસે બેઠા અને કીર્તન કર્યું. છૂટા પડતી વખતે જે દૃશ્ય થયું તે યાદ આવતાં પણ ભાવ આવી જાય છે. રાત્રે ૧૧ વાગે ફલાઈટ ઉપડી કેલીફોનિયાના L.A. ના એરપોર્ટ પર સવારે પાંચ વાગે આવ્યા. નિતાઈ લેવા આવ્યો હતો. એમને ત્યાં જઈ સ્નાન વિધિ વગેરે પતાવી આરામ કરીને ૧૧.૪૦ની ફલાઈટમાં શીકાગો આવ્યા. ત્યાં શ્રી એ. ડી. જોષી અને એમના દીકરા ડૉ. દિવ્યાંગ જોષી લેવા આવ્યા હતા. એમને ત્યાં જઈ આરામ કર્યો. નિયમિત સવાર સાંજ સત્સંગ કરતા.

ભારતથી દેવાંગ અને અનીતા આવ્યાં હતાં. તેઓ પણ શીકાગો સ્વામીજી પાસે આવ્યાં. પેન્સીલવેનીયાથી રાજેશ ને મહાદેવ પણ બંન્ને દીકરીઓ કૃપા-પૂજાને લઈને આવ્યા. ડૉ. મહાદેવનાં પત્ની દામિની શનિ રવિ આવીને પાછાં ગયાં. બાકી બધાં સત્સંગમાં રોકાયાં.

સ્વામીજી સાથે સ્થાનિક બાલાજી મંદિરે જઈ આવ્યા. સાંજના સત્સંગમા એક બંગાળી ભક્ત શ્રી દેવાશિષ આવ્યા. બે વખત નજીકના સ્ટેટ વિસ્કોન્સીનથી આશા સૈની, એમના પતિ શ્રી સુરજીત, દીકરો અરવિંદ અને દીકરી શર્મની સત્સંગમાં આવ્યાં. બિહાર - પટણાથી ભક્ત બહેન - બીનાલી - રે એમની દીકરી રૂમા સુમો રોય - સાથે આવ્યાં. એમણે ભજનો ગાયાં. દેવા શિષે પણ કીર્તન ભજનો ગાયેલાં. જોષીભાઈનાં દીકરી રેખાબહેન, જય તથા દિવ્યાંગભાઈના પત્ની કૌશિકા સવારથી સાંજ સુધી મુલાકાતીઓ - ભક્તો સાથે સ્વામીજીનું ખૂબ ધ્યાન રાખતાં. આજ રીતે L.A. માં 'વિશ્વમ્' અને શીકાગોમાં 'ખુશ'. જોષીભાઈના બીજા બંન્ને દીકરાઓ હેમંતભાઈ, તેમનાં પત્ની લીના, બીજા કિરણભાઈ અને પત્ની રૂપલેખા સત્સંગમાં આવતાં - એમના ઘરોમાં પણ સ્વામીજીને લઈ જઈ સત્સંગ કર્યો. એક દિવસ નજીકના સરોવરના કિનારે ફરવા લઈ ગયા. બહાઈ મંદિરે પણ જઈ આવ્યા. સંતરામ ભક્ત સમાજનાં સુલીબેન - ને ત્યાં ભક્તોએ, તા. ૨૨મીએ પાઠ પાઠ રાખ્યો હતો. ત્યાં સ્વામીજીને બોલાવ્યા હતા.

તા. ૨૩મીએ સવારે સાતના સુમારે ડીટ્રોઈટ જવા નીકળ્યા. નરહરિભાઈના દીકરા પિનાક આવ્યા, અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાજેશ-મહાદેવ પણ એમની ગાડીઓમાં હતા. બધા નીકળ્યા, અને પહેલાં કેરોલબેનને ત્યાં ફાર્મીન્ગટન ગયા. સ્વ. શરદભાઈ દવેને ઘેર કેરોલબેને અમારા બધા માટે બહુ સુંદર ભોજન તૈયાર કર્યું હતું જે જમ્યા બાદ મારે પૂછવું પડ્યું કે કોણે બનાવ્યું ? મને આશ્ચર્ય થયું કે એ એમણે પોતે જ બનાવ્યું હતું. સ્વામીજીએ એમની ખિચડી બનાવી લીધી. શરદભાઈના બે દીકરા સુજય નિલય અને દીકરી અમી બધાં સ્વામીજીના જવાથી ખૂબ ઉત્સાહમાં હતાં. જોષીભાઈ ને દિવ્યાંગ પણ અમારી સાથે આવ્યા હતા તેઓ જમીને પાછા ગયા. સાંજના સત્સંગ કર્યો. સવારે બધાં નીકળી પિનાક દેવને ત્યાં ગયા જ્યાં સત્સંગ થયો. હિન્દુમંદિરે, તથા ઈસ્કોન મંદિરે ગયા અને ભક્તોની મુલાકાતો થઈ, જેમાં ડૉ. આશા ધ્રુવ, ડૉ. ઘનશ્યામ પટેલ અને તેમનાં પત્ની ઈલાબેન વિ. હતાં. એક શ્રી અરવિંદભાઈ રાધાસ્વામી જેઓ જૂના વખતથી દવે કુટુમ્બના ગાઢ સંપર્કમાં છે. તેમની સાથે ભારતીબેન તથા નવનીતભાઈ દેસાઈના ઘેર ગયેલા. પિનાકભાઈ અમને ફોર્ડના વિખ્યાત મ્યુઝીઅમમાં લઈ ગયા.

ડીટ્રોઈટમાં સ્વામીજી એક જુવાન ભક્તને ત્યાં ગયા. એ ભાઈ નામે નૈષધ, શ્રી સંતરામ સત્સંગમાંથી સ્વામીજીના સંપર્કમાં આવ્યા હતા અને ખૂબ ભાવથી સ્વામીજી પાસે બે ત્રણ વખત આવ્યા. એમને ઘરે સ્વામીજીએ પાઠ - કીર્તન પણ કરાવ્યાં અને નૈષધે ભાવથી પોતાનો હાથે દૂધનું દહીં બનાવી, વલોવી માખણ તૈયાર કરી, નાની કટોરીમાં સ્વામીજીને ધરાવતાં સ્વામીજીએ ભાવપૂર્વક ધરેલ માખણમાં આંગળીથી થોડું લીધું એમ નૈષધને ઘણો સંતોષ થયો. આમ સ્વામીજીએ આ પ્રકારે નાના મોટા ઘણાના ભાવોને મજબુત બનાવ્યા છે.

૨૮મીએ ઑગસ્ટે હું ને રાજેશ, રાજેશની Van માં સામાન ભરી વહેલા નીકળીને કેન્ટકીસ્ટેટમાં લેક્ષીન્ગટન શહેરના એરપોર્ટ પર ગયા. ત્યાં સ્વામીજીને કનુભાઈ પ્લેનમાં આવ્યા - પહેલાં ડૉ. સામણીનાં દીકરી ચૌલાબેન પણ આવી ગયાં હતાં. અમે બધાં સ્વામીજીને લઈ ચૌલાબેનનો નિવાસસ્થાને હંકારી ગયા. ચૌલાબેન તથા હેમંતભાઈનું રહેઠાણ શાંત - રમણીય પહાડ પર દરિયાઈ સપાટીથી ૪૦૦ ફુટ ઊંચે આવેલું છે. જેને જોઈને હિમાલય - અલમોડાનો ખ્યાલ આવે. સ્વામીજીએ અહિં પણ ખિચડી બનાવી. પૂજારૂમની સજાવટ સુંદર હતી. સત્સંગ કર્યો. એમનો દીકરો કોશલ બીજા સ્ટેટમાં રહે છે. અમે રાત્રે રોકાઈ બીજે દિવસે નીકળી નેશવીલ ગયા જ્યાં અમારા કૈલાસયાત્રાના સાથીદાર જગદીશભાઈ કાસદ અને વિજયાબેન બહુ ભાવપૂર્વક સ્વામીજીની રાહ જોતાં હતાં. એમને ઘેર ગણેશપૂજામાં ભાગ લીધો. ગામના - દક્ષિણ ભારતીય શૈલીના મંદિરે પણ દર્શને જઈ આવ્યા. ત્યાં રાત્રિ રોકાઈ બીજે દિવસે કનુભાઈ અને સ્વામીજીને એરપોર્ટ ઉપર ઉતાર્યા પછી હું ને રાજેશ Van લઈ ફલોરીડા તરફ નીકળ્યા. સ્વામીજી તો બપોર પહેલાં નરહરીભાઈ તથા શીલાબેન ને ત્યાં પહોંચી ગયા હતા. અમે Sefring ડૉ. બિપિનને ત્યાં રાતના ૧૧ વાગે પહોંચ્યા. ત્યાં રોકાઈ સામાન ખાલી કરી બિપીનને ઘેર મીની સંયમ અંગેની તૈયારીઓ અંગે જોયું. બીજે દિવસે પણ રોકાઈ ૧ લી સપ્ટેમ્બરે અમે Van લઈ સ્વામીજી પાસે ગયા ત્યાં સાંજના સત્યનારાયપૂજા હતી. સવારે સ્વામીજી, કનુભાઇ, નરહરિભાઈ, શીલાબેનને લઈ અમે Van માં Sefring બિપિન અને મીનાબેનને ત્યાં આવ્યાં. અહીં તા. ૪, ૫, ૬, ૭, સપ્ટેમ્બર - મીની સંયમનું આયોજન કરાયું છે. તે તૈયારીઓ જોઈ - તા. ૨ સપ્ટેમ્બર

ડૉ. બિપિન ભટ્ટ અને ડૉ. મીના ભટ્ટની ખૂબ ભાવપૂર્ણ તથા ઉત્સાહપૂર્વકની તમન્નાના ફળસ્વરૂપ સ્વામીજી અહીં આવવા તૈયાર થયા હોય એવું લાગે છે. બિપિનભાઈએ નજીકમાં એક સારી મોટેલમાં બહારથી આવનાર ભક્તો માટે રૂમો અલગ રાખવાનું ગોઠવ્યું છે. પ્રથમ શ્રી A. D. Joshi અને રેખાબેન ત્યાં આવી ગયાં. બુધવાર તા. ૨ સપ્ટેમ્બરે આશા સાઈની પણ આવ્યાં. ડૉ. જતિન ભટ્ટ એમનાં માસી વિગેરે. બીજે દિવસે કેલિફોર્નિયાથી કેરોલદેવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ આવ્યાં. ન્યુજર્સીથી ભારતીબેન (તે ભાવનગરના જયંતિભાઈ મહેતાનાં દિકરી) આવ્યાં. રજતભાઈ - અમલાબેનનો વિશ્વરૂપ પણ આવ્યો. મેરીલેન્ડથી જુના બંગાળી ભક્તો કુમકુમ અને અરૂણ ચંદ્રા આવ્યા. જેઓ ૧૭ વર્ષથી આ દેશમાં છે છતાં એમને આ અગાઉ કોઈ માતૃભક્તનો મેળાપ થયેલ જ ન હતો. સ્વામીજીના આગમન વિષે જાણ્યા બાદ જયારે સ્વામીજી પાસે મહાદેવને ત્યાં આવ્યાં ત્યારે ખૂબ ભાવથી રડી પડ્યાં. તેઓ પણ સંયમ માટે અહીં આવ્યાં છે.

૩ સપ્ટેમ્બરની સાંજે સ્વામીજીએ બધાંને સંયમ અંગે સમજુતી આપી, વિધિ-નિષેધ સમજાવ્યાં. સાત પૂરા દિવસો અહીંના વ્યસ્ત જીવનમાં મળી ન શકે તેથી માના આશ્રમ પ્રમાણેનો 'સંયમ સપ્તાહ' સળંગ ૩ રજાઓ હોવાથી ત્રણ દિવસ પૂરતો રાખ્યો હતો. બિપિન-મીનાનું મકાન મોટું છે, છતાં એમના સંબંધીઓ અને મિત્રો ઉપરાંત મોટેલમાંથી આવનારાંઓ માટે વ્યવસ્થા કરી છે. મોટેલ પરથી વહેલા આવવા તથા લઈ જવા માટે વ્યવસ્થા ગોઠવી હતી.

સાધનાબેન પાઠક એમના દીકરાઓ નિતાઈ પાઠક તથા નારાયણ પાઠક હીના અને ૩ બાળકો આવ્યાં હતાં. સાધનાબેન, રેખાબેન, બિપીનભાઈનાં માતુશ્રી સવિતાબેન, માશી તારાબેન, શીલાબેન, વિગેરે એ રસોડા અંગેની કામગીરી સંભાળી.

પ્રથમ દિવસે ફક્ત જળને બદલે બપોરે દૂધ ફળ લઈ શકાય એવું નક્કી કર્યું હતું. પરંતુ કોઈએ લીધું નહીં. અમુક ભક્તોએ ફક્ત જળ ઉપર જ પ્રથમ દિવસ પાળ્યો. બાકીના દિવસોએ બપોરે બ્રહ્મખિચડી અને ભાતેભાત વારાફરતી રાખવામાં આવ્યાં હતાં. સાંજે દૂધની છૂટ હતી. ૮ મી તારીખે સવારથી પંડિતને બોલાવીને યજ્ઞ કરાવવામાં આવ્યો. ભસ્મનો ટીકો અને શીરાનો પ્રસાદ તથા આરતી તે પછી થઈ. ૭ મીએ રાત્રે ૧૧.૪૫ થી ૧૨.૧૫ મહાનિશા ધ્યાન અને પ્રસાદ વિતરણ સ્વામીજીને હસ્તે કરવામાં આવ્યું આ રીતે દેશ-કાળ અનુસાર યથાશક્તિ પ્રયત્નપૂર્વક સંયમ-સપ્તાહ સફળ રીતે પાર પડ્યો. સંયમનું સ્ટેજન તો સ્વામીજી પુરતું એક સોફો રૂપે જ પરંતુ એની સજાવટ તો એનો ફોટો જોવાથી જ સમજાશે. એક બાજુ શ્રી શ્રી માનું સ્થાન હતું. બીજી બાજુ ટી. વી. માં ચિન્મયાનંદજીના ગીતા પ્રવચનો, તથા બપોરે મૌન-ધ્યાન પછી ભગત પર સ્વામી તેજોમયાનંદ દ્વારા દશમસ્કંધ (ભાગવત) નું પ્રવચન બતાવવામાં આવતું હતું.

વહેલી સવારમાં ઉષા-કીર્તન, વેદ-પાઠ, મૌન, ધ્યાન અને ત્યાર પછી સમૂહમાં ગીતા પાઠ, ચંડીપાઠ તથા ઉપનિષદપાઠ થતા. સાંજે ભજન - કીર્તન. કુમ કુમ ચંદ્રા અને બીજા ભક્તો કરતા. રાતના ૮.૪૫ થી ૯.00 મૌન પછી માતૃસત્સંગમાં નડિયાદ સંયમ વખતે સ્વામી સ્વતંત્રાનંદજીએ કરાવેલ માતૃસત્સંગની કેસેટ મૂકાઈ અને બીજે દિવસે વિશ્વરૂપે રાત્રિના સમય અનુસાર રાગ સિતાર પર વગાડ્યો અને પછી કીર્તન સાથે પણ સિતાર - સંગત આપી. માતૃસત્સંગમાં જોષીભાઈ ઉપરાંત આશા સાઈની, રાજેશ, વિશ્વરૂપ, ભારતીબેન વગેરે પણ બોલ્યાં. પૂર્ણાહુતિ યજ્ઞ, તથા ભંડારો થયો. મહાનિશા ધ્યાન પછી સુકોમેવો તથા સંયમવ્રતના નામવાળા રૂમાલો પ્રસાદરૂપે વહેંચવામાં આવ્યા. સૌ ભક્તો એક પછી એક સ્વસ્થાને જવા રવાના થયા. સૌની વિનંતિ હતી કે સ્વામીજી દર વર્ષે પધારે.

સંયમ પ્રસંગે પધારેલ વ્યક્તિઓનાં નામો આ પ્રમાણે છે.

સ્વામીજી, રમેશભાઈ, કનુભાઈ, રાજેશ, વિશ્વરૂપ, ભારતીબેન મહેતા, કુમકુમ ચંદ્રા, અરૂણચંદ્રા, આશાસાઈની,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેરોલ દેવી, એ. ડી. જોષી, રેખાબેન ભટ્ટ, નરહરિભાઈ અને શીલાબેન દવે, સાધનાબેન પાઠક, નિતાઈ પાઠક, તારાબેન અને હેમલ પંડ્યા, રીટાબેન ભટ્ટ, જતિનભાઈ ભટ્ટ, જુલીયા મેડર, નરેશભાઈ પાઠક અને હીનાબેન તથા ત્રણ બાળકો, મહાદેવ પટેલ, ગ્રેગ ક્લીન, હેમાબેન અને દીપકભાઈ પટેલ, પ્રિય દર્શિની અને દીપક ઉપાધ્યાય, મનુભાઈ જોષી, ડૉ. બિપિન ભટ્ટ, ડૉ. મીના આનંદ અને અનુપ ભટ્ટ, શ્રી ચીમનભાઈ ભટ્ટ અને સવિતાબેન તથા કાન્તાબેન.

આ ઉપરાંત દર્શનાર્થીઓ અમુક પ્રસંગે આવી જનારા ઘણા હતા.

સંયમ પછીથી સ્વામીજીને, સંયમમાં ખૂબ ભાવપૂર્વક સતત હાજર રહેનાર અમેરીકન મહિલા જુલીયા મેડરે, તેમને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. જુલીયા ભારતમાં કેરાલામાં રહીને આયુર્વેદિક રાસાયણિક તેલધારા, મસાજ વિગેરે પ્રયોગો શીખ્યાં છે અને અહિં એક જંગલ જેવા વિસ્તારમાં એમણે રસાયણ Cave નામે બે લાકડાંનાં રહેઠાણો બનાવડાવ્યાં છે. એમાં બધું આયુર્વેદિક આવશ્યકતાઓને અનુરૂપ જ બનાવડાવ્યું છે. સ્નાન પણ ડોલ ને ટમ્બલરથી, જમીન પર સૂવાનું, ખોરાક પણ શાકાહારી - પોતે બનાવી આપે. આ રીતે ઈચ્છુક વ્યક્તિઓને રાખે છે. તે બધું બતાવ્યું, જુલીયા, જગન્નાથપુરીમાં પણ રહ્યાં છે. એમણે બનાવડાવેલાં લાકડાનાં રહેઠાણો ખૂબ શાંત અને રીતસરના જંગલ જેવાં જ વિસ્તારમાં છે. જ્યાં જીવ જંતુ અને પ્રાણીઓ પણ આવે, એવી જગ્યા છે. ભારતમાં હોય એ પ્રકારનું વાતાવરણ શોધીને જગ્યા લીધેલ છે.

લી. રમેશના જય મા

(ક્રમશઃ)

આજે ૧૫ સપ્ટેમ્બર છે. અમે ૧૭મી એ અટલાન્ટા જઈ ત્યાંથી ૨૦મીએ મહાદેવને ત્યાં પાછા જઈશું. પછી ન્યુ જર્સી, વોશીન્ગટન, વર્જીનીયાની મુલાકાત અને ૨૬મીએ અખંડ કિર્તન મહાદેવને ત્યાં થશે.

સર્વને જય માઁ !

☆☆☆☆☆

(પૂજય સ્વામીજીની વિદેશયાત્રાનું સફળ આયોજન કરીને અસંખ્ય માતૃભક્તોને આધ્યાત્મિક પથનિદર્શન કરવામાં નિમિત્તરૂપ બનીને અત્યંત સંતોષ તથા શાંતિપૂર્વક શ્રી રમેશભાઈએ દેહ છોડી દીધો છે. માતૃચરણાશ્રિત રમેશભાઈ વિષે આવતા અંકમાં વધારે વિગતપૂર્વકનું લખાણ આવશે. સર્વ માતૃભક્તોની એમને શ્રદ્ધાંજલિ.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શોક - સમાચાર

ડૉ. પદ્મા મિશ્રા : વારાણસી આશ્રમની કન્યાપીઠનાં અધ્યક્ષા તથા સેવિકા, અભિભાવિકા, શ્રી શ્રી માનાં જૂના ભક્ત ૨૬ - માર્ચને ગુરુવારે માતૃચરણોમાં ચિરવિશ્રામ પામ્યાં.

☆☆☆☆☆

શ્રી અભયજી : ૧૯૩૭ માં ૧૬-૧૭ વર્ષની ઉંમરે પ્રથમ માતૃદર્શન. ત્યાંરથી જ સુંદર વૈરાગ્યભાવ. મધુર કંઠમાં અદ્દ્ભુત ભજનો ગાતા. એક અનુપમ બાળકભાવ. શ્રી ગુરુપ્રિયાદેવીની ડાયરીમાં માતૃલીલામાં વારંવાર શ્રી અભેયજીની વાતો આવે છે. મા સાથે એમનો અનેરો સંબંધ હતો. માના બાળકની જેમ જ તેઓ મા સાથે વર્તતા. અનેક ભક્તોને દીક્ષા આપી છે. ૧૬ - એપ્રિલને ગુરુવારે માતૃચરણલીન થયા.

☆☆☆☆☆

સ્વામી કેશવાનંદજી : માના જમશેદપુર - ગમન વખતે આ પૂર્વાશ્રમના પારસી યુવક માના સંપર્કમાં આવ્યા. ત્યાર બાદ મા સાથે ફર્યા તથા આશ્રમવાસી બન્યા. નર્મદા-પરિક્રમા પણ કરી. સાચા તપસ્વી, વૈરાગી, સંન્યાસી, નમ્રતાની મૂર્તિ સ્વામી કેશવાનંદજી ભાગવત-જયંતિ દરમ્યાન કનખલ આશ્રમમાં માતૃધામ પધાર્યા.

☆☆☆☆☆

સૂચના : આદરણીય સ્વામી ભાસ્કરાનંદજી ભીમપુરા આશ્રમમાં પધાર્યા છે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં અમદાવાદ થઈ ભાવનગર શ્રીપદ્મનાભ-પૂજન માટે જશે.

॥ જય મા ॥

☆☆☆☆☆

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 6840365)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 327835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 5362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram,
Main Road, P.O. Ranchi-834001, Bihar (Tel : 312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth,
Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193, U.P.

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 310054+311794)

23. VINDHYACHAL: Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel: 05442–64343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel : 442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन-३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મૉં આનન્દમયી

અમૃત વાર્તા

VOL. 3 APRIL [illegible] NO. [illegible]

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

"અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી, સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિંટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છા વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



Sri Ma in the campus of the Ashram in Pune with the calf eagerly looking at Ma.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

જ્યાં સુધી જીવ સ્વભાવની ક્રિયા રહે ત્યાં સુધી ઈચ્છા-અનિચ્છાને અધીન. ક્રિયા કરો પોતાને મેળવવા માટે ભગવાનને જાણવા માટે.

❋

તમે પોતે અમૃત આત્મા. જે ક્રિયા મૃત્યુ આપે છે તમે કેમ એવી ક્રિયા કરો. તમારે તો એવું કર્મ કરવું જોઈએ કે તમે (કે) જે આત્મા, એ પ્રકાશ થઈ જાય. સ્વયમ્ પ્રકાશને માટે જે છે તે જ સત્ય ક્રિયા.

❋

બુદ્ધ ભગવાન (ના ભક્ત હોવા છતાં) શંકરની પૂજા (એ) ક્ષતિ નથી. ભગવાન જ આ રૂપે છે. ભગવાનનાં અનંત રૂપો. અહિંસા એક રૂપ-બોધ સ્વરૂપ છે. વિશ્વ બોધ.

❋

જો કરો કાલે તો આજે કરો તો હમણાં જ કરો. એવી ભાવના રાખજો જેને જે રસ્તો ગમે. ભગવાનને મેળવવા માટે અનંત રસ્તા. ગમે તે મત હોય. પણ લેજો (જરૂર) ઓછામાં ઓછું (જે) નામ રૂપ ગમે. જપ ધ્યાન નમસ્કાર. આ જ સેવા ધર્મ નિત્ય કરવાનાં છે, જે હાલતમાં પણ રહે. (ગમે તે હાલતમાં)

❋

ગૃહસ્થ આશ્રમમાં રહો પણ ખ્યાલ રાખજો કયે વખતે ક્રિયા એની જ થઈ જાય. એવી ધારણા રાખજો. હંમેશાં 'એમનો' સંગ કરજો. (પુત્ર) સેવા બાલગોપાલ - સેવા, (પુત્રી) સેવા કુમારી-સેવા, તમારા પતિ છે સેવા, પત્ની છે સેવા. સેવા-બુદ્ધિથી ગૃહસ્થ કરે. તત્ બુદ્ધિથી સેવા કરજો. ભોગ-બુદ્ધિથી કરો તો દુઃખ. તત્ બુદ્ધિથી સેવા કરો તો ભાવ આવે છે. આ રહેવાનું નથી. જીવ છે (તે) બંધનમાં છે. જીવ જગત્ છે. ક્ષણિક શાંતિ નથી. જે છોકરો છે (તે) આનંદ છે, દુનિયામાં કદી પણ શાંતિની આશા નહીં રાખતા. ગૃહસ્થ આશ્રમમાં રહીને સેવા કરજો. સવાર સાંજ કરજો, હર સમય ભગવત્ સ્મરણ. એનાથી જ ચિત્ત શુદ્ધિ. પોતાનામાં જ પોતાનો આત્મા છે. પણ કરો. છોડો નહિ, જે કરે છે એને લાભ થાય છે.

❋

જેમ નેત્રો પોતાને સ્વયમ્ નથી જોઈ શકતાં, તે જ રીતે મનુષ્ય પોતાના દોષોને નથી જોઈ શકતો, એટલા માટે જ મનુષ્યે પોતાની નિંદા આગ્રહપૂર્વક સાંભળવી જોઈએ કારણ કે એનાથી આત્મપરીક્ષામાં સુવિધા થાય છે, પરંતુ પ્રશંસાથી એવી નથી થતી, ઉલટું પ્રશંસાથી તો હાનિ સિવાય (બીજો) લાભ નથી.

❋

સર્વદા જેટલું બની શકે ખૂબ હસો. આથી શરીરની જડ ગ્રંથિઓ ખુલી જશે. પણ બહારનું હાસ્ય (તે) હસવાનું નથી. બહાર-અંદરને એક કરીને હસો. એ હાસ્ય કેવું હોય છે જાણો છો ? એનાથી માથાથી પગ સુધી આલોડન થાય છે. શરીરના કયા અંશમાં સૌથી પ્રબળ સ્ફૂર્તિ છે ખબર નથી પડતી. તમે તો મોઢેથી હસો છો પરંતુ મન દબાયેલું રહે છે. હું તમારી પાસેથી મોં ભર્યું, મન ભર્યું અને પ્રાણ ભર્યું હાસ્ય ઈચ્છું છું.

❋

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેનું ભજન કરવા ઈચ્છો, સૌથી પહેલાં એના વિષે વાતચીત, ચિંતા, એની છવિ જોજો, એનાં ગુણગાન અને શ્રવણ, તીર્થાદિ-ભ્રમણ, એકાંતમાં વાસ, સાધુ-સંગ ઈત્યાદિ દ્વારા તેઓ પરિચિત થાય છે. પરિચય થઈ ગયા પછી એને ભલે પિતા કહો કે મા, કોઈ એક સંબંધ સ્થાપિત કરવો આવશ્યક છે, કારણકે સંસારીઓ સંબંધ વગર બંધનમાં નથી બંધાતા.

બધા વિષયોમાંથી એક બરોબર રાખવો જોઈએ. આમ ન કરવાથી કોઈ પણ ભાવ બરાબર જામી નથી શકતો. જેનું ચિત્ત જેટલું કેંદ્રસ્થ થઈ રહ્યું છે, તે એટલો જ સરળ, શાંત, સ્વસ્થ અને પ્રેમમય થઈને વિરાટનો આભાસ મેળવે છે.

પ્રશ્ન : મૌનની મહિમા શી છે ?

મા : મન એવું લાગે છે (કે) ત્યાંથી છોડી નથી શકાતું. મનથી જ સુખ-દુઃખ માનો છો ને. જો મૌન બરોબર થાય તો. એવું મૌન થાય છે. મન કરવું અમન થવા માટે. આ જે મૌન છે એ તો વાક્‌સંયમ. પૂરેપૂરું મૌન થવું જોઈએ. એ મૌન થાય તે માટે કોશિશ કરજો.

પ્રશ્ન : એમનું આવાગમન ?

મા : તમારી - અમારી દૃષ્ટિ, તમારું - અમારું જ્યાં સુધી છે ત્યાં સુધી બે. પ્રશ્ન નથી થતો. આવવા - જવાથી પણ એમના આવવા - જવાની વાત નથી. ક્યાં આવે, ક્યાં આવ્યો, ક્યાં જશે, ક્યાં આવશે.

"મનુષ્ય પ્રતિદિન પોતાના આચરણનું પરીક્ષણ કરે અને વિચાર કરે કે મારું કયું આચરણ પશુઓના આચરણ જેવું છે અને કયું આચરણ મહાત્માઓના આચરણ જેવું છે."

- મહાભારત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાઙ્માધુરી

(માની ભાષા સૂત્રાત્મક છે.)

મા : આટલું સુંદર ભાષણ સાંભળી રહ્યા છો.

જિજ્ઞાસુ : આર્ત નિરાકરણ માટે.

મા : બાબા પાસેથી સાંભળ્યું તો હા કરો. ના ન કરો. જાણેલી વાત સાંભળેલી વાત. તમે પ્રોફેસર છો, બોલવાની ટેવ છે.

યોગેશ બ્રહ્મચારી : આર્તને માટે શરણગતિનું અત્યંત પ્રયોજન.

અનિલ ગાંગુલી : અનેકોના મનની એક જ પ્રાર્થના, લોકોની શક્તિ ઓછી છે. જો જપ કરીએ તો કેવી રીતે?

મા : પોતપોતાના ગુરુ જે રસ્તો દેખાડે.

અનિલ ગાંગુલી : દરેકની એક પ્રાર્થના.

મા : એક વાત છે. સાફ વાત. પોતપોતાના ગુરુ જે રસ્તો દેખાડે શિષ્ય એ જ રીતે કરે.

અનિલ ગાંગુલી : બધાંની એક જ પ્રાર્થના.

મા : આ જે જપ, જે લક્ષ્ય માટે. એ જ કારણે જપ. આ થયું સાકાર, સગુણ. નિષ્કામ નહીં.

અનિલ ગાંગુલી : નિષ્કામ કૃષ્ણ-પ્રીતિ.

મા : આ લક્ષ્યથી કૃષ્ણ-સ્મરણ જે લઈ લીધું. શ્રીકૃષ્ણ જે રીતે તૃપ્ત થાય. અંદરથી જે રીતે કરાવે તે જ કરો. જે લક્ષ્યથી જપથી પ્રેરણા શ્રીકૃષ્ણે આપી. એમની પ્રીતિ માટે જેના મનમાં જે રીત. જે રીતે ભગવાનનો પ્રકાશ થાય. જે રીતે તમે તૃપ્ત થશો એ જ રીતે કરાવી લો (એવી પ્રાર્થના.) ભગવાન સ્વયમ્ એ જ રૂપે કરાવી રહ્યા. એ જ ભાવના સ્થિત નથી રહી શકતો. રહી બાંધવાની વાત. જે પ્રશ્ન. આ વાત ટકતી નથી. હંમેશાં જેને માટે જપ એમાં મન ટકતું નથી. પ્રશ્ન આવ્યો આ જ કારણે. એમાં સ્થિત ન રહી શકે. પોતાનો સંકલ્પ કરો. સંકલ્પ રાખવામાં આવ્યો (કે) જે કાર્ય કરશે કાર્ય સંપૂર્ણ થઈ જાય. મંત્ર સંકલ્પ.

આટલો સમય જપ કરીશ. આટલો ટાઈમ આપવો છે. એક જ આસનમાં બેસીને જપ પૂરણ કરીશ. આટલા જપ, સંખ્યા જપ એક જ આસનમાં નિયમિત રૂપે.

દર વખત બોલતાં ચાલતાં હંમેશાં મનમાં રૂપ-રક્ષા કરજો, મન સંકલ્પ દર વખત કોશિશ કરીશ, અમારી જેટલી શક્તિ અમે કરતાં રહીશું - એ જ રીતે કરો, ખુરશીમાં બેસીને કરો, હંમેશાં જેમ અનુકૂળ. એની વચ્ચે જરૂરી વાત, તો વાત કરીને જપ. વ્યવહાર સમુદાય સાથે રહે જેમ અનુકૂળ હોય, તેમ સંકલ્પ લઈ લો. આ રીતે કરો.

પહેલી વાત - જે ટકી નથી શકતી. ઘેર કોઈ પત્ર આવ્યો, મનની સ્થિતિમાં કેવો તાપ, કેવી સારી ખબર તો મન પ્રફુલ્લિત. મન એ જ સ્થિતિમાં રહે. પણ આસનમાં બેસીને જે સંખ્યા - જપ તે જ કરજો. સારી ખોટી ખબર આવે (તો પણ) જપ પૂરા કરજો. મન એ બાજુ લગાડે, ખબર - અખબર કોઈ વાત લેવી જ નહીં. ચાલુ કરો. મન સંયોગ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોય (કે) ન હોય. કરતાં કરતાં ટેવ પડી જશે, અભ્યાસ જો બરોબર યોગદાન થઈ જશે. ટેવથી ખેંચી લેશે.

જેમ ભૂખ લાગે છે નિશ્ચિત ટાઈમે. નિદ્રાનો સમય પણ બાંધેલો છે. આ જેમ દુનિયામાં જાગ્રત ક્રિયા થઈ છે, એની સાથે દુનિયાદારીની ચિંતા કે નિદ્રા નથી આવતી.

એ જ રીતે નિષ્ઠાપૂર્વક જપ કરતાં કરતાં સ્થિતિ અનુસાર, મન લાગે ન લાગે. વધુ સમય લઈને આટલા દિવસોની જે ગતિ છે. નવી ગતિ ચાલુ રહી. પ્રકાશ થઈ જશે. એ જ જે ચાલી રહ્યું તે જ સ્થિતિનો પ્રકાશ તમે જોશો, ના, તમારી નસેનસમાં રહેશે. તમને ખેંચીને લઈ જાય. અભ્યાસ સાથે નિત્ય યોગ રસ્તો ખુલી શકે.

''ઈન્દ્રિયાણાં મનશ્ચાસ્મિ''(ગીતા-૧૦) યોગ એ વિવિધતામાં એકતા છે. સાચે તો અનેકતામાં એકતા જોવી તે પરમાત્માની વિભુતિ છે. વિભૂતિ વિજ્ઞાન છે, તો અનેકતામાં એકતા તે યોગ છે.

અનેકમાં એક થઈ રહેવું તે ઈશ્વરતા છે. સંસારમાં જે મન ફસાયેલું છે તે શત્રુ છે અને ભગવાનમાં જે મન લાગ્યું છે તે મિત્ર છે.

''मन्यते अनेन इति मनः''જે માન્યતા બનાવે છે તે મન. પૃથ્વી - જલ - તેજ - વાયુ - આકાશ બધું મનોમય છે, બધો દશ્ય સંસાર મનોમય છે અને પંચભૂતોનો જ ખેલ છે. દેશ - કાલ - વસ્તુ બધું જ મન છે. - અને મન પરમાત્માનું રૂપ છે.

- પરિવ્રાજક.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રી માના આશ્રમો

(૨૧) સાધન આશ્રમ (જાખન, દેહરાદૂન)

દેહરાદૂન કિશનપુર આશ્રમથી અડધો માઇલ દૂર જાખન નામની જગાએ 'સાધન આશ્રમ' નામે માનો એક આશ્રમ છે.

આ ભવન સહૃદયી ભક્ત શ્રી રૂપચંજ સૂદનું હતું. એમણે સ્વેચ્છાએ એ માનાં શ્રીચરણોમાં અર્પણ કરી દીધું. એકાંત વાતાવરણમાં આ એક અત્યંત મનોરમ્ય સ્થાન છે, એટલે એમની ઇચ્છા હતી કે એકાંતપ્રિય સાધકો અહીં સાધના કરે. તેઓ સપત્નીક પોતાની માતા સાથે વાનપ્રસ્થીરૂપે આ આશ્રમમાં જ જીવન વ્યતીત કરતા હતા.

માતાજી દેહરાદૂન આવતાં ત્યારે વિશ્રામ માટે અહીં પધારતાં. સન્ ૧૯૬૪માં ૧૫ થી ૨૩ એપ્રિલ સુધી અહીં ભાગવતનું પારાયણ થયું હતું, ત્યારે મા હાજર હતાં. આ આશ્રમ સંબંધી માની અહૈતુકી કૃપાની એક મર્મસ્પર્શી ઘટના છે.

૧૯૬૯ ના ફેબ્રુઆરીમાં દેહરાદૂન જતી વખતે માતાજી શ્રીમતી સૂદને જોવા માટે, થોડી ક્ષણો માટે અહીં પધાર્યાં હતાં. શ્રીમતી સૂદ અસ્વસ્થ હતાં. માનો "ખયાલ" થયો કે લૌકિક દૃષ્ટિએ મા સાથે શ્રીમતી સૂદનો મેળાપ નહીં થઇ શકે. એ જ વર્ષે જુલાઇમાં શ્રી સૂદને રામાયણ-પાઠ કરવાનો નિર્દેશ માએ સ્વપ્નમાં આપ્યો. એમણે અખંડ રામાયણ-પાઠ રાખ્યો. એમનાં પત્નીએ અસ્વસ્થ હોવા છતાં આમાં ભાગ લીધો. આ વાત જૂન મહીનાની હતી. માતાજી એ વખતે પૂનામાં વિરાજમાન હતાં. ૪ જુલાઇએ શ્રીમતી સૂદનું અવસાન થયું. ત્યાર બાદ ઑગષ્ટમાં જ્યારે માતાજી દેહરાદૂન પધાર્યાં ત્યારે માના "ખયાલ"થી ૩૧ ઑગષ્ટે સાધન-આશ્રમમાં રામાયણનું અખંડ પારાયણ થયું. વહેલી સવારે જ્યારે માની પથારી ઉપાડવામાં આવી ત્યારે માની ચાદર નીચે જ્યાં માનાં ચરણો હતાં ત્યાં એક નાનકડો સફેદ સાપ દેખાયો. એને કાગળમાં ઊચકીને મા પાસે લાવવામાં આવ્યો, ને પછી જંગલમાં ફેંકી દેવામાં આવ્યો. માતાજીનો "ખયાલ" હતો કે આખી રાત એ સાપ એમના પગ નીચે રહે. માના કહેવાથી જ્યારે સાપને ખોળવા માંડ્યો ત્યારે દેખાયું કે એ કાગળ ઉપર જ હતો. સાપને એક કાચની શીશીમાં ગંગાજળ આપીને રાખી મૂક્યો.

આ બાજુ રામાયણ-પાઠ પૂરો થવા આવ્યો. સમાપ્તિ પછી આરતી થઈ ગઈ એવી સૂચના મળતાં જ સાપનું મૃત્યુ થઈ ગયું. આ સમાચાર મળતાં જ માએ એક આશ્રમવાસી દ્વારા સર્પદેહને હરિદ્વારના બ્રહ્મકુંડમાં જળસમાધિ માટે મોકલી દીધો. માએ કહ્યું, "એ દિવસે તો શરીરનું મૃત્યુ થયું હતું, આજે મૃત્યુનું મૃત્યુ થયું."

કદાચ આ શબ્દો શ્રીમતી સૂદ વિષે જ કહ્યાં હશે. આજે એ અહૈતુકી કૃપાની અમર વાતને વહન કરતો આ સાધન-આશ્રમ પર્વતીય પ્રદેશમાં શાંત ભાવે વિરાજી રહ્યો છે.

(૨૩) પુરાણમંદિર - નૈમિષારણ્ય આશ્રમ (ઉત્તરપ્રદેશ)

ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લામાં પુરાણોનું જન્મસ્થાન નૈમિષારણ્ય એક અતિ પ્રાચીન તીર્થક્ષેત્ર છે. શ્રીમદ્ ભાગવતમાં એવો પ્રસંગ આવે છે કે ૮૮ હજાર ઋષિ-મુનિઓએ એકી સાથે બેસીને સૂતજીના મુખારવિંદેથી શ્રીમદ્

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાગવત મહાપુરાણ તથા અન્ય પુરાણોની કથા સાંભળી હતી.

સન્ ૧૯૬૦માં આ પાવન ભૂમિ પર સંયમ-મહાવ્રતનું અનુષ્ઠાન થયું. એ વખતે પુરાણો એકઠાં કરવા માટે શોધ કરતાં એક મુખ્ય પુરાણગ્રંથ ન મળ્યો જે મહદ્ આશ્ચર્યની વાત હતી ! એ જ વખતે નિશ્ચય કરવામાં આવ્યો કે એક જ સ્થળે બધાં જ પુરાણોને સુરક્ષિત રૂપે રાખવાં જોઈએ, અને એ સાથે જ 'હનુમાન્ ટીલા' પર એક જમીન પ્રાપ્ત થઇ. અહીંથી શુભારંભ થયો આશ્રમના સૂત્રપાતનો.

સન્ ૧૯૬૭ ના ડિસેમ્બરમાં બીજે અઠવાડિયે પુરાણમંદિરની પ્રતિષ્ઠા થઈ. એમાં ચંદનનાં લાકડાંથી બનાવેલા સિંહાસન જેવા કબાટમાં ૧૮ મહાપુરાણોને વિરાજિત કરવામાં આવ્યાં. અહીં નિત્ય આરતી તથા પુરાણ-પાઠની વ્યવસ્થા થઈ. આ મંદિરને જ આશ્રમ બનાવીને એની આજુબાજુ આશ્રમ ભવન બનવા લાગ્યું.

સન્ ૧૯૬૮માં આ જ પુણ્યસ્થળે ભાગવત સમ્રાટ સ્વામી અખંડાનંદ સરસ્વતીને મુખે શ્રીમદ્ ભાગવતની પવિત્ર કથા સાંભળવાનો સુઅવસર મળ્યો માતૃભક્તોને, આ જ પુણ્યશાળી આશ્રમભૂમિમાં માતાજીની અહૈતુકી કૃપાથી.

સન્ ૧૯૭૫માં મકર સંક્રાંતિના પુણ્યપર્વે એક યજ્ઞશાળાની સ્થાપના થઈ જ્યાં નિત્ય આહુતિ અપાય છે. આ એ જ જ્યોતિ છે જેનાથી વારાણસીમાં ત્રણ વર્ષ સુધી અખંડ સાવિત્રી મહાયજ્ઞ થયો હતો, અને જે સન્ ૧૯૨૬માં દિવાળી સમયે પ્રજ્વલિત થયો હતો ઢાકાના શાહબાગમાં અને તે પણ માના વિશેષ ''ખયાલ''થી.

આ જ વર્ષે અક્ષય તૃતીયાને શુભ દિને અહીં એક નવનિર્મિત મંદિરમાં ''પુરાણ પુરુષ''ની પ્રતિષ્ઠા થઈ. એ વળી એક જુદો જ ઈતિહાસ છે. આવી મૂર્તિ સંપૂર્ણ વિશ્વમાં બીજી નથી. ભારતમાં પણ બીજે કશે પુરાણપુરુષનું મંદિર કે મૂર્તિનો ઉલ્લેખ નથી સિવાય કે પુરાણોમાં.

કાળાન્તરે અહીં પૌરાણિક તથા વૈદિક શોધ-સંસ્થાનની સ્થાપના ૧૯૭૭માં થઈ. એમાં રાજ્યપાલ ડૉ. ચેન્ના રેડ્ડીનો પ્રયાસ અને સરકારનો સહયોગ હતો. સન્ ૧૯૮૧ની ૨૧ જુલાઈએ શ્રીમતી ઈંદિરા ગાંધીએ માની પવિત્ર ઉપસ્થિતિમાં એનું ઉદ્ઘાટન કર્યું.

૧૩, જુલાઈ, ૧૯૮૧માં અહીં એક શિવમંદિરની પ્રતિષ્ઠા થઈ, જ્યાં માની દિવ્યદૃષ્ટિમાં પ્રકાશિત થયું કે - ''અહીં વૃક્ષની નીચે દેવાધિદેવ શિવશંકર મસ્ત થઈને 'સિંગાવાદન' કરી રહ્યા છે.'' કેટલાક દિવસો પછી વૃક્ષ સૂકાઈ ગયું અને ત્યાં આ મંદિર બન્યું.

પૂ. સ્વામી મ.મ. શ્રી ગંગેશ્વરાનંદજીના માધ્યમથી અહીં વેદોની પણ સ્થાપના થઈ હતી.

આજે પ્રાચીન તીર્થ નૈમિષારણ્ય માતાજીના પાવન આગમનથી પુનર્જાગૃત થઈ ગયું છે. અહીં રોજ હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવે છે. આજે આ પ્રદેશનું એ એક મુખ્ય દર્શનીય સ્થળ છે.

(૨૫) તારાપીઠ આશ્રમ (બંગાળ)

તંત્રસાધનાનું મુખ્ય ક્ષેત્ર તારાપીઠ પશ્ચિમ બંગાળની સિદ્ધપીઠ મનાય છે. પૂ. બાબા ભોલાનાથજીના પૂર્વ જન્મનું આ સાધના સ્થળ હતું. બાબા ભોલાનાથજીને તારામાનો આદેશ સાંપડ્યો હતો, તેથી તેઓ દર વર્ષે અહીં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પધારતા હતા. અહીંયા બાબા ભોલાનાથ ''રમા પાગલા''ના નામે ઓળખાતા હતા.

આ એ સ્થાન છે જ્યાં શ્રી શ્રી માના અપૂર્વ લાવણ્યમય સ્વરૂપને જોઇને સ્થાનીય ભક્તો કહેતા કે આપમાં અને અમારા મંદિરની અધિષ્ઠાત્રી દેવી તારામામાં અમને કોઈ જાતનું પાર્થક્ય નથી જણાતું.

અહીંયા સન્ ૧૯૩૬માં પૂ. ગુરુપ્રિયાદીદી અને એક સૌભાગ્યવતી ભક્ત-કન્યાના યજ્ઞોપવીત સંસ્કાર થયા હતા માતાજીના વિશેષ ''ખયાલ''થી. આ વૈદિક યુગની પુનરાવૃત્તિ હતી તપસ્વિની બ્રહ્મચારિણી કન્યાઓ માટે.

સન્ ૧૯૬૮માં અહીં ભક્તોના આગ્રહને પરિણામે આશ્રમ-ભવનનું નિર્માણ થયું. આ પહેલાં મંદિરને સંલગ્ન આંગણામાં જ મા રહેતાં હતાં. થોડાંક જ વર્ષો પહેલાં સન્૧૯૮૯માં અહીં માતૃમંદિરની પ્રતિષ્ઠા થઈ છે.

આ સ્થાન સદૈવ દેવીસાધકો માતૃસાધકોની સિદ્ધ ભૂમિ રહ્યું છે. માના પદાર્પણથી એની પ્રાચીન મહિમા પુનર્જાગૃત થઈ છે. આ એ જ પુણ્યશાળી સ્થળ છે જ્યાં માતાજીના શ્રીમુખમાંથી આ પદનો પ્રકાશ થયો - ''કૃષ્ણ કન્હૈયા વંશી બજૈયા ગૌ ચરૈયા રે ..... ''

માતૃભક્તોના આગ્રહથી આશ્રમ-ભવનનો વિસ્તાર કરવાની પરિકલ્પના છે. સાથોસાથ દરેક ઉત્સવ આદિ સમયે ભક્તોનું અહીં આવવું - જવું ચાલુ રહે છે.

(૨૬) કનખલ આશ્રમ (હરિદ્વાર)

પ્રાચીન ક્ષેત્ર કનખલનો ઉલ્લેખ પુરાણોમાં મળે છે. આજે પણ દક્ષાલયનું મંદિર દક્ષ-યજ્ઞની યાદ આપે છે. આ પાવન ક્ષેત્રમાં ત્રીસના દશકમાં (પૂ. ભાઈજી સાથે) માનું સર્વપ્રથમ આગમન થયું હતું. અને અહીંયાં જ એક પ્રાચીન વટવૃક્ષ નીચે માએ એક રાત્રિ પસાર કરી હતી.

શ્રી નિતાઈ વસુ મલ્લિક નામના એક સહૃદયી ભક્તે દક્ષ-મંદિર પાસેનું પોતાનું 'શાંતિનિકેતન' નામક નિવાસસ્થાન શ્રી શ્રી માની સેવામાં અર્પણ કરવાની ઈચ્છા દર્શાવી. ભક્તોની ઈચ્છા માટે કલ્પતરુ માએ સન્ ૧૯૬૧માં અહીં પદાર્પણ કર્યું, અને ગિરિજીનો સંન્યાસોત્સવ ધામધૂમપૂર્વક અહીં સમ્પન્ન થયો.

સન્ ૧૯૭૦ની ૧૩મી એપ્રિલે અહીં એક શિવમંદિરની પ્રતિષ્ઠા થઈ. એ જ વર્ષે 'શાંતિનિકેતન' વિધિસર શ્રી શ્રી આનન્દમયી સંઘને અર્પણ કરવામાં આવ્યું.

માતાજી તથા પૂ. ગિરિજી (દીદીમા)ની ઉપસ્થિતિમાં આશ્રમ-ભવનનો ઉદ્ઘાટન-સમારોહ ૭મી જુલાઈએ ઉજવાયો. ૮મી ઓગસ્ટે રામઘાટ-સ્થિત જયપુરિયા ભવનમાં માની હાજરીમાં શ્રીમદ્ ભાગવત-સપ્તાહને પાંચમે દિવસે મધ્યરાત્રિએ શ્રીમુક્તાનંદ ગિરિજી બ્રહ્મલીન થયાં, અને એમના પવિત્ર દેહના સમાધિ-સ્થાન તરીકે આ પુણ્યશાળી સ્થળ નક્કી થયું. અહીં એમના પવિત્ર દેહને સમાહિત કરવામાં આવ્યું, જાણે કે દૈવયોગે આ ઘટના પૂર્વનિર્દિષ્ટ હોય !

આ સ્થાન ગિરિજીનું જ હતું. સન્ ૧૯૭૪માં હરિદ્વારના પૂર્ણકુંભ વખતે પુણ્યમય અક્ષય તૃતીયાને દિવસે ગિરિજીના સમાધિક્ષેત્ર ઉપર નિર્મિત ભવ્યમંદિરમાં ગિરિજીની મૂર્તિની સ્થાપના થઈ.

ત્યાર બાદ કનખલ આશ્રમનો ધીમે ધીમે વિસ્તાર થવા લાગ્યો. અહીં આદિ શંકરાચાર્યજીની મૂર્તિની પ્રતિષ્ઠા ૧૦મી એપ્રિલે ૧૯૭૮માં થઈ. ભક્તો માટે અતિથિભવન, આવાસગૃહ તથા માને માટે નવીન નિવાસસ્થાન પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બન્યાં. કનખલના મહાનિર્વાણી અખાડાનો સહયોગ આ વિષયમાં ઉલ્લેખનીય છે. કાળાંતરે કનખલ આશ્રમ શ્રી શ્રી આનન્દમયી સંઘના મુખ્ય કાર્યક્ષેત્રમાં પરિણત થયો. અહીં હોમિયોપેથિક તથા ઍલોપેથિક બે દાતવ્ય ઔષધાલયો પણ છે.

સન્ ૧૯૮૨ ના ઓગસ્ટના અંતિમ સપ્તાહમાં શ્રી શ્રી માનું દિવ્ય શ્રી શરીર વ્યક્તરૂપે અહીં સદા સદા માટે વિરાજમાન થઈ ગયું. શ્રી શ્રી માની દિવ્ય જ્યોતિથી આ સ્થાન આલોકિત છે. અત્યારે અહીં આનન્દજ્યોતિપીઠ નામે શુભ્ર પ્રસ્તર-નિર્મિત વિશાળ મંદિર શોભી રહ્યું છે જેની પ્રતિષ્ઠા સન્ ૧૯૮૭માં થઈ હતી. આનું ૮૭ ફુટ ઊંચું શિખર આકાશમાં સુવર્ણનાં શિખરોની સોનેરી આભા વડે માની અમરગાથાની અમરલિપિ હંમેશાં અંકિત કરી રહ્યું છે અને અનંત કાળ સુધી કરતું રહેશે.

આજે આ સ્થાન વિશ્વ-વંદનીય પરમ પાવન તીર્થ છે.

(૨૮) બૈરાગઢ આશ્રમ (ભોપાલ)

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલથી ૫-૬ કિલોમીટર દૂર બૈરાગઢ ઉપનગરમાં ૧૯૬૫ના માર્ચ મહીનામાં શ્રી શ્રી માનું સર્વપ્રથમ આગમન થયું. આ પહેલાં સન્ ૧૯૫૪માં તે વખતના આઈ.જી.પી. શ્રી શ્યામસુંદરનાથ આગાના આમંત્રણથી માતાજી ભોપાલ પધાર્યાં. એ વખતે એમનો નિવાસ 'આઈના' બંગલામાં હતો.

ભક્તોનો પ્રેમભર્યો પોકાર માને ક્યાં ક્યાં લઈ જતો એનો દાખલો છે આ આશ્રમ. લૌકિક દૃષ્ટિએ આ કોઈ તીર્થસ્થાન નથી કે નથી કોઈ વિશેષ ક્ષેત્ર. માતાજીએ કહ્યું હતું, "પિતાજી આ શરીર પર એટલો સ્નેહ કરતા હતા, પિતાજીને માટે જ આ શરીર વારંવાર ત્યાં જતું હતું." આ શબ્દો સર દાતારસિંહ માટે માએ કહ્યા હતા જ્યારે સર દાતારસિંહના મૃત્યુ બાદ ૧૯૭૩માં મા રાયપુર આશ્રમમાં હતાં.

સન્ ૧૯૬૪માં શ્રી અને શ્રીમતી દાતાર સિંહના આગ્રહથી એમની પોતાની ભૂમિ ઉપર જ મા માટે એક ભવનનું નિર્માણ કરવામાં આવ્યું. સન્ ૧૯૭૧ના ડિસેમ્બરમાં અહીંની જનતાને માની પુણ્યસન્નિધિમાં શુકતાલના પ્રસિદ્ધ મહાત્મા દંડી સ્વામી શ્રી વિષ્ણુ આશ્રમજીના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત કથા સાંભળવા મળી. સન્ ૧૯૭૭માં આ ભવન સંઘને અર્પણ કરવામાં આવ્યું. એ જ વર્ષે માનું અંતિમ વાર અહીં આગમન થયું.

આજે માની પરમ પુનીત સ્મૃતિઓ ધારણ કરતું આ સ્થાન નવીન આગંતુકોને માના આગમનની વાતો સંભળાવવા ઉત્સુક છે.

(૨૯) આગરતલા આશ્રમ (ત્રિપુરા)

ત્રિપુરા રાજ્યની રાજધાની આગરતલા મનોરમ્ય સ્થળ છે. ત્રિપુરાનો કેટલોક ભાગ દેશ-વિભાજન વખતે બંગલાદેશમાં રહી ગયો ને કેટલોક ભારતમાં.

શ્રી શ્રી માની લૌકિક લીલામાં ત્રિપુરાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ જ પ્રાચીન રાજ્યમાં માની દિવ્ય જન્મભૂમિ બિરાજે છે. આ જ આગરતાલાની સમીપમાં 'કસ્બા'નું એ કાલી મંદિર છે જ્યાં માતાજીનાં દાદીએ પૌત્રને બદલે પૌત્રીની યાચના અનાયાસ કરી દીધી હતી. આ સ્થળ બરોબર ભારતીય સીમા પર આવ્યું છે. અહીંયાંથી માનું જન્મસ્થળ ખેવડા ગામ છ માઈલ દૂર છે. આ એ કસ્બા શહેર છે જ્યાંથી હાથી પર બેસીને વાજતે ગાજતે ભોલાનાથજીનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વરઘોડો નીકળ્યો હતો ખેવડા ગામે માના પૂ. પિતાજી શ્રી વિપિન વિહારી ભટ્ટાચાર્યને આંગણે જવા.

ત્રિપુરાના રાજપુરોહિત હતા માતાજીના મોસાળપક્ષના સદ્બ્રાહ્મણો, તેથી ત્રિપુરામાં તો માનો આશ્રમ હોવો અવશ્યમ્ભાવી છે. કદાચ આ જ ભાવનાથી પ્રેરાઈને કે ત્રિપુરામાં માનો અવશ્ય એક આશ્રમ તો હોવો જ જોઈએ, અને એ જ ઉદ્દેશ્યથી રાજમહેલના પ્રાંગણમાં આવેલા પ્રાચીન ઉમામહેશ્વર મંદિર સમેત કેટલોક ભૂભાગ માની સેવામાં ત્રિપુરાના વર્તમાન મહારાજાએ અર્પણ કરવાની ઈચ્છા દર્શાવી.

થોડાક જ સમયમાં ત્રિપુરાના ત્યારના મુખ્યપ્રધાન શ્રી સુખમય સેનગુપ્તના પ્રયાસથી આગરતલામાં અત્યંત સુંદર એક આશ્રમ બનાવવાનું કાર્ય આરંભ થયું. સન્ ૧૯૮૨ના માર્ચના છેલ્લા સપ્તાહમાં અહીં મા પધાર્યાં. ૧ લી એપ્રિલે નવનિર્મિત આશ્રમમાં માનો પ્રવેશ થયો અને પ્રસિદ્ધ ઉમા-મહેશ્વર-મંદિરનું પણ માએ પરિદર્શન કર્યું.

આરસપહાણની એક ખૂબ સુંદર સરસ્વતી મૂર્તિ મા સાથે લાવ્યાં હતાં. માએ કહ્યું હતું, "આ શરીર સર્વદા માટે બ્રહ્મવિદ્યાદાયિની મા સરસ્વતીને અહીં સ્થાપન કરી રહ્યું છે. આ શરીરનો કક્ષ એમનું મંદિર હશે અને ત્રિપુરેશ્વર શિવ મહાદેવ વરંડામાંથી દર્શન આપશે." આ રીતે ત્યાં મા સરસ્વતી અને શિવની સ્થાપના થઈ. બહુ પહેલાંથી જ માતાજીના વિશેષ નિર્દેશથી અહીં દર વર્ષે સરસ્વતી-પૂજા, શિવરાત્રિ તથા દુર્ગાપૂજા વખતે વિશેષ પૂજા થાય છે.

આ આશ્રમ અત્યન્ત રમણીય વાતાવરણમાં આવ્યો છે. આશ્રમની સામે એક ખૂબ સુંદર જળાશય છે જેની ચારે બાજુ પાક્કા ઘાટ છે. એક તરફ શુભ્ર મનોહર રાજપ્રાસાદ ઊભો છે, તો બીજી બાજુ દુર્ગામંદિર તથા એક બાજુ ઉમા-મહેશ્વર મંદિર સહિત માનો આશ્રમ છે.

(૩૧) કેદારનાથ આશ્રમ

લગભગ અગિયાર હજાર ફુટની ઊંચાઈએ ભોળા શિવ-શંકર બાબા કેદારનાથના મંદિરથી થોડેક જ દૂર મંદાકિનીના તટ પર શ્રી શ્રી માનો નાનો સરખો આશ્રમ બિરાજે છે.

સન્ ૧૯૭૭ની વાત છે. મા વારાણસીમાં હતાં. કેદારનાથ મંદિરના પ્રાચીન પુરોહિતે મા પાસે પ્રાર્થના કરી કે શિવપુરી કાશી, ઉત્તરકાશી સર્વત્ર માના આશ્રમો છે, તેથી શિવસ્વરૂપ કેદારનાથમાં પણ માનું એક સ્થાન અવશ્ય હોવું જોઇએ. સંયોગવશ એ વખતના ઉત્તરપ્રદેશના રાજ્યપાલ ડૉ. ચેન્ના રેડ્ડી પણ ત્યાં ઉપસ્થિત હતા, તથા તેઓ શીઘ્ર કેદારનાથ જવાના હતા. એમણે આ વાત સાંભળી અને પોતાનો સંપૂર્ણ સહયોગ આપવાની સ્વીકૃતિ આપી, અને કહેવું પડશે કે એમના જ સહૃદય પ્રયાસથી આ સંભવ બન્યું.

સન્ ૧૯૭૯માં આશ્રમનું મકાન બંધાવાનું આરંભ થઈ ચૂક્યું હતું. આ આશ્રમનો નકશો માતાજીએ પોતે જ નિર્દિષ્ટ કર્યો હતો, જેમ કે માનો ઓરડો ક્યાં હશે અને ક્યાંથી મંદિરનું દર્શન થશે ઈત્યાદિ વ્યવસ્થાઓ.

પં. શ્રી ગૌરીનાથ શાસ્ત્રી ઘણું ખરું શ્રાવણી પૂર્ણિમાએ કેદારનાથ જતા હાત. એ દિવસે ત્યાં વિશેષ ઉત્સવ થાય છે. એ અનુષ્ઠાનનાં પ્રત્યક્ષ દર્શન કરવા માંટે આશ્રમના એક બ્રહ્મચારી ત્યાં શ્રાવણી પૂનમે હાજર હતા, અને એમણે અનુપમ પૂજાનાં દર્શન કર્યાં જે પૂનમની રાત્રે બાર વાગે થાય છે. ખરેખર એ દર્શનીય હોય છે. બ્રહ્મચારીજીએ માની આગળ બધું નિવેદન કર્યું. ત્યારે માએ એમના સહજ સરળ ભાવે કહ્યું, "આ શરીર તો શાસ્ત્રની વાત નથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાણતું, પણ આ જ સમયે શરીરમાં દીક્ષાનો ખેલ થયો હતો."

માની દિવ્યલીલા કેવે પ્રકારે કયા પ્રસંગ સાથે સંબંધ ધરાવે છે એ મનુષ્યની બુદ્ધિથી પર છે. બંગલાદેશમાં બાજિતપુરમાં રહેતાં ત્યારે માના શ્રી શરીરમાં ઝૂલન પૂર્ણિમા (શ્રાવણી પૂર્ણિમા)ની મધ્યરાત્રિએ બાર વાગે દીક્ષાની લીલાનો પ્રકાશ થયો હતો. આનો એક બીજો જ ઈતિહાસ છે, અને માના આશ્રમમાં એ જ દિવસે રાત્રે પોણા બાર વાગ્યાથી સવા બાર સુધી ધ્યાન કરવામાં આવે છે. આપણે જોઈએ છીએ કે આ દિવસ શિવ ને કૃષ્ણ બંન્નેનો વિશેષ દિવસ છે.

સન્ ૧૯૮૧ના ગ્રીષ્મમાં માની અહીં પધારવાની વાત હતી, પણ સંયોગવશ એ ન બની શક્યું. પછીથી ૧૯૮૩ની અક્ષય તૃતીયાએ શ્રીનારાયણ વિગ્રહની વિશેષ પૂજા સહિત આ આશ્રમ-ભવનનો ઉદ્‌ઘાટન સમારંભ ઉજવાયો.

જો કે લૌકિક દૃષ્ટિએ (સ્થૂલ રૂપે) માંનું આગમન અહીં નથી થયું, પરંતુ ઉપરોક્ત ઘટનાથી તો એ પ્રમાણિત થાય છે કે મા ત્યાં પહેલાં પણ હતાં, હજી પણ છે, અને નિત્ય વિરાજમાન રહેશે.

(૩૩) જમશેદપુર આશ્રમ

કારખાનાંઓની આ નગરી જોડે માનો જૂનો વિશેષ સંબંધ છે. સન્ ૧૯૩૦માં મા પહેલવહેલાં અહીં પધાર્યાં હતાં. અહીનો એક મધુર પ્રસંગ આ પ્રમાણે છે.

માના સાન્નિધ્યમાં ભક્તો મન્ત્રમુગ્ધ થઈને બેઠા છે. મધરાત થઈ રહી છે પણ કોઈ ઊઠવાનું નામ નથી લેતું. કોઈક વૃદ્ધે ટીકા કરી, "શું વાત છે - આખો દિવસ કારખાનાંઓની ખટપટમાં પસાર કરનારા લોકો આપની સામે કેવા ચુપ બેઠા છે ! શું આપે બધાંને ગોળી ખવડાવી છે ?" માએ હસીને જવાબ આપ્યો, "પિતાજી, આપે પણ તો ગોળી ખાધી છે." આ છે માની મહિમા !

સન્ ૧૯૩૭માં માના જન્મોત્સવ સમયે પણ મા અહીં ઉપસ્થિત હતાં. તેથી અહીંના ભક્તોએ ધામધૂમથી માનો જન્મોત્સવ ઉજવ્યો. આ ઉપરાંત મા ભક્તોના આમંત્રણથી અહીં પધારતાં.

માની ઉપસ્થિતિ સમયથી માંડીને જ અહીં એક આશ્રમ બનાવવાનો પ્રસંગ ચાલતો હતો, અને આજે ભક્તોના પ્રયત્નથી સ્વર્ણરેખા નદીને કિનારે કદમા વિસ્તારમાં આશ્રમ ભવન તથા મંદિર નિર્માણનું કાર્ય ચાલૂ જ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેરક પ્રસંગો

(૧)

ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી આર. કે. ત્રિવેદી લખે છે : આમ તો શ્રીમાની પ્રેરણાથી અનેક વાર એમના સાન્નિધ્યનો અવસર સાંપડ્યો, પરંતુ બે પ્રસંગો એવા આવ્યા કે જેની યાદ સદૈવ અવિસ્મરણીય રહેશે.

૧૯૫૩-૫૪માં હું પ્રશાસનિક અધિકારીઓના પ્રશિક્ષણ કેન્દ્ર અલ્હાબાદમાં ચલાવતો હતો. ત્યારે મારી વિનંતિથી માએ મારા નિવાસસ્થાને પધારવાની કૃપા કરી. ઉચ્ચ પદવીવાળા પ્રશાસનિક અધિકારીઓ પણ તે દિવસે કીર્તન, ભજન સત્સંગમાં સામેલ થયા. આજે લગભગ ૨૮ વર્ષ પછી પણ હું એમ કહી શકું છું કે એમાંના પ્રત્યેક અધિકારી, જેણે માના આશીર્વાદ મેળવ્યા હતા, અત્યધિક સફળતા મેળવી શક્યા; અને એક્કે એવો ન નીકળ્યો કે જે આજે ઉચ્ચ પદો પર હોવા છતાં ઉત્કૃષ્ટ કોટિનો અધિકારી ન નીવડ્યો હોય.

આ માના સામૂહિક દીક્ષાંતનું અદ્ભુદ ઉદાહરણ છે.

આ જ રીતે જ્યારે ૧૯૭૦ માં હું અલ્હાબાદમાં કમિશ્નર હતો ત્યારે અર્ધકુંભ અવસરે મારે એનો પ્રબંધ કરાવવાનો હતો. એમાં અનેક મુશ્કેલીઓ નડી. એમાંની એક ઘટના કહું છું :

મુખ્ય સ્નાનના પહેલાં જ વરસાદ શરૂ થઈ ગયો, અને સંગમ-સ્થળે અત્યંત કાદવ-કીચડ થઈ ગયો. સ્નાન માટે બહુ જ ઓછી જગા બચી, આથી અખાડાઓમાં ઘણો ખળભળાટ થઈ ગયો. બધાને ચિંતા થઈ કે રખે ને ૧૯૫૩ જેવી અકલ્પિત દુર્ઘટના થાય ! મા મેળાસ્થળે આવી ગયાં હતાં. મેં દર્શન પણ કર્યાં હતાં, પરંતુ આવી દૈવી વિપત્તિના નિવારણાર્થે મેં પાસે જઈને માના વિશેષ આશીર્વાદ મેળવ્યા, જેથી પ્રકૃત્તિનું રૌદ્ર રૂપ શાંત પડ્યું અને અર્ધકુંભ એકદમ સુવ્યવસ્થિત રીતે પાર પડ્યો.

(૨)

આગરાના શ્રી યોગેશ શર્મા, જેઓ આશ્રમમાં રામાયણ-ગાન કરે છે, લખે છે :

કાનપુર, જે. કે. ટેમ્પલ, રાધાકૃષ્ણ મંદિર : આ જગાએ ભાગવત-સપ્તાહનું આયોજન હતું, માની ઉપસ્થિતિમાં. અમારા રામાયણ-પાઠનું આયોજન પૂજ્ય માના આદેશાનુસાર નક્કી થયું. આગરાથી અમે સહુ કાનપુર આવ્યા. પ્રાતઃસ્નાન, ધ્યાન કરીને પૂજ્ય માનાં દર્શન કરવા મામાજી (દાદા), માશી (માલતી ભાર્ગવ) અને બીજાં બધાં સાથે માના આવાસ બાજુ જવા નીકળ્યાં. રસ્તામાં એક પાનની દુકાને હું અને મારા માસા પં. ઉમેશ ઉપાધ્યાય પાન ખાવા રોકાયા, બીજા લોકો આગળ ચાલ્યા. પાન ખાઈને અમે જેવા થોડાક આગળ ગયા કે સામેથી મામાજી વગેરેને આવતા જોયા. મામાએ ક્રોધમાં કહ્યું, "તમારું પાન ખાવાનું એટલું જરૂરી હતું કે માનાં દર્શન છોડી દીધાં ? હવે ચાલો પાછા, મા તો અંદર ગયાં છે, રામાયણ પાઠ શરૂ કરવાનો છે."

અમને ખૂબ પસ્તાવો થયો, નિરાશા થઈ, પરંતુ અપરાધ બોધને લીધે કંઈ ન બોલી શક્યા, અને રામાયણ-પાઠ - આયોજન સ્થળ બાજુ ચાલવા માંડ્યા. એ દિવસોમાં મામાજી જ પાઠનો આરંભ કરતા. ગણેશ-વંદના થઈ, મામાજી વ્યાસાસન પર બેઠા અને હજી પૂજા થઈ ત્યાં તો એક કર્મચારી બનારસી પાનથી ભરેલી એક મોટી ટોપલી સાથે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હાજર થયો, બોલ્યો, "રાધાકૃષ્ણ ભગવાન માટે આવેલાં પાન પૂજ્ય માએ મોકલ્યાં છે, કહ્યું છે કે "આગરાકા બચ્ચા લોગ પાન બહુત ખાતા હૈ, વહાં રામાયણમેં દે આઓ."

(૩)

ન્યૂદિલ્હીના શ્રી જે. એન. ધમીજા, કે જેઓ વિદેશના ઍમ્બેસેડર રહી ચૂક્યા છે, લખે છે :

એક વાર વૃંદાવનમાં મંદિરની પાછળના માતૃ-આવાસની અગાશી પર હું મા પાસે એકલો બેઠો હતો. મારી ઉંમર ત્યારે પચાસની આસપાસ હતી. માએ મારી સામે દૃષ્ટિ ફેરવી (જાણે કે કહેતા ન હોય કે હવે તું ઘરડો થતો જાય છે!) અને પૂછ્યું, "સાધના ક્યારે કરીશ ?" હું એકદમ ચોંકી ગયો. મેં કહ્યું, "મા, આપ જે કરવાનું કહેશો તે કરતો રહીશ."

"વધારે જપ કરવાના આપું? અચ્છા, કાલથી પૂરો એક કલાક ધ્યાન કરજો." "એક આસનથી મારાથી નહીં કરી શકાય", પણ ધ્યાનનો આખા દિવસનો એક કલાક પૂરો થાય ત્યાં સુધી વચ્ચે સમય તૂટે તો તેની ગણતરી રાખવી એમ કહ્યું.

"ધ્યાન કેવી રીતે અને કોના ઉપર કેંદ્રિત કરવું ?" મેં પૂછ્યું માએ તે વિષે જરૂરી સૂચનો આપ્યાં.

ગમે તે થાય, મારે તો દરેક પરિસ્થિતિ અને વાતાવરણમાં માના આદેશનું પાલન કરવાનું હતું. આ પચીસ વર્ષ પહેલાંની વાત છે. આપમેળે જ સમય જતાં મારા ધ્યાનનો સમય વધતો ગયો, અને હવે મારે ગણતરી રાખવાની જરૂર નથી પડતી.

આદેશ આપવાની માની પોતાની આગવી રીત હતી. તમારી શ્રદ્ધા, દૃષ્ટિ અને પરિપક્વતાની સ્થિતિ અનુસાર માનું વર્તન થતું. મને જ્યારે જ્યારે મા પાસે એકાંત અવસર મળતો, ત્યારે હું પ્રશ્નો પૂછતો. એક વાર મા એકલાં હતાં અને મારી દૃષ્ટિ પ્રમાણે જોતાં સહેજ રમતિયાળ 'મૂડ'માં હતાં. આ પણ વૃંદાવનની એ જ અગાશી પર બન્યું.

"મા, મારે બુદ્ધ (ભગવાન) જેવા થવું છે." મેં કહ્યું.

પગથી માથા સુધી માએ મારી સામે જોયું ને કહ્યું, "તારે બુદ્ધ થવું છે ? (મા હિંદીમાં 'તુમ' કહેતા) તારી મનઃસ્થિતિ તો જો." ઘડીક અટકીને બોલ્યાં, "તુમ્હેં સબ કુછ કૈસે દિખતા હૈ?"

તને વિશ્વ કેવું દેખાય છે ? બસ, આટલું મારે માટે પૂરતું હતું. મેં ગંભીરતાથી વિચાર્યું અને સત્યનું એક નવું જ પાસું મારે માટે ખુલ્યું. એકાએક, વીજળીના ઝબકારાની માફક, મારી અંદર જ્ઞાન જાગ્યું, માના શબ્દોનો સાચો અર્થ સમજાયો.

મને વિશ્વ કેવું દેખાય છે ? મેં પૂછ્યું અને ચિંતન કર્યું.

(૪)

શ્રી બી. એન. લાહિરી (આઈ.પી. રીટાયર્ડ) લખે છે :

મારા જીવનની કેટલીક આનંદપૂર્ણ ક્ષણો મેં વર્ષોથી સ્મૃતિમાં સાચવી રાખી છે, જેમાંની અહીં જણાવું છું. ટૂંકમાં, ૧૯૪૭ના માર્ચ કે એપ્રિલ મહીનામાં હું ટૂરિંગ કરવા વારાણસી ગયો, ત્યાં મારા જૂના મિત્ર અને ડિવિઝનલ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કમિશ્નર શ્રી એસ. એસ. એલ. દારને મળવા ગયો. એમણે કહ્યું કે સાંજે એ ભદૈનીમાં માતા આનન્દમયીના આશ્રમમાં જવાના છે. મેં પણ સાંજે જવાની ઈચ્છા દર્શાવી, અને ગયો પણ ખરો.

અમે નિયત સ્થાને પહોંચતાં જ જોયું કે મા થોડાક ભક્તો સાથે આશ્રમને કિનારે જ વહેતી ગંગામાં નૌકાવિહાર માટે જવાની તૈયારીમાં હતાં. માએ અમને પણ સાથે આવવા કહ્યું. સંધ્યાકાળે ઠંડક હતી, શુક્લ પક્ષ હોવાને લીધે ચંદ્ર આકાશમાં ઊગીને શહેરને હળવા પ્રકાશમાં ન્હવડાવી રહ્યો હતો. અમે નૌકાના ઉપરના ભાગમાં બેઠા હતા, અમારી વચ્ચે મા હતાં, નદીના જળમાં નૌકા સરળ ગતિથી ઉપર-નીચે સરી રહી હતી, જરીકે અવાજ કે ગણગણાટ સુદ્ધાં નહીં, ધીમા ધીમા પવનની લહેરીઓ મોઢાને સ્પર્શી જતી હતી.... આ બધું સ્વર્ગીય લાગતું હતું. માની સામે બેઠેલા ભાઈ હારમોનિયમ લઈને ગાતા હતા. એ ભજનોમાં બધું મા વિષે જ હતું. અને મા અચલ સ્થિર બેઠાં હતાં, મુખ પર સદાનું આછું સ્મિત, એવું લાગતું હતું જાણે દિવ્યતાની સાક્ષાત્ મૂર્તિ ચારે બાજુ પ્રકાશ ફેલાવી રહી છે. માની ઉપસ્થિતિ જ પવિત્રતાનો અનુભવ કરાવતી હતી. સંગીત સિવાય સંપૂર્ણ નિ:સ્તબ્ધતા હતી.

લગભગ કલાકેક આ ચાલ્યું. અમે અભિભૂત થઈને બેસી રહ્યાં, જાણે બીજા લોકમાં અનંત શાંતિમાં ડૂબીને બધું સ્વપ્નવત્ હતું.

બધાના વીખરાતા પહેલાં અમારામાંથી કેટલાકે માને પ્રશ્નો પૂછ્યા જેના ઉત્તર માએ હંમેશની જેમ અદ્‌ભુત સુંદર આપ્યાં. મને યાદ છે શ્રી દારે પૂછ્યું કે માના હોવા છતાં ચારે બાજુ સંસારમાં આટલી હિંસા કેમ થાય છે, જેના ઉત્તરમાં માએઆવું કંઈક કહ્યું કે બાબા, આપણે યાદ રાખવું જોઈએ કે આપણાથી બંન્ને પક્ષનું સંપૂર્ણ ચિત્ર દેખાતું નથી. (માનો ચોક્કસ ઉત્તર શો હતો તે ખબર નથી.)

કહેવાય છે કે જીવન માત્ર અનુભવોની શ્રૃંખલા છે. હમણાં મેં જે કહ્યો તે એમાંનો જ એક છે, આજથી લગભગ પચાસ વર્ષ પહેલાંનો, છતાં મારી સ્મૃતિમાં એકદમ તીક્ષ્ણ અને સ્પષ્ટ.

(૫)

મા વૃંદાવનમાં વિરાજતાં હતાં. એક દંપતિ-દિલ્લી કે મથુરાથી - નાના બાળકને લઈને ત્યાં આવ્યું. એ દંપતિએ અમુક બાધા રાખી હતી જેમાં બાળકને લઈને શ્રીનાથજી દર્શન અને પ્રણામ કરાવવાના હતા. એટલામાં ખબર પડી કે મા વૃંદાવન આવ્યાં છે એટલે બાળકને વૃંદાવન લઈ આવ્યા.

માને પ્રણામ્ કરીને એ લોકોએ કહ્યું કે શ્રીનાથજી જવાનું હતું, પરંતુ અમારે મન તો આપ જ શ્રીનાથજી છો, આશીર્વાદ આપો.

તરત જ માએ પોતાની બાજુમાં પડેલું શ્રીનાથજીનું જ કેસરી કપડું માથા પર મૂકી દીધું ને કહ્યું, લો યહ શરીર શ્રીનાથજી બન ગયા.

(૬)

વૃંદાવનની જ બીજી વાત છે. એક પતિ-પત્ની મા પાસે આવ્યાં, કાતરભાવે, કારણકે એમનો દીકરો ખોવાઈ ગયો હતો. મા તો કહ્યા જ કરે છે કે ભગવાન છોટી વિપત્તિ દેકર બડી વિપત્તિ દૂર કરતે હૈં. માએ એક સત્ય ઘટના સ્વમુખે સંભળાવી, (ઉપરાંત એ પતિ-પત્નીને પણ એવું કંઈક કહ્યું કે એ છોકરો પણ કદાચ એવી રીતે મળી જાય.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માએ કહેલી ઘટના આ પ્રમાણે છે :

બનારસમાં માના ભક્તનો એક છોકરો ગંગાજીમાં સ્નાન માટે ગયો. ડૂબકી મારી પછી પાછો ઉપર ન આવ્યો. ખૂબ શોધ-ખોળ કરી પણ કંઈ પત્તો ન લાગ્યો. માએ કહ્યું કે વિંધ્યાચલના તાંત્રિકો ગંગામાં નાવ ઉપર ફરતા હોય છે બલિ માટે બાળકોની શોધમાં. અમુક સમયે પાણીમાં ડૂબકી લઈને અંદર તરતા હોય છે. આ છોકરાને એવો એક તાંત્રિક, જેને બલિની ક્રિયા કરવાની હતી, ઉપાડી ગયો. છોકરાને આંખે પાટા બાંધીને મોડી રાત્રે બલિ માટેની પૂજા તથા બીજી ક્રિયાઓ કરવા વિંધ્યાચલમાં કોઈ ગુફામાં કે કોઈ સ્થાને જ્યાં વિધિ થતી હતી, લઈ ગયા.

આ છોકરો જ્યારે નાનો હતો ત્યારે ઝાડ પર ચઢીને તીરકામઠાંની રમત રમતો હતો. બીજા છોકરાએ તીર છોડ્યું તે બરાબર આની આંખમાં વાગ્યું. ત્યારથી એની એક આંખ જતી રહી. આ બાજુ બલિ માટે પૂજાની ક્રિયા કરવા છોકરાની આંખેથી પાટો ખોલવામાં આવ્યો. સ્નાનવિધિ માટે જપ રેડતાં અચાનક એની આંખ વિષે ખબર પડી. તરત છોકરાને તાંત્રિકોએ છોડી દીધો. એમને તો તાબડતોબ બીજા છોકરાની જરૂરિયાત ઊભી થઈ, તેથી આ છોકરાને જંગલમાં છૂટો મૂકી દીધો. એ લોકો માટે અંગહાનિવાળો આ છોકરો નક્કામો ઠર્યો!

છોકરાને શું બની ગયું કંઇ ખબર ન હતી, કારણ એની આંખે પાટા બાંધીને લાવવામાં આવ્યો હતો. રાત્રિના અંધકારમાં જંગલમાં એને એક સ્થાન દેખાયું. એના માતા-પિતા સાથે પહેલાં આવ્યો હોવાથી એણે જગા ઓળખી કાઢી. (આ વાત કહેતાં કહેતાં મા બોલ્યાં કે છોકરો આપોઆપ બોલી ઊઠ્યો કે ''એટા આનન્દમયી માયેર આશ્રમ')" અર્થાત્ આ તો આનન્દમયી માનો આશ્રમ છે.

ત્યાર બાદ એને ઘેર પહોંચતો કર્યો. આ રીતે નાનપણનો અકસ્માત એને મૃત્યુના મુખમાંથી છોડાવનાર નીવડ્યો.

(૭)

શ્રી શ્રી માએ એક વાત કહી હતી. એક રાજા હતો જેણે કદી આધ્યાત્મિક ક્ષેત્રમાં કે સત્સંગ સુદ્ધામાં રસ લીધો ન હતો. સત્સંગ પ્રત્યે અણગમો હતો. પણ રાણીને રસ હતો. એક દિવસ કોઈ સાધુ-મહાત્મા ફરતા ફરતા ભિક્ષા માટે ત્યાં આવી પહોંચ્યા. રાજા-રાણીએ ખૂબ આગતા-સ્વાગતા કરીને ભોજન લેવાનું કહ્યું. મહાત્માએ પૂછ્યું, ''સત્સંગ કરો છો ?'' બંન્નેએ ના પાડી. મહાત્મા ઊભા થઈને ચાલવા લાગ્યા. રાજાએ રોક્યા ત્યારે બોલ્યા, ''જેને ત્યાં સત્સંગ ન થતો હોય ત્યાં હું ભિક્ષા લેતો નથી.''

રાણી ઊભાં થઈને મહાત્માની પાછળ પાછળ ચાલવા માંડ્યા. થોડુંક ચાલીને રાણીએ મહાત્માને કહ્યું ''મહારાજ પાછા આવો. હું તમારી સાથે સાત ડગલાં ચાલી છું. મેં સાંભળ્યું છે કે મહાત્મા સાથે સાત ડગલાં ચાલવાથી સત્સંગ થાય છે.'' મહાત્માએ સહર્ષ ભિક્ષા લીધી.

આવો છે સત્સંગનો મહિમા તથા સંતનો મહિમા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અભ્યાસનું ફળ

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં અભ્યાસયોગને ઘણું મહત્ત્વ અપાયું છે. અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન કરે છે, "હે મધુસૂદન તમે યોગની જે સ્થિતિ દર્શાવી છે તેને હું શક્ય નથી માનતો, કારણ કે મનની આવી ચંચળ સ્થિતિને સ્થિર કેમ કરાય ? વાયુને જેમ વશમાં રાખવો અઘરો છે, તેમ ચંચળ મનને વશવર્તી કરવું પણ દુષ્કર છે."

શ્રી ભગવાન કહે છે :

"હે મહાબાહુ અર્જુન ! ચોક્કસ જ મન ચંચળ અને વશમાં લાવવું અઘરું છે, તેમ છતાં અભ્યાસથી અને વૈરાગ્યથી વશમાં લાવી શકાય છે. જેઓ અસંયમી છે, તેમને માટે યોગ દુષ્પ્રાપ્ય છે. પરંતુ જેઓ મનને વશમાં રાખી શકે તેઓ માટે પ્રયત્નથી તથા ઉપાયોથી આ શક્ય છે."

શ્રી શ્રી માને શ્રીમુખેથી ઘણી વાર સંભળાતું, "જુઓ, આપણે એકમાં જ છીએ. એક એક પગ મૂકીને ચાલવું પડે છે, એક એક ગ્રાસ કરીને ખાવું પડે છે, એક એક કરીને અક્ષર લખવા પડે છે."

"એ જ દિશામાં ચાલતા રહો, અટકશો નહીં. અટકીને ન જોતા કે હું ક્યાં સુધી આવ્યો."

"જમીન તૈયાર હોવી જોઈએ. તેથી જ તો જેટલો પ્રયાસ એવી તૈયારી હોવી જોઈએ (કે) બીજ પડતાં વેંત ઝાડ ઊગીને ફળ-ફૂલોથી સુશોભિત થઈ જાય."

ક્યારેક મા બંન્ને હાથે તાળી પાડીને કહેતાં, "બનત બનત બન જાયે."

અર્થાત્ અભ્યાસ કરતાં જ રહેવું જોઈએ, ફળ સ્વતઃ પ્રગટ થાય છે.

એક વાર માતાજી સોલન (શિમલા)માં હતાં. મોતી નામનો એક કૂતરો દરરોજ નિર્દિષ્ટ સમયે પ્રસાદ લેવા આવતો. મા પોતાના શ્રીહસ્તે પ્રસાદ આપતાં. એક દિવસ મોતી વિષે મા વિવિધ વાતો કરતાં હતાં. મા જ્યારે બાજિતપુરમાં હતાં ત્યારે ત્યાં ટમટમ નામનો એક કૂતરો રહેતો હતો. તે દિવસોમાં માની સાધનાની લીલાઓ ચાલતી હતી. મા રાત્રે બેઠાં તો ઘણી વાર સવાર પડી ગઈ. રાત્રે કદાચ જો મા બહાર જાય તો કોણ જાણે ક્યાંથી આવીને ટમટમ જોડે થઈ જતો. મા જો તળાવ બાજુ જાય અને રસોડું ખુલ્લું હોય, બધો સામાન ખુલ્લો પડી રહ્યો હોય, ત્યારે ટમટમ પૂરેપૂરો પહેરો ભરતો, પરંતુ કદાપિ કોઈ વસ્તુને મ્હોં નહોતો લગાડતો. પાછલો જન્મ એણે ગરીબોને ત્યાં પસાર કર્યો, આ જન્મે રાજાને ત્યાં આવ્યો છે. માની વાતોમાંથી સમજતાં વાર ન લાગી કે આ મોતી જ ગયે જન્મે ટમટમ હતો. દરરોજની માફક જ્યારે તે દિવસે એ પ્રસાદ લેવા ન આવ્યો ત્યારે એનો પ્રસાદ બાજુએ મૂકી રાખવામાં આવ્યો. આ જોઈને માએ કહ્યું, "જુઓ, અભ્યાસનો કેવો ગુણ છે. એ રોજ આવે છે, તેથી આજે જ્યારે નથી આવ્યો તો પણ એનું ફળ ઉપસ્થિત છે. પરંતુ જો એ આજે ન આવે તો એને માટે કાલે તમે લોકો કંઈ ન મૂકતા. જો અભ્યાસ છોડી દો તો શક્તિ પ્રગટ થતી વખતે પ્રત્યાઘાત પામીને પાછી વળી જાય છે."

અભ્યાસના ગુણથી તો મોતીનો ઉદ્ધાર થઈ ચૂક્યો હતો. એક દિવસ એ મોટરની એડફેટમાં આવીને આહત થયો, એને આશ્રમના વરંડામાં સૂવડાવ્યો. ઘણી ગંભીર હાલત હતી. માતાજી નિત્યની જેમ એને રસગુલ્લા ખવડાવવા ગયાં, પણ આગ્રહ ન દેખાડ્યો. માત્ર માની આંગળીઓ ચાટતો ગયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂજ્ય સ્વામીજીની કલમે

પ્રવાસનું વિહંગાવલોકન

- પૂજ્ય સ્વામી ભાસ્કરાનંદજી

(માતૃભક્તોના અતિશય આગ્રહથી તથા આમંત્રણથી પૂજ્ય સ્વામીજીએ સમ્મતિ આપ્યા બાદ સ્વ. શ્રી રમેશભાઈ પટેલે પૂજ્ય સ્વામીજીના અમેરિકા, યુ.કે. તથા યુરોપના પ્રવાસનું અત્યંત કાળજીપૂર્વક આયોજન કર્યું હતું જેનો અહેવાલ સ્વ. શ્રી રમેશભાઈ પટેલના જ શબ્દોમાં પાછલા બે અંકોમાં આપવામાં આવ્યો હતો. હવે પૂજ્ય સ્વામીજીની પોતાની વાણીમાં એ પ્રવાસ વિષે :)

શ્રી શ્રી મા કહે છે :

૧. એકમાં અનંત, અનંતમાં એક.

૨. સબમેં હી સબ (સર્વમાં સર્વ)

૩. સર્જક અને સર્જન

૧. વિશ્વબ્રહ્માંડ વિશ્વાતીત અનંત અને અખંડ છે, છતાં તેમાં કેટલી વિવિધતા અને વૈચિત્ર્ય, જોતાં વિશ્વ રચનારની મહાનતા અને જીવની અલ્પજ્ઞતા, સાથે પિંડે તે બ્રહ્માંડની અંતદષ્ટિ પ્રાપ્ત થાય છે.

આ વિદેશના પ્રવાસમાં અમેરિકાની યાત્રામાં બે દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. એક તો ત્યાંની ભોગભૂમિ - તથા બાહ્ય ભોગનાં સાધનો, સ્વર્ગ જેવાં પ્રલોભનો અને તેના કાદવમાં ખુંપી ગયેલો જીવ તે બાહ્ય આકર્ષણથી ધીમે ધીમે એવી રીતે ખુંપી જાય છે કે ઈચ્છા થવા છતાં તે છુટી શકતો નથી, અને સ્વયં રચેલી કરોળિયાની જાળમાં બંદી થતો જાય છે. વળી આ જ સત્ય છે એવા ભ્રમમાં ઊંડો ઊતરતો જાય છે. આમ પોતાની સાચી સંસ્કૃતિને ભૂલીને ત્યાંની સંસ્કૃતિને અધીન થઈ જાય છે. આ એક અવિદ્યાની દૃષ્ટિ છે.

બીજી દૃષ્ટિએ, આ જગતમાં વૈજ્ઞાનિક ઉન્નતિ, વ્યાવહારિક શુદ્ધિ અને પરમાત્મા ભગવાનની અનંતતાનો અણસાર - આ બધાંની ઝલક દેખાય છે. વ્યક્તિ બહિર્ખોજમાં એટલો ગંભીર રીતે ઊતરતો જાય છે, તેમાંથી અનંતની ખોજમાં અનંતનો આભાસ થાય છે અવશ્ય, તે પ્રાપ્તિ ભૌતિક દૃષ્ટિએ જેટલી મહાન છે તેટલી જ સૂક્ષ્મ દૃષ્ટિએ મનુષ્યમાં અંતર્હિત જે સુપ્ત શક્તિના એક આંશિક ભાગથી સર્જન બ્રહ્માંડની એકતાની દૃષ્ટિ અમુક અંશે પ્રાપ્ત થાય છે. આવી નાની નાની શોધો - રીસર્ચ માં કેટલી ગહન પ્રાપ્તિ અને પરિણામ, તે વિજ્ઞાન - કલા - કારીગરી - સંગીત - પ્રાણી (જળ-સ્થળ)ની વિચિત્રતાના અભ્યાસથી માનવ ખરેખર મૂક થઈ જાય છે; અને શ્રી શ્રી માની વાણી "અનંતમાં એક અને એકમાં અનંત"નો ખ્યાલ આપે છે. "અનેકરૂપરૂપાય વિષ્ણવે પ્રભવિષ્ણવે". આ આધ્યાત્મિક દૃષ્ટિથી એક સીમાબદ્ધ દૃષ્ટિને અસીમ અનંત તરફ અંગુલિનિર્દેશ કરાવે છે. શ્રી શ્રી મા ના એકાતાના સૂત્ર "બિંદુ સિંધુ"ની અનુભૂતિ કરાવી જાય છે. આ વિષે સંક્ષેપમાં "એકમાં અનંત અને અનંતમાં એક" આ દૃષ્ટિ જીજ્ઞાસુ સાધક માટે મહત્ત્વની છે.

૨. "સબમેં હી સબ", "રૂપ - અરૂપ - નામ - અનામ - ભોગ - યોગમાં એક તે તત્" રૂપે વિરાજમાન છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકલા ભારતવર્ષમાં જ કેટલી વિચિત્રતાઓ - જાતિ - ભાષા - સંસ્કાર - રૂપ - રંગ - આ જ રીતે બે મનુષ્યોનાં બે મુખ પણ એક સરખાં નથી. સ્વભાવ - પ્રકૃતિ અલગ, તે જ પ્રમાણે અમેરિકા હોય કે યુરોપ, તેમાં પણ વિવિધતા - મહાન સમુદ્રો, મનુષ્યે સર્જન કરેલું વિજ્ઞાનનું વૈચિત્ર્ય - આમાં માનું સૂત્ર જોતાં માનવ વામન જેવો જ લાગે છે, અને જગત વિરાટ 'વિશ્વરૂપ' જેવું લાગે છે. આ એક અનૂઠી દૃષ્ટિ છે. "સબમેં સબ". તમસમાં પણ સત્ત્વગુણ હોય છે, તેનું પ્રમાણ આ ભૌતિક દેશમાં છે. ત્યાં સંત પ્રકૃતિના, વિવેકી, ભગવત્-પરાયણ, જીજ્ઞાસુઓ છે. કેટલાકની અનુભૂતિ વિષે સાંભળીને દંગ થઈ જવાય છે કે ભગવાનની કૃપા ક્યાં અને કોના પર વરસે છે તે કહેવું મુશ્કેલ છે. ત્યાંના ખ્રિસ્તી સંતોનાં સ્થાનો - સંત ફ્રાંસિસ ઓફ અસિસી અદ્‌ભુત છે. પ્રાણીમાત્ર માટે આત્મિક પ્રેમ તેનું જ્વલંત દૃષ્ટાંત છે. સંતો બધે જ થયા છે. ત્યાંના સંતોનું તપશ્ચર્યાપૂર્ણ જીવન જોતાં ઋષિ-મુનિઓનાં જીવનનો ખ્યાલ આવે છે. આમાં માત્ર પુરુષો નહિ, સ્ત્રીસંતોનાં જીવન પણ ઉલ્લેખનીય છે. રોમમાં ફ્લૉરેન્સનાં કલાકૃતિ સમાં કલાત્મક ચર્ચોની ભવ્યતા જોઈ સર્જક સામે નતમસ્તક થઈ જવાય છે. ફ્રાન્સમાં જે પ્રાચીન શિસ્ત અને અનુશાસન હતાં, તે હવે પહેલાં જેવાં નથી, પરંતુ આંશિક ભાગ હજી છે. ઈંગ્લૅંડના માણસો 'રીઝર્વ' હોય છે, પરંતુ એક વાર મળ્યા બાદ પ્રેમી બની જાય છે. જ્યારે ફ્રાન્સમાં ભારતવર્ષની જેમ ભાવુકતા અને સમર્પણ (ડેડીકેશન)નો ભાવ જોવા મળ્યો, છતાં જીજ્ઞાસુઓ પણ છે. બધે જ પ્રાચીન કૃતિઓમાં યત્ન કરી રાખ્યો છે તે અનુકરણીય છે.

૩. સર્જક અને સર્જન. અમેરિકાનું સર્જન - ફૂલોનું હોય કે અવકાશયાનનું હોય કે ફૉર્ડની મોટર કંપની આધુનિક કૃતિના આ સર્જનથી જ આશ્ચર્યચકિત થઈ જવાય છે તે પરમ સર્જકની મહાનતા કેવી ?

"ભગવાનની કૃપા હંમેશા વરસી રહી છે." - મા

અંદરના શત્રુથી ગભરાઓ નહિ. ભગવાન પર ભરોસો રાખો. આત્મામાં સત્સાહસ અને આત્મનિર્ભરતા પેદા કરો. પ્રલોભનોને પછાડી દો. ભગવાન મંગલમય છે. ભગવાનનો વરદ હસ્ત માથા પર છે, અને અનુભવ કરો કે તેઓ સદા રક્ષણ કરવા માટે તૈયાર છે, તેઓ નિત્ય તમારી સાથે છે પછી ભય અને નિરાશા શેની ?

હિમ્મત હારશો તો ભય છે કે અંદરના શત્રુઓ પથભ્રષ્ટ કરવાની કોશિશ કરશે. સાવધાન ! અટલ રહો. ભગવાનની કૃપા વરસી રહીં છે, એમાં સ્નાન કરી પાપ-તાપ ધોઈ નાખો. ભગવત્કૃપા સિંધુના મધુર જળથી શીતળ શાંત થઈ જાઓ. આનન્દમય, શાંતિમય, પ્રેમમય સ્વયં થઈ જાઓ. વિશ્વાસ રાખો, જે વિશ્વાસ રાખશે તે ન્યાલ થઈ જશે. આ સત્ય છે, સત્ય છે, સત્ય છે. બનાવટ નથી.

શ્રી માતા. શિવની નિજાત્મશક્તિ. શ્રી માતા પરમાત્મ પ્રકાશથી યુક્ત છે. માતા મહિમામયી છે. સર્વપ્રથમ માતાનું સ્મરણ બાળકને થાય છે. આપણે માટે એનું વાત્સલ્ય, નિઃસ્વાર્થ સેવા અને અવિરત આશીર્વચનો વરસી રહ્યાં છે. બાળકનો પ્રથમ જન્મ જન્મદાત્રી માતા પાસે થાય છે, તેમ જ એનો આધ્યાત્મિક નવજન્મ માતૃઅંકે થાય છે. આવા પાર્થિવ સંબંધને ચિન્મય કરતી સહજતા છે, તેથી જ 'મા' એ એક જ અક્ષરનું નામ-રટણ કરતા બંગાળના બાઉલ સાધકો કહે છે :

"જે દિન જન્મ સેઈ દિન આમિ દીક્ષા પેયે છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક અક્ષરેર મંત્ર, માયેર ભિક્ષા પેયે છે."

જે દિવસે જન્મ થયો, તે દિવસે જ મને દીક્ષા મળી, એકાક્ષરી મંત્ર મળ્યો. - "મા".

માનવને જન્મ સાથે જ માનું દૂધ મળ્યું, પ્રેમનાં આંસૂ મળ્યાં, પ્રાણની ધારા મળી, આ વારસો જ તેને વિશ્વજનની બનાવે. માતા પોતાની ચિદશામાંથી આ ચરાચરને સર્જે છે -

આપો જ્યોતિઃ ....

પરમાત્મા આપણા મનને જાણવા છતાં, આપણી ન્યૂનતાના જ્ઞાતા છતાં આપણા દોષોને માની માફક ક્ષમા આપી રહ્યા છે. દરેક વ્યક્તિ જો અંતર-અવલોકન કરે તો પોતાના આચરણ અને વિચારગતિ તરફ જુએ તો ખબર પડે કે પરમાત્માએ કેવી ક્ષમા આપી છે. સંસારમાં જેટલી ક્ષમા મા આપે છે તેટલી જ ક્ષમા કેવળ પરમાત્મા આપી શકે. ક્ષમા શબ્દમાં "મા" ન હોત તો એમાં ક્ષમાનો ગુણ પણ દેખાતો ન હોત. ક્ષમા - મા - પરમાત્મા આ ત્રણે શબ્દો એક જ ધારાની જેમ પ્રવાહિત છે - વહ્યા કરે છે.

"कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति"

આપણી શ્રેષ્ઠતા, વિશેષતાનું જો સંશોધન કરીએ તો સમજાશે કે વિશ્વમાં સાત્ત્વિકતા પ્રત્યે લઈ જવામાં કેવળ માનો જ હાથ છે, જો "મા" ન હોય તો આ સમસ્ત સંસાર તમોગુણ વડે જ ઉભરાઈ જાત.

માનો આદર જેટલો કરવો જોઈએ તેટલો નથી કરી શકાતો. આ માતૃશ્રદ્ધાને જો ફરીથી જગાડી શકાય તો આપણા અડધા અપરાધ તો માત્ર માતૃસ્મરણથી જ દૂર થઈ શકે.

વેદોમાં પ્રથમ ઉદ્‌ઘોષ છે :

"मातृदेवो भव।"

જે થયું તે સારું થયું.
જે થઈ રહ્યું છે તે સારું થઈ રહ્યું છે.
જે થશે તે પણ સારું થશે.
તમારું શું ગયું તે તમે રડો છો ?
તમે શું મેળવ્યું કે જે વેડફી નાખ્યું ?
તમે જે મેળવ્યું તે અહીંયાથી મેળવ્યું.
જે આપ્યું તે અહીંયાથી જ આપ્યું.
જે આજે તમારું છે, કાલે કોઈ બીજાનું હતું.
પરમ દિવસે કોઈ બીજાનું થશે
પરિવર્તન સંસારનો નિયમ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"વિરોધમાં અવિરોધનું દર્શન તે જ્યાં મહાપ્રકાશ ત્યાં જ સંભવ." - મા

શ્રોતા અને વક્તા વચ્ચે મનનો સુમેળ સ્થાપીને ઉરના ઉમંગને અળગો કરવાની પરંપરા ચાલી આવે છે તેનું નામ જ હરિકથા કહીએ તો ખોટું.

પોતાના પીડનારને ન પીડે કે પાડે તે છે પ્રશાંત.

વિરોધીમાં પણ જે વિષ્ણુને જુએ એ છે સહિષ્ણુ.

સમય અને સમજ આ બંન્ને અતિ મૂલ્યવાન છે.

સદય વસ્તુનું મૂલ્યાંકન છે વદન અને નયન.

રણ-સંગ્રામમાં જીતે તે છે, શૂરવીર, પરંતુ જીવનયુદ્ધમાં મૃત્યુનો મુકાબલો કરી શકે તે છે મહાવીર.

જીવન સદાચારથી જ શોભે છે.

"પૂર્વજન્મમાં કરેલાં પુણ્યો જ વનમાં, રણમાં, શત્રુઓથી, જળમાં, અગ્નિમાં, મહાસમુદ્રમાં, પર્વતના શિખર પર, સુપ્તાવસ્થામાં, અસાવધાનીમાં અને સંકટ-સમયમાં મનુષ્યની રક્ષા કરે છે."

- નીતિશતક - ૯૮

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગંગાવતરણની ગ્રામ-અંચલની

એક પ્રચલિત કથા

- પરિવ્રાજક

ભારતના ગ્રામાંચલોમાં કેટલીક કથાઓ યુગ યુગાંતરથી લોકમુખે પ્રચલિત છે, એનો અંત નથી. ઉત્તર ભારતના એક પહાડી ક્ષેત્રના ગ્રામાંચલની આ કથા છે. ભારતની આધારસ્વરૂપ પ્રાણશક્તિ માતા ગંગાના ધરાવતરણની આ આખ્યાયિકાને રામાયણના મૂળ ઉપાખ્યાન સાથે સંબંધ કદાચ ન હોઈ શકે.

શ્રૃંગેરપુરમાં મકરવાહિનીનું મંદિર છે, જેને વિષે લોકોક્તિ છે તથા તુલસીદાસકૃત 'રામચરિતમાનસ'માં પણ વર્ણન છે કે સ્વયમ્ રામચંદ્રજીએ વનવાસગમનના પથમાં આ મકરવાહિની ગંગા-મંદિરમાં પૂજન કર્યું હતું. તે સમયથી આ તીર્થ પ્રખ્યાત થયું. દેવલોક-આદેશથી વિશ્વકર્માએ મંદિરની સૃષ્ટિ કરી એમ કહેવાય છે.

લોકકથા અનુસાર ભારતના ઉત્તરાંચલમાં નગાધિરાજ હિમાલયનો વાસ છે, જેનાં હિમાચ્છાદિત સુવર્ણમંડિત શિખરોના ઐશ્વર્યની સીમા નથી. ફળ-ફૂલથી લીલાંછમ જંગલો અને આકાશચુંબી ઉત્તંગ શિખરોથી એ શોભે છે. એમની એક પ્રિયદર્શના પુત્રી છે નામે ગંગા કે જે અનેક રૂપો ધારણ કરવાની શક્તિથી સંપન્ન છે. કોઈ વાર નીલાકાશમાં રાત્રે તારામંડળમાં દીપ્તિમાન્ થાય તો કોઈ વાર મેઘો સાથે રમતાં સૂર્યને હાથ દઈ ઢાંકી દે, કોઈ વાર મેઘોના કણોરૂપે છાંટણાં કરી ધરાને સ્નિગ્ધ કરી દે તો કોઈ વાર નદીરૂપે ધરતીને અન્ન-ઘાસથી પલ્લવિત કરી દે અને નીચે સમતલ ભૂમિને જલાપ્લાવિત કરી દે.

એના દૈવી ઐશ્વર્યથી ભારત સમૃદ્ધ તથા આનન્દપૂર્ણ સ્થાન બની ગયું. કાળની ગતિ અનુસાર નગાધિરાજ-કન્યકા તરુણાવયમાં પ્રવેશી. એના દેહની દીપ્તિથી વાતાવરણ પ્રકાશિત થતું. એના કંઠમાંથી સંગીતની ધારા પ્રવાહિત થતી (તેથી એનું એક નામ સુરધુનિ પણ છે.) આમ પ્રિય પુત્રીની મહિમા નીરખીને પિતાનું મન આનંદિત થઈ જતું.

સ્વર્ગના કોઈ કુમારે આ રૂપવતી, ગુણવતી, ઐશ્વર્યમયી કન્યાના પાણિગ્રહણ માટે નગાધિરાજને પ્રાર્થના કરી. સ્વર્ગનો એ દેવકુમાર પણ રૂપ-યૌવન-બળમાં અનુપમ હોવાથી કન્યાના પિતાએ સંબંધ સ્વીકાર્યો. લગ્ન-સંસ્કાર કર્યા પછી પ્રાણસ્વરૂપા પુત્રીને પિતાએ સ્વર્ગમાં વિદાય કરી.

ગંગાના જવાથી હિમાલય જાણે દિક્ભ્રાંત થઈ ગયો. એની ભૂમિ પર પશુ-પક્ષી પણ જાણે કંઈક અતિ પ્રિય વસ્તુ છીનવાઈ ગઈ હોય તેમ આકુળ-વ્યાકુળ થઈ ગયાં. નદીરૂપે નિત્ય પ્રવાહિત ગંગાને અભાવે શસ્યશ્યામલ ખેતરો મરુભૂમિ જેવાં થઈ ગયાં, ચારે કોર ફળ-ફૂલ-અન્નનો અભાવ વરતાઈ રહ્યો, જીવ-જગતમાં હાહાકાર થઈ ગયો. સહુએ એકત્રિત થઈ દીન ભાવે નગાધિરાજને વિનંતિ કરી કે અમારી કન્યાને પાછી બોલાવો નહીં તો ભીષણ દુકાળ પડશે. પ્રજાને મરણાસન્ન જોઈ પિતાએ પુત્રીને સંદેશો પાઠવ્યો કે થોડા દિવસ પિતુગૃહે આવીને રહે.

પરંતુ સ્વર્ગનાં સુખ-ભોગ-સંગીતમાં મત્ત કન્યાને પૃથ્વી પર લાવી શકાઈ નહિ.

આ બાજુ લોક સમુદાયે વિચારણા કરી કે હવે શું કરવું. એક વયોવૃદ્ધ અનુભવી વડીલે સૂચન કર્યું: હિમાલયના એક ભાગમાં કિન્નર રાજાનું શાસન છે, એમનો રાજકુમાર શક્તિસંપન્ન છે અને સંગીતના સૂરોથી સ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અચરને પ્રભાવિત કરે છે, એની પાસે જઈ બધાંએ પોતાના દેશની ઘોર દુર્દશાનું વર્ણન કરવું. તરત એ પ્રમાણે અમલ કરવામાં આવ્યો. કિન્નરકુમારે કહ્યું, "હું પ્રયત્ન કરું છું, પછી બધું દૈવાધીન."

રાજકુમારે બંસરીના સ્વર છેડ્યા, વાતાવરણ ગુંજી ઊઠ્યું, પશુ-પક્ષી અપલક દૃષ્ટિએ જોઈ રહ્યાં, ગાયોનાં આંચળો દૂધથી ઉભરાઈ ગયાં, સિંહની ચાલમાં ગતિ આવી, સ્વરો પૃથ્વી પરથી ગગનમંડળને ભેદીને સ્વર્ગ સુધી પહોંચ્યા. સહુ મંત્રમુગ્ધ, તલ્લીન, તન્મય ! ગંગાને કાને આ સ્વરો પડ્યા. એનું ગાન અટકી ગયું, વીણા છૂટી ગઈ, બંસરીના સ્વરોના અસ્વાભાવિક આકર્ષણથી જેમ સંગીતથી સર્પ ખેચાંય તેમ સ્વરના તરંગે તણાઈને સ્વર્ગથી મૃત્યુલોક સુધી અનુસરણ કરતી આવી પહોંચી. ચિર પરિચિત હિમાલયની એક શિલા પર બેઠેલો કિન્નરકુમાર એક પછી એક સ્વર-વર્તુળો જમાવતો જાય છે. ગંગાનું આગમન એને અજાણ્યું ન રહ્યું, અને ધીમે ધીમે એ સંગીતસ્વરૂપ પુરુષ ત્યાંથી ઊભો થયો. એકાએક તીવ્ર વેગે ચાલવાનું શરૂ કર્યું. હિમાલયના કાળા મેશ પત્થરોની સાંકડી કેડીઓ ઓળંગી, સમતલ ભૂમિમાં આવ્યો. લોહચુંબકથી આકર્ષાયેલાની જેમ ગંગા કિન્નરકુમારને પકડવા એની પાછળ પાછળ ચાલી, પણ કેમે કરી એ પકડમાં ન આવે. આ રીતે અનેક વન-ગ્રામમાંથી પસાર થતો કુમાર દૂરનો દૂર ચાલ્યો જાય છે, પાછળ પાછળ ગંગા એનું અનુસરણ કરે છે. મેદાનમાં ઊતરી કાશીક્ષેત્રે થઈ અંગ, મગધ, વીંધીને કુમારે બંગદેશમાં પ્રવેશ કર્યો. પાછળ અસ્ખલિત પ્રવાહે ગંગા ચાલી આવે છે. જ્યાં જ્યાંથી એ બંન્ને પસાર થયાં ત્યાં ત્યાં લોકો કળશો ભરી ભરીને જળ લઈ જવા માંડ્યાં, બાળકો જળમાં સ્નાન કરી આનંદ-પ્રમોદ કરવા લાગ્યાં, ખેડૂતો તરસી ધરતીને જલસિક્ત કરી ધાન્ય રોપવા લાગ્યા, વૃક્ષો જલપાન કરીને નવપલ્લવિત બન્યાં, લીલાંછમ રંગબેરંગી ફલ-પુષ્પોથી ભૂમિ ઉભરાઈ ગઈ, ગાય-ભેંસો ને સમસ્ત પશુધન લીલું ઘાસ ચરી પુષ્ટ થયું.

કિન્નર કુમાર સાગર સામે આવી પહોંચ્યો. મનમાં એક વિચાર-તરંગ ઉઠ્યો કે જો હવે અટકશે તો ગંગા પકડી પાડશે, ને બધો પ્રયાસ નિષ્ફળ જશે. તેથી લોકહિતના ભાવે એણે સાગરમાં ઝંપલાવ્યું. ગંગા પણ કુમારને અનુસરીને સાગરમાં ભળી ગઈ.

આ છે લોક-આખ્યાયિકા. ભલે એ કાલ્પનિક હોય, પરંતુ સાધનાની એક પરમ ચરમ અવસ્થાનું પ્રતિબિંબ છે. સાધક મૂલધાર (પૃથ્વી)થી સહસ્રાર (સ્વર્ગ) પર્યંત પહોંચી જાય છે જ્યાં અમૃતનું ક્ષરણ થાય છે; તે આરોહણ બાદ જે અવરોહણ (પ્રત્યાવર્તન) છે તે જ સાધકની સહજ સમાધિ. તે સત્યપ્રતિષ્ઠિત કર્મ લોકહિતાર્થે અને દિવ્ય હોય છે - અને તે જ જગદ્‌ગુરુ.

"પોતાની આહુતિ આપવી એટલે શું ? પોતાની અહંબુદ્ધિની આહુતિ આપવી. જ્યારે આ અહંબુદ્ધિની આહુતિ અપાય છે ત્યારે જ વાસ્તવિક આહુતિ થાય છે. ત્રિફલાનું જળ ન પીઓ."

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃ નામ મહિમા

માતૃ અષ્ટકમ્

(શાર્દૂલવિક્રીડિત છંદ)

આવ્યો છું તવ માત આજ શરણે લેજો ઉછંગે મને,
નંખાયો જગમાં ઘણો જ અળગો ના કો સહારો મને.
દિવ્યાનંદ ભરો ઉરે મમ સદા માતા, વિનંતિ કરું,
મૈયા બાળક માનજો તવ તણો પાયે તમારા પડું.
યાચંતો બસ એ જ કે ચરણમાં રાખો મને માવડી,
નોધારો ભટકું, તમે ભવ થકી તારો બની નાવડી.
અધ્યારૂઢ તમે જગે વિચરતાં લોકો તણા હિતમાં,
સીમા મા, તવ શક્તિની અખિલ આ વિશ્વે નથી આપની.
મર્ત્યોનું હિત ચિંતવી ઉર વિષે નિત્યે ફરતાં તમે,
જન્મોજન્મ ચહંત હું તવ પદે માતા સદા આશરો.
યજ્ઞેશા કરજો કૃપા અમ પરે નાનાં ગણી બાળકો,
જન્મી જે જગમાં નિરંતર તને જાયે, તરી તે જશે.
યજ્ઞાર્થે જન હિત કાજ વરદા, વિશ્વે તમે વિચરો,
કાર્યો સૌ કરતાં તમે ત્વરિતથી ભક્તો તણાં પ્રેમથી
રમ્યત્વે 'મુનિ' ચિત્ત આપ ચરણે માતા, રહો સર્વદા,
હોજો દર્શન આપનાં જડ અને ચૈતન્યમાં સર્વદા.

- મધુસૂદન ર. પુરોહિત
'મુનિ', ચાંદોદ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઓમ્ ધૃત સહજ સમાધિ

- કુ. ગુણીતા, વેદાન્તાચાર્યા વિદ્યાવારિધિ

ॐ धृतसहजसमाधिं बिभ्रतीं हेमकान्तिं

नयनसरसिजाभ्यां स्नेहराशीन् किरन्तीम् ।

मनसिकलितभक्तिं भक्तमानन्दयन्तीम्

स्मितजितशरदिन्दुं मातरं धीमहीह ॥ १ ॥

तपनसकलकल्पं कल्पवृक्षोपमानं

शरणागतजनानां तारकं क्लेशपाशात् ।

हृदयकमलमध्ये स्थापयित्वेह मातुः

विहितविविधकल्पं श्रीपादपीठं भजामः ॥ २ ॥

શ્રી શ્રી માના ધ્યાનમાં પહેલો શબ્દ આવે છે "ઓમ્ ધૃત-સહજ-સમાધિ." વસ્તુતઃ આ શબ્દ માની કૃપાથી જ રચનાકારના મુખમાંથી નીકળ્યો. માની કૃપા વગર માના સ્વરૂપનું વર્ણન કોણ કરે - "સોઈ જાનૈ જેહિ દેહુ જનાઈ." પૂજ્યપાદ બ્રહ્મલીન શ્રી ૧૦૮ કૃષ્ણાનન્દ અવધૂતજી મહારાજે કહ્યું હતું. - "માને માની કૃપાથી જ જાણી શકાય." સહજ સમાધિ અવસ્થા સાધક કોટિની નથી. વરાહ ઉપનિષદ્‌માં એવો ઉલ્લેખ છે કે સહજ સમાધિ અવસ્થામાં સૃષ્ટિ-રચનાની શક્તિ છે. ત્રિગુણાતીત, ત્રિકાલાતીત, નિત્ય-અખંડ-આનન્દઘન મા છે. માના શ્રીમુખની વાણી છે - "યહ શરીર આગે ભી જૈસા થા, અબ ભી વૈસા હૈ, બાદ મેં ભી વૈસા રહેગા." માની અવસ્થામાં જે પરિવર્તન આપણે જોઈએ છીએ, એ તો આપણી દૃષ્ટિની સૃષ્ટિ-ક્રિયા છે. જે દૃષ્ટિથી આપણે કરોડો કોશવ્યાપી સૂર્યને પરિમિત જોઈએ છીએ, જે દૃષ્ટિથી આપણે ચંદ્રમાને આપણા હાથ વડે ઢાંકી શકીએ છીએ, જે દૃષ્ટિથી આપણે સૃષ્ટિને સીમિત માનીએ છીએ. આપણી એ દૃષ્ટિએ શ્રી શ્રી માના નિત્ય આવિર્ભાવને જન્મ માન્યો. શ્રી શ્રી માને એક મહાત્માએ પ્રશ્ન પૂછ્યો, "મા, આપનો જન્મ થયો ?" માએ હસીને ઉત્તર આપ્યો - "જો ન મે, બાબા સમઝ લો."

મા જે સહજ સમાધિમાં આવિર્ભૂત થયાં તે જ સહજ સમાધિમાં આપણી સ્થૂલ દૃષ્ટિએ અંતર્હિત થયાં. પરંતુ ન તો એમને આવિર્ભાવ છે કે ન અંતર્ધાન. મા વિના ઉત્પત્તિ નથી, કે પાલન પણ શક્ય નથી; અને અંતે પણ મા સિવાય રક્ષા કોણ કરે ? મા સ્વયં કહે છે - "ઈસ શરીર કો તો પકડના આતા હૈ, છોડના જાનતી હી નહીં." મા નિત્ય આપણી સાથે છે, આપણે મામાં ઓતપ્રોત છીએ, મા આપણામાં ઓતપ્રોત છે, નિત્ય સચ્ચિદાનન્દમય વિગ્રહરૂપે નિત્ય આપણામાં વિરાજમાન છે, કણ કણમાં, ચર-અચરમાં સર્વત્ર સહજ સરળ ભાવમાં. જરૂર છે આપણને આપણી અંતર્દૃષ્ટિની. માની અનુગ્રહપૂર્ણ અનંત વાણી છે - "સ્વયં તૈયાર રહો, સ્વયં સુંદર હોકર, સુંદર હૃદય આસનમેં, ચિર સુંદરકો યદિ પ્રતિષ્ઠિત કર સકો તો સબ હી સુંદર પ્રતીત હોગા."

હરિ ઓમ્ તત્ સત્

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી આનન્દમયીમાનો અકળ 'ખયાલ'

(ગંતાંકથી ચાલુ) - અનિલ ગાંગુલી, અનુ : નિરુપમા મઝમુદાર

"તમારે જો ક્રોધ કરવો હોય તો એ ક્રોધ મારા પર કેન્દ્રિત કરો." - મા

૧૯૪૮માં માનો જન્મોત્સવ નવી દિલ્હીમાં જે. કે. સેનના બંગલાના બગીચામાં ઉજવાઈ રહ્યો હતો.

એક દિવસ સવારના સત્સંગમાં એક વિચિત્ર દેખાવનો માણસ બગીચામાં આવ્યો. એનો પહેરવેશ એકદમ વિચિત્ર હતો અને એના ચહેરા પર ગાંડપણનાં ચિન્હો દેખાતાં હતાં. એ ખરેખર કશાક ઊંડા સંતાપમાં હતો. જ્યાં સ્ત્રીઓ બેઠી હતી ત્યાં એ સીધો ગયો, અને જે સ્ત્રીઓએ માથે નહોતું ઓઢ્યું એને "દેવી બનો, માથે ઓઢો", એમ કહેવા લાગ્યો. કોઈએ એના તરફ ધ્યાન આપ્યું નહીં. જેથી એ વધારે ને વધારે ઉશ્કેરાઈ ગયો, અને માથે ઓઢવા માટે વધારે ને વધારે કહેવા લાગ્યો. મરણિયો થઈ કહેવા લાગ્યો. છેવટે એ માની પાસે પહોંચ્યો. માને એણે એ જ વિનંતિ કરી. માએ એની ઈચ્છા પ્રમાણે કર્યું, અને એમની સાથે બેઠેલી છોકીઓને પણ ઈશારાથી તેમ કરવાનું જણાવ્યું. પછી તો એ સભામાં બેઠેલી દરેક સ્ત્રીએ પણ માથે ઓઢી લીધું. આ જોઈને આગંતુક એની સફળતા પર આનંદમાં આવી ગયો. થોડીવાર પછી ઊભા થઈને મોટા આવાજથી જાહેરાત કરી કે એ જવા માગે છે. માએ કોઈકને એને આપવા માટે નારંગી આપી. કોઈ કારણસર એને આથી ચીઢ ચઢી ને એ નારંગી એણે તાકીને મા પર છૂટ્ટી ફેંકી. આખી સભા આ જોઈને રોષે ભરાઈ. માના બે જુવાન ભક્તોએ એને પકડ્યો અને સભામાંથી બહાર લઈ જવાનો પ્રયત્ન કર્યો. દરવાજા પાસે એ બળથી છૂટીને પાછો સત્સંગમાં આવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એક ભક્તે એને માર્યો ને ખૂબ મહેનતથી એ ઘૂસણખોરને રસ્તા પર કાઢી મૂક્યો.

સત્સંગ પૂરો થયો પછી પેલા બે જુવાન ભક્તોને માએ બોલાવ્યા જેમણે એ અજાણ્યા માનવી સાથે ખરાબ વર્તન કર્યું હતું. માને વિગતવાર બધું જાણવું હતું. બંન્નેને સાંભળ્યા પછી માએ કહ્યું, "આ શરીર પાસે આવવા માગતાં કોઈને પણ તમે રોકી શકો નહીં, વધારામાં તમારે કોઈને પણ મારવાનું તો નહીં જ. આજે તમે જે કૃત્ય કર્યું છે તેનું પ્રાયશ્ચિત્ત કરવા માટે તમારે કાલે પાણી પણ પીવાનું નહીં. જુવાને વિરોધ કરતાં કહ્યું, "મા, તમારી ઉપર એને નારંગી કેવી રીતે નાખવા દેવાય?" માનો એને માટે જવાબ હાજર હતો. "એને મારી પાસે પાછા આવવું હતું તો આવવા દેવો હતો, એની ચિંતા નહીં કરવાની." આ રીતે જે સ્વયંસેવકના મનમાં માનું હિત વસેલુ હતું એને શિક્ષા મળી, અને જે આગંતુકે બધી હરકતો ઊભી કરેલી એ આક્રામક પુરુષને સ્નેહ મળ્યો.

બીજે દિવસે સવારે ફરીથી એ અજાણ્યો પુરુષ સત્સંગમાં આવ્યો. આ વખતે એ સુઘડ પોષાક પહેરીને આવ્યો હતો. એના ચહેરા પરથી ગાંડપણનું ચિહ્ન ગાયબ હતું. આ વખતે સ્ત્રીઓએ માથે ઓઢ્યું છે કે નહીં એની એને પડી નહોતી. બીજા બધા પુરુષોની સાથે એ શાંતિથી સત્સંગમાં બેઠો. જ્યારે સત્સંગ પૂરો થયો ત્યારે માની પાસે જઈને વાતો કરવા લાગ્યો. માએ એને જમવાનું આમંત્રણ આપ્યું. અને એ જમવા માટે રોકાયો પણ ખરો. એ ભણેલો હતો, સંસ્કારી હતો, અને મળતાવડા સ્વભાવનો હતો. પછીથી ખબર પડી કે એણે મા પર જે નારંગીનો છૂટો ઘા કરેલો એનાથી એને ઊંડી દુઃખની લાગણી ઊભી થયેલી અને એની એ દુઃખની લાગણીની સાથે જ એનું ગાંડપણ ચાલ્યું ગયું. એ ગાંડો માની કૃપાથી સારો થઈ ગયો. માની કૃપાથી એના અસ્થિર વ્યક્તિત્વને પાછા સ્થિર થવાનો મોકો મળ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા ઘણી વખત કહે છે. "તમારે જો ક્રોધ કરવો હોય તો મારા પર કરો કારણ એ ક્રોધ સાથે તમે લાંબો સમય રહી નહીં શકો. એના કરતાં જો તમે તમારો ક્રોધ (મને સોંપશો કે) મારી તરફ તાકશો તો એ તરત અદશ્ય થઈ જશે.

"મા શું પોતાનાં બાળકોને આપત્તિમાં છોડી દઈ શકે ?

મા ના એક આશ્રમમાં એક વખત પથભ્રાંત, આવેશવાળો પાગલ તેમજ અહમ્‌થી ભરપૂર એક વીસેક વર્ષનો યુવાન આવ્યો. એને વારે ઘડીએ તાણ આવતી. એને હંમેશાં ખોટું કામ કરવાની આદત હતી. એક વખત એની શરમજનક વર્તણુંકથી બધા જ આશ્રમવાસીઓ ત્રાહિમામ્ પોકારી ઊઠ્યાં. રોષ અને તિરસ્કાર સાથે એને આશ્રમમાંથી કાઢી મૂકવાનો વિચાર કર્યો. એવા પણ ઘણાં નીકળ્યાં કે જેઓ આ દુરાચારીને લક્ષ્ય બનાવીને ભૂખ હડતાલ પર ઉતર્યા અને માને આના નિરાકરણ માટે આગ્રહ કર્યો. માએ આના જવાબમાં દરેક આશ્રમવાસીને વારાફરતી બોલાવીને એક જ પ્રશ્ન પૂછ્યો કે એ લોકો આ હરકત કરનાર જુવાનને આશ્રમમાં રહેવા દેવા તૈયાર છે? અને સર્વાનુમતે જવાબ એક જ હતો, "મા, એ જુવાન આશ્રમમાં ના રહેવો જોઈએ. આશ્રમની આચારસંહિતા નૈતિક સિદ્ધાંત અને કારભારના નિયમોને અનુલક્ષીને જુવાનને આશ્રમમાંથી કાઢી મૂકવો જોઈએ." પણ માનો 'ખયાલ' એટલે આશ્રમના નિયમો તેમજ આચારસંહિતાથી પણ પર.

કરુણાપૂર્ણ દૃષ્ટિથી માએ એમની હંમેશની સ્વસ્થતા સાથે બધાંની સામે જોઈને કહ્યું, "જ્યારે બધાંજ આ બિચારા અસહાય જુવાનને જાકારો આપી રહ્યા છે. ત્યારે તમને એમ નથી લાગતું કે એને મારા સહારાની ખાસ જરૂર છે. કોઈ મા શું માનસિક પીડામાં અટવાયેલા બાળકને રીઢો મૂકી દઈ શકે ? જો આ વિકૃત જુવાનને આપણે કાદવમાં સડવા દઈશું તો એનાથી શું કોઈનું ભલું થવાનું ખરું ?" આ શબ્દો માએ ખૂબજ કોમળતાથી પણ ભારપૂર્વક કહ્યા, જેથી દરેક ફરિયાદીનાં હૃદય હચમચી ગયાં. એ લોકોની પાસે માને આપવા કોઈ ઉત્તર જ નહોતો. આ બધાંને પોતાના જીવનને અનુરૂપ જે દૃષ્ટિકોણ ઘડેલો તે બદલવો પડ્યો.

આ જુવાન આજે ઉંમરલાયક થયા છે અને માના એકનિષ્ઠ ભક્ત છે.

આ અદ્ભુત રૂપાંતર જોઈને બધાં આશ્ચર્યચકિત છે.

માનો મૃતાત્મા માટેનો દિલાસો

૧૯૪૮ના ઉનાળામાં ઋષિકેશથી એક સંઘમાં એક સ્ત્રી કિશનપુર આવી. એ કાંઈક ચિંતિત અને ભૂલકણી દેખાતી હતી. એણે મને કહ્યું પહેલાં મારા પતિનું મૃત્યુ થયું અને હું એકદમ અસ્વસ્થ થઈ ગઈ તે છતાં મારે એક સુંદર અને હોંશિયાર દીકરી તો છે એ ધ્યાનમાં લઈ મેં હૈયા ધારણ રાખી. એ બાર વર્ષની થઈ ત્યારે માંદી પડી અને મૃત્યુ પામી. ત્યારથી મારા મનને શાંતિ નથી. એ મારું સર્વસ્વ હતી, અતિ સુંદર અને હોંશિયાર હતી. એના જીવનની શરૂઆતમાંજ પ્રભુએ મારી પાસેથી છીનવી લીધી. મને નથી સમજાતું કે એણે મને આ રીતે છોડીને શા માટે જવું જોઈએ. થોડો વખત મેં અનાથાશ્રમમાં કામ કર્યું. મને થયું કે મને છોકરાં નથી તો શું થયું, અનાથાશ્રમમાં જઈ મા વિનાનાં બાળકોનો ઉછેર કરીશ. એ છોકરાંઓની સાથે હું છું તેમ છતાં મારું હૃદય ભગ્ન અવસ્થામાં છે. મારા ગુરુ કહે છે. "સાધના ચાલુ રાખો." પણ હું ધ્યાનમાં મન પરોવી શકતી નથી. આખો દિવસ અને રાત હું મારી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વહાલસોઈની યાદમાં ઝૂરું છું. મને કાંઈ જ ગમતું નથી. મને મારી દીકરી પાછી જોઈએ છે હું શું કરું?

મા : ''સૌથી પહેલાં દુઃખ 'હું' અને 'મારા'માંથી આવે છે. તું કહે છે ''મારી દીકરી મૃત્યુ પામી અને તું રડે છે. પણ તું કોણ છે ? શોધી કાઢ કે તું કોણ છે ? એ જાતને તારા શરીર સાથે ઓળખાવીશ ત્યાં સુધી તને દુઃખ થશે, એ વાત અનિવાર્ય છે. દુનિયામાં કેટલાં બધાં બાળકો મૃત્યુ પામે છે. કુમળાં અને સુંદર છતાં પણ એમનો તને શોક થતો નથી. તું ફક્ત તારી દીકરી જેને તેં ગુમાવી છે તેનો જ વિચાર કરે છે.

અને બીજી એક શીખવા જેવી વાત છે. વ્યક્તિ પોતાની જાતને જ્યારે વિષાદથી દૂર રાખે છે, ત્યારે જ ભગવાન આવે છે તે એક તથ્ય છે. જ્યારે તમે એમની સાથે જ રહો છો ત્યારે બધું જ દુઃખ અદશ્ય થઈ જાય છે. તમે હંમેશાં ભગવાનના જ વિચાર કરવાનું રાખો. જેમ જેમ તમે ભગવાનને વધારે યાદ કરશો તેમ તેમ તમે તમારી દીકરી તરફ વધારે જશો. જો તમારે આંસુ વહેવડાવવા જ હોય તો ભગવાનને માટે વહેવડાવો.

જેમ કેટલાંય ફૂલો ફળમાં પરિવર્તન પામ્યા વગર ખરી પડે છે તેમ ઘણા કુમળી વયના માનવીઓ પણ મૃત્યુ પામે છે. થોડા વખત માટે ભગવાને એ બાળક તને સોંપ્યું હતું. હવે એણે એની પાસે પાછું લઈ લીધું. અને હવે એ બાળક એની દેખરેખ હેઠળ છે. એક દિવસ તું પણ ત્યાં જશે ત્યાં સુધી તું પ્રભુ-ભક્તિમાં તારું મન પરોવ. અને તારી દીકરી તારી સાથે હશે.

અને વળી જ્યાં એક જ છે ત્યાં જન્મ-મરણનો સવાલ જ નથી. કોણ જન્મ્યું ? કોણ મૃત્યુ પામ્યું ? બધાં એક જ છે.

જે મન પોતાની જાતને શરીર સાથે જોડે છે તે જો પ્રભુ તરફ વળે તો પછી શરીરને જે દુઃખ આવશે તે દુઃખ ઉપેક્ષિત થઈ જશે. શરીર છે તો દુઃખ છે જ એટલે જ્યાં સુધી તમે શરીરને એની સાથે જોડેલું રાખશો ત્યાં સુધી દુઃખ રહેશે જ. જગત હંમેશા દુઃખ અને સુખની વચમાં ફરતું રહે છે. ત્યાં તમને સ્થિરતા તેમજ સુરક્ષિતપણું મળવાનું નથી. એ તો તમને પ્રભુમાં જ મળશે. જગત અને 'એક' એ બંન્ને સાથે ક્યાંથી હોઈ શકે? માર્ગમાં તમને લાગશે કે બંન્ને સાથે છે પણ તમે જ્યારે તમારા ધ્યેયની પાસે પહોંચશો ત્યારે એ બંન્ને 'એક જ' છે. તમે જગતની કઈ સ્થિતિ જોઈ છે? તમારું કોણ ? ફક્ત તમારા ગુરુ અને તમારા ઈષ્ટ. એમનામાં તમને બધુંજ મળશે. બધાંજ મળશે. હું તો તમારી બાળકી છું.

ઘણાં મહીનાઓ પછી એ જ સ્ત્રી વારાણસીમાં માના દર્શન માટે આવી. એ આનંદમાં હતી અને જુવાન લાગતી હતી. ''હું મારા દુઃખને ભૂલી શકું છું. હવે હું મારા પ્રારબ્ધ પ્રમાણે જીવતાં શીખી છું.'' ત્યારે માએ કહ્યું કે ''હું તો તારી બાળકી છું'' અને એ અવાજ પેલી સ્ત્રીની પુત્રીનો જ અવાજ હતો ! આ અનુભવ વર્ણવતાં એ મહિલા કહે છે, ''એ અવાજ સાંભળી મારાં રૂંવાડાં ઊભા થઈ ગયાં અને મને જે આનંદનો અતિરેક થયો તે હું શબ્દમાં વર્ણવી શકું તેમ નથી. તે દિવસથી મારા હૃદયનો ઘા રુઝાવા લાગ્યો છે. એ ત્યાં સુખી છે. હવે મારું મન શાંત છે. અને હું સાધના કરી શકું છું. હું બદ્રીકેદારની યાત્રાએ જવાનો વિચાર કરું છું. મારી ફક્ત એક જ ઈચ્છા છે કે મારા જેવી સ્ત્રીઓને મને મળ્યો એવો દિલાસો મળે.''

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માંદગી એ માની મહેમાન છે.

એ તો સામાન્ય રીતે જાણીતું છે કે 'મા' બધાંને આશીર્વાદ પ્રસન્નતાથી અને ઉદારતાથી આપે છે. આમાં એવી વ્યક્તિઓ પણ સમાઈ જાય છે જેમને જીવનમાં કોઈ દિવસ ભક્તિની ચિનગારી પણ દેખાઈ નથી. તેમજ નૈતિક જીવન જીવવાનો પ્રયત્ન પણ નથી કર્યો. જેથી કરીને એવી વ્યક્તિઓની જીંદગી હંમેશાં પ્રશ્નાર્થ ચિહ્ન બનીને જ રહી ગઈ છે. જે ને 'મા'ના માતૃત્વના જગ વિખ્યાત સ્વભાવની ખબર નથી એવા અણસમજુ નિંદકો ઘણીવાર એનું મૂલ્ય સમજ્યા વિચાર્યા વગર, 'આવું બની જ કેમ શકે' એવો પ્રશ્ન કરે છે; અને આનો જવાબ મા સહજ પ્રશ્ન પૂછીને આપે છે, ગંભીર માંદગીમાં રીબાતા માટે શું હોસ્પિટલના દરવાજા જોરથી બંધ કરી દેવાય ? મા તો જે ખાડામાં પડ્યું છે તેને ઉપાડનાર તેમજ પાપીને બચાવનાર છે. મા તો સદ્‌ગુણથી ભરપૂર માનવી તેમ જ કુષ્ટરોગથી પિડાય છે એવાનો પણ સહારો છે. એને માટે 'મા' જ છે. અને એ માનવી માનું ધ્યાન કેન્દ્રિત કરી માના આશીર્વાદ મેળવવા અગ્રસ્થાન ભોગવે છે. મા એ એકવાર કહ્યું મારે ખાસ એવાજ લોકો જોઈએ છે કે જેમને જીવનના સન્માર્ગે ટેકો આપનાર કોઈ આધાર નથી. માનો 'ખયાલ' ખરેખર ગૂઢ અને ગહન હોય છે. માના હૃદયમાં હંમેશાં રહસ્યથી ભરપૂર જીંદગી જીવનાર તથા પ્રાણઘાતક જીંદગી જીવનાર માટે પણ સહાનુભૂતિ જોવા મળે છે. ઈ.સ. ૧૯૭૬માં દિલ્હીમાં માનું શરીર ખૂબ જ તીવ્ર તાવ તેમજ બીજી નિશાનિઓથી અસ્વસ્થ દેખાતું હતું. આને લીધે માના ભક્તોમાં એમની તબિયત માટે ચિંતા ને ભય વ્યાપી ગયો. ડૉક્ટરોના કહેવા પ્રમાણે માની કટોકટી ભરી અવસ્થા હતી. મા દુઃખ ભોગવી રહ્યાં છે એ વાતમાં અમને સંસારીઓને જરાયે સંશય નહોતો. પણ માના મુખ પર એ શારીરિક અસ્વસ્થતાને લીધે દુઃખનાં કોઈ ચિહ્નો દેખાતાં ન હતાં. જે કીર્તન એમની સુખાકારીને ઉદ્દેશીને થતાં હતાં તે એ ખુશીથી માણતા હતાં, અને આ રીતે એમણે અમને ગંભીરતાથી બતાવી આપ્યું કે એમને જરા પણ દુઃખ થતું નહોતું. એમના ચહેરા પર સતત સ્મિત તેમજ અનાસક્તિ દેખાતાં હતાં. આ રીતે એમણે બતાવી આપ્યું કે રોગ પણ એમનો મહેમાન છે. ત્યારે મેં સ્વાભાવિકતાથી એમને કહ્યું કે જો એ ધારે તો રોગને પણ ધક્કો મારીને કાઢી મૂકી શકે છે. અને તે વખતે તેમણે જરા પણ શંકા વગર જવાબ આપ્યો કે જો 'ખયાલ' આવે તો બધુંજ થઈ શકે છે. પણ તે વખતે એવા કોઈ 'ખયાલ'ની હાજરી નહોતી. મારાથી પૂછાઈ ગયું કે આ ચિંતાજનક, મનને ના ગમે એવી માંદગીનો તમે તરતને તરત અંત કેમ ના આણ્યો ? ત્યારે એમણે માંદગી ચિંતાજન્ક કે ભયંકર હતી તેની મંજુરી તો ના જ આપી પણ એમ પણ ના કબુલ્યું કે એ એમને પસંદ નહોતી. "રોગને એ આમંત્રણ આપતાં નથી, રોગને એ કાઢી મૂકશે નહીં." આ ઉપરાંત એમને શોક કે આનંદ સ્પર્શી શકતાં નહોતા. વારંવાર એક જ વાત કે રોગનો પણ આપણી જેમ એક મહત્વનો આકાર હોય છે, તમે જ્યારે મારી પાસે આવો છો ત્યારે હું તમને કાઢી મૂકી શકતી નથી પણ બધાંને પ્રસન્નતાથી બોલાવું છું. તો પછી રોગને હું કેવી રીતે કાઢી મૂકી શકું ? આ તો સદંતર એમનીજ રમત છે. આપણને ગમે કે ના ગમે એ બધાંજ રૂપમાં જોવા મળે છે. સર્વ એ જ છે, સર્વમાં એ જ છે, અને આ શરીર એને કોઈ પણ રૂપમાં હસીને આવકારે છે. મારે માટે બધી સ્થિતિ સરખી જ છે. હું સદા સ્વસ્થ જ હોઉં છું.

અમારા સદ્‌ભાગ્યે 'મા'ના દિલ્હીના ટૂંકા રોકાણ દરમ્યાન માંદગી ચમત્કારિક રીતે એક સવારે એકાએક ચાલી ગઈ, અને તે જ સાંજે 'મા' તંદુરસ્ત તબિયત સાથે દિલ્હીથી કનખલ ગયાં. રસ્તામાં શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીના આશ્રમમાં રોકાયાં, અને જેમ એક નાનું બાળક પોતાના શરીરનું હલન-ચલન તથા શ્વાસોચ્છ્વાસ સરળતાથી કરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શકે તેમ વર્ત્યાં. મા કહે છે, જ્યારે તમે બધાં આનંદમાં હો છો અને ભગવાનની ભક્તિમાં લીન હો છો ત્યારે આ શરીર નીરોગી રહે છે, હું તમારા સહુ સાથે એટલી ગહન રીતે જોડાયેલી છું કે તમે સહુ મારા શરીરનાં જુદાં જુદાં અંગો છો.

શોક-પ્રસંગે માનાં અભિનંદન

માના 'ખયાલ'ની ક્રિયા અગમ્ય છે. એક દક્ષિણનાં મહિલાને શોક-સમયે આશ્વાસન આપતાં મધુર રૂપે માને જોયાં છે. પરંતુ બીજા એક પ્રસંગે માનો પ્રતિભાવ તદ્દન જુદો હતો, બલ્કે એક ભક્તનાં પત્નીનું અવસાન થયું ત્યારે માએ હાસ્ય સાથે એમને આવકાર્યાં. અલબત્ત, એ ભક્તને માના વર્તનથી આઘાત લાગ્યો, અને વિચારવા લાગ્યા કે આવું હસવા પાછળ શું કારણ હશે ? મા બોલ્યાં, "પિતાજી, તમારી અને ભગવાનની વચ્ચેથી એક દીવાલ ઓછી થઈ." આપણે મૃત્યુને શત્રુવત્ માનીએ છીએ, માનું એવું નથી. મા કહે છે, "અમરપંથના યાત્રી કદીયે મૃત્યુનું ચિંતન નથી કરતા. અમૃત (પરમાત્મા)ના ધ્યાનથી મૃત્યુનો ભય દૂર જતો રહે છે, યાદ રાખો. તમારું એ 'એક'નું ચિંતન જેટલું અખંડ હશે, તમે સંપૂર્ણ અખંડ જ્ઞાન તરફ આગળ વધશો."

(ક્રમશઃ)

"યૌવન, ધનસંપત્તિ, પ્રભુત્વ અને અવિવેક - આમાંના એકનું હોવું તે પણ અનર્થકારી છે, તો જ્યાં ચારે હોય તો કહેવું જ શું ?"

- હિતોપદેશ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અંતવાણી

· પરમ તત્ત્વ ક્રિયાસિદ્ધ નથી પણ સ્વતઃસિદ્ધ છે. ક્રિયાપ્રધાન શૈલીકરણ સાપેક્ષ સાધન છે, અને વિવેકપ્રધાન શૈલી નિરપેક્ષ સાધન છે.

સંયમ અને શીલ એ બંન્ને વ્યક્તિની શોભા છે.

જીવનના આદિથી અંત સુધી નિષ્કલંક રહેનાર જવલ્લે જ હોય છે.

પ્રત્યેક પૂર્ણાહુતિ સમયે આત્મનિરીક્ષણ, સ્વપરીક્ષણનો અભ્યાસ કેળવવો જોઈએ.

પ્રભુના નામમાં પાપ હરવાની જેટલી શક્તિ છે, તેટલી માણસમાં પાપ કરવાની શક્તિ નથી.

સર્વના સુખમાં નિજ સુખ નિરખવું, તેના જેવું એકકે સુખ સંસારમાં નથી.

વ્યવહારમાં જેટલાં કાર્યો કાળજીથી કરો છો, એટલી જ ચીવટથી પ્રભુ-પ્રાર્થના પણ કરો.

બે પ્રસંગોએ મોઢું બંધ રાખતાં શીખવાનો પ્રયત્ન કરો - સામાને જ્યારે તમારા પર ગુસ્સો ચઢે ત્યારે, અને સામા માણસ પર તમારો ગુસ્સો ચઢે ત્યારે.

તમારા પ્રથમ વિચાર સાથે બીજા વિચારને વિરોધ જ હોય એમ માની તેનો ઈન્કાર કરવો એ સત્યનો દ્રોહ છે.

સ્વમાન અને અભિમાન વચ્ચેની ભેદરેખા ખૂબ બારીક હોય છે, એને ઓળખવામાં ભૂલ ન થાય એટલું જરૂર આપણે જોવું જોઈએ.

જીવન-ઉન્નતિ માટે જીવન નિયમિતપણે, અખંડપણે જીવવાનો, એકાંત-સેવન અને મૌન-પાલનનો સબળ સંકલ્પ કરીને તેને પાર પાડવાનો પ્રામાણિક પ્રયાસ કરવો જોઈએ.

પરોપકારી તે મહાત્મા નથી, પણ પરોપકાર પહેલાં અને પછી જે મૌન સેવે છે તે છે સાચો મહાત્મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતાનાં ભૂલ-દોષોને કબૂલી રાજી રહેવું એ છે આત્મશુદ્ધિનાં એંધાણ.

વચન અને વર્તન મધુર હોય તે જ સજ્જન.

મૃત્યુના ભયથી જે થરથરે છે તે છે કાયર, મૃત્યુને જે વધાવી લે તે છે જીવનવીર.

- પરિવ્રાજક

સંત તો ચિંતામણિ છે. પારસમણિ, જેને અડકે તેનું તો સોનું જ થાય, પણ ચિંતામણિ તો પોતાના જેવો મણિ જ બનાવે છે.

ચોવીસ કલાકમાંથી એક મિનિટ પણ તદ્દન અશક્ત બની તમારામાં જે શક્તિ હોય તે બધી તમે ગુરુને ચરણે મૂકી દો તો બસ છે. એટલું પણ ઘણું છે.પરમ તત્ત્વના અનુભવની એક ચિનગારી પડે તો પણ સળગાવી મૂકે ..... પછી તમારે કાંઇ ફિકર નથી. ગુરુ કરણી નથી જોતા, એ તો અંતર જુએ છે.

બહારના શબ્દ તરફ દુર્લક્ષ કરે ત્યારે અંતર્નાદ સંભળાય ને !

પ્રેમ એ જ ખરી કસોટી છે. એમાં જે ટક્યો એ જીત્યો જ છે. બાકી તો આનું આ છે જ..... જગતમાં માણસ હારે એ જ ઠીક છે. અહીંની હાર એ બીજી તરફની જીત છે.... પોતે જે દાવાનળ સળગાવ્યો હોય, એનો તાપ તો પોતાને જ સહેવાનો છે; બીજા કોઈએ ખમવાનો નથી.

બુદ્ધિથી નિશ્ચય કર્યો હોય કે હું આત્મા છું એ બરોબર છે, પણ એ તો પરોક્ષ જ્ઞાન થયું; પછી એ હૃદયની પાસે સ્વીકારાવવો જોઈએ, ત્યારે અપરોક્ષ અનુભવ થાય. દર મિનિટે એ જ કરવાનું છે.

- પૂ. પ્રેમરાય બાપુ.

સંકલન : નિ.

"જે કુટુંબમાં પત્નીથી પતિ અને પતિથી પત્ની સંતુષ્ટ રહે ત્યાં ચોક્કસ કલ્યાણનો નિવાસ હોય છે."

- મનુસ્મૃતિ - ૩-૬૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત

- વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ

अत्र श्रीमति सुन्दरे भागवते परमो धर्मो निरूप्यते। परमत्वे हेतुः – प्रकर्षेणोज्झितं कैतवं फलाभिसन्धिलक्षणं कपटं यस्मिन्सः। प्रशब्देन मोक्षामिसन्धिरपि निरस्तः। केवलमीश्वराराधनलक्षणो धर्मो निरूप्यत इति अधिकारितोऽपि धर्मस्य परमत्वमाह। निर्मत्सराणां परोत्कर्षाहनं मत्सरः, तद्रहितानाम्। सतां भूतानुकम्पिनाम्। एवं कर्मकाण्डविषयेभ्यः शास्त्रेभ्यः श्रैष्ठ्यमुक्तम्। ज्ञानकाण्डविषयेभ्योऽपि श्रैष्ठ्यमाह – वेद्यमिति। वास्तवं परमार्थभूतं वस्तु वेद्यं नतु वैशेषिकाणामिव द्रव्यगुणादिरूपम्। यद्वा वास्तवशब्देन वस्तुनोंऽशो जीवः, वस्तुनः शक्तिर्माया, वस्तुनः कार्यँ जगच्च, तत्सर्वँ वस्त्वेव न ततः पृथगिति वेद्यम्। अयत्नेनैव ज्ञातुं शक्यमित्यर्थः। ततः किमत आह। शिवदं परमसुखदम्। किंच आध्यात्मिकादितापत्रयोन्मूलनं च। अनेन ज्ञानकाण्डविषयेभ्यः श्रैष्ठ्यं दर्शितम्।

'धर्म इति'। 'अत्र' અહીં શ્રીથી યુક્ત, અતિસુંદર શ્રીમદ્ ભાગવતમાં (ઈશ્વર આરાધનારૂપ) પરમ ધર્મનું નિરૂપણ કરે છે. ધર્મના પરમત્વનો હેતુ આ છે - કિતવ (કપટનો) ભાવ એટલે કૈતવ - જે ધર્મમાં રજભાર પણ કપટ નથી. સ્વર્ગ વગેરે ફળની આશાના લક્ષણવાળા કપટથી રહિત ધર્મ 'प्र' (ઉપસર્ગ) શબ્દ દ્વારા મોક્ષની કામના પણ દૂર કરી છે. કેવળ ઈશ્વર આરાધનાના લક્ષણવાળા ધર્મનું નિરૂપણ કરે છે.

અધિકારીની દૃષ્ટિએ પણ ધર્મનું શ્રેષ્ઠપણું કહે છે. 'निर्मत्सराणाम्' અન્યનો ઉત્કર્ષ સહન ન થવો એટલે મત્સર (ઈર્ષ્યા), મત્સરરહિત હૃદયવાળા, 'सताम्' સજ્જનો કે અધિકારીઓ, જેમના હૃદયમાં પ્રાણીમાત્ર માટે અનુકંપા છે. (તેવા અધિકારીઓનો આ ધર્મ છે તેથી પરમ છે.) આમ કર્મકાંડવિષયક શાસ્ત્રોથી શ્રેષ્ઠતા દર્શાવી.

જ્ઞાનકાંડના વિષયોથી પણ શ્રેષ્ઠતા દર્શાવે છે. 'वेद्यमिति।' જ્ઞેય, જાણવાને યોગ્ય 'वास्तवम्' પરમાર્થ રૂપ, 'वस्तु' (नित्यवसनशीलम्) જાણવાને યોગ્ય. વૈશેષિકોની દૃષ્ટિએ જે દ્રવ્ય-ગુણ વગેરે વસ્તુના અંશરૂપ જીવ, વસ્તુની શક્તિરૂપ માયા અને વસ્તુના કાર્યરૂપ જગત - તે બધું વસ્તુ જ છે, તે સર્વ તેનાથી જુદું નથી તેમ જાણવું. (વાંચન, શ્રવણ, મનન) દ્વારા સહજ (અનાયાસ) પ્રાપ્ત કરી શકાય તેમ છે. અનાયાસ પ્રાપ્ત થાય તેથી શો લાભ ? તેથી કહે છે. 'शिवदम्' તે પરમ સુખ આપનાર છે. (કારણ કે) તે આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક - ત્રણે પ્રકારનાં દુઃખોનું મૂળ ઉખાડી નાખનાર છે. આ દ્વારા જ્ઞાનકાંડના વિષયો કરતાં શ્રેષ્ઠતા દર્શાવી છે.

कर्तृतोऽपि श्रैष्ठ्यमाह।महामुनिः श्रीनारायणस्तेन प्रथमं संक्षेपतः कृते। देवताकाण्डविषयगतं श्रैष्ठ्यमाह – किं वेति। परैः शास्त्रैस्तदुक्तसाधनैर्वेश्वरो हृदि किं वा सद्य एवावरुध्यते स्थिरीक्रियतें। वाशब्दः कटाक्षे। किंतु विलम्बेन कथंचिदेव। अत्र तु शुश्रूषुभिः श्रोतुमिच्छद्भिरेव तत्क्षणदेवावरुध्यते। इदमेव तर्हि किमिति श्रेष्ठम, अतो नित्यमेतदेव श्रोतव्यमिति भावः ॥ २ ॥

કર્તાની દૃષ્ટિએ પણ શ્રેષ્ઠતા દર્શાવી છે. (આ ભાગવતના) કર્તા 'महामुनिः' મહામુનિ એટલેકે શ્રી આદિ નારાયણ ભગવાન છે. તેમણે પ્રથમ સંક્ષેપમાં (ચતુઃ શ્લોકી ભાગવત) રચ્યું હતું.

દેવતાકાંડના વિષય સંબંધી શ્રેષ્ઠતા કહે છે - 'किं वेति।' અન્ય શાસ્ત્રો દ્વારા અર્થાત્ તેમના દ્વારા જણાવેલાં સાધનો દ્વારા શું ઈશ્વર તરત જ હૃદયમાં સ્થિર થાય છે ? 'वा' શબ્દ કટાક્ષમાં કહ્યો છે. બીજાં શાસ્ત્રો દ્વારા ઈશ્વર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિલમ્બથી મહાપ્રયત્ને હૃદયમાં વસે છે, પરંતુ અહીં તો સાંભળવાની ઈચ્છા કરતાંની સાથે જ, તે જ ક્ષણે ઈશ્વર શ્રવણની ઈચ્છા કરનારાઓના હૃદયમાં વાસ કરે છે, જો આમ છે તો બધા જ કેમ શ્રવણ નથી કરતા ? તે માટે કહે છે ; 'कृतिभिरिति' ખરેખર, પુણ્ય વિના શ્રવણની ઈચ્છા ઉત્પન્ન થતી નથી તેવો અર્થ છે. તેથી અહીં જ્ઞાનકાંડ, કર્મકાંડ અને દેવતાકાંડ એ ત્રણેય કાંડોના વિષયનું પણ ભાગવતમાં યથાયોગ્ય રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેથી ભાગવત સર્વ શાસ્ત્રોથી શ્રેષ્ઠ છે. આથી નિત્ય આનું જ શ્રવણ કરવું જોઈએ, તેવો ભાવ છે. ॥ ૨ ॥

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ॥

पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ॥ ३ ॥

અનુવાદ : રસના મર્મજ્ઞ ભક્તજનો, આ શ્રીમદ્ ભાગવત વેદરૂપી કલ્પવૃક્ષનું પરિપક્વ ફલ છે. શ્રી શુકદેવજીરૂપી પોપટના મુખનો સંબંધ થવાથી આ (ફલ) પરમાનંદમયી સુધાથી પરિપૂર્ણ બની ગયું છે. આ ફળમાં છોડાં, ગોટલી વગેરે કાંઇ પણ ફેંકી દેવા જેવું નથી. આ મૂર્તિમાન રસ છે. મોક્ષ થાય પછી પણ શ્રીમદ્ ભાગવતરૂપી રસનું પાન કર્યા જ કરો. આ (ફલ) પૃથ્વી પર જ સુલભ છે. ॥ ૩ ॥

इदानीं तु न केवलं सर्वशास्त्रेभ्यः श्रेष्ठत्वादस्य श्रवणं विधीयते, अपितु सर्वशास्त्रफलरूपमिदम्, अतः परमादरेण सेव्यमित्याह – निगमेति। निगमो वेदः स एव कल्पतरुः सर्वपुरुषार्थोपायत्वात्तस्य फलं भागवतं नाम। तत्तु वैकुण्ठगतं नारदेनानीय मह्यं दत्तम्। मया च शुकस्य मुखे निहितम्। तच्च तन्मुखाद्भुवि गलितं शिष्यप्रशिष्यादिरूपपल्लवपरम्परया शनैरखण्डमेवावतीर्णं नतूच्चनिपातेन स्फुटितमित्यर्थः।

एतच्च भविष्यदपि भूतवन्निर्दिष्टम्। अनागताख्यानेनैवास्य शास्त्रस्य प्रवृत्तेः। अत एवामृतरूपेण द्रवेण संयुतम्। लोके हि शुकमुखस्पृष्टं फलममृतमिव स्वादु भवतीति प्रसिद्धम्। अत्र शुको मुनिः। अमृतं परमानन्दः स एव द्रवो रसः

શ્રી.દી. અવતરણિકા - હવે સર્વશાસ્ત્રોમાં શ્રીમદ્ ભાગવતની શ્રેષ્ઠતા હોવાથી આનું માત્ર શ્રવણ જ નહીં કરવાનું પરંતુ સર્વશાસ્ત્રોના ફલરૂપ (સારાંશરૂપ) હોવાથી આનું પરમ આદરપૂર્વક સેવન કરવાનું કહે છે. 'निगमेति' નિગમ એટલે વેદ. સર્વ પુરુષાર્થોને સિદ્ધ કરનાર કલ્પવૃક્ષરૂપ વેદના ફળનું નામ જ શ્રીમદ્ ભાગવત. વૈકુંઠલોકમાં સ્થિત એવું તે ફળ નારદજીએ લાવીને મને આપ્યું; અને મેં તે શુકના મુખમાં સ્થાપિત કર્યું. વળી, તે શુકના મુખમાંથી શિષ્ય-પ્રશિષ્ય વગેરે રૂપે પલ્લવિત થતી પરંપરાથી ક્રમશઃ ભૂતળ ઉપર અખંડ અવતીર્ણ થયું. આટલે ઊંચેથી પડવા કારણે તે ફુટી ન ગયું તેવો અર્થ છે.

આ બધું થવાનું છે પરંતુ જાણે ભૂતકાળમાં થયું હોય તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. ભવિષ્યના આખ્યાન દ્વારા જ આ શાસ્ત્ર પ્રવૃત્ત થયું છે, આથી જ અમૃતરૂપ રસથી ભરેલું છે. જગતમાં પ્રસિદ્ધ છે કે પોપટની ચાંચ વડે સ્પર્શ થયેલું ફળ અમૃત જેવું મધુર હોય છે. અહીં પોપટ એટલે શુકદેવમુનિ, અમૃત એટલે પરમાનંદ; તે પરમાનંદ દ્રવીભૂત રસ છે. કારણકે શ્રુતિ તેમ કહે છે -

'रसो वै सः'। 'रसँह्येवायं लब्ध्वानन्दी भवति' इति श्रुतेः। अतो हे रसिका रसज्ञास्तत्रापि भावुका रसविशेषभावनाचतुराः। अहो भुवि गलितमित्यलभ्यलाभोक्तिः। इदं भागवतं नाम फलं मुहुः पिबत। ननु त्वगष्ट्यादि विहाय फलाद्रसः पीयते कथं फलमेव पातव्यं तत्राह। रसं रसरूपम्। अतस्त्वगष्ट्यादेर्हेयांशस्याभावात्फलमेव कृत्स्नं पिबत। अत्र च रसतादात्म्यविवक्षया रसवत्त्वस्याविवक्षितत्वाद्गुणवचनेऽपि रसशब्दे मतुपः प्राप्त्यभावात्तेनं विनैव

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

फलमिति सामानाधिकरण्यम्। तत्र फलमित्युक्ते पानासंभवो हेयांशप्रसक्तिश्च भवेदिति तन्निवृत्त्यर्थं रसमित्युक्तं रसमित्युक्तेऽपि गलितस्य रसस्य पातुमशक्यत्वात्फलमिति द्रष्टव्यम्।

"તે નિશ્ચય જ રસ છે, કારણકે (મધુરાદિ) રસને પ્રાપ્ત કરીને જ આ (પુરુષ) આનંદી બને છે." - તૈ. ૨-૭

આથી હે રસિક જનો, રસજ્ઞો, તેમાં ય વળી, 'भावुकाः' રસવિશેષને સમજવામાં નિપુણ જનો, 'अहीं भुवि गलितम्' અહો, ભૂતળ ઉપર ભાગવત (રૂપી ફળ) ઝર્યું - આ શબ્દો અલભ્ય લાભનું કથન કરે છે. આ ભાગવત નામના ફળનું વારંવાર પાન કરો.

શંકા થાય કે ફળમાંથી છોડાં-ગોટલાં કાઢીને રસ પીવાય, આખું ફળ કેવી રીતે પીવાને યોગ્ય હોય ? તે માટે કહે છે. 'रसं' (શ્રીમદ્ ભાગવતરૂપી ફળ) સંપૂર્ણ રસમય છે, આથી છોડાં, ગોટલાં, (રેસા) વગેરે ફેંકી દેવા જેવું કાંઈ પણ ન હોવાથી પૂરેપૂરા ફળનું પાન કરો. અહીં રસની (ફળ સાથે) એકરૂપતા કહેવાની ઈચ્છા હોવાથી (ફળ) કેવળ રસરૂપ છે. ફળ રસવાળું છે એમ કહેવાની ઈચ્છા નથી તેથી રસ પોતે ગુણરૂપ હોવા છતાં, રસવાળું ફળ (रसवत्) એ રીતે मतुप् (= થી યુક્ત) પ્રત્યયની પ્રાપ્તિ થતી નથી. તેથી તે પ્રત્યય વિના જ રસ એ જ ફળ વચ્ચે સમાન '(रसः फलम्) અધિકરણ છે. ત્યાં 'ફળ' એમ કહેવાથી પાન (रसः एव फलम्) કરવાનું અસંભવ થાય, અર્થાત્ ફળને પી શકાય નહીં અને ફળ કહેવાથી તેમાં છાલ, ગોટલો વગેરે ત્યાજ્ય અંશ હોવાનો પ્રસંગ ઊભો થાય. તેવી શંકાને દૂર કરવા માટે 'रसम् (पिबत)' શબ્દ છે. 'रसम्' કહીને પણ નીચે ગળી પડેલો રસ પીવો અશક્ય હોવાથી 'फलम्' એમ (મૂળપાઠમાં) સમજવું યોગ્ય છે.

न च भागवतामृतपानं मोक्षेऽपि त्याज्यमित्याह। आलयं लयो मोक्षः। अभिविधावाकारः। लयमभिव्याप्य। नहीदं स्वर्गादिसुखवन्मुक्तैरुपेक्ष्यते किंतु सेव्यत एव। वक्ष्यति हि – 'आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे॥ कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः' इति॥ ३॥

વળી, શ્રીમદ્ ભાગવત રૂપી અમૃતનું પાન મોક્ષ મળવા છતાં પણ ન છોડવું તેમ કહે છે. 'आलयम्' લય એટલે મોક્ષ. (આલય શબ્દનો आ + लय 'આ' કાર) અભિવિધિ (= સમાવેશના) અર્થમાં છે. એટલે કે મોક્ષ થાય પછી પણ (મોક્ષને અંતર્ગત કરીને) ભાગવતનું રસપાન કરવું. ખરેખર, સ્વર્ગાદિ સુખની મુક્તજનો દ્વારા ઉપેક્ષા થાય છે. તેમ આની (શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની) ઉપેક્ષા ન કરવી પરંતુ સેવન કરવું જ, કારણકે (વ્યાસજી ભાગવતમાં આગળ ૧-૭-૧૦માં એમ) કહેશે. -

"આત્મામાં જ રમણ કરનારા (જ્ઞાની) મુનિજનો કે જેમની અવિદ્યાની ગાંઠ છૂટી ગઈ છે, તેઓ પણ (વામન) ભગવાનની અહૈતુકી ભક્તિ કર્યા કરે છે કારણકે ભગવાનના ગુણો જ એવા (મધુર) છે. (કે જે સૌને પોતાની તરફ ખેંચી લે છે." - શ્રીમદ્ભા. ૧-૭-૧૦ ॥ ३ ॥

तदेवमनेन श्लोकत्रयेण विशिष्टेष्टदेवतानुस्मरणपूर्वकं प्रारिप्सितस्य शास्त्रस्य विषयप्रयोजनादिवैशिष्ट्येन सुखसेव्यत्वेन च श्रोतृनभिमुखीकृत्य शास्त्रमारभते।

આમ ત્રણ શ્લોકો દ્વારા ઈષ્ટદેવતા વિશેષનું સ્મરણ કરીને શાસ્ત્રનો પ્રારંભ કરવા ઈચ્છેલા શાસ્ત્રનાં વિષય, પ્રયોજન વગેરે વિશિષ્ટતા દ્વારા તથા સુખ-પૂર્વક સેવન કરી શકાય તેમ હોવાથી શ્રોતાને શાસ્ત્રમાં અભિમુખ કરીને (વ્યાસમુનિ) શાસ્ત્રનો પ્રારંભ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नैमिशेऽनिमिषक्षेत्रे ऋषयः शौनकादयः ॥ सत्रं स्वर्गाय लोकाय सहस्रममासत ॥ ४ ॥

અનુવાદ ભગવાન વિષ્ણુના પરમ પુણ્યમય ક્ષેત્ર નૈમિષારણ્યમાં શૌનકાદિ મુનિઓએ સ્વર્ગમાં જેની કીર્તિ ગવાય છે તેવા ભગવાન વિષ્ણુના ધામ વૈકુંઠની પ્રાપ્તિ માટે હજાર વર્ષનું સત્ર કર્યું (હજાર વર્ષના સત્રમાં બેઠા.)

શ્રી.ટી. 'नैमिश इति।' બ્રહ્માજી દ્વારા છોડવામાં આવેલા મનોમય ચક્રની નેમિ (ધાર) જ્યાં ખંડિત થાય છે તે नैमिशम् (शीर्यते =शम्) નેમિશ કહેવાય છે અને નેમિશ એ જ નૈમિશ છે.

नैमिश इति। ब्रह्मणा विसृष्टस्य मनोमयस्य चक्रस्य नेमिः शीर्यते कुण्ठीभवति यत्र तन्नेमिशं, नेमिशमेव नैमिशम्। तथा च वायवीये – 'एतन्मनोमयं चक्रं मया सृष्टं विसृज्यते॥ यत्रास्य शीर्यते नेमिः स देशस्तपसः शुभः॥ इत्युक्त्वा सूर्यसंकाशं चक्रं सृष्ट्वा मनोमयम्। प्रणिपत्य महादेवं विससर्ज पितामहः॥ तेऽपि ह्यष्टतमा विप्राः प्रणम्य जगतां प्रभुम्॥ प्रययुस्तस्य चक्रस्य यत्र नेमिर्व्यशीर्यत॥ तद्वनं तेन विख्यातं नैमिशं मुनिपूजितम्॥' इति। 'नैमिष' इति पाठे वराहपुराणोक्तं द्रष्टव्यम्। तथाहि गौरमुखमृषिं प्रति भगवद्वाक्यम् –

વળી, વાયુ પુરાણમાં છે કે; "મારા દ્વારા સર્જન પામેલું ચક્ર છોડવામાં આવે છે. આ મનોમય ચક્રની નેમિ જ્યાં ખંડિત થાય તે સ્થાન તપને માટે શુભ છે. આમ કહી સૂર્ય જેવા (તેજસ્વી) મનોમય ચક્રનું સર્જન કરી, મહાદેવજીને પ્રણામ કરી બ્રહ્માજીએ (તેને) છોડ્યું. અત્યંત પ્રસન્ન થયેલા તે વિપ્રો જગતના પ્રભુને (બ્રહ્માજીને) પ્રણામ કરીને, ચક્રની ધાર જ્યાં ખંડિત થઈ ત્યાં ગયા. તેથી ઋષિમુનિઓ દ્વારા પૂજિત તે વન 'नैमिशम्' નામથી પ્રખ્યાત થયું."

'नैमिष' પાઠ પ્રમાણે વરાહ પુરાણોક્ત કથન જોવા યોગ્ય છે. આ મુજબ ગૌરમુખઋષિ પ્રત્યે ભગવાનનું વચન છે કે -'एवं कृत्वा ततो देवो मुनिं गौरमुखं तदा॥ उवाच निमिषेणेदं निहतं दानवं बलम्॥ अरण्येऽस्मिंस्ततस्त्वेतन्नैमिषारण्य-संज्ञितम्॥ भविष्यति यथार्थं वै ब्रह्मणानां विशेषकम्॥' इति। अनिमिषः श्रीविष्णुः। अलुप्तदृष्टित्वात्। तस्य क्षेत्रे तथा सहस्रं समाः संवत्सरा अनुष्ठानकालो यस्य तत्सत्रं सत्रसंज्ञकं कर्मोद्दिस्य आसत उपविविशुः। यद्वा आसताऽकुर्वतेत्यर्थः। आलमेत निर्वपति उपवन्तीत्या दिवत्प्रत्ययोच्चारणमात्रार्थत्वेनाऽऽस्तेर्धात्वर्थस्याविवक्षितत्वात्॥ ४॥

"આમ કરીને પછી ભગવાને જ્યારે ગૌરમુખમુનિને કહ્યું; નિમિષમાત્રમાં (આંખના પલકારામાં) આ દાનવસૈન્યનો નાશ થયો, તેથી આ અરણ્યનું (નિમિષ ઉપરથી) નૈમિષારણ્ય નામ થયું છે. જે બ્રાહ્મણો માટે વિશેષરૂપે યથાર્થ થશે."

'अनिमिषः' અનિમિષ એટલે ભગવાન વિષ્ણુ કારણકે ભગવાન અલુપ્તદૃષ્ટિવાળા (અપલક દૃષ્ટિવાળા) છે તેથી તે અનિમિષ કહેવાય છે. તેમના 'क्षेत्रे' ક્ષેત્રમાં વળી, અહીં જ શૌનકાદિનું વચન છે - "આ વૈષ્ણવ ક્ષેત્રમાં અમે..... " (એટલે આ ક્ષેત્ર અનિમિષનું વિષ્ણુનું છે, એમ સિદ્ધ થાય છે.) 'स्वः' સ્વર્ગમાં જેની કીર્તિ ગવાય છે (गै-गाय) તેવા 'स्वर्गायः' હરિ, ભગવાન. તે જ ભગવાન ભક્તોનું નિવાસસ્થાન છે, 'તે માટે' અર્થાત્ 'તેની પ્રાપ્તિ માટે' તેવો અર્થ છે. 'सहस्रं समाः' જેના અનુષ્ઠાનનો સમય હજાર વર્ષ છે તેને સત્ર કહે છે. સત્ર કહેવાતા કર્મોના ઉદ્દેશ્યથી 'आसत' બેઠા હતા અથવા તો તેવું સત્ર કર્યું.

आलभेत निर्वपति उपयन्ति ઈત્યાદિની જેમ પ્રત્યય ઉચ્ચારણ માત્ર માટે હોવાને લીધે आस्ते ધાતુનો અર્થ અહીં વિવક્ષિત નથી. ॥૪॥ (ક્રમશઃ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમ સમાચાર

- નવીન અસ્તી.

જાન્યુઆરી '૯૯ થી માર્ચ '૯૯

ભીમપુરા આશ્રમમાં શુદ્ધાચારી ભોજનગૃહના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ છે.

પૂજ્ય સ્વામી ભાસ્કરાનંદજીએ પૂ. સ્વામી નિર્ગુણાનંદજી, બ્ર. જ્યોતિર્મયાનંદજી તથા બ્ર. વાસુદેવાનંદજી સાથે ગુજરાતના વિવિધ સ્થળોએ ભક્તોના આમંત્રણથી પ્રસ્થાન કર્યું. અમદાવાદમાં પૂજ્ય સ્વામીજીના પુનીત સાન્નિધ્યમાં ડૉ. સુજાતાબહેનને ત્યાં શ્રીપદ્મનાભ-પૂજા સુંદર રીતે સંપન્ન થયા બાદ ભાવનગરમાં ડૉ. માલતીબહેનને ત્યાં શ્રી પદ્મનાભ-મહાપૂજા અનેકભક્તોની હાજરીમાં મકર-સંક્રાંતિને દિવસે સુંદર રીતે થઈ.

ભીમપુરા પાછા આવ્યા બાદ પૂજ્ય સ્વામીજીની શારીરિક અસ્વસ્થતાનો વડોદરા ખાતે ઔષધોપચાર થયા બાદ પૂજ્ય સ્વામીજી ફરી ભીમપુરા પધાર્યા, તથા તા. ૨૨ જાન્યુઆરીએ વસંત-પંચમીને દિવસે આશ્રમમાં એમની ઉપસ્થિતિમાં શ્રી શ્રી સરસ્વતી-પૂજા સંપન્ન થઈ. લગભગ ૭૫ ભક્તોએ પૂજન-લાભ લીધો. પૂ. સ્વામી નિર્ગુણાનંદજી સહિત બ્ર. વાસુદેવાનંદજી તથા બ્ર. યોગાનંદજીની હાજરી નોંધપાત્ર રહી.

શ્રી શ્રી માના ભક્ત અમેરિકાનિવાસી ડૉ. બિપિન ભટ્ટના પુત્રના ઉપનયન-સંસ્કાર સરસ્વતી-પૂજનને શુભ દિને આશ્રમમાં કરવાંમાં આવ્યા.

તા. ૭ ફેબ્રુઆરીએ પૂજ્ય સ્વામીજીના ૮૦મા જન્મદિવસની ઉજવણી અસંખ્ય ભક્તોના આગમનથી પ્રાર્થના તેમ જ સંકીર્તન દ્વારા થઈ. ભક્તજનોના આકસ્મિક આગમન વિષે પૂજ્ય સ્વામીજીને પહેલેથી કહેવામાં આવ્યું ન હતું. સહુએ પૂજ્ય સ્વામીજીના ચરણોમાં ભાવપૂર્વક પ્રણામાંજલિ અર્પણ કરી. શ્રી શ્રી માનાં સંતાનોનો ભાવ અપૂર્વ હતો.

તા. ૧૧ ફેબ્રુઆરીએ પૂ. સ્વામીજી ભીમપુરાથી વિંધ્યાચલ આશ્રમ જવા પધાર્યા.

મહાશિવરાત્રિ - તા. ૧૪ ફેબ્રુઆરી - પૂજનમાં ૪૫ ભક્તોએ નિર્જળા ઉપવાસ કરી ચાર પ્રહરની પૂજામાં ભાગ લીધો. બ્ર. યોગાનંદજી, બ્ર. જ્યોતિર્મયાનંદજી, બ્ર. મૈત્રેયીબહેન તથા બ્ર. હંસાબહેનનો પરિશ્રમ ઉલ્લેખનીય રહ્યો.

હવે પછી તા. ૩૧ માર્ચે ચૈત્ર પૂર્ણિમાએ શ્રી શ્રી હનુમાન્ જયંતિની પૂજા આશ્રમમાં સવારે ૭.૩૦ થી ૧૦.૦૦ સુધી થશે. શ્રી શ્રી માનો જન્મોત્સવ તા. ૨ અને તા. ૩ મે ની રાત્રિએ બ્રાહ્મ મુહૂર્તમાં મહાપૂજન દ્વારા ઉજવાશે. સહુ ભક્તજનોને ભાગ લેવા તથા પરમારાધ્યા શ્રી શ્રી માને તથા શ્રી હનુમાન્જીને અર્ઘ્ય અર્પણ કરવા પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શોક સમાચાર

પરમ પૂજ્ય સ્વામીજીના શબ્દો સ્વ. રમેશભાઇ પટેલ વિષે :

"જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ :" તેનો જન્મ અને મૃત્યુ અવિસ્મરણીય છે, જે જીવનને જીવી શકે છે. આત્મનિર્ભરતા, નિષ્ઠાની મૂર્તિ રમેશભાઈની જીવનયાત્રામાં ઈશ્વર - ગુરુ પર પૂર્ણ નિર્ભરતા રહી. વકીલાત પાસ કરી, વકીલાત કરી, નોકરી કરી, અઢાર વર્ષથી કૌટુંબિક જવાબદારી પૂર્ણ કરી વિદેશગમન કર્યું. ત્યાં પણ એક શ્રૃંખલાબદ્ધ વાનપ્રસ્થીનું જીવનયાપન કર્યું. રક્તના સંબંધો મુજબ પુત્રોનું ભણતર, તેમનાં લગ્ન વિગેરે સુસંપન્ન કર્યું, છતાં આ બધાંમાં પોતાના આદર્શો, નિષ્ઠા વ્યવહારમાં જાળવી રાખ્યાં. પરમારાધ્યા શ્રી શ્રી માના પાસેથી મુંબઈમાં દુર્ગાપૂજામાં દીક્ષા લીધી, અને જે આધ્યાત્મિક અંતઃસ્રોત ચાલુ હતો તે બાહ્ય રૂપે પ્રગટ થયો. ૧૯૯૪માં કોઈક ઋણાનુબંધયોગે જ્યારે "સ્ટ્રોક" થયો, (પૂ. સ્વામીજીને જ્યારે સ્ટ્રોક થયો ત્યારની વાત છે) પક્ષાઘાત થયો ત્યારે જે નિષ્ઠાથી સેવા કરી તે અતુલનીય છે અને પછી તો ૧૯૯૮ સુધી સતત આ શરીર માટે અખંડ રૂપથી સેવા કરી. આમ સાન્નિધ્ય રહ્યું. છેલ્લાં ત્રણ-ચાર વર્ષોથી એમની એક સદ્ ઈચ્છા હતી કે આ શરીર એક વાર અમેરિકા જાય અને માના ભક્તોનું એક સંગઠન થાય, પરંતુ એ અંતઃપ્રેરણા (સ્વામીજીને) થતી નહિ. અચાનક ફેબ્રુઆરીથી આ માટે અંતર-આદેશ જેવું થયું, અને એમણે ચક્રો ગતિમાન્ કર્યાં. પહેલાં તેઓ ત્યાં ગયા. અને Internet માં Web પર એક શ્રૃંખલાબદ્ધ કાર્યક્રમ મૂક્યો. તા. ૧૨ જુલાઈ ૧૯૯૮ એ અમેરિકાની ધરતી પર પગ મૂક્યો, બે મહીના લગભગ સતત સાથે ફર્યા, બધે જ સુવ્યવસ્થિત હતું. હવાઈમાં સાત દિવસનો કાર્યક્રમ, ફ્લોરિડા સંયમ ઈત્યાદિ."

શ્રી શ્રી માના ઘણા જૂના ભક્ત શ્રી મૂળજીભાઈ પટેલ (નંદુબહેનના પિતા)ના નિકટ સંબંધી શ્રી રમેશભાઈ નડિયાદના સંતરામ મંદિર સાથે વિશેષ રૂપે સંકળાયેલા હતા. સતત પૂ. સ્વામીજીની સેવામાં રહેવા માટે અમેરિકાથી ભારત આવતા. એમની ઈચ્છા હતી કે પૂ. સ્વામીજી જો એકવાર અમેરિકા પધારે તો ત્યાં એમની ચિકિત્સા પણ કરાવી શકાય. પૂ. સ્વામીજી ચાર મહીના વિદેશ રહીને ૨ નવેમ્બરે ભારત આવ્યા, કનખલના સંયમ-સપ્તાહ બાદ ભીમપુરા પહોંચતાં જ રમેશભાઈના દેહત્યાગના સમાચાર આવ્યા. રમેશભાઈનો સાયંસંધ્યા કરવાનો દૈનિક નિયમાનુસાર સમય હતો સાંજે સાડા સાતથી નવનો. ૧૨ મી નવેમ્બરે પણ રોજની જેમ સંધ્યા અને ધ્યાન કરવા ગયા પછી ઊઠ્યા જ નહિ, પણ માતૃચરણોમાં ચિર શાંતિ પામ્યા. કનખલ, ભીમપુરા તથા બીજા આશ્રમોને રમેશભાઈ માધ્યમથી આર્થિક સહાયતા થતી રહેતી હતી. વારાણસીની કન્યાપીઠ પ્રત્યે પણ એમને અત્યંત સ્નેહ હતો. શ્રી શ્રી માના પુરાણા ભક્ત, પૂ. સ્વામીજીના નિષ્કામ સેવક અને આશ્રમના શુભચિંતક શ્રી રમેશભાઈને સર્વે માતૃભક્તોની હાર્દિક અંજલિ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram, Kalkaji, New Delhi-110019 (Tel : 6840365)
16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram, Ganesh Khind Road, Pune-411007, (Tel : 327835)
17. PURI : Shree Shree Ma Anandamayee Ashram, Swargadwar, Puri-752001, Orissa.
18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 5362)
19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road, P.O. Ranchi-834001, Bihar (Tel : 312082)
20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.
21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram, Kali Mandir, P.O. Uttarkashi-249193, U.P.
22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram, Bhadaini, Varanasi-221001, U.P. (Tel : 310054+311794)
23. VINDHYACHAL: Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill, P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel: 05442–64343)
24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel : 442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram, 14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)
2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन–३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

માઁ આનન્દમયી

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

VOL. 3 JULY, 1999 NO. 3

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારઃ શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્નઃ પ્રિંટિંગ વર્ક્સ, બી. ૨૧/૪૨, કમચ્છા વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાહેર વિનંતિ

૧. શ્રી શ્રી મા આનન્દમયીના પુણ્ય નામથી ગુજરાત વિશેષ પરિચિત છે. શ્રી શ્રી માનું ગુજરાતમાં સર્વપ્રથમ આગમન વીસના દશકના ઉત્તરાર્ધમાં થયું, કે જે આજની શતાબ્દીનો આરંભકાળ જ હતો. હવે આવનારી નવી શતાબ્દીની નવી પેઢીને જીવનમાં પગલે પગલે સાચી પૂરવાર થતી શ્રી શ્રી માની અમૂલ્ય વાણી દ્વારા જીવનરૂપી પ્રાસાદને સુસજ્જિત કરવાનો સુઅવસર મળે એવા આશયથી સર્વ ભક્તજનોને વિનંતિ છે કે તેઓ શ્રી શ્રી માની અમૂલ્ય વાણી તથા અનુપમ લીલાકથાઓથી ગ્રથિત શ્રી શ્રી આનન્દમયી સંઘની આ ત્રૈમાસિક પત્રિકા **''મા આનન્દમયી અમૃતવાર્તા''**ના શક્ય તેટલી અધિક સંખ્યામાં ગ્રાહક **બને અને બીજાને બનાવે.** પત્રિકાનું લવાજમ **હિંદી ભાષામાં** વારાણસી આશ્રમમાં મોકલવા વિનંતિ છે, તે સાથે **''ગુજરાતી અમૃતવાર્તા માટે''** એમ લખવું જરૂરી છે.

૨. પત્રિકાની નિરંતર પ્રગતિ માટે જાહેરખબરો આપવા વિનંતિ છે. એની રસીદ ઈન્કમટેક્સ માફી માટે આપને મળશે. જાહેરખબરનો વાર્ષિક દર : આખા પૃષ્ઠના રૂા. ૨,૦૦૦/-, અડધા પૃષ્ઠના રૂા. ૧,૦૦૦/- તથા પા ભાગ માટે રૂા. ૫૦૦/- રહેશે.

૩. શ્રી શ્રી માની જન્મ-શતાબ્દીને સુઅવસરે પ્રકાશિત તથા શ્રી શ્રી માનાં વિવિધ ચિત્રોથી પૂર્ણ ''આનન્દજ્યોતિ''નું ગુજરાતી સંસ્કરણ માત્ર રૂા. ૩૦/-માં ઉપલબ્ધ છે, જે મેળવવા માટે વારાણસી આશ્રમમાં મનિ ઑર્ડર, મોકલવા વિનંતિ.

૪. પરદેશમાં 'અમૃતવાર્તા' મંગાવવા માટે ટપાલખર્ચ સહિત લવાજમનો વાર્ષિક દર છે માત્ર ૧૨/- ડૉલર.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નવીન પ્રકાશન

આદરણીય ગુરુપ્રિયા દીદીની જન્મશતાબ્દી પ્રસંગે પ્રકાશિત કરેલું આ એક ઉચ્ચ કોટિનું પ્રકાશન છે. પૂજ્ય શ્રી શ્રી માનાં તથા પૂજ્ય દીદીનાં અનેક દુર્લભ ચિત્રોવાળું દીદીનું આ સચિત્ર જીવનચરિત્ર વિશેષરૂપે પ્રકાશિત થયું છે. આર્ટ પેપરમાં છપાયેલાં વિશિષ્ટ ચિત્રોની સંખ્યા ૧૩૪ છે. દીદી ગુરુપ્રિયાનું જીવનચરિત્ર, શ્રી શ્રી મા સાથેનો એમનો પ્રથમ સાક્ષાત્કાર, શ્રી શ્રી માના ચરણોમાં પૂર્ણ સમર્પણ, એમના પ્રત્યે માની અપરંપાર કરુણાનું વર્ષણ તથા એમની મહિમામય જીવનશૈલીનો સચિત્ર પરિચય ઉપલબ્ધ થાય છે. આ પુસ્તક માતૃભક્તો માટે પ્રેરણારૂપ રહેશે. મૂલ્ય માત્ર રૂા. ૧૦૦/- છે.

ટપાલ દ્વારા મેળવવાનું સરનામું :
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની,
વારાણસી - ૨૨૧ ૦૦૧.

❖

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

સાચા વિશ્વવિદ્યાલયની ઑફિસ હોવી જોઈએ, જ્યાં કામ કરવાથી કામ વધતું નથી.

❖

પોતે કરે છે, પોતે ફળ ભોગવે છે. પોતાની ક્રિયાથી જ અભાવની સૃષ્ટિ થાય છે અને પોતાની ક્રિયા દ્વારા અભાવ દૂર થાય છે. સ્વયમ્ જ કરવાનું પોતાના પ્રકાશ માટે. સ્વયમ્ જ વિષય ભોગ કરે છે, સ્વયમ્ જ પછી ધીમે ધીમે મૃત્યુ બાજુ અગ્રેસર થાય છે. મૃત્યુ એટલે "સ્લો પોઈઝન." અમૃતભોગી બનો પિતાજી. અમૃતભોગી. અમર માર્ગે ચાલો જ્યાં ન મૃત્યુ છે કે ન વ્યાધિ. સ્વયમ્ જ નિર્વિષય તરફ ચાલો. જે કરશો તે જ મેળવશો.

❖

ગૃહસ્થ આશ્રમ કહેવાય છે ને. સેવા-બુદ્ધિ રહે તો જ ભગવત્ સેવામાં આવે. મોહબુદ્ધિમાં મૃત્યુ પ્રાપ્તિ. એમનું વિધાન બહુ સારું છે. એટલા માટે જ કહેવાય છે - બધાં જ મહાયાત્રા કરો, જેની યાત્રાથી યાત્રા બંધ થાય. સમય નક્કામો વેડફાઈ ન જાય. આખો વખત પોતાની "ચિંતા"માં ડૂબ્યા રહો. મૃત્યુની ચિંતા કરવાની જરૂર નથી. જેને જે ગમે - રામ, કૃષ્ણ, શિવ અને માઁ - જે કોઈ નામ ગમે. તેથી જ કહેવાય છે કે જ્યાં નથી રામ, ત્યાં જ છે બેરામ. (અર્થાત્ રામ વિના) રામ એટલે આત્મારામ, શાંતસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ભગવત્ ક્રિયા જ ક્રિયા છે, બાકીની બધી ક્રિયાઓ મૃત્યુપથની ક્રિયાઓ છે.

❖

આત્મચિંતા એ જ સ્વગતિની દિશા છે. જગતની ક્રિયામાં અરૂપ પ્રકાશ છે. હરિ ચિંતા સિવાય બીજું બધું જ વૃથા - અક્રિયા છે. સ્વક્રિયામાં સ્થિત થવું તે જ કર્તવ્ય છે. માનવ અભાવ રૂપમાં પ્રકાશે છે, અભાવની ચિંતા કરે છે, અભાવ જ પ્રાપ્ત કરે છે. તેથી સ્વભાવની ચિંતા કરવી કર્તવ્ય છે, નહીં તો અભાવ, અક્રિયા, અગતિ, દુર્ગતિ, મૃત્યુ.

❖

નિજમાં સ્વયમ્ જ, યાતાયાત રૂપમાં, બધાં રૂપમાં તેઓ જ. હું તો આત્મારામ જ. જ્ઞાનરૂપમાં પ્રતિષ્ઠિત થવું જોઈએ. માત્ર તમે જ, તમે જ, તમે જ. બધું જ તમે છો. વળી તમે સ્વયમ્ છો. અનંત એક માત્ર તેઓ જ એક માત્ર હું જ.

❖

અપ્રિય સત્ય કદીયે ન કહો. આખા સંસારના લોકોને કહેનાર છો તમે કોણ ? તમારી વાત લોકો સાંભળશે કેમ? જો તમારામાં એવી શક્તિ હોય કે જે કાંઈ કહ્યું તે એમણે સાંભળ્યું તો જ કહેવું ઉચિત છે. નહીં તો તમારું મન ક્ષિપ્ત થશે - સાધનામાં વ્યાઘાત થશે. તમારું 'સેંસિટિવ' મન આઘાત લગાડશે કે મારી વાત આ લોકોએ ન સાંભળી. હા, બંધુ કે મિત્રને કહી શકો. બંધુ એટલે જેના હૃદયનું બંધન હોય, એ જ પરમ બંધુને પ્રાપ્ત કરવાના માર્ગમાં જેઓ સહાયક થાય છે. શત્રુ એ છે જેઓ મૃત્યુ તરફ લઈ જાય.

❖

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સર્વનામ સર્વરૂપ વળી અનામ અરૂપ. જો નામ ગમે તો સર્વનામ સર્વરૂપ તો છે જ. જો નિરાકાર ગમે તો અનામી અરૂપ. એમની સાથે દુકાનદારી કે વૈશ્યવૃત્તિ ન રાખવી જોઈએ. - આટલા દિવસોથી ધ્યાન કરતો રહ્યો, પણ કાંઈ મેળવ્યું નહીં - આવી બુદ્ધિ ન રાખવી જોઈએ. પ્રાણોના પ્રાણ, આત્માઓના આત્મા છે. તેઓ પોતાનાંઓ કરતાં પોતાના છે. એટલે પોતીકાંઓ સાથે દુકાનદારી ન કરવી એ જ બરોબર છે.

❖

પિતાજી, ત્યાં પણ પેન્શન પ્રાપ્ત થાય છે. આ પેન્શન તો માત્ર શરીરની સાથે જ છે, પરંતુ પેલા પેન્શનનો અંત નથી. એમની કઈ કૃપાથી પેન્શન પ્રાપ્ત થઈ જઈ શકે તે કહી ન શકાય. એ જ કૃપા માગવી જોઈએ જો કંઈ માગવાની જરૂર હોય તો.

❖

એમને પોકારવું વ્યર્થ નથી જતું. જ્યાં સુધી અવાજ ન મળે ત્યાં સુધી પોકાર્યા કરવું જોઈએ. પોતાને જ તો બોલાવવાનું. પોતાની જાતને જ મેળવવાની. અખંડને પોકારવાથી અખંડને જ મેળવવાના. પોતાનો આત્મા, પ્રાણોના પ્રાણ, એ જ પ્રિયને જ બોલાવવાના, કોણ જાણે કેટલા યુગોથી ભોગને પોકારી-પોકારીને ભોગ કરતા આવ્યા છો ને? જેમને પોકારવાથી ત્યાગ-ભોગના પોકાર-બોકારનું દ્વંદ્વ જતું રહે છે, એ પોકાર પ્રિય હોવી જોઈએ.

❖

પ્રશ્ન : ધર્મ શું છે ?

મા : પોતાને મેળવવાનો જે રસ્તો છે, જેને છોડી નથી શકાતો, તે જ છે 'ધર્મ'. પ્રત્યેકને પ્રકાશિત થવા માટે જુદાજુદા રસ્તાઓ છે. જ્યાં તમે છો, તેને જ લઈને તમે ચાલો. એક માત્ર તેઓ જ તો ! એમણે જ પકડ્યા છે. છુટકારો નથી. બીજી બાજુ ભગવત્ પ્રકાશની ક્રિયા જ ધર્મ કહેવાય છે.જે અક્રિયા છે તે જ અધર્મ છે. ધર્મ તો એક જ છે.

❖

પ્રશ્ન : નર-નારીમાં મોટું કોણ ?

મા : બંન્ને જ મોટાં છે. શક્તિ વિના શિવ ક્યાં ? રાધા વિના કૃષ્ણ ક્યાં ? સીતા વિના રામ ક્યાં ? શક્તિ વિના તમે છો ક્યાં ? જ્યાં સુધી પ્રકાશ ન થાય ત્યાં સુધી આ 'કેમ' રહેશે. ગુરુ જે કંઈ કહેશે તે જ શ્રેષ્ઠ મંત્ર છે. બરોબર ગુરુ-મંત્રનો જપ કરવાથી પ્રકાશ થશે જ. ભગવાનનું રાજ્ય એટલું સુંદર છે કે જો તેઓ સ્વયમ્ ભણાવે તો પાસ થયા વિના ચાલી ન શકે. ગુરુશક્તિના પ્રકાશ થવાથી ફેલ ન થવાય. આગમાં પ્રવેશ કરશો તો બળશો જ.

❖

મનને એમના ચરણોથી અલગ ન રાખો. આથી દરેક પ્રકારના પ્રલોભનથી બચી શકશો.

❖

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાઙ્માધુરી

(માની સૂત્રાત્મક ભાષા છે.)

૨૪-૧૦-૫૯

પૂ. વિનોબાજીના અનુયાયી શ્રી, શંકરરાવ દેવ સર્વોદયના કાર્ય માટે માટે માના આશીર્વાદ લેવા આવ્યા. એમણે ઈશ્વર-પ્રાપ્તિના ઉપાય વિષે માને પ્રશ્ન કર્યો.

મા : મેળવવા માટે બધા લોકો ત્યાગ કરી રહ્યા છે.

શંકરરાવ : નિયમિત તો કંઈ જોઈએ.

મા : સ્વયમ્ ભગવાન નિયમિત રૂપમાં ઊભા થઈ જાય છે. દરેક રૂપમાં તમે જ છો.

શંકરરાવ : અમે પણ ભગવાન છીએ - કહેવાનું જુદું છે ને વ્યવહારમાં લાવવાનું જુદું.

મા : અમે અને ભગવાન એક જગાએ ન ટકે, બે ન રહે. અમે અમે છીએ, ભગવાન ભગવાન છે. એ જ જે છે. સેવા કોની ? કોણ ? જે રૂપમાં જે પ્રગટ થાય. એ જ કરાવી રહ્યા છે એમનું કામ.

અમારા દોસ્તના માતા-પિતા અમારા માતા-પિતા છે. જેમ પિતા છે, પતિ છે, પુત્ર પણ તમે જ. બીજું કોઈ નહીં. દુનિયામાં જેટલાં બાળકો છે લગ્ન નથી કર્યાં, વિશેષતઃ મારા દોસ્ત છે. દોસ્તોના પિતા-માતા તે પણ મારા પિતા-માતા. કમલા નેહરુએ એક યજ્ઞ કર્યો. (આ) શરીરની સાથે રહેતી હતી. (કર્મ) ક્રિયા-કાંડમાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યનો ભેદ રહે છે. મારપીટ થાય છે. શરીરને એક વાર ખ્યાલ આવ્યો, એવું ન થઈ શકે જાતિ-ભેદ કંઈ ન રહે, પણ કરી શકે, અચ્છા - ભગવાન તો અખંડ છે, પૂર્ણ છે. પણ ૨૪ કલાક જીવ જગતમાં કરવું અઘરું છે. એવો ભાવ છે. પિતાજીમાં પતિ પણ છે, પુત્ર પણ. સમુદાય બધામાં એક જ છે. ક્ષણ-ક્ષણમાં પૂર્ણ જ છે. વૃક્ષમાં બીજ, વટવૃક્ષ - એમાં અનંત બીજ છે ને, ગતિ સ્થિતિ સરખી, એક બીજ એક દાણામાંથી સેકડો, અંત ક્યાં, ૨૪ કલાકમાં ૧૫ મિનિટ જ આપો, અખંડમાં બધું છે. પૂર્ણના ચિત્રમાં પૂર્ણ જ રહે છે. જેમ મોટો અંક એક બિંદુ આપી દીધું. શૂન્યને બેસાડી દીધું પૂરો અંક. ૨૪ કલાકમાં ૧૫ મિનિટ છો હોય. એવો સમય બાંધે. ૨૪ કલાક તો સંસારને માટે છે જ, આ ૧૫ મિનિટને જગત માટે ખંડિત નહીં કરું. એ ભગવાનનો છે. શુદ્ધ અશુદ્ધનો વાંધો નહીં, જાતિભેદ નહીં, હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, જેનો જે મજહબ છે આ ૧૫ મિનિટ ભગવાનને અર્પણ. જે હાલતમાં હો તે જ હાલતમાં ભગવાનને પોકારવા. શુદ્ધ થઈને હાથ-પગ ધોઈ શકે તો સારું. એમને મેળવવા માટે વાતનો સંયમ - ૧૫ મિનિટ શબ્દ બ્રહ્મ રૂપ અખંડ રીતે ૧૫ મિનિટ બાંધીને. કોણ જાણે ભગવાનની કૃપા ૨૪ કલાક બની જાય.

જગત ક્રિયામાં કોઈ, એની વચ્ચે તમારા ૨૪ કલાક. કોઈ કોઈ કરવાથી થાય છે શું જેમ કે જહાજ છે, કોણ જાણે પાર લાગવું. સમુદાય પાસેથી મદદ મળી જાય. (અર્થાત્ ઘણા જણ એકી સાથે મળીને ભગવન્ નામ કરે તો એમાંના કોઈનો આધાર સારો હોય તો પ્રકાશ થઈ શકે, અને એની સાથોસાથ બીજાંઓનો પણ ઉદ્ધાર થઈ શકે.)

આત્મા તો એક છે. સંખ્યા અખંડ તો તમારામાં ભગવાન છે, તે જ સ્મૃતિ માટે ભગવાનને આપી દીધું. એક આત્મા છે. અલગ તો છે નહિ. ભગવાનનું બધું જે છે - વિશ્વવ્યાપક જે ભગવાન છે, અખંડ છે. તમારો આત્મા એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ આત્મામાં જ છે, બીજા રૂપે તમે જ છે.

જેટલો ભાવ તેટલો લાભ, તમે લઈ શકો તો ભગવાન આપી દેશે.

ડૉ. પન્નાલાલ : કોઈ મહાત્માએ કહ્યું કે તમારી પાસે તો આટલી મોટી ગંગાધાર વહે છે, જે લેવું હોય તે લઈ લો. (ગંગા એટલે મા પ્રત્યે નિર્દેશ).

મા : સૂતાં સૂતાં ગંગા-દર્શન કરી રહી છું. ડૂબકી મારવાની તરકીબ હોય છે, ડૂબકી મારવી એટલે કે પોતાની જાત આપી દેવી. ગુણ-અવગુણ બધું જ આપી દેવું. આપવું અર્થાત્ મેળવવું.

પન્નાલાલ : વીસ વરસથી મા પાસે આવું છું. તોયે કંઈ ન આપ્યું.

મા : હરિ કથા, હરિ કીર્તન, હરિ ગુણ ગાન. જે થવાનું છે (તે) થયું.

૧૦-૧૧-૫૯

પ્રશ્ન : મનુષ્ય અધર્મ, પાપ કેમ કરે છે ? એ ખરાબ છે તે જાણવા છતાં કુપથમાં પગ શા માટે મૂકે છે ?

નલિનીકાંત બ્રહ્મ : સારું નથી પાપ છતાં કરે છે.

મા : જેટલા દિવસ રજોગુણની ક્રિયા રહેશે તેટલા દિવસ રહેશે (પાપાચરણ.) જ્યારે રજોગુણ જતો રહેશે ત્યારે મટશે. નહીં તો નહીં. અભ્યાસ પડી ગયો.

પ્રશ્ન : આટલા જન્મોનાં પુણ્યથી માનવ શરીર મળ્યું તો પાપ શા માટે કરીએ છીએ ?

મા : પુણ્ય આટલાં પુણ્યોના ફળથી આવ્યું. કેમ ભૂલી જાઓ છો. એ ટેવ પડી ગઈ છે. અભ્યાસ થઈ ગયો છે કર્મ કરવા માટે. ભગવાનની કેવી સુંદર કરતૂત - આ મનુષ્ય જન્મ. તમારાં કેટલાં ખરાબ કરમો, સુકરમો. આટલા જન્મોજન્મનાં પાપો ભૂસાઈ જશે, જો એની વચમાં કંઈ કર્યું, પછી તો પક્ષી, પશુ, વૃક્ષ એ જ જન્મોમાં ચાલ્યા જાય છે. (અર્થાત્ મનુષ્ય જન્મમાં જીવ જો વિવેકબુદ્ધિ વડે સન્માર્ગે રહે, ભગવાનનો આશરો લઈને રહે તો એનાં જનમોજનમનાં પાપો કપાઈ જાય છે. પણ જો આ જન્મ મેળવ્યા પછી પણ જો વિવેકહીન આચરણ કરે તો ફરી પશુ, પક્ષી, વૃક્ષ એમ પોતાના સ્વભાવ પ્રમાણેનાં જન્મમાં જવું પડે છે.)

મનુષ્ય જન્મ ખૂબ દુર્લભ. આ જન્મ મેળવીને કર્તવ્ય છે ભગવાનની સુંદર રીત અપનાવવી પોતાનામાં પોતાને મેળવવા માટે, આ જ રીતને લે. દુઃખ-સુખ, દુર્ગતિ-દુર્બોધ ત્યારે થાય જ્યારે ભગવાન આપણામાં નથી એવું લાગે.

જે ક્રિયા અને ભગવદનુકૂલ કર્મથી જન્મો-જન્મનાં પાપો ધોવાઈ જાય છે એને જ કરવાને માટે કહેવામાં આવે છે. ભગવાન માટે તપસ્યા કરો. તપ સહન કરો. નિયમથી સાધના કરો.

બુદ્ધિને આમ કરવાથી સારું રહેશે. પશુ-પક્ષીને બોધ (જ્ઞાન) નથી. તેથી ભગવાને સત્ કરમ આપ્યું. ઈચ્છા-અનિચ્છા કરવું જોઈએ. ન કરે તો દુર્ભોગ. જન્મોજન્મનાં પાપો ફળી રહ્યાં છે. મનમાં જે ખરાબ ભાવ જાગૃત થાય છે એ તો અભ્યાસ છે. એવો સુંદર ભાવ કરવો જોઈએ કે દુષ્ટ ભાવ ન આવે. એટલા માટે જ સત્સંગ, સંયમ કરવો, સત્ કરમ કરવું એવી રીતો રાખી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : પાપ શરૂ કેવી રીતે થયાં ?

શ્રી નરેન બ્રહ્મચારી : બીજ પહેલાં કે વૃક્ષ પહેલાં માનો છો ? અનાદિ કાળથી.

મા : જ્યારથી ભગવાન છે ત્યારથી આ ચાલી રહ્યું. કર્મ અકર્મ. ક્યારે ભગવાન નથી ? બોલો. આદિ અંતની વાત નહીં. ભગવાન નિત્ય છે, અનાદિ નિત્ય પ્રવાહ સમજ્યા ? કંઈ ન સમજ્યા. જો સમજી લેત તો બીજો પ્રશ્ન આવત. એક સમજાઈ ગયો તો બીજો ઊભ થઈ જાત. જ્યારે પ્રત્યક્ષ થશે ત્યારે સમજવાથી કામ નહીં ચાલે. જે કર્મ કરશે તે ફળ પામશે. કર્મ અનુસાર પડવાનું છે તો કર્મ અનુસાર ઉઠવાનું પણ છે.

પ્રશ્ન : અમે ધ્યાન કરીએ છીએ, આપ શું કરો છો ?

મા : જેમ જોઈ રહી છું અત્યારે, જેમ વાત કરી રહી છું. પેલું પણ આમ છે. (માના આ શબ્દો ગૂઢ તત્ત્વપૂર્ણ છે. આ વાત એ સ્થિતિની છે જ્યાં કંઈ પરિવર્તન નથી, સર્વ ક્રિયા-અક્રિયામાં એક જ "સહજ" ભાવ, નિત્ય ધ્યાનાવસ્થા.) જો ધ્યાન કહો હું પોતાનું ધ્યાન પોતે જ કરું છું. જેમ કે જોઈ રહી છું, હસવાનું સાંભળી રહી છું, વાત સાંભળી રહી છું, આંખ બંધ કરીને ચુપચાપ રહેવાથી પણ આમ જ રહે છે.

તમારું દુઃખ, તમારી વ્યથા, તમારી જ્વાળા (એ) તો મારું જ દુઃખ. આ શરીર બધું સમજે છે.

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂજ્ય સ્વામી ભાસ્કરાનંદજીની કલમે

હે પ્રભુ ! સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ.

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવાં તે મને શીખવ.

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે શાંતિ કેમ રાખવી તે મને શીખવ.

કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે ખંતથી એમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ.

કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે તેમાંથી મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ.

પ્રલોભન, પ્રશંસા, ખુશામતની વચ્ચે તટસ્થ કેમ રહેવું તે મને શીખવ.

ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે, શ્રદ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશાના ગર્તમાં મન ડૂબી જાય ત્યારે ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ.

❖

જો ધન ખોયું તો કાંઈ નથી ખોયું,
જો સ્વાસ્થય ખોયું તો કંઈક ખોયું,
જો ચારિત્ર્ય ખોયું તો સર્વસ્વ ખોયું.

❖

માની મમતા

વાત બહુ નવી નહીં, અને જૂની પણ ન કહેવાય. ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણી તે એક બાહોશ, બુદ્ધિમાન્, મુત્સદ્દી હતા, અને સાચા અર્થમાં માનવ હતા. તેમનાં માતૃશ્રીનો જ્યારે પંચ્યાશી વર્ષે સ્વર્ગવાસ થયો ત્યારે એક બાળકની જેમ તેઓ ધ્રુસકે ધ્રુસકે રડતા હતા. ભાવનગર-નરેશે અને બીજા બધાએ તેમને સમજાવ્યા કે તમે વિદ્વાન છો, મૃત્યુ તો અનિવાર્ય છે. પછી જ્યારે થોડા શાંત થયા ત્યારે કહ્યું કે એમના માતૃવાત્સલ્યે મારા જીવનને ઘેરી લીધું હતું.

એમની ઉંમર જ્યારે પાંસઠ વર્ષની હતી, રાજ્યદ્વારી મુદ્દાની ચર્ચા રાજા-મહારાજા અને બ્રિટિશ અમલદારો સાથે કરવામાં મશગૂલ રહેતા, ત્યારે બપોરે સવા વાગે મીટિંગની વચ્ચે તેમનાં માતૃશ્રી આવીને હાથ પકડીને કહેતાં, ''પરભા, બપોરના સવા વાગ્યા છે, તાપ તપે છે, જમવાનું ટાઢું થયું છે, હાલ્ય જમવા.'' સહુ જમ્યા વિના બેઠા છે, અને ત્યાં પ્રભાશંકર પટ્ટણી સહુને ''માફ કરશો'' કહી, બાળકની જેમ ગયા. એટલે સર પ્રભાશંકર પટ્ટણી સાહેબ કહે, ''ભાઈ, સૌ કહેશે, પણ ''મારો પરભો'' કહેવા માટે આવી વાત્સલ્યમયી, મમતામયી મા ક્યાંય નહીં મળે.''

આ તો સાંસારિક સ્વરૂપ ! વાત્સલ્યમયી, આધ્યાત્મિક, આત્મસ્વરૂપિણી ''મા'' માટે શો શબ્દ હોય ? તેથી જ પહેલાં ''ત્વમેવ માતા'' કહેવાય છે!

❖

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક પ્રાર્થના

હે નાથ, તારી શાંતિનું મને યંત્ર બનાવ. જ્યાં ઘૃણા હોય ત્યાં પ્રેમનાં બીજ વાવી શકું. જ્યાં વ્યથા હોય ત્યાં ક્ષમા કરી શકું. જ્યાં સંશય હોય ત્યાં વિશ્વાસ કરી શકું. જ્યાં નિરાશા હોય ત્યાં આશા કરી શકું.

❖

જો સાધના માટે લાંબો સમય બેસવાનો અભ્યાસ હોય તો ધ્યાન રાખવું કે રેતિયાળ પથ્થર ઉપર ન બેસવું, ખડ અથવા રૂની ગાદી પર ન બેસવું, તેથી લાંબા કાળે તકલીફ થવાનો ભય છે. જો મલમૂત્ર આવે તો આસનમાં વ્યાઘ્રચર્મ કે મૃગચર્મ બિછાવવું ઉત્તમ છે.

❖

જ્યાં ભય છે ત્યાં ક્રોધ નથી આવતો. કામક્રોધ ક્યારે આવશે તેની પહેલેથી ખબર નથી પડતી. પરંતુ તે આવે ત્યારે બુદ્ધિમાં સાવધાની રહે તો તેને દાબી દેવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેને ન આવવા દેવાનો પૂર્વ પ્રયત્ન કરી શકાતો નથી.

❖

યંત્ર

શ્રી જગન્નાથપુરીપીઠના શંકરાચાર્યજી મહારાજે કહ્યું :- યંત્રનું સ્વરૂપ, કેવળ રેખામાત્ર છે. એમાં ત્રિકોણ - પંચકોણ મુખ છે. તેમાં અક્ષર જે લખાય છે અથવા લખવું આવશ્યક નથી - તે તો અમુક સ્થાને પૂજા વખતે અમુક અક્ષરના ન્યાસ કરવા માટે જ છે.

❖

"(હે પ્રભુ,) મને અસત્‌માંથી સત્‌ પ્રત્યે લઈ જા, અંધકારમાંથી જ્યોતિ પ્રત્યે લઈ જા, મૃત્યુમાંથી અમૃત પ્રત્યે લઈ જા, મારી પાસે આવીને પ્રકાશિત થા."
- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી હનુમત્ તત્ત્વબોધ એ જ કલ્યાણનો માર્ગ

- ડૉ. આનંદ બહાદુર સિંહ

શ્રુતિ કહે છે :

''मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः।''

બંધન અને મોક્ષનું કારણ મન છે, તેથી મનને નિયંત્રિત કરવા માટે મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રયાસ જ નિવૃત્તિનો માર્ગ છે. ભારતીય વાઙ્મયમાં આવા વિષયોની જેટલી ચર્ચા થઈ છે એટલી બીજા કોઈ વાઙ્મયમાં નથી થઈ. યોગ અને દર્શન એ બે અત્યંત સબળ માર્ગો છે, જેનાથી મન ઉપર નિયંત્રણ કરી શકાય છે. ચિત્તવૃત્તિઓનો નિરોધ એ જ યોગ છે, અને તત્ત્વબોધ એ જ દર્શનની ઉપલબ્ધિ છે. ભારતીય વાઙમયમાં યત્ર-તત્ર પરસ્પર-વિરોધી વાતો અને ગૂંચવાડા ભરી વાતો જેવું દેખાય છે, પરંતુ ખરી રીતે એમાં ન તો કશો ગૂંચવાડો છે કે ન પરસ્પર-વિરોધ. ઋષિઓએ તત્ત્વ સુધી પહોંચવા માટે વિવિધ માર્ગો બતાવ્યા છે.

ફ્રાન્સના વિશિષ્ટ પરાભવી વૈજ્ઞાનિક ડૉ. ફિલિપ બુડને કહ્યું કે જપયોગ દ્વારા ભયંકર માનસિક બોજો ઓછો થઈ જાય છે. એ મનોવૈજ્ઞાનિક મહોદય કોઈ દેવતાનો જપ નથી કહેતા, બલ્કે પ્રિય વસ્તુનું વારંવાર ચિંતન કરવાનું કહે છે. મહેશ યોગીએ ધ્યાનયોગ દ્વારા એમનું આધ્યાત્મિક સામ્રાજ્ય ફેલાવ્યું છે. 'હરે કૃષ્ણ મિશન'ના લોકોએ જપયોગ સાથે યમ-નિયમને જોડી દીધાં છે. આ ઉપરાંત ભારતની બહાર જે લોકો જાય છે, એમની યુક્તિ એક જ છે અને એ છે મનને ગમે તે પ્રકારે નિયંત્રિત રાખવું. કેટલાક હઠયોગ લઈને બહાર પડ્યા છે. શવાસન આદિ સિદ્ધ થઈ જાય તો પછી માણસ ન તો કદી માનસિક તાણથી ગ્રસ્ત થશે કે ન થાકશે, નિદ્રા પર પણ વિજય મેળવશે. આ બધું જ્ઞાન તે છલકાતા જ્ઞાનનાં બિંદુઓ છે જેના વડે સમગ્ર વિશ્વ વિમોહિત થયું છે.

આ જ્ઞાનનો જો સમ્યક્ રૂપે આપણા દેશમાં કે ગમે ત્યાં પ્રચાર કરવામાં આવે તો માનસિક તાણ ઓછી થશે, અને માનવતા ઘણી ઊંચે ઊઠશે. માનવતાના ઉત્થાનથી જ બધી સમસ્યાઓનું સમાધાન થઈ શકે. આ વિધિ દ્વારા દુઃખનાં કારણો સુખનું મૂળ બની જશે. સંગ્રહ માણસને ખૂબ હેરાન કરે છે, પણ જો અપરિગ્રહ અપનાવવામાં આવે તો જીવનનો ક્રમ જ બદલાઈ જાય. અનાવશ્યક સંગ્રહ એક બાજુથી માનસિક તાણને વધારે છે, તો બીજી બાજુએ અનેક પ્રકારની વ્યાધિઓ પણ ઉત્પન્ન કરે છે.

આ વિષે આખા ભારતીય વાઙ્મયને ખંખેરવાની જરૂર નથી. આપણે માત્ર શ્રી હનુમત્ તત્ત્વનો વિચાર કરીશું. શ્રી હનુમત્ તત્ત્વ સમજી લીધા પછી આ તાણ ઓછી થશે અને દુઃખમય સંસારમાં સુખની સૃષ્ટિ સંભવશે. આપણે ત્યાંની વિશેષતા એ હતી કે એક જ તત્ત્વને એવી રીતે મૂકતા કે સામાન્યમાં સામાન્ય માનવી તેમ જ વિશેષમાં વિશેષ વ્યક્તિ એકી સાથે લાભાન્વિત થાય. આ પ્રકારની ચિંતન-પ્રક્રિયાનો પાશ્ચાત્ય દેશોમાં વિકાસ થઈ શક્યો નથી, અને તેથી જ તેઓ માનસિક બોજામાં હંમેશ દબાયેલ રહે છે. એક જ ચિંતનને આગળ વધારવામાં આવે તો એક દિશામાં તો સફળતા મળી શકે, પરંતુ અન્ય દિશાઓ શૂન્ય જ રહેવાની. આથી સરવાળે ઉપલબ્ધિને નામે કંઈ જ શેષ નથી રહેતું.

દ્વંદ્વાત્મક ભૌતિકવાદને આધારે એમણે માર્ક્સવાદની સૃષ્ટિ તો કરી, પણ હાથ શું આવ્યું ? સામ્યવાદી દેશોમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે પરસ્પર વિરોધ છે તે તો છે જ, આંતરિક જીવન નિરંતર બગડતું જાય છે. ધીરે ધીરે સમસ્ત સામ્યવાદી દેશોમાંથી માર્ક્સના સિદ્ધાંતો પર આધારિત સમાજવાદ સમાપ્ત થઈ ગયો, અને સર્વત્ર ઉદારતાની અર્થનીતિ અથવા ઉપભોક્તાવાદની બોલબાલા છે. અમેરિકા પણ એની ભોગવાદી સંસ્કૃતિથી કંટાળી ગયું છે. ભારતીય વિચારધારાના પ્રસારનું આ જ રહસ્ય છે. જીવનમાં જ્યાં સુધી આચારને પ્રધાનતા નહીં અપાય ત્યાં સુધી કંઈ પણ ઉચિત નહીં નીવડે.

સત્યબોધના અભાવે શાંતિ પ્રાપ્ત ન થાય. આપણે ત્યાં કહ્યું છે કે જ્ઞાનનો અભાવ હોય તો મુક્તિ શક્ય નથી. આ જ્ઞાનની પ્રાપ્તિ માટે વિવિધ ઉપાયો તથા માર્ગો છે. આ ઉપાયોની જાણીતી સંખ્યા એટલી બધી છે કે માત્ર એ બધાની પરિભાષા આપવામાં જ ઘણો સમય નીકળી જાય, તેમ છતાં શ્રી હનુમત્ તત્ત્વને સમજવા માટે થોડીક જાણકારી અપેક્ષિત છે.

બૌદ્ધિક સ્તર પ્રમાણે શ્રી હનુમત્તત્વનાં અનેક સ્વરૂપો છે. આ સંસાર બહુકોણીય છે. જે કોણથી એના પર દૃષ્ટિપાત થશે તે જ દૃશ્ય હશે. શેષ કોણો તો અદૃશ્ય જ રહેશે. આચાર્ય શંકરનું અદ્વૈત દર્શન તો એ છે કે જ્યાં દ્વૈતની સ્થિતિ જ નથી. અન્ય આચાર્યોએ એ જ તથ્યને સમજવા માટે પોતપોતાના ઉપક્રમો તૈયાર કર્યા છે. ઉક્ત ચર્ચા કેવળ વિષય ઉપસ્થાપન રૂપે મૂકી છે જેથી શ્રી હનુમત્ તત્ત્વ હૃદયંગમ થઈ શકે.

આપણે ત્યાં બે દેવમંડળો ચાલે છે - એક વૈદિક દેવમંડળ અને બીજું પૌરાણિક દેવમંડળ. આમ તો આ જાતના વર્ગીકરણનો હું સમર્થક નથી, હિંદુઓની એક પદ્ધતિ છે, જેને પ્રમાણે એના દેવમંડળમાં પણ પરિવર્તન થતું રહે છે. નવા નવા દેવતાઓ આવે છે. બે દશક પૂર્વે સંતોષી માતાનો પ્રાદુર્ભાવ થયો અને એમની લોકપ્રિયતા કોઈ દેવી-દેવતાથી ઓછી નથી. વ્રત, ઉપવાસ, મંદિર, ધ્યાન, કથા ઈત્યાદિ બધું બની ગયું છે. હું તો માનું છું કે આપણે ગમે તેટલા આગળ વધીએ છતાં સીમાલંઘન ન કરીએ. ૩૩ કરોડ દેવી-દેવતાઓમાં આપણે માંડ સોએકને જ ઓળખીએ છીએ, બીજાનો પરિચય તો હજી બાકી જ છે.

શ્રી હનુમાન્જી પૌરાણિક દેવતા છે. એમનો ઈતિહાસ બંન્ને અવતારો સાથે સંકળાયેલો છે. શ્રીરામનું સાન્નિધ્ય એમને પૂર્વરૂપથી પ્રાપ્ત થયું હતું. વળી મહાભારતના સમયમાં અર્જુનના રથ પર પણ તેઓ છે, અને ભીમને મળીને એમને કેટલી પ્રસન્નતા થઈ તેનું વર્ણન પણ મહાભારતમાં છે. પુરાણોમાં રામકથાની સાથે હનુમત્ ચરિત્ર સર્વત્ર જ સંકળાયેલું છે. ખરી રીતે તો ઋગ્વેદમાં વૃષાકપિનું છે વર્ણન છે તે શ્રી હનુમાન્જીનું જ છે. દક્ષિણમાં ફ્ના (વેન ગંગા) તથા રેવાના સંગમસ્થળે વૃષાકપિનું વિશાળ મંદિર છે. ઋગ્વેદના મંત્રથી સ્પષ્ટ થાય છે કે જે આખ્યા ઈશ્વરોન્મુખી થાય છે એને વૃષાકપિ સહાય કરે છે. મનુષ્ય-જીવનમાં સુખની ઘણી મહત્તા છે. સુખની પ્રાપ્તિ માટે જ એ બેચેન રહે છે અને એ કાર્યમાં એ જાતજાતનાં સાધનો અપનાવે છે. હિંદુ જીવન - પદ્ધતિમાં સુખ-પ્રાપ્તિ માટે વિવિધ સાધનો બતાવ્યાં છે જેથી લોક-પરલોક બંન્ને સુખમય બને. પરલોકને માટે વ્યક્તિ પોતાની જાતને સરખી રાખવા મથે છે, અન્યથા એને દિગ્ભ્રમિત્ થતાં કોણ રોકી શકે? તેથી જ આપણે ત્યાં સહાયકના રૂપે ૩૩ કરોડ દેવતા છે. માનવી ચાહે તેની સહાય લે. શ્રી હનુમાન્જીનાં પણ વિવિધ રૂપો છે :

૧. પ્રથમ રૂપ તો એમનું બ્રહ્મનું જ છે.

૨. દ્વિતીય રૂપે તેઓ સાક્ષાત્ શિવ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩. તૃતીય રૂપમાં પવનપુત્ર છે.

૪. ચતુર્થ રૂપે વાનરરાજ કેસરી તથા માતા અંજનાના પુત્ર છે.

વિચારીએ તો પ્રત્યેક જીવનાં ચાર રૂપો છે :

૧. પ્રથમ રૂપ એ અનંત સત્તાનું પ્રતીક જેણે ચરાચરને રચ્યાં છે, "ઈશ્વર અંશ જીવ અવિનાશી, ચેતન સહજ અમલ સુખરાસી".

૨. દ્વિતીયરૂપે એ કોઈ દૈવી કે આસુરી અંશ છે.

૩. તૃતીયમાં એ પૂર્વ સંસ્કારો દ્વારા ગ્રસિત કોઈ યોનિમાંથી નીકળેલો જીવ.

૪. ચતુર્થમાં એનાં માતા-પિતાનું સંતાન છે.

પછીથી ઉપાસકો અનુસાર શ્રી હનુમત્ ઉપાસનાનાં અનેક રૂપો કહેવાયાં છે. શ્રુતિ-સ્મૃતિ અર્થાત્ નિગમ પક્ષ અનુસાર શ્રી હનુમાન્જીની ઉપાસના શિવરૂપે થાય છે. દાક્ષિણાત્ય વિદ્વાનો વિધિવત્ શ્રી હનુમાન્જીનો રુદ્રાભિષેક કરે છે. આગમ અર્થાત્ તંત્ર માર્ગીઓ પંચમુખી હનુમાન્જીની ઉપાસના કરે છે, અને તેમાં એ પ્રમાણેનાં વિધિવિધાનો છે. સામાન્ય હિંદુ જનતા શ્રી રામભક્ત રૂપે એમનાં દર્શન-પૂજન કરીને પોતાને કૃતાર્થ માને છે.

મુખ્ય રૂપે સામાન્ય જનતા એમને ગણેશજી જેવા મંગલ દેવતા માને છે. વસ્તુતઃ ગણેશજી અને હનુમાન્જીમાં ઘણી સમાનતા છે. ગણેશજી શિવ પાર્વતીના ઔરસ પુત્ર નથી છતાં ભગવતીની કૃપાથી એમને શિવ-પાર્વતી-પુત્રનું દેવતાઓમાં અગ્રિમ સ્થાન મળ્યું છે. તે જ રીતે હનુમાન્જી રામ-સીતાના ઔરસ પુત્ર ન હોવા છતાં ભગવતીની કૃપાથી પુત્રનું સ્થાન મળ્યું અને એમની ગણના મંગલદેવતા રૂપે થઈ. (એક વિઘ્નેશ્વર, બીજા સંકટમોચન.) બંન્નેને સિંદૂર પ્રિય છે. સિંદૂરી રંગ એક બાજુ મંગલ અને સૌભાગ્ય પ્રત્યે સંકેત કરે છે, ત્યાં બીજી બાજુ વૈરાગ્યનું પણ પ્રતીક છે. ભગવતી ઉષાની છટામાં પણ આ જ રંગની પ્રધાનતા છે, જેમાં માત્ર ઉલ્લાસ છે.

હવે ફરી પૂર્વ વિષયમાં પાછા ફરીએ. શ્રી હનુમત્ તત્ત્વ શું છે અને એમની ઉપાદેયતા શી છે ? મન ઉપર નિયંત્રણ કરવાની જે વિધિ છે તે શ્રી હનુમત્ તત્ત્વના જ્ઞાનથી જ પ્રાપ્ત થઈ શકે. મનને લીધે જીવ સંત્રસ્ત રહે છે અને કાર્યાકાર્યનો ભેદ ન કરી શકવાને કારણે વિમોહિત થઈને એની જીવનયાત્રા સમાપ્ત કરે છે. વર્તમાન સમયમાં મનની વિક્ષુબ્ધતાને લીધે જ જાતજાતની માનસિક તાણો, ભલે વિકસિત દેશ હોય કે અવિકસિત, બંન્નેમાં વ્યાપેલી છે, જેથી આનુપાતિક જ્ઞાન વિખંડિત થઈ ગયું છે, અને આજે સંસારને વિનાશને માર્ગે દોરે છે.

મન બે છે : વ્યક્તિનું અને સમષ્ટિનું. વ્યક્તિગત ચેષ્ટાથી જ સમષ્ટિગત ચેષ્ટા સફળ થાય છે. શ્રી હનુમત્ તત્ત્વનો પ્રચાર વ્યક્તિગત બોધ તથા સમષ્ટિગતબોધ બંન્ને આધારે થવો જોઈએ. અધ્યાત્મના ક્ષેત્રમાં જ્યાં પિંડને જ બ્રહ્માંડ માનવામાં આવે છે, ત્યાં સર્વ લીલા એમાં જ ચાલે છે. એ લીલામાં શ્રી હનુમત્ તત્ત્વ દ્વારા જ આપણે મનની દોડ અર્થાત્ વિષયોન્મુખી મનને ભસ્મ કરી શકીએ. ગોસ્વામી તુલસીદાસે સંકેત કર્યો :

શ્રી હનુમત્ તત્ત્વના બોધને અભાવે મન પર અંકુશ લાગી જ ન શકે. મનને ગોસ્વામીજીએ મન રાક્ષસ કહ્યું છે અર્થાત્ મન રહે તો મનુષ્યના શરીરમાં એનું કામ એને જ ખાઈ જવાનું છે. મન દ્વારા કર્મ થાય છે ચાહે સુકર્મ હોય કે અપકર્મ. અનિયંત્રિત મન અપકર્મોન્મુખ તથા નિયંત્રિત મન સત્કર્મોન્મુખ બને છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનને આટલી ઉંચાઈ સુધી લઈ જવું અત્યંત અઘરું છે, જ્યારે એની પ્રવૃત્તિ અધોમુખી છે. એટલા માટે એની પ્રવૃત્તિને આધારે આ તત્ત્વને લીલામય બનાવીને થોડુંક મધુર કરવામાં આવ્યું. શ્રી હનુમાન્જીનું ચરિત્ર અત્યંત મહાન તથા અનુકરણીય છે. ખ્રિસ્તી ધર્મમાં સેવા અને ઈશ્વર-શરણાગતિ પર વિશેષ ધ્યાન અપાય છે, પણ એનો આદર્શ તો શ્રી હનુમાન્જીમાં છે જેમની સેવાથી વશીભૂત થઈને શ્રીરામે કહી દીધું કે હનુમાન્ હું તો તારો ઋણી થયો, કારણ પ્રત્યુપકાર માટે કોઈ અવકાશ નથી. તુલસીદાસજીની 'વિનય-પત્રિકા'માં શ્રી હનુમત્ ઉપાસનાનું ક્રમબદ્ધ વર્ણન મળે છે.

તાત્પર્ય એ કે મનને નિયંત્રિત કરવાની વિધિ કે ઉપાય શ્રી હનુમત્ તત્ત્વબોધમાં જ રહેલાં છે, તેથી શ્રી હનુમત્-સ્મરણ એ જ વર્તમાન સમસ્યાઓનો એકમાત્ર ઉકેલ જણાય છે.

"જયતિ કાલ-ગુન કર્મ માયા-મથન
નિશ્ચલ-જ્ઞાનવ્રત સત્ય રત ધર્માચારી ।
સિદ્ધ-સુર વૃંદ જોગીન્દ્ર-સેવિત સદા
દાસ તુલસી પ્રનત-ભય-તમારી ॥"

- વિનય. (૨૬)

❖

પ્રશ્ન : સૃષ્ટિ-સ્થિતિ અનંત છે તો એકત્વ શું છે ?

મા : આ જ તો સ્વ-ભાવ અને સ્વયં-પ્રકાશ છે. અખંડ આનન્દ માગવો જેવી રીતે તમારો સ્વભાવ છે. પોતે જ હાથોમાં તાળી પાડી રહ્યા છે, ગીત ગાઈ રહ્યા છે, પોતે જ શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધના અનુભવ અનંતર શાંત થઈ રહ્યા છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાદપીઠમ્ સ્મરામિ

(પ્રાચીન ઢાકા - રમના આશ્રમ)

- કુ. ગીતા બૅનર્જી

રમનાની એ પવિત્ર ભૂમિ પર ધીમે ધીમે એક વિશાળ ને ભવ્ય મંદિરનું નિર્માણ થયું. મંદિરનો આકાર-પ્રકાર કેવો હોવો જોઈએ તે નિર્દેશ શ્રી શ્રી માએ પોતે કર્યો. જૂના કાલી મંદિરને અંદરના ભાગમાં રાખીને ચારે બાજુથી મોટા મંદિરને બહાર ઉપસાવવામાં આવ્યું, જેથી કાલી મંદિરનો નીચેનો લગભગ અડધો અડધ ભાગ આ મોટા મંદિરમાં સમાઈ ગયો. ઉપરના ભાગમાં એક બાજુ બારણું મૂકવામાં આવ્યું, ને એને ખોલવાની જગ્યા રાખવામાં આવી. આ જ કાલી મંદિરમાં પહેલાંની કાલી મૂર્તિ (માટીની) પૂજાતી હતી. મંદિરની અગાશી પરના મોટા મંદિરમાં શ્રી શ્રી માના આગામી જન્મોત્સવમાં પ્રતિષ્ઠિત થનાર દેવતાઓ માટે સિંહાસન બનાવવામાં આવ્યું. સિંહાસનની પાછળની બાજુથી ગુફામાં જવાની નીસરણી હતી. મંદિરની બહારના ભાગમાં ત્રણ નાની નાની કુટીરો બની. વરંડાની બંન્ને બાજુ બે કુટીરો બની. સાધન-ભજન કરવા માટે જ આ કુટીરો બનાવી હતી.

રમના આશ્રમના શિવ મંદિરના શિખર ઉપર માના નિર્દેશ પ્રમાણે સીમેંટથી એક મોટા કુંડલાકાર સર્પની આકૃતિ બનાવવામાં આવી. આગળ ઉપર વારાણસી આશ્રમમાં પણ અન્નપૂર્ણાજીના મંદિરના શિખરની ચારે કોર માના નિર્દેશથી સીમેન્ટથી સર્પની આકૃતિ બનાવાઈ.

મા સાથે સર્પોનો ખાસ સંબંધ છે. એક વાત ઉલ્લેખનીય છે કે વિંધ્યાચલમાં માતૃભક્ત મનુની સર્પાઘાતથી જીવનરક્ષા પ્રસંગે માના ચરણમાં એક સર્પે દંશ દીધો હતો. પિત્રાલય વિદ્યાકૂટમાંથી નૌકા દ્વારા આવતાં શ્રી શ્રી માએ નદીમાં એ જ સર્પને બીજા એક સર્પ સાથે જોયો હતો. તે જ સમયે શૂન્યમાં મા એક મહાત્મા તથા એમના શિષ્યને સૂક્ષ્મમાં જોઈ રહ્યાં હતાં. માના વચનોથી સ્પષ્ટ થયું કે એ મહાત્મા તથા શિષ્ય જ તે સમયે સર્પયોનિમાં હતા. વિંધ્યાચળમાં આ જ સર્પે દંશ દીધો હતો. પછીથી માએ કહ્યું, ''સાંપને કાટા કહાં ? બાબાને તો છોટી બચ્ચીકો પ્યાર હી કિયા થા.''

સંભવતઃ ઢાકના રમના આશ્રમમાં જે શિવ મંદિરનું નિર્માણ થયું હતું, તેની નીચે આ જ બે મહાત્માઓની સમાધિઓ હતી. એમની જ સ્મૃતિમાં ત્યાંના શિખર ઉપર તેમ જ વારાણસી આશ્રમના મંદિરના શિખર ઉપર સર્પાકૃતિઓ બનાવવામાં આવી.

આનાથી પણ પહેલાંની ઘટના છે - જ્યારે ઢાકામાં રમના આશ્રમ બન્યો પણ ન હતો. ત્યાં જીર્ણ દેવાલય હતું, એ જગ્યાએ માના આદેશથી સર્પ માટે રોજ દૂધ ને કેળાં મૂકવામાં આવતાં. એક વાર શ્રી શ્રી મા બાબા ભોલાનાથજી તથા અન્ય ભક્તો સાથે ત્યાં પધાર્યાં, વાડકીમાં દૂધ ભરેલું પડ્યું હતું. જોઈને એમ લાગતું હતું કે કોઈએ એ દૂધનો સ્પર્શ સુદ્ધાં નથી કર્યો. માએ ભોલાનાથજીને એમાંથી થોડું દૂધ પીવા કહ્યું, પણ બાબા બોલ્યા, ''આ દૂધમાં સાપનું વિષ હોઈ શકે તેથી આ દૂધ પીવું યોગ્ય નથી.'' ત્યાર પછી માએ એ દૂધમાંથી થોડું પાન કર્યું. બધાંએ થોડો થોડો પ્રસાદ લીધો. બાકીનું દૂધ ત્યાં જ પાછું મૂકી દીધું. બીજે દિવસે જઈને જોયું તો સંપૂર્ણ દૂધ કોઈ પી ગયું હતું, જાણે કે એ માના પ્રસાદની પ્રતીક્ષામાં હતું. આમ સર્પોનો એક વિશેષ સંબંધ શ્રી શ્રી મા સાથે દેખાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી અમૂલ્યકુમાર દત્તગુપ્તે એમના પુસ્તકમાં ઢાકા રમના આશ્રમનું અત્યંત સજીવ ચિત્રણ પ્રસ્તુત કર્યું છે : "આશ્રમનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં છે. આશ્રમમાં પ્રવેશ કરતાં જ પશ્ચિમ દિશામાં ચાદરથી ઢંકાયેલી એક નાની અમથી કુટિયા દૃષ્ટિગોચર થાય છે. માએ એનું નામ 'નામઘર' પાડ્યું છે. ઉત્સવ સમયે ત્યાં કીર્તન થાય છે. ત્યાંથી જરાક આગળ ઉત્તર દિશા બાજુ ઈંટોથી-બનેલી એક કુટીર છે જેમાં માનાં ચરણચિહ્ન સ્થાપિત છે. તેની પાસે જ આશ્રમનું મંદિર છે જ્યાં દેવતાગણ પ્રતિષ્ઠિત છે. એની નજીકમાં જ પૂર્વોત્તર ખૂણામાં એક ઘાસની કુટિયા છે. જેની ભોંય ઈંટો ને સીમેન્ટની બનેલી છે. આ જ કુટિયામાં મા નિવાસ કરે છે."

રમના આશ્રમના દેવતાઓનો ઈતિહાસ આ પ્રમાણે છે : શાહબાગમાં ૧૯૨૬માં દીપાવલી ઉત્સવ પૂર્વે એક દિવસ સ્વામી અખંડાનંદજીએ ટિકાટુલીના એમના ઘરમાં માને ભોગ માટે આમંત્ર્યાં હતાં. જતી વખતે માર્ગમાં લાટસાહેબના ઘર પાસે આવેલા તળાવની નજીક માની ગાડી આવી, ત્યાં જ માએ જોયું કે ૧૨૦/૧૩૦ વાર દૂર મેદાનમાં ભૂમિથી લગભગ અઢાર હાથ ઊંચે શૂન્યમાં ચાલતી એક સજીવ કાલીમૂર્તિ માના ખોળામાં આવવા માટે તત્પર છે. કાલીના કંઠમાં જાસૂદની માળા છે. નીચે શિવ નથી. માએ કોઈને કંઈ કહ્યું નહીં, પરંતુ એ મૂર્તિને લક્ષ્ય કરીને માની ડાબી ભુજા આપોઆપ ઊંચી થઈ ગઈ. ટિકાટુલીમાં ભોગ દરમ્યાન પણ માનો હાથ ઊંચો થયો હતો. પછીથી માએ કહ્યું હતું કે ત્યાં પણ કાલીમૂર્તિ ફરીથી મા પાસે આવી હતી.

કાળાંતરે જ્યારે ઢાકા રમના આશ્રમમાં માતા અન્નપૂર્ણાજીની સ્થાપના થઈ ત્યારે પેલી કાલીમૂર્તિના પ્રતીકરૂપે - અષ્ટધાતુની એક કાલી મૂર્તિ બનાવીને અન્નપૂર્ણાજીની પાસે સ્થાપવામાં આવી.

માતા અન્નપૂર્ણાજીની મૂર્તિ વિષે બ્રહ્મચારી કમલાકાંતજી "અન્નપૂર્ણે સદાપૂર્ણે' નામક લેખમાં વર્ણન કરે છે : ૧૯૨૯ની દીપાવલીને દિવસે ઉત્તમાકુટીરમાં ભક્ત પરિકરો સાથે શ્રી શ્રી માનું શુભાગમન થયું. મા સાથે એક ચાંદીનો કળશ અને ચાંદીની થાળી હતાં. અમાવસ્યાનો ઉત્સવ હતો. આનન્દમય વાતાવરણ હતું. ચારે બાજુ ભીડ હતી. એકાએક મા ભીડમાંથી એકાંત બાજુ આવી ગયાં, નીચે ઊતરીને બ્રહ્મચારીજીને ઈશારાથી બોલાવીને કાલીમાના ઘરના એક ખૂણામાં લઈ આવ્યાં ને બોલ્યાં, "આ શરીરને પોતાની મેળે જ કંઈક કહેવાનો ભાવ આવી રહ્યો છે - જે કહેવામાં આવી રહ્યું છે તમે જ્યોતિષ (ભાઈજી)ને કહેજો. જ્યોતિષ અહીં નથી એટલે તમને કહેવામાં આવી રહ્યું છે. આજથી કાલીના ઘટની જમણી બાજુ અન્નપૂર્ણાજી માટે એકં થાળીમાં પૃથક્ રૂપે અન્નભોગ નિવેદન કરજો. દેવી અન્નપૂર્ણાની એક મૂર્તિ તૈયાર કરાવવી. અડધો હાથ ઊંચા સિંહાસનમાં વામ ઉરૂ ઉપર જમણો ચરણ મૂકીને બેઠેલી અન્નપૂર્ણાની મૂર્તિ હશે. વામ ચરણની નીચે પદ્મ રહેશે. ડાબા હાથમાં એક વાડકી તથા જમણા હાથમાં કડછીથી શિવજીને ભિક્ષા આપી રહ્યાં છે - અન્નપૂર્ણાજીની એવી મુદ્રા હશે. અન્નપૂર્ણાજીની જમણી બાજુ શિવજી ઊભા છે એવી શિવજીની મૂર્તિ હશે. શિવજીના જમણા હાથમાં ત્રિશૂળ તથા વામ હસ્તમાં ભિક્ષાની ઝોળી હશે. બંન્ને હાથ લંબાવીને ભિક્ષા માગી રહ્યા છે - શિવજીની એવી મુદ્રા હશે. અન્નપૂર્ણાજીની ડાબી બાજુ થોડેક ઉપર શૂન્યમાં કાલીમૂર્તિ હશે. કાલીની નીચે આધારના રૂપમાં શિવજી નહીં રહે. અન્નપૂર્ણાજીના જ શિવ રહેશે. આ બધાંની ઉપર (ચાલની) ઉપરના ભાગમાં ચતુર્ભુજ વિષ્ણુમૂર્તિ બેઠેલી હશે. આ બધી મૂર્તિઓ એક જ 'ચાલની'માં હશે. અન્નપૂર્ણાજીના સિંહાસનની નીચે એક બાજુ જુદા સિંહાસનમાં ગણેશજીની મૂર્તિ હશે. આ બધી મૂર્તિઓના નિર્માણ માટે આ ચાંદીનો કળશ, ચાંદીની એક થાળી, આ શરીરના હાથની સોનાની ચાર બંગડીઓ તથા સોનાનો એક હાર જ્યોતિષને આપી દેજો. જ્યાં સુધી મૂર્તિઓનું નિર્માણ ન થાય ત્યાં સુધી કાલીના ઘટમાં જ અન્નપૂર્ણાજીની પૂજા તથા ભોગ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપજો. પિત્તળના કળશમાં જ કાલીનો ઘટ રહેશે." કમલાકાંતજીએ માની નિર્દેશવાણી લિપિબદ્ધ કરીને સુરક્ષિત રાખી હતી. પછીથી ભાઈજીને મા પાસેથી નિર્દેશ મળ્યો.

ધીમે ધીમે મૂર્તિઓનું નિર્માણકાર્ય સંપૂર્ણ થયું. ૧૯૩૧ના મે મહીનામાં ઢાકા રમના આશ્રમના નવનિર્મિત મંદિરમાં ચાંદીની અન્નપૂર્ણા મૂર્તિ તથા શિવજી અને મા કાલીની મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. પૂજા-પ્રતિષ્ઠાનાં બધાં અનુષ્ઠાનો શાસ્ત્રવિધિ અનુસાર બાબા ભોલાનાથજી દ્વારા થયાં. ઢાકા વિશ્વવિદ્યાલયના શાસ્ત્રજ્ઞ વિદ્વાન શ્રીશ ચક્રવર્તીજી પાસેથી મા અન્નપૂર્ણા તથા મા કાલી, શિવજીની પૂજાનાં વિધિવિધાનો તેમ જ મંત્રાદિની જાણકારી મળી. સર્વોપરિ શ્રી શ્રી મા દ્વારા નિર્દેશિત મંત્ર તથા પ્રક્રિયાથી સર્વ કાર્યો સુસંપન્ન થયાં.

પ્રતિષ્ઠાને બીજે દિવસે શ્રી શ્રી માના નિર્દેશથી અનેક ભક્તોએ નવીન વસ્ત્રો પહેરીને યજ્ઞાગ્નિમાંથી આગ લઈને અનેક ચૂલ્હાઓમાં રસોઈ કરી. બીજી બાજુ અન્નપૂર્ણા મંદિરની સામે હવનકુંડમાં એક લાખ બિલ્વપત્રોની આહુતિઓ અપાઈ. ૧૪-૧૫ શેર દૂધનો ચરુ તૈયાર કરવામાં આવ્યો. એમાંથી થોડોક ભાગ આહુતિ માટે રાખવામાં આવ્યો. અવશિષ્ટ ભાગ દેવતાને અર્પણ કરવામાં આવ્યો.

શ્રી યોગેશ બ્રહ્મચારી માના આદેશથી મંદિરમાં પૂજા કરવા લાગ્યા. પહેલાંની મૃણ્મયી કાલી પ્રતિમા નીચે જે મંદિરમાં વિરાજિત હતી, એ મંદિરનો દરવાજો માના આદેશથી એક વર્ષ માટે બંધ કરી દેવાયો. પ્રતિવર્ષ માત્ર માના જન્મોત્સવ સમયે તિથિપૂજાને દિવસે એ ખુલતો હતો. બધાં મા કાલીનાં દર્શન કરતાં. ફરી પાછો પૂજા થઈ ગયા પછી મંદિરનો દરવાજો બંધ થઈ જતો. બહાર મા કાલીનું એક ચિત્ર હતું. એ ચિત્ર ઉપર જ જપાકુસુમ (જાસૂદ)ની માળા પહેરાવાતી. થોડા વરસ આ જ પ્રમાણે ચાલ્યા કર્યું. માનો આદેશ હતો કે જ્યારે એવું લાગે કે માટીની આ કાલી પ્રતિમા ઉપર હવે પૂજા નહીં થઈ શકે ત્યારે મંદિરનું દ્વાર ઈંટોથી કાયમ માટે બંધ કરી દેવું. તેથી ૧૯૩૮માં માના જન્મોત્સવ સમયે માના આદેશથી દ્વાર હંમેશ માટે બંધ કરી દેવામાં આવ્યું. આ મંદિરની ઉપર નવનિર્મિત મંદિરમાં ચાંદીની નવીન અન્નપૂર્ણા મૂર્તિ તથા કાલી, શિવજી ઈત્યાદિ મૂર્તિઓની પૂજા તો થતી જ હતી.

મા અન્નપૂર્ણાજીનાં દર્શન મંદિરના વરંડામાંથી થતાં હતાં, કારણ કે મંદિરના પૂજારી તથા કેટલાક સેવક બ્રહ્મચારીઓ સિવાય અન્ય કોઈનો મંદિરમાં પ્રવેશ નિષિદ્ધ હતો. બહારથી ચાંદીની મૂર્તિઓનાં સરખાં દર્શન નહોતાં થઈ શકતાં.

તેથી શ્રી શ્રી માના આદેશથી ફરીથી માતા અન્નપૂર્ણા, શિવ, કાલી, વિષ્ણુ, ગણેશ આદિ મૂર્તિઓનું નિર્માણ કરાવાયું. આ વખતે પણ માનાં થોડાં ઘરેણાં આપવામાં આવ્યાં. મૂર્તિ - નિર્માણ વખતે શ્રી શ્રી મા સ્વયમ્ બાબા ભોલાનાથજી તથા ભાઈજીની સાથે કારીગર પાસે જઈને બેસીને નિર્દેશ આપતાં. આ જ કારીગરે પહેલી વારની મૂર્તિઓ બનાવી હતી. એમ કહેવાય છે કે ઢાકાના આ કારીગરની અંતિમ કૃતિ આ અન્નપૂર્ણા મૂર્તિ હતી, ત્યાર બાદ એનું અવસાન થયું.

૧૯૩૨ના મે મહીનામાં માના જન્મોત્સવ પ્રસંગે તિથિપૂજાની મધ્યરાત્રિએ અષ્ટધાતુની નવીન મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. એક વર્ષ જૂની ચાંદીની મૂર્તિને એક મોટા જળપાત્રમાં માની સૂચનાથી વિસર્જિત કરવામાં આવી. ભોલાનાથજીએ પ્રતિષ્ઠા કરી, હવન કર્યો. વારાણસીથી સ્વામી અખંડાનંદજી દ્વારા આવેલા શિવલિંગની શિવમંદિરમાં સ્થાપના થઈ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બીજે દિવસે માતા અન્નપૂર્ણાને ૧૦૮ વ્યંજનોનો ભોગ અર્પણ કરવામાં આવ્યો. અન્નપૂર્ણાજી માટે કાચનું એક નાનું મંદિર બનાવાયું, અને એમાં બારણું મૂકાયું. પ્રતિદિન ભોગ પછી હવન થતો, જે આજે પણ વારાણસી આશ્રમના અન્નપૂર્ણા મંદિરમાં કરવામાં આવે છે.

એક દિવસ માએ કહ્યું, ''ભોગદાનની શુદ્ધતા માટે કાચી હળદર, સિંધવ, ઘરમાં બનેલું ઘી - બધું વરસ માટે સંગ્રહ કરીને રાખજો. મશાલા ઈત્યાદિ ધોઈને સૂકવી રાખજો. ચોખા, દાળ ઝાટકીને, વીણીને શુદ્ધતાથી રાખજો.''

શ્રી શ્રી માએ એક વાર મંદિરના સેવકોને કહ્યું, ''અન્નપૂર્ણા, શિવ, કાલી, વિષ્ણુ, ગણેશ આદિ દેવતાગણ સિંહાસનમાં કાચના મંદિરની અંદર જ રહેશે. પંચદેવતા - ગણેશ, સૂર્ય, લક્ષ્મીનારાયણ, શિવ, દુર્ગાને પ્રતિદિન નૈવેદ્ય ભોગ આપજો.'' અન્નભોગ વિષે માએ કહ્યું, ''મંગળવારને દિવસે જ મા અન્નપૂર્ણાની પ્રતિષ્ઠા થઈ, તેથી મંગળવારે પંચવ્યંજનનો ભોગ આપજો.'' અન્નપૂર્ણા મંદિરમાં શ્રી શ્રી માની સૂચનાથી ભોગપ્રદાનની વિધિ આ પ્રમાણે છે : રવિવાર - ત્રણ વ્યંજન, સોમવાર - ત્રણ વ્યંજન, મંગળવાર - પંચ વ્યંજન, બુધવાર - ત્રણ વ્યંજન, ગુરુવાર - ભાતેભાત, શુક્રવાર - પંચ વ્યંજન, શનિવાર - ખિચડી ભોગ.

૧૯૩૨માં ૨, જૂને એક ઘોડાગાડીમાં બેસીને શ્રી શ્રી માએ ઢાકાવાસી સર્વ ભક્તોને ત્યાં જઈને પોતાનો પાલવ ફેલાવીને ભિક્ષા માગી. એ ભિક્ષામાં પ્રાપ્ત થયેલી પવિત્ર સામગ્રી વડે એક દિવસ અબ્રાહ્મણ જનોએ મીઠા વગરનો ભોગ અર્પણ કર્યો. ૧૯૩૨માં જ્યારે ઢાકાથી બાબા ભોલાનાથ અને ભાઈજી સાથે મા ઉત્તરાખંડમાં દેહરાદૂન પધાર્યાં ત્યારે માનું ઢાકાસ્થિત ભક્તવૃંદ માતૃદર્શન માટે વ્યાકુળ થઈ ગયું.

ખાસ કરીને માની મહિલા ભક્તો માતૃવિરહમાં વ્યાકુળ થઈને બંગાળના પ્રસિદ્ધ મહાત્મા શ્રી રામ ઠાકુર પાસે જઈને બોલ્યાં, ''ઠાકુર, શાહબાગ અને રમનામાં મધુર લીલાઓથી અમને આકર્ષીને, આનંદિત કરીને શ્રી શ્રી મા પોતે હવે દેહરાદૂન જતાં રહ્યાં છે. અમારું તો હવે સંસારમાં મન જ નથી લાગતું. શું કરીએ ?''

શ્રી રામ ઠાકુર બોલ્યા, ''માતા અન્નપૂર્ણા રૂપે શ્રીશ્રીમા સ્વયમ્ અહીં વિરાજમાન છે. મા અન્નપૂર્ણાને તમે મા આનન્દમયી રૂપે જ જુઓ.'' હજી પણ માના દિવ્ય આવિર્ભાવ દિને માતા અન્નપૂર્ણાની પણ વિશેષ પૂજા થાય છે.

૧૯૪૭માં વારાણસીના પ્રસિદ્ધ સાવિત્રી યજ્ઞ સમયે ઢાકાની ભયંકર રાજનીતિક પરિસ્થિતિને જોતાં માના આદેશથી માતા અન્નપૂર્ણા તથા અન્ય દેવતાઓની મૂર્તિઓ રમના આશ્રમમાંથી લાવીને કાશી આશ્રમમાં પ્રતિષ્ઠિત થઈ. ૧૯૩૮માં ભોલાનાથજીએ રમનામાં યજ્ઞ-મંદિરની પ્રતિષ્ઠા કરી હતી. ૧૯૪૬માં નવનિર્મિત મંદિરમાં બાબા ભોલાનાથજીની આરસની મૂર્તિની ત્યાં પ્રતિષ્ઠા થઈ જે અત્યારે કલકત્તાના આગરપાડા આશ્રમમાં છે.

૧૯૩૧ ના ડીસેમ્બરમાં રમના આશ્રમમાં ભાઈજી દ્વારા રચિત ભજન ''જય હૃદયવાસિની શુદ્ધા સનાતની શ્રી આનન્દમયી મા'' સાથે આશ્રમનો સાયંકીર્તન તથા ઉષા કીર્તનનો નિયમ ત્યારે જ શરૂ થયો. શ્રી શ્રી માના સાન્નિધ્યમાં, મહિલાઓનું કીર્તન પણ સહુ પહેલાં અહીંથી જ આરંભ થયું. શ્રી શ્રી માના નિર્દેશથી બધા આશ્રમ-નિયમોનું સુનિશ્ચિત રૂપે સર્વપ્રથમ પાલન કરાવવાનું શ્રેય પણ રમના આશ્રમને ફાળે જાય છે.

વિશેષ ઘટના : નિયમિત રૂપે સત્સંગ કરવાનું ફળ એ આવ્યું કે રમના આશ્રમના સામાન્ય વૃક્ષોમાંથી ચંદનની સુગંધ આવવા માંડી. (તો મનુષ્યોની શી વાત!)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રી માએ રમના આશ્રમની આ પવિત્ર ભૂમિ વિષે કહ્યું ''અહીં પ્રાચીન કાળમાં એટલા બધા યજ્ઞો સંપન્ન થયા છે કે અહીંના કણે-કણ અતિ પવિત્ર છે. અહીં પહેલાં જે સાધુ-મહાત્માઓએ તપસ્યા કરી હતી, એમની અભિલાષાથી જ અહીં આ આશ્રમની સૃષ્ટિ થઈ છે.''

આજે જોકે ઢાકાનો આ પવિત્ર આશ્રમ સ્થૂલ, સાકાર રૂપે આપણી સમક્ષ નથી રહ્યો, તેમ છતાં પ્રત્યેક માતૃભક્તના માનસ-પટલ ઉપર એનું ભાવમય સ્વરૂપ સદાકાળ અંકિત રહેશે.

❖

શ્રી હનુમાન્જી શ્રી રામચંદ્રજીને કહે છે : દેહદૃષ્ટિથી હું દાસ છું, જીવદૃષ્ટિથી તમારો અંશ છું, આત્મદૃષ્ટિથી તમે છો તે જ હું છું. - આ મારી નિશ્ચિત મતિ છે.

- વાલ્મીકિ રામાયણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી ગુરુપ્રિયા દેવી (દીદી)

પરમ પૂજનીય શ્રી શ્રીમાનાં એકનિષ્ઠ સેવિકા શ્રી ગુરુપ્રિયા દેવી - માતૃભક્તોનાં આદરણીય પ્રિય દીદી - ફેબ્રુઆરી ૧૯૯૯માં સો વર્ષ પૂરા કરે છે. પૂજ્ય દીદીની પુણ્યસ્મૃતિમાં વારાણસી આશ્રમમાં દીદીનો શતાબ્દી ઉત્સવ ઉજવાયો.

શ્રી શ્રીમાનાં પ્રથમ દર્શન સમયે જ શ્રી શ્રીમાએ દીદીને પૂછ્યું, "આટલા દિવસ ક્યાં હતી ?"

માએ દીદીને એક વાર કહ્યું, "દેખો, પહલે દિન જબ તુમકો દેખા થા, મૈંને કહા થા, તુમ ઈતને દિન કહાં થી? યહ જો સબ પ્રાયઃ કહતે હૈં, મેરે ઔર તુમ્હારે ચહેરેમેં સાદશ્ય હૈ, કિતને લોગ સોચતે હૈં તુમ મેરી છોટી બહન હો, ઈન સબ બાતોંકા કોઈ અર્થ નહીં હૈ ક્યાં ? ઈન સબ બાતોં કા અર્થ હૈ."

માના આવિર્ભાવ પૂર્વે દીદીમાને ખોળે એક કન્યા જન્મી હતી જેનું બાળપણમાં જ જીવન સમાપ્ત થઈ ગયું. તે જ કન્યા દીદીરૂપે ફરી આવી છે એવો માનો સ્પષ્ટ નિર્દેશ પણ હતો.

મહામહોપાધ્યાય પંડિત ગોપીનાથ કવિરાજજી લખે છે : "ગુરુપ્રિયાને બંગાબ્દ ૧૩૩૨ પોષ મહીનામાં (૧૯૨૬, જાન્યુઆરી) થી શ્રી શ્રી માના સત્સંગ-લાભનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. વચ્ચે થોડાક સમય માટે વ્યવધાન આવવા છતાં મા સાથે એમનું સાહચર્ય અવિચ્છિન્ન ભાવે વિદ્યમાન છે. અનુક્ષણ શ્રી શ્રી માનાં સેવાકાર્યો તથા આનુષંગિક અનેક કાર્યોમાં વ્યાપૃત રહેવા છતાં પણ જે ધારાવાહિક ભાવે એમણે શ્રી શ્રીમાના ચરિત્ર તથા ઉપદેશાદિ લિપિબદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે, એ કારણે માનાં બધાં જ ભક્તવૃંદો એમનાં ઋણી છે. ગુરુપ્રિયા બ્રહ્મચારિણી, વૈરાગ્યસંપન્ના, નિષ્ઠાવતી તથા સર્વોપરિ મા પ્રત્યે અસાધારણ ભક્તિવિશિષ્ટા છે - આ ઉપરાંત એમનામાં સૂક્ષ્મ દર્શન કરવાની તેમ જ નિપુણ ભાવે વર્ણન કરવાની અતુલનીય ક્ષમતા, ઘનિષ્ઠ ભાવે માના સંગ તથા સેવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. તેથી માનાં વિવરણો લખવાની ક્ષમતા એમનામાં વિશેષ ભાવે રહેશે એ નિસ્સંદેહ છે. કહેવું નહિ પડે કે એ યોગ્યતાનો સદ્વ્યવહાર કરીને તેઓ ધન્ય થઈ ગયાં છે."

શ્રી શ્રીમાના દિવ્ય શ્રી શરીરને સેવા તથા કુશળ દૃષ્ટિ દ્વારા સતત સાચવનારાં દીદી માનાં સર્વપ્રથમ નિકટતમ સેવિકા હતાં. માના આદેશથી બાલબ્રહ્મચારિણી દીદીના ઉપનયન સંસ્કાર થયા. કૈલાસ-માનસરોવર-યાત્રામાં સતત માની સેવામાં રહ્યાં. "શ્રી શ્રી મા આનન્દમયી" નામે ડાયરીના વીસ ભાગો લખ્યા. "શ્રી શ્રી મા આનન્દમયી વિદ્યાપીઠ" તથા "અકથ પરિશ્રમપૂર્વક વારાણસી આશ્રમની સ્થાપના કરી. "શ્રી આનન્દમયી કરુણા દાતવ્ય ઔષધાલય" તથા "શિશુ કલ્યાણ"ની પ્રતિષ્ઠા કરી. ત્રણ વર્ષવ્યાપી અખંડ સાવિત્રી મહાયજ્ઞનો પ્રારંભ, જાળવણી તથા પૂર્ણાહુતિ સમયે દસ હજાર બ્રાહ્મણ-ભોજનનાં કાર્યો કર્યાં. દીદીની ઈચ્છાથી "માતા આનન્દમયી અસ્પતાલ" શરૂ થઈ. શ્રી શ્રીમાની હીરક જયંતી સમયે "તુલાદાન" અનુષ્ઠાન તથા શ્રી શ્રીમાની કૌસ્તુભ જયંતી ઉત્સવ દીદીના પ્રયાસથી સંપન્ન થયો.

માતૃભક્તો માટે પૂ. દીદી મા સુધી પહોંચાડનાર "નંદી" સમાન હતાં. વધારેમાં વધારે લોકો માનાં દર્શન તથા આશીર્વાદ પ્રાપ્ત કરે તેવો દીદી પ્રયાસ કરતાં. સર્વ માતૃભક્તોનાં એમને પ્રણામ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી આનન્દમયીમાનો અકળ 'ખ્યાલ'

- અનિલ ગાંગુલી
અનુ. નિરુપમા મઝમુદાર

દેખીતી રીતે વિચિત્ર લાગતો ''ખયાલ'' દુઃખને મટાડવાનું કારણ

વારાણસીથી થોડે દૂર વિંધ્યાચલમાં માતૃસંગ માટે એક શાંતિદાયક સ્થાન છે. આપણો આશ્રમ અષ્ટભુજા પર્વતની ટોચ પર આવેલો છે અને ત્યાંથી અદ્‌ભુત દૃશ્ય નજરે પડે છે - તમારી નજર ના પહોંચે ત્યાં સુધીનાં હરિયાળાં ખેતરો અને અર્ધગોળાકારમાં વહેતી ગંગા જાણે કે આ ખેતરોની હદને બાંધી લેતી હોય એવું લાગે છે. આ એક પ્રાચીન તીર્થધામ છે. વિંધ્યાચલમાં કાંઈક એવું અનુપમ અને અજોડ છે કે મા જ્યારે ત્યાં જાય છે ત્યારે એને આહ્‌લાદક બનાવી દે છે. તેથી જ એમની સાથે જનાર દરેક વ્યક્તિ સાથે ગમ્મત અને વિનોદ કરતાં રહે છે. માને કોઈક વખત મોટા સંઘ સાથે જવાનો 'ખયાલ' આવે છે તો કોક વખત ગણતરીના લોકોને લઈને જાય છે.

૧૯૫૫ના શિયાળામાં માના એક ઘણા જૂના ભક્તના સદ્‌ભાગ્યે માએ એમને થોડો વખત પોતાની સાથે વિંધ્યાચલ રહેવાનું આમંત્રણ આપ્યું. એ ભક્તને 'માતૃસંગ'માં એકાંત-વાસમાં અનિશ્ચિત સમય માટે જવાનું મળ્યું તેથી એમના આનંદનો પાર નહોતો. માનો સંઘ વારાણસીથી વિંધ્યાચલ લગભગ બપોરે આવી પહોંચ્યો. ત્યાં એ ભક્તને બાજુના કંપાઉંડના ભજનાલયમાં જ્યાં હંમેશા 'મા' ના મહેમાનો રહે છે ત્યાં ઉતારો મળ્યો. ભક્તે ઓરડામાં ઠરીઠામ થઈને હવે પછી માતૃસંગમાં અતિશય આનંદદાયક કાર્યક્રમોનો અનુભવ થશે એવી આશા સાથે માના આશ્રમમાં પ્રવેશ કર્યો. કોઈએ એમને કહ્યું ''માતાજી તો ગયાં'' એમણે સામે જવાબ આપ્યો, ''ચાલવા ગયાં છે ને ? હમણાં પાછાં આવશે.'' ત્યારે એમને કહેવામાં આવ્યું કે ''ના, એ તો ટ્રેનમાં દિલ્હી ગયાં.'' આ સાંભળી પેલા ભક્ત અચંબામાં પડી ગયા. એમણે તો આ ખુશનુમા વાતાવરણમાં 'માં'ના સાન્નિધ્યમાં થોડો વખત આનંદમાં પસાર કરવાનો વિચાર કર્યો હતો. એને બદલે આવતાંની સાથેજ એ થોડાજ કલાકમાં દિલ્હી ગયાં ! પણ શા માટે ? કોઈને ખબર નહોતી ! માને લઈ જવા માટે કોઈ જાતનું વાહન નહોતું તેથી માને ખાસ્સું ચાલીને જવું પડ્યું. તેઓ અતિશય ઉતાવળમાં દિલ્હી જવા નીકળી ગયાં હતાં. એમણે એટલું જ કહ્યું કે એમને દિલ્હી જતી ટ્રેન તરતજ પકડવાની છે. સાથે એક બ્રહ્મચારી અને એક બિનઅનુભવી નિખાલસ 'ગોપાલનાં મા' કે જેઓ આવશ્યકતાઓ પ્રત્યે જરા પણ ધ્યાન આપી શકે તેમ નહોતાં, જેમને માનું ખાવાનું બનાવતાં પણ આવડતું નહોતું, જેમનામાં સામાન્ય સમજણશક્તિ સુદ્ધાં નહોતી ! પણ માના 'ખયાલ'ને કોઈ કારણની જરૂર નથી હોતી.

મા જેવાં દિલ્હી પહોંચ્યાં કે કેટલાક 'મા' ની દેખરેખ રાખી શકે એવા અનુભવીઓ મળી ગયા તેથી કોઈ પણ અસુવિધા ઉદ્‌ભવી નહીં. જ્યારે 'ગોપાલનાં મા'ને દિલ્હી પહોંચતાં સુધીમાં સખત તાવ ચઢી ગયો અને પેટમાં દુઃખવા માંડ્યું. ડૉક્ટરને બોલાવવામાં આવ્યા, એમણે તપાસીને નિદાન કર્યું કે તરતજ ઑપરેશન કરવું પડશે. આ ઑપરેશન બીજે દિવસે સવારે સફળતાથી થઈ ગયું. આ રીતે માનો 'ખયાલ' જે આપણને વિચિત્ર લાગ્યો તે જ 'ખયાલે' ગોપાલનાં માની જિંદગી બચાવી. વિંધ્યાચલના જંગલમાં કોઈ ડૉક્ટર જ ન હતો, તો સરજન કે હૉસ્પિટલની તો વાત જ ક્યાં ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યાં 'ગોપાલનાં મા' હોસ્પિટલમાં ગોઠવાયાં કે તરતજ માને દિલ્હી છોડવાનો 'ખયાલ' આવ્યો – વિંધ્યાચલ માટે નહીં પણ અમૃતસર માટે કે જ્યાં હરિબાબા કેટલાક વખતથી બહુ માંદા હતા. એમણે હોમિયોપેથિક તેમજ આયુર્વેદિક દવાઓથી એ માંદગીનો ઉપચાર કર્યો હતો પણ એનાથી સુધારો ન થયો. આ માંદગીનો ઉપચાર ઑપરેશન જ હતો. એ કોઈને પણ સાંભળવા તૈયાર નહોતા. માના પત્ર દ્વારા આવેલી સલાહને પણ નહીં ! તેથી મા પોતે હરિબાબાને દિલ્હીમાં ડૉ. સેનના નર્સિંગહોમમાં લઈ જવા માટે ખાસ અમૃતસર ગયાં. એ મહર્ષિ માંદગીમાંથી સદંતર સારા થઈ ગયા, અને ત્યાર પછી બીજા પંદર વરસ જીવ્યા. એમણે ૧૯૭૦માં માની હાજરીમાં ૮૬ વર્ષની ઉંમરે મહાસમાધિ લીધી.

❖

ધુની 'ખયાલ' જે આપત્તિમાંથી બચાવવા પક્ષપાત જેવો લાગે છે.

અનુભવી તેમજ ઉન્નત વ્યક્તિત્વવાળા ડૉ. પી. માના ભક્તગણમાં જાણીતા ભક્ત છે. એમણે એમના દિલ્હીના રહેઠાણ પર કોઈ ધાર્મિક કાર્યક્રમ યોજ્યો – ઘણું કરીને ભાગવત સપ્તાહ. 'મા' તે વખતે વારાણસી હતાં અને હરિબાબા "બોધમાં" પાસે જવા માટે થોડા દિવસમાં નીકળવાનાં હતાં. ડૉ. પી.એ માને ભાગવત સપ્તાહમાં એક દિવસ પણ જરૂરથી હાજરી આપવાની નમ્ર વિનંતિ સાથે આગ્રહ કર્યો. આ ભાગવત સપ્તાહમાં હાજરી આપવા એક દિવસ દિલ્હી રોકાઈ જવાની નમ્ર વિનંતિ પણ કરી. મા તે માટે વચનબદ્ધ થયાં નહોતાં.

માએ વારાણસીમાં એક બ્રહ્મચારિણીને બોલાવીને એમનાથી એક દિવસ વહેલા દિલ્હી જવાનું તેમજ ત્યાં 'એસ' નામના બીજા ભક્ત ત્યાં સીધા જવાનું કહ્યું, સાથે સંદેશો મોકલ્યો કે "મા બીજે દિવસે એ જ ટ્રેન દ્વારા રાત્રે નીકળીને આવશે." મા રાત્રે દિલ્હી રોકાશે કે નહીં તે નક્કી નહોતું પણ ગમે તે હિસાબે 'એસ'એ 'મા' ને સ્ટેશન પર અચૂક મળવું. આ સંદેશો સાંભળી 'એસે' ખૂબ આનંદ અનુભવ્યો પણ સાથે સાથે એમને એમ પણ થયું કે 'ડૉ. પી' ની મારફતે સંદેશો મોકલવાને બદલે ખાસ બ્રહ્મચારિણીને સંદેશો આપીને મોકલવાનું કારણ શું ? વધારે નવાઈની વાત એ હતી કે માએ 'ડૉ. પી.'ના નામનો ઉલ્લેખ પણ કર્યો નહોતો. કદાચ મા દિલ્હી રોકાણ કરે એ વિચારથી ઉત્સાહમાં 'એસે' માને માટે એક તંબુ અને સત્સંગ માટે મંડપ પોતાના બગીચામાં તૈયાર કરાવ્યો. એમણે 'ડૉ. પી.'ને પણ 'મા'ના આગમનની જાણ કરી. ટ્રેન આવવાને સમયે 'એસ' બ્રહ્મચારિણી સાથે સ્ટેશન પર ગયા. 'ડૉ.પી.' પણ મા એમની સાથે એમની ગાડીમાં ઘેર જશે એવી ઈચ્છા સાથે સ્ટેશન પર આવ્યા. પણ માનવીની ઈચ્છાનો છેદ 'ખયાલ' કરતો જ હોય છે. 'ડૉ. પી.'ની નિરાશા વચ્ચે મા આવતાંની સાથે સીધાં 'એસ'ની ગાડીમાં બેસી ગયાં.

ઘણું કરીને રાતના દસ વાગ્યા હતા. 'એસ' ગાડી ચલાવતા હતા. મા એમની સાથે આગળની સીટ પર બેઠાં હતાં. રસ્તામાં વાહનની એવી ભીડ પણ ન હતી. ત્યાં એ વેરાન રસ્તામાં અચાનક એક ઘોડો દોડતો આવ્યો અને ગાડીની સાથે અથડાયો. ગાડીનો આગળનો કાચ તૂટી ગયો, અને માને કપાળમાં થોડુંક વાગ્યું. પોલીસ તરત જ આવી પહોંચી અને 'એસ'ને એના સવાલના જવાબ આપવા પડ્યા. તે દરમિયાનમાં માએ બ્રહ્મચારિણીને એમની પાસેના થર્મોસમાંથી પાણી આપવાનું કહ્યું. એ પાણીથી ભીનો કરેલો ટુવાલ કપાળમાં થયેલા ઘા પર દબાવ્યો. એમના સાથી મુસાફરો ચિંતામાં પડી ગયા. માએ કહ્યું કે "જરા પણ ચિંતા કરવાની જરૂર નથી. ઢીમણું થયું છે તે હમણાં મટી જશે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'એસ' પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે એમની બેદરકારીથી માને વાગ્યું. એમણે માને કહ્યું કે એ પોતાની જાતને આ કૃત્ય બદલ કોઈ દિવસ માફ નહીં કરી શકે. ત્યારે માએ કહ્યું કે જે કાંઈ થયું છે એમાં એમનો જરા પણ વાંક નથી. આ અકસ્માત આનાથી પણ ગંભીર રીતે થાત. માએ એમના કપાળમાં થોડીક જ ઈજા લઈને ટાળી દીધો.

હવે ખ્યાલ આવે કે 'ડૉ. પી.'જે 'એસ' કરતાં પણ જુના અને અગત્યના ભક્ત હતા એમને ટાળીને, એમને ખરાબ લગાડીને 'એસ'ની તરફ આટલી બધી મમતા કેમ બતાવી. અને આ બાબતમાં ઈશારો કરવાનો કે એ 'ડૉ. પી.'ને છોડીને 'એસ'ની ગાડીમાં કેમ જાય છે એ 'ખયાલ' 'ડૉ.પી.' ને બતાવે.

એક અજાણી વ્યક્તિને મોતીના હારથી આપેલા આશીર્વાદ

માના કોઈપણ કાર્યનો ખયાલ પહેલેથી જાણી શકાતો નથી. ૧૯૬૦માં દુર્ગાપૂજાના અવસર પર આગરપાડા આશ્રમમાં એક અજાણી છોકરી પર કરેલી ખૂબજ સુંદર અને મનને લોભાવનારી લીલા જોઈ. કલકત્તાના જુદા જુદા સ્તરમાંથી આવેલાં સ્ત્રી પુરુષો (જેમાં કેટલીક ભારતની નામાંકિત વ્યક્તિઓ પણ હતી) બધાં ઊભાં હતાં. એમાંના ઘણા માની એક નજરના તરસ્યા હતા, જ્યારે કેટલાક માની સાથે વાત કરવા તલપાપડ હતા. મોટા માણસો-શ્રીમાન અને શ્રીમતીઓ બીજા બધાની સાથે પ્રણામ કરવા પોતાના વારાની રાહ જોતાં ઊભા રહ્યાં હતાં. તે વખતે એક અજાણી કાળા રંગની બાર તેર વર્ષની છોકરીનો પ્રણામ કરવાનો વારો આવ્યો. માએ એને પૂછ્યું, "તું એ જ છોકરી છે ને જેણે ગઈકાલે માળાની માગણી કરી હતી?" માની આ પૃચ્છાથી બીજા બધા છોકરીની સામે આશ્ચર્યથી જોવા લાગ્યા. છોકરીએ કહ્યું "હા, મા, મેં જ તમારી પાસે માળા માંગેલી." માએ એને એમની પાસે સ્ટેજ પર બેસવાનું કહ્યું. એ છોકરી માની પાસે જઈને બેઠી. થોડી ક્ષણો બાદ માએ એક રાણીએ આપેલી સાચા મોતીની માળા એ છોકરીના ગળામાં પહેરાવી દીધી. આ રીતે આ છોકરીને જે આગવી અગત્યતા આપવામાં આવી તે જોઈને નારાયણ સ્વામી વિચારમાં પડી ગયા. એમને આ લીલા પાછળ શું રહસ્ય હોઈ શકે એ જાણવાનું મન થયું. માએ કહ્યું કે આમ કરવાનું કારણ એ છોકરીના પૂર્વજન્મને અનુલક્ષીને હતું.

આપણા પૂર્વ જન્મના કર્મની નોંધનો આપણને જરા પણ ખ્યાલ નથી હોતો પણ મા એને અનુલક્ષીને આપણી પર બીજા જે આપણાથી પણ વધારે કૃપા પામવાને લાયક હોય છે તેને બાજુ પર રાખીને આપણી પર કૃપા કરે છે. અને આપણને એનો ખયાલ પણ નથી આવતો અને આપણને આશ્ચર્ય પમાડે છે.

આ છોકરી એના પૂર્વજન્મમાં હરિજન હતી અને એ માને શ્વશુરગૃહે માએ સાફ કરવાનાં વાસણોની છાનેમાને સફાઈ કરીને મૂકી દેતી હતી.

માની નવદ્વીપમાં પોલીસ દ્વારા ગિરફતારી

આ ઘટના નવદ્વીપમાં ચૈતન્યમહાપ્રભુની જન્મભૂમિ પર બનેલી ઘટના છે. આમાં આપણને માની કોમળ લાગણી તેમજ માની વિનોદવૃત્તિનો પરિચય મળે છે.

માએ એક દિવસ અત્યારની સદીના વૈષ્ણવ અને નવદ્વીપમાં નામાંકિત વ્યક્તિ "લલિતાસખી"ને બોલાવ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવતાંની સાથે લલિતાસખીએ માને કહ્યું "મને કોઈએ કહ્યું કે મા તમે મને મળ્યા વગર નવદ્વીપ છોડીને ચાલી ગયાં છો. આ સાંભળીને મારા સ્વાભિમાનને ખરેખર આંચકો લાગ્યો અને હું રોષે ભરાયો." આનો તાબડતોબ પ્રત્યુત્તર વાળતાં માએ કહ્યું, "તમે રોષમાં છો તેથી તો હું તમારી પાસે આવી છું." આ એક આનંદદાયક વાર્તાલાપ લલિતાસખી અને મા વચ્ચેનો હતો. માએ પછી આજુબાજુ બેઠેલા વૃંદને લલિતાસખીને કોઈપણ આધ્યાત્મિક પ્રશ્નો પૂછવાની રજા આપી. લલિતાસખીએ પ્રશ્નોના ઉત્તરો ટૂંકમાં આપ્યા અને પછી કહ્યું, "આપણી પાસે ન તો સાધના કરવાની શક્તિ છે કે ઈચ્છાને અનુસરવાની શક્તિ. આ પામવા માટે ખરેખરો રસ્તો છે માનો આશ્રય. મા એક બળવાન વહાણ છે અને એ વહાણનો આશ્રય લેનાર કોઈપણ નાનું હોડકું કોઈપણ જાતના શ્રમ વગર પોતાના નિર્દિષ્ટ સ્થાને પહોંચી જાય છે."

એક દિવસ મા અચાનક નવદ્વીપના પોલીસસ્ટેશને પહોંચી ગયાં. તે વખતે ત્યાંના પોલિસ ઑફિસર ઈન ચાર્જ શ્રી નરેશ બૅનરજી એમને જોઈને આશ્ચર્ય પામ્યા, આનંદમાં આવી જઈને માને આવકાર્યાં માએ એક વૃક્ષની નીચે બેઠક જમાવી. એક રાહદારીએ માને પોલિસ સ્ટેશનમાં જોઈને આશ્ચર્યના ઉદ્‌ગારથી કહ્યું, "જુઓ આનંદમયીમાને અને એમના ભક્તોને પોલિસે પકડ્યાં છે." માએ જવાબ આપ્યો કે "મેં પોલીસ ઑફિસરની નજર થોડા સમય માટે ચોરી લીધી તેથી મારી ધરપકડ કરી છે" અને આ કથનની પૂરેપૂરી સમજ પોલીસ ઑફિસરે જ્યાં સુધી એમનું કથન ના કર્યું ત્યાં સુધી નહોતી પડી. પોલિસ ઑફિસરે કહ્યું, "મા, મેં સાંભળેલું કે તમે લલિતાસખીને ત્યાં ગયાં કારણકે તેમને તમારાં દર્શન કરવા હતાં, તેથી મેં મારી જાતને કહ્યું કે હું પણ માને મૂક પ્રાર્થના કરીશ કે મા મને દર્શન આપો. પછી જોઉં કે મા મને દર્શન આપે છે કે નહીં. તમે સામે ચાલીને મને દર્શન આપીને તમારો કૃતજ્ઞ બનાવી દીધો છે." આ રીતે મા ઘણાના વિચારોને ચોરી જાય છે. દર્શનને માટેની ઉત્કંઠા તો નવદ્વીપના ઓફિસરના જેવા કોઈકનામાં જ ઉદ્‌ભવે છે.

મહાત્મા ગાંધી એમની નાની દીકરીને ચોર અને લુંટારુનો ખિતાબ આપે છે.

મહાત્માગાંધીજીએ માને વિષે પંડિત જવાહરલાલનાં પત્ની શ્રીમતી કમલા નહેરુ પાસેથી સાંભળ્યું હતું. જ્યારે બાપુજી દહેરાદુનમાં હતા ત્યારે એમણે શ્રી જમનાલાલ બજાજની (જે એમના સહાધ્યાયી જ નહીં પણ એવા દોસ્ત કે જે સગાભાઈ કરતાં પણ વધારે હતા) સાથે માને નમસ્કાર કહેવડાવ્યા. શેઠજી પોતે આધ્યાત્મિક માર્ગને અનુસરતા હોવાથી બાપુજીનો સંદેશો લઈને મા પાસે જવાનું સ્વીકારી લીધું. એમને મા તરફથી ઉષ્માભર્યો આવકાર મળ્યો અને માનું સાંન્નિધ્ય મેળવતાં અહોભાગી થયા. એક દિવસ એ એમનો જેલનો અનુભવ કહેવા પ્રયત્ન કરતા હતા, અને હજી તો એમનું વાક્ય પૂરું થાય તે પહેલાં મા બોલ્યાં, "પિતાજી! તમે હજી પણ જેલમાંજ છો. તમને એમ લાગે છે કે તમે સ્વતંત્રતા મેળવી છે ? તમે થોડો સમય ખરેખરી મુક્તિ મેળવવામાં કાઢો - બસ ફક્ત થોડીક જ ક્ષણો "એને" માટે આપણે જો આપણું કાર્ય એના નિર્દેશન પ્રમાણે કરીશું તો એ આપણે માટે કોઈ જ બંધન ઊભાં નહીં કરે. નહીં તો એ વખાણ અને જગ્યા મેળવવા માટેનું બંધન થઈને રહેશે."

૧૯૪૦ના ઓગષ્ટ મહિનામાં શેઠજી માના આશ્રમમાં દર્શન માટે આવ્યા ત્યારે એ આખો દિવસ માની સાથે ગાળવાની ઈચ્છા સાથે આવ્યા હતા. તે વખતે એમને માતૃસંગમાં એટલાં ઉન્નત દર્શન થયાં કે એમણે મહાત્માજીને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તાર કરીને આશ્રમમાં લાંબો સમય રોકાવાની રજા માગી લીધી. આ આશ્રમમાંજ નાનકડું ઘર બાંધીને ત્યાંજ બાકીનું જીવન પસાર કરવાનો વિચાર કર્યો. પણ મા શેઠજીના જીવનને આટલા જબરજસ્ત વળાંકની યોજના માટે પ્રોત્સાહન આપવા તૈયાર નહોતાં. "આમ જુઓ", એમણે કહ્યું, અહીં કોઈને જ ખબર નથી કે કોણ ક્યારે છેલ્લો શ્વાસ લેશે. તમે તીવ્રતાથી તમારી સાધનાની શરૂઆત કરો એજ અત્યારે તમારે માટે યોગ્ય છે."

આ રીતે માએ શેઠજીને આડકતરી રીતે સામે આવી રહેલા મૃત્યુની આગાહી કરીને સૂચના આપી કે હવે એમણે આખરી ન્યાય માટે તૈયાર રહેવાની જરૂર છે. શેઠજી પણ માની આજ્ઞા માથે ચઢાવવા તત્પર હતા. એમણે એક નાનું સરખું ઘર વર્ધા (જે મહાત્માજીની જીંદગી સાથે જોડાઈને જગ જાહેર થયું છે) થી થોડે દૂર ગોપુરીમાં બંધાવ્યું અને પોતે મોટે ભાગે પોતાની જાતને આધ્યાત્મિક સાધનામાં મસ્ત રાખીને ત્યાં રહેવા લાગ્યા. એમની એવી ઈચ્છા હતા કે માને મહાત્માજીએ એક વખત મળવું જોઈએ.

શેઠજીએ ૧૯૪૨માં છેલ્લો શ્વાસ લીધો. મા તરતજ ગોપુરી પહોંચી ગયાં અને શેઠજીનાં પત્ની જાનકીબાઈ તેમજ એમના દીકરા કમલનયનને સાંત્વના આપી. બાપુજી તે વખતે વર્ધામાં હતા. એમણે માને વર્ધા આવવાનું આમંત્રણ પાઠવ્યું. માએ આનો ઉત્તર પોતાની રીતે મોકલ્યો.

"મને શું આમંત્રણની જરૂર ખરી ? આમંત્રણ હોય કે ના હોય આ નાની દીકરી જો 'ખયાલ' હશે તો બાપુજી પાસે ચોક્કસ પહોંચી જશે."

શ્રીમતી બજાજ વર્ધા જઈ રહ્યાં હતાં. એમણે માને એમની સાથે વર્ધા આવવાનું આમંત્રણ આપ્યું. પરંતુ માએ ના પાડી. "અત્યારે એવો કોઈ 'ખયાલ' નથી." એમણે કહ્યું, "તમે જાઓ, જો 'ખયાલ' આવશે તો હું મારી જાતે જ ત્યાં આવીશ."

ત્યાર પછી શ્રી વિનોબા ભાવે સાથે સંદેશો આવ્યોં કે "બાપુજી માને મળવા માગે છે અને એમની તબીયત સારી ન હોવા છતાં પણ એ ગોપુરીથી જે ગાડી મોકલવામાં આવશે તેમાં મા પાસે આવવા તૈયાર છે." એમણે આગ્રહ કર્યો કે માએ પોતાની કાલની યાત્રા પછીથી રાખવી. માએ હસીને સહજ ભાવે કહ્યું "આ છોકરીના મગજનો સ્ક્રુ ઢીલો છે. પછી ભલે ને ગમે તે થાય એ એના 'ખયાલ' પ્રમાણેજ કરે છે."

છેવટે વિનોબા ભાવેએ નિરાશ થઈને રજા લીધી. તરતજ માએ વર્ધા માટે પ્રસ્થાન કર્યું અને તે પણ એજ ગાડીમાં કે જે ગાડી બાપુજીને ગોપુરી લાવવા માટે વર્ધા જવાની હતી. ગાંધીજીએ એમને ખૂબ જ ભાવથી આવકાર્યાં. અને માએ આવકાર નાની છોકરીની માફક સ્વીકાર્યો. લાંબા હાથ કરીને મહાત્માજીએ માનું માથું પકડીને છાતી સરસું ચાંપ્યું, અને મા એ જ રીતે એમની નાની દીકરીની જેમ પોતાના બંન્ને હાથ ગાંધીજીની છાતી પર રાખીને ઊભા રહ્યાં, અને ગાંધીજીએ બોલવાનું શરૂ કર્યું.

"મા, તમે જાણો છો ને કે જમનાલાલ બજાજને તમારી પાસે કોણે મોકલેલા ? એ હું જ હતો ! અને તમને અહીં આવવાનું આમંત્રણ આપનાર કોણ હતું ? ફરીથી એ હું જ હતો. જમનાલાલને જે મારી પાસેથી નહોતું મળ્યું તે એમણે તમારી પાસેથી મેળવ્યું. મનની શાંતિ. અને એ મને જમનાલાલે કહેલું. તમને એ પણ સારી રીતે ખબર છે કે એ તમારા પ્રભાવ નીચે આવી ગયા હતા અને પછી ભગવાન તરફ ઉન્મત્ત થયેલા." માએ ફક્ત માથું હલાવ્યું. ગાંધીજીએ ફરી આગળ ચલાવ્યું, "તમને ખબર છે, તમારા વિષે મને કોણે કહેલું ? કમલા નહેરુએ. એમણે મને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખાસ વિનંતિ કરી હતી કે મારે તમને મળવું.'' અને પછી એમની ખાટની આજુબાજુ બેઠેલાં બધાંને સંબોધીને મહાત્માજી બોલ્યા : ''કમલા એમને ગુરુ માનતી હતી.'' માએ તરત જ વિરોધ કરતાં કહ્યું ''હું કોઈની ગુરુ નથી ! હું તો એક નાની બાળકી છું.'' અને ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, ''ભલે, ભલે.''

મા તેજ સમયે વર્ધા છોડવા માગતાં હતાં તે સાંભળીને ગાંધીજીએ કહ્યું, ''આજે પાછા જવાના વિચારને કાઢી નાખો. અહીં થોડા દિવસ રહી જાવો. જમનાલાલનાં બધાં કાર્યોની પતાવટ કરતાં બીજા બે દિવસ નીકળી જશે, અને તમારી હાજરી જો હશે તો શ્રીમતી જાનકીબાઈ તેમજ તેમના દીકરા શ્રી કમલનયનને શાંતિ આપશે તેમજ એમને આશ્વાસન મળશે.''

પણ મા તો અણનમ જ રહ્યાં. ''પિતાજી'' એ બોલ્યાં, ''આ નાની બાળકી પાગલ છે અને એ એંના 'ખયાલ' પ્રમાણે જ કરે છે. એ હંમેશા બીજાને ખુશ કરી શકતી નથી. પણ એમાં મારો શો વાંક ? આખરે તો તમારા જ બધા ગુણ આ નાની બાળકીએ ગ્રહણ કર્યા છે.''

માને રોકવાના એમના જુદા જુદા પ્રયત્નો વ્યર્થ જવાથી મહાત્માજીએ ત્યાં બેઠેલા બધાંને ઉદ્દેશીને કહ્યું : ''આ બધા લોકો હસશે. એ લોકો પાછળથી વાત કરશે કે હું મારી નાની દીકરીને મનાવી ના શક્યો. ઓ હો ! હું ચાઈનીઝ લશકરના વડાને શું કહીશ ? બધા જ મને હસશે.''

મા ગાંધીજીના આવા નવા નવા બહાના સાંભળીને હસવા માંડ્યાં. પછી ગાંધીજીના દહેશત ભર્યા વિચારોની મશ્કરી કરતાં, એમને અભિનંદન આપતાં બોલ્યાં, ''કાંઈ વાંધો નહીં જો લોકોને મારા બાપુજીના નામથી આનંદ લૂંટીને મજા આવતી હોય તો મજા કરવા દો. મને ખબર છે કે બાપુજીને આની કોઈજ અસર થવાની નથી. અરે એમનામાં જરાકે અસ્વસ્થતા પણ દેખાશે નહીં.'' ગાંધીજી આ પ્રશંસા અને અભિનંદન સ્વીકારતા બોલ્યા. ''જો ને હું કેટલા બધાનો 'બાપુજી' છું. તમે પણ મને એ નામથી જ પોકારવાનું પસંદ કર્યું છે. મારે માટે એ સારું જ છે. ખરી રીતે તો મેં તમને મા કહીને પોકાર્યાં એ મારી ભૂલ જ હતી.'' આ રીતે માને વધારે દિવસો પોતાની પાસે રોકવાના બાપુજી અને મા વચ્ચે કેટલાયે વાદ-વિવાદ થયા. પણ મા પોતાનો પાછા જવાનો કાર્યક્રમ ટાળવા તૈયાર નહોતાં. આખરે ગાંધીજીએ શરત મૂકતાં મોને કહ્યું, ''તમે એક એવી છોકરી છો કે જેણે બીજાં બધાંને સર કરવાની ખાસિયત કેળવી છે, પણ મને તમે હરાવી નહીં શકો !!'' અને તરતજ માનો મીઠો જવાબ આવ્યો. સામસામા વાદવિવાદમાં સામે વાળાને જવાબ આપીએ ત્યારે સામે વાળાને જાણે જામૈયાની અણી ભોંકાઈ હોય એવો અનુભવ થવો જોઈએ. ''ખરુંને પિતાજી ?'' ત્યાર પછી માએ આ વાતને આગળ ન વધારતાં કહ્યું, ''મને લાગે છે પિતાજી તમે મને કાલે તો જવા જ દેશો.'' પણ ગાંધીજી નમતું આપવા તૈયાર નહોતા. એમણે કહ્યું, ''મને એવાં આપખુદ બાપ જેવો ગણતી નહીં. મને હા કહેવડાવવાનું એટલું સહેલું નથી. હું પણ એક જીદી વ્યક્તિત્વ ધરાવું છું.''

માએ પોતાના લોભામણા અને આકર્ષક હાસ્ય સાથે ફરીથી કહ્યું, ''પિતાજી, એમની નાની દીકરીની વાત માનશે જ એમાં મને જરા પણ શંકા નથી.'' આખરે બાપુજીને ખાતરી થઈ કે માને કોઈ પણ રીતે વધારે દિવસ રોકી નહીં શકાય. તેથી એમણે કમલનયનને માને પાછા લઈ જવાની વ્યવસ્થા કરવાનું કહ્યું.

''કેટલા બધા માણસો'' મા બોલ્યાં, ''પિતાજીનું કહ્યું માને છે પણ આ નાની બાળકી, જે 'ખયાલ'ના આદેશને જ અનુસરે છે તે બાપુજીને માની ના શકી. મને લાગે છે કે પિતાજી મારા પર ગુસ્સામાં તો નથી ને ?'' ગાંધીજીએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વળતો જવાબ આપ્યો, "એની તમને જરા સરખી પણ ફિકર છે ?" અને આના જવાબમાં માએ ગાંધીજીને આડકતરી રીતે કહ્યું, "જો 'ખયાલ' હશે તો હું પાછી આવીને સીધી જ પિતાજીની રૂમમાં દોડી જઈશ, તમને શું લાગે છે પિતાજી ?" ગાંધીજી એકદમ હળવાશથી બોલ્યા, "હા ! બરોબર છે, આ રીત ચોર અને લુંટારુઓમાં અપનાવાઈ છે. અને એવી જ એક વ્યક્તિ દહેરાદૂનથી અહીં આવી છે તેને હું શું કરું ?" તરત જ માએ આનંદમાં આવી જઈને કહ્યું "હે... પિતાજીએ મને ચોર અને લુટારું બનાવી દીધી. કેટલું સરસ. પણ ધ્યાનમાં રાખજો પિતાજી હું તમારું બધુંજ ચોરી જવાની છું ! સ્ત્રી ચોર .... આ ખરેખર એક સરસ પદવી છે." આમ બોલી મા એકદમ જોરથી હસી પડ્યાં. અને ગાંધીજીના મુખમાંથી એકાએક શબ્દો નીકળી પડ્યા - "આવી સ્ત્રી ચોર ક્યાં મળવાની ?"

માનો જવાનો સમય થઈ ગયો. માનો 'ખયાલ' ગાંધીજી જેવાના વ્યક્તિત્વની સાથે પણ ખાતરી કરાવતો ટક્કર લઈને ઊભો રહ્યો. એમાં પણ ગાંધીજીની આજીજી, અને કાંઈ કેટકેટલાયે કટાક્ષો અને હાસ્યથી ભરપૂર વક્તૃત્વ કળાની આપ લેમાં તથા એમાંથી જાગૃત થયેલી ઉષ્માામાં પણ 'ખયાલ' તો મોખરે જ રહ્યો.

(સંપૂર્ણ)

જે લોકો અનન્ય રૂપે મારું ચિંતન કરતા ઉપાસે છે, તેવા નિત્ય મારી સાથે જોડાયેલાઓનું યોગક્ષેમ હું વહન કરું છું.

- શ્રીમદ્ ભગવદ્ ગીતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતા આનન્દમયી - દિવ્ય સંસ્મરણ

- પદ્મભૂષણ આચાર્ય બલદેવ ઉપાધ્યાય.

(શતાબ્દી લેખ)

એ જાણીને હાર્દિક પ્રસન્નતા અનુભવું છું કે માતા આનન્દમયીની જન્મશતી આ વર્ષે ઉજવાઈ રહી છે. મા આનન્દમયી અલૌકિક વિભૂતિ હતાં. આનન્દની સાક્ષાત્ મૂર્તિ. દિવ્ય ભગવતી જ આનન્દમયી રૂપે વિરાજમાન્ હતાં. બાળપણથી જ એમની વિલક્ષણ પ્રતિભાની કીર્તિ આ કાશી-ક્ષેત્રમાં પ્રસરી ગઈ હતી. મહામહોપાધ્યાય ગોપીનાથ કવિરાજજી માતાજીની કીર્તિથી સંપૂર્ણ પરિચિત હતા. હું કવિરાજજીના જ માધ્યમથી પહેલેથી એમને વિષેની જાણકારી મેળવતો રહ્યો. જ્યારે માતાજી બંગ પ્રદેશથી કાશી પધાર્યાં, એમનો યશ ફેલાતો ગયો, ત્યારથી જ હું એમની વિલક્ષણ આધ્યાત્મિક પ્રતિભાને જાણતો થયો.

એ સમજાવવાની જરૂર નથી કે પંડિત અને સંત વચ્ચે શો અંતર છે. શાસ્ત્ર ભણીને અધ્યાત્મચિંતનને ઉદ્‌બુદ્ધ કરનાર વ્યક્તિ પંડિત કોટિમાં આવે, અને સ્વતઃ પોતાના અંતઃકરણમાંથી ગંભીર અધ્યાત્મ ચિંતન ઉદ્‌બુદ્ધ કરનાર સંત કોટિમાં આવે. માતા આનન્દમયી તો ભણેલાં નહોતાં, છતાં ગંભીર અધ્યાત્મ ચિંતનમાં અલૌકિક તથ્યોનું એમને સમ્યક્ જ્ઞાન હતું. અધ્યાત્મ તત્ત્વનો બોધ બાલ્યકાળથી હતો જ. ગંભીરમાં ગંભીર અધ્યાત્મ-વિષયક જિજ્ઞાસાઓનું સમાધાન તેઓ અત્યંત સહજ ભાવે કરતાં.

મને એક પ્રસંગનું સ્મરણ છે. એક વાર ઢાકામાં વિદ્વાનોની એક સભામાં ભારતવર્ષના પ્રતિષ્ઠિત વિદ્વાનોએ ભાગ લીધો હતો. એ વખતે માતા આનન્દમયીનો આધ્યાત્મિક યશ પ્રસરી ચૂક્યો હતો. બંગાળના વિદ્વાનોએ અન્ય પ્રાંતીય વિદ્વાનોને આગ્રહ કર્યો કે તેઓ મા આનન્દમયી પાસે જાય. જિજ્ઞાસાવશ કેટલાક લબ્ધ-પ્રતિષ્ઠિત વિદ્વાનો માતાજી પાસે ગયા, અને દર્શન-વિષયક અનેક ગંભીર પ્રશ્નો પૂછ્યા. માતાજીએ એમના અઘરામાં અઘરા, જટિલમાં જટિલ પ્રશ્નોના ઉત્તરો અત્યંત સરળ તથા સુબોધ ભાષાશૈલીમાં આપીને સંતુષ્ટ કર્યા. આવી હતી માની વિલક્ષણ આધ્યાત્મિક પ્રતિભા.

આચરણની શુદ્ધતા પર મા વિશેષ ભાર મૂકતાં. એક વાર હું મારા એક શિષ્યના આગ્રહથી ગીતા-જયંતીમાં ભાગ લેવા ટાટાનગર જમશેદપુર ગયો. ત્યાં માતાજીનું પણ આગમન થયું હતું. એમના ભક્તોને એમણે ઉપવાસ કરવાનું સૂચન કર્યું તથા કોઈએ પણ ચા, ધૂમ્રપાન વગેરે ન કરવું. સહુએ એમના આદેશનું શ્રદ્ધાપૂર્વક પાલન કર્યું. ત્યાર બાદ ગીતા વિષે કહ્યું, ભજન-કીર્તન થયું. ત્યાં જ માતાજીએ મને કહ્યું કે તમે કાશીમાં રહો છો, તો હું જ્યારે કાશી આવું ત્યારે મને મળજો. આ પછી માતાજી જ્યારે જ્યારે કાશી પધારતાં, ત્યારે ત્યારે હું એમનાં દર્શન કરતો.

માતાજીની અલૌકિક ચમત્કાર શક્તિ : એક વાર હું દિલ્હી ગયો. ત્યાં એક સ્વામીજીને મળવા ગયો. સ્વામીજી રુગ્ણાવસ્થામાં હતા. એમના ડૉક્ટરનું કહેવું હતું કે સ્વામીજી થોડા કલાકો જ જીવશે. તે જ સમયે માતાજી પણ સ્વામીજીને જોવા આવ્યાં. માતાજીના આગમનથી લોકોમાં કંઈક આશા બંધાઈ, પરંતુ ડૉક્ટરે શંકા કરી, કહ્યું, "સ્વામીજી તો એટલા બધા રુગ્ણ છે કે એમને બચાવવા અસંભવ છે." માતાજી સ્વામીજીને આશીર્વાદ આપીને ગયાં. સ્વામીજી સ્વસ્થ થઈ ગયા. બે દિવસ પછી ડૉક્ટરે એ જોયું ને ચકિત થઈ ગયા. આ છે કરુણામયી માતાજીનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આધ્યાત્મિક ચમત્કાર.

માતાજી એટલે દયાનાં પ્રતિમૂર્તિ. મહામહોપાધ્યાય ગોપીનાથ કવિરાજ અસાધ્ય રોગથી ગ્રસ્ત થયા. મમતામયી માતાજીએ વિધિવત ઉપચાર કરાવીને જીવનદાન આપ્યું. માતાજીના ઉપકૃત કવિરાજજી છેલ્લી ક્ષણ સુધી કાયમ માટે માતાજીના આશ્રમમાં રહ્યા.

માતાજીને સંસ્કૃત પ્રત્યે અગાધ અનુરાગ હતો. (મા કહેતાં "દેવભાષા") એમણે સંસ્કૃતના પ્રચાર માટે આશ્રમમાં સંસ્કૃત કન્યા વિદ્યાલયની સ્થાપના કરી. (એની ડિગ્રી કાશી સંસ્કૃત વિશ્વ-વિદ્યાલયની મળે છે.) શિક્ષા-વિષયક દૃષ્ટિ ઉદાર હતી. સંસ્કૃતના જ્ઞાનથી જ કન્યાઓ દક્ષ તથા સુસંસ્કૃત ગૃહિણી બની શકે છે. આશ્રમની 'કન્યાપીઠ'માં બહારગામથી આવીને કન્યાઓ ગુરુકુળ જેવી શિક્ષા ગ્રહણ કરે છે. ત્યાં સદાચારનું વિશેષ શિક્ષણ આપવામાં આવે છે.

માતાજી ગુરુકુળ શિક્ષા-પદ્ધતિના પક્ષમાં હતાં. આશ્રમમાં બટુકો માટે એ જ પ્રાચીન શિક્ષાપદ્ધતિની 'વિદ્યાપીઠ' શરૂ કરી. (જો કે કન્યાપીઠને વિદ્યાપીઠ બંન્ને શરૂ દીદી તથા ભાઈજીએ કરી, પણ માના "ખ્યાલ"થી)

પ્રાચીન કાળમાં જે વિદ્યાર્થીશિષ્ય એક ગુરુ અને એક પીઠને છોડીને અન્યનો આશ્રય લેતો તે "તીર્થકાક" કહેવાતો. "મહાભાષ્ય"માં કહ્યું છે : "यथा तीर्थे काका न चिरं स्थातारो भवन्ति एवं यो गुरुकुलानि गत्वा न चिरं तिष्ठति स उच्यते तीर्थ काक इति।" (પાણિનિસૂત્ર - ૨/૧/૪૨ પાતંજલભાષ્ય.)

માતાજીની આધ્યાત્મિક શક્તિથી પંડિત નેહરુ તથા સમસ્ત નેહરુ પરિવાર આકર્ષાયો હતો. માતાજીના આદેશથી ઈંદિરાજીએ એમના નિવાસસ્થાને એક પૂજાગૃહની વ્યવસ્થા કરી હતી. મારા એક પરિચિત પંડિત ત્યાં પૂજા કરતા હતા.

દુઃખીઓ પ્રત્યે માતાજીને અપાર કરુણા હતી. દીન-અસહાય લોકોની સહાયતા કરવા કાશીમાં ચિકિત્સાલય ખોલવામાં આવ્યું. આશ્રમ-સંલગ્ન હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન શ્રીમતી ઈંદિરા ગાંધીએ કર્યું હતું.

માતા આનન્દમયીના આશ્રયમાં શીતળ છાયા તથા પરમ વિશ્રાંતિનો અનુભવ થતો. માતાજીનો દિવ્ય આધ્યાત્મિક સંદેશ, કલ્યાણકારી વાણી ગ્રહણ કરી સર્વે સુખી થાય એ જ મંગળ કામના.

❖

"ત્યાગનો પથ (એ) જ આનંદનો છે. ભગવાન બાજુ જે ચાલે છે તેઓ ભાગ્યવાન્ છે. ભગવાનનો પથ જ પથ છે, અન્ય બધા વિપથ છે. ત્યાં ડગલે ને પગલે વિપથ છે."

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત

- વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ

त एकदा तु मुनयः प्रातर्हुतहुताग्नयः॥ सत्कृतं सूतमासीनं पप्रच्छुरिदमादरात् ॥ ५ ॥ ऋषय ऊचुः ॥ त्वया खलु पुराणानि सेतिहासानि चानध॥ आख्यातान्यप्यधीतानि धर्मशास्त्राणि यान्युत॥ ६॥

सायंकाले हुता एव हुता अग्नयो यैस्ते। यद्वा हूयत इति हुतं दध्यादि तेन हुता अग्नयो यैस्ते। यद्वा प्रातःकाले हुता एव हुता अग्नयो यैस्ते। अनेन नित्यनैमित्तिकहोमसाकल्यं दर्शितम्। इदं वक्ष्यमाणमादरात्पप्रच्छुः॥ ५॥ विविदिषितानर्थान्प्रष्टुं सूतस्य सर्वशास्त्रज्ञानातिशयमाहुः – त्वंयेति त्रिभिः श्लोकैः। इतिहासो महाभारतादिस्तत्सहितानि। न केवलमधीतानि अपित्वाख्यातान्यपि व्याख्यातानि च । उस अपि यानि धर्मशास्त्राणि तान्यपि ॥ ६॥

અનુવાદ : એક વાર પ્રાતઃકાલે તે મુનિઓએ અગ્નિહોત્ર વગેરે નિત્ય કર્મોથી નિવૃત્ત થઈને સૂતજીનું પૂજન કરી તેમને ઊંચે આસને બેસાડીને અત્યંત આદરપૂર્વક આ પ્રશ્ન કર્યો. ॥ ૫ ॥

શ્રી. દી. : સંધ્યાકાળે હોમ કરીને પુનઃ (પ્રભાતે) હોમ કર્યો છે તેવા (મુનિઓએ પ્રશ્ન કર્યો) અથવા हूयत इति 'हुतम्' જે હોમાય છે તે હુત (દ્રવ્ય), દહીં વગેરેથી અગ્નિમાં હોમ કર્યો છે તેવા મુનિઓ અથવા પ્રાતઃકાલે હોમ કરીને જેમણે પુનઃહોમ કર્યો છે તેવા મુનિઓ- આ દ્વારા નિત્ય, નૈમિત્તિક હવનની પૂર્ણતા દર્શાવી છે. **'इदम्'** એટલે આ (પ્રશ્ન) કે જે હવે પછી કહેવામાં આવશે તે વિષે આદરપૂર્વક પ્રશ્ન પૂછ્યો ॥ ૫ ॥

અનુવાદ : ઋષિઓએ કહ્યું, "હે નિષ્પાપ સૂતજી, આપે ઈતિહાસ સાથે પુરાણોનું તેમ જ જે ધર્મશાસ્ત્રો છે તેમનું પણ અધ્યયન કર્યું છે તથા તેમની વ્યાખ્યા (પ્રવચન) પણ કરી છે. ॥ ૬ ॥

શ્રી. દી. અવતરણિકા (ઋષિઓએ) જાણવા ઈચ્છેલા પદાર્થોને પૂછવાના હેતુથી સૂતજીના સર્વશાસ્ત્રોના જ્ઞાનની શ્રેષ્ઠતા વર્ણવે છે. **'त्वयेति'** એ ત્રણ શ્લોકો દ્વારા તેવી શ્રેષ્ઠતાને નિરૂપે છે.

ઈતિહાસ એટલે મહાભારત વગેરે સહિત (પુરાણો અને ધર્મશાસ્ત્રો). (આપશ્રીએ) કેવળ (તેમનું અધ્યયન જ નહીં પરંતુ વ્યાખ્યા પણ કરી છે. તે સિવાયનાં જે ધર્મશાસ્ત્રો છે તેમનો પણ (અભ્યાસ કર્યો છે.) ॥ ૬ ॥

यानि वेद विदां श्रेष्ठो भगवान्वादरायणः॥ अन्ये च मुनयः सूत परावरविदो विदुः॥ ७॥ वेत्थ त्वं सौम्य तत्सर्व तत्त्वतस्तदनुग्रहात्। ब्रूयुः स्निग्धस्य शिष्यस्य गुरवो गुह्यमप्युत ॥ ८॥ तत्र तत्राञ्जसाऽऽयुष्मन्भवता यद्विनिश्चितम्॥ पुंसामेकान्ततः श्रेयस्तन्नः शंसितुमर्हसि ॥ ९॥

किंच यानीत्यादि। विदां विदुषा मध्ये श्रेष्ठो व्यासो यानि वेद। परावरे सगुणनिर्गुणे ब्रह्मणी विदन्तीति तथा ॥ ७ ॥ वेत्थ जानासि । सौम्य हे साधो। तेपामनुग्रहात्। तत्त्वतो ज्ञाने हेतुमाह – बूयुरिति। स्निग्धस्य प्रेमवतः। उत एव। गुह्यं रहस्यमपि ब्रूयुरेव॥ ८॥ अञ्जसा ग्रन्थार्जवेन। एकान्ततः श्रेयऽव्यभिचारि श्रेयःसाधनम् ॥ ९॥

અનુવાદ : હે સાધુ, વિદ્વાનોમાં શ્રેષ્ઠ ભગવાન બાદરાયણ જે પુરાણ વગેરેને જાણે છે તથા ભગવાનના સગુણ-નિર્ગુણ રૂપને જાણનારા બીજા ઋષિમુનિઓ જે કાંઈ જાણે છે, તે સર્વ આપ તેમના અનુગ્રહથી વાસ્તવિક રૂપે જાણે છો. ગુરુજનો પોતાના પ્રિય શિષ્યને ગુપ્તમાં ગુપ્ત રહસ્ય પણ કહી દે (છે) ॥૮॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી.દી. વળી, 'यानि' ઇત્યાદિનો અર્થ દર્શાવે છે. 'विदां' વિદ્વાનોમાં 'श्रेष्ठ' શ્રેષ્ઠ એવા વ્યાસજી જે શાસ્ત્રોને જાણે છે; (તેમજ) 'परावरे' સગુણ અને નિર્ગુણ બ્રહ્મને (વિદ્વાનો જાણે છે) તેમ આપ જાણો છો. ॥૭॥

શ્રી. દી. 'वेत्थ' (આપ) જાણો છો. 'सौम्य' હે સાધુ, 'तेषाम्' ગુરુજનોના 'अनुग्रहात्' અનુગ્રહથી 'तत्त्वतो' વાસ્તવિક રીતે (જાણો છો) તેનું કારણ કહે છે 'ब्रूयुरिति।' 'स्निग्धस्य' પ્રેમાળ 'उत' (પ્રેમાળ શિષ્યનો) જ 'गुह्यम्' રહસ્ય, 'अपि' પણ 'ब्रूयु:' કહી દે (છે) ॥૮॥

અનુવાદ : હે આયુષ્માન્, તે તે વિષયમાં અર્થાત્ સર્વશાસ્ત્રો, પુરાણો અને ગુરુજનોના ઉપદેશોમાં (જણાવેલા સર્વ સાધનોમાં) (કલિયુગના) જીવોના પરમ કલ્યાણરૂપ સાધન વિષે આપે સરળતાપૂર્વક જે નિશ્ચય કર્યો હોય તે અમને કહેવું ઘટે ॥૯॥

શ્રી.દી. 'अञ्जसा' સરળતાપૂર્વક 'एकान्ततः श्रेयः' સુનિશ્ચિતતાપુર્વકનું કલ્યાણનું સાધન ॥૯॥

प्रायेणाल्पायुषः सभ्य कलावस्मिन्युगे जनाः ॥ मन्दा सुमन्दमतयो मन्दभाग्या ह्युपद्रुताः ॥ १० ॥ भूरीणि भूरि-कर्माणि श्रोतव्यानि विभागशः ॥ अतः साधोऽत्र यत्सारं समुद्धृत्य मनीषया ॥ ब्रूहि नः श्रद्दधानानां येनात्मा संप्रसीदति ॥ ११ ॥

अन्येऽपि बहुना कालेन बहुशास्त्रश्रवणादिभिर्विनिश्चिन्वन्तु नेत्याहुः – प्रायेणेति। हे सभ्य साधो, अस्मिन्युगे कलावल्पायुषो जनास्तत्रापि मन्दा अलसास्तत्रापि सुमन्दमतयस्तत्रापि मन्दभाग्या विघ्नाकुलास्तत्राप्युपद्रुता रोगादिभिः ॥ १० ॥ न च वहुशास्त्रश्रवणेऽपि तावतैव फलसिद्धिरित्याहुः भूरीणीति। भूरीणि कर्माण्यनुष्ठेयानि येपु तानि। समुद्धृत्य यथावदुद्धृत्य। येनोद्धृतवचनेनात्मा बुद्धिः संप्रसीदति सम्यगुपशाम्यति ॥ ११ ॥

અનુવાદ : હે સાધુ, આ કલિયુગમાં પ્રાયઃ લોકોનું આયુષ્ય અલ્પ છે. (સાધન કરવામાં લોકોની રુચિ અને પ્રવૃત્તિ પણ નથી) લોકો આળસુ થઈ ગયા છે, તેઓ અત્યંત મંદબુદ્ધિવાળા છે; વળી, તેઓ અનેક પ્રકારના વિઘ્નોથી ઘેરાયેલા છે તેમ જ રોગ વગેરે ઉપદ્રવોથી પીડિત છે. ॥૧૦॥

શ્રી. દી. - કોઈ શંકા કરે કે બીજા લોકો પણ ઘણો સમય આપીને અનેક શાસ્ત્રોના શ્રવણ વગેરેથી કલ્યાણના સાધન વિષે ભલે નિર્ણય કરી લે. આવી શંકાના સમાધાનરૂપે કહે છે 'न इति आहुः' ના, એ તર્ક બરાબર નથી. 'प्रायेणेति।' 'सभ्य' હે સાધુ, આ કલિયુગમાં મનુષ્યો અલ્પાયુષી છે. વળી પાછા 'मन्दाः' આળસુ છે, તેમાંય વળી સાવ મંદબુદ્ધિના છે. તદુપરાંત 'मंदभाग्याः' વિઘ્નોથી ઘેરાયેલા છે. (આપ સરખા સાધુઓના સંગથી વંચિત છે.) વળી, 'उपद्रुताः' રોગ વગેરે ઉપદ્રવોથી પીડિત છે. ॥૧૦॥

અવતરણિકા : લોકો આવા અભાગિયા હોવાથી અનેક શાસ્ત્રોના શ્રવણ દ્વારા પણ ફલસિદ્ધિ થતી નથી, તે (આગળના શ્લોકથી) કહે છે.

અનુવાદ : (વેદ, બ્રાહ્મણ, સાંખ્ય, મીમાંસા, વેદાંત વગેરે) વિભાગપૂર્વક સાંભળવા યોગ્ય અનેક શાસ્ત્રો છે. તેમાં અનેક પ્રકારના કર્મોનું વર્ણન છે. હે સાધુપુરુષ સૂતજી, આપની બુદ્ધિથી તેનો નિષ્કર્ષ કાઢીને અમને શ્રદ્ધાળુઓને કહો, જેથી અમારા અંતઃકરણની શુદ્ધિ થાય. ॥૧૧॥

શ્રી.દી. : બહુશાસ્ત્રના શ્રવણમાં તેટલા (પરિશ્રમ)થી પણ ફલની સિદ્ધિ થતી નથી. તેથી શૌનકાદિ ઋષિઓ કહે છે - 'भूरिणी इति।' અનુષ્ઠાન કરવા યોગ્ય અનેક કર્મો જેમાં છે તે (શાસ્ત્રો) 'समुद्धृत्य' નિષ્કર્ષ કાઢીને 'येन'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે નિષ્કર્ષરૂપ વચનોથી 'आत्मा' બુદ્ધિ 'संप्रसीदति' સમ્યક્ રીતે (યોગ્ય રીતે) શાંતિ પામે છે. ॥૧૧॥

सूत जानासि भद्रं ते भगवान्सात्वतांपतिः ॥ देवक्यां वसुदेवस्य जातो यस्य चिकीर्षया ॥ १२ ॥

प्रश्नान्तरं – सूत जानासीति पञ्चभिः । भद्रं त इत्यौत्सुक्येनाशीर्वादः । (विस्तरणाशीर्वादवचनेन विष्णुकथाविधातो भवतीति संग्रहेणोक्तम्। तथाहि 'सा हानिस्तन्महच्छिद्रं स मोहः स च विभ्रमः॥ यन्मुहूर्तं क्षण वापि वासुदेवं न चिन्तयेत्॥' इति) भगवान्निरतिशयैश्वर्यादिगुणः । सात्वतां सच्छब्देन सत्वमूर्तिर्भगवान्स उपास्यतया विद्यते येषामिति सत्यन्तो। भक्ताः । स्वार्थेऽण् राक्षसवायसादिवत्। तस्य चाश्रवणमार्षस्। तदेवं सात्वन्त इति भवति। तेषां पतिः पालकः। यस्यार्थविशेषस्य चिकीर्षया वसुदेवस्य मार्यायां देवक्यां जातः ॥ १२ ॥

અનુવાદ : હે સૂતજી, આપનું કલ્યાણ થાઓ! આપ તો જાણો છો કે સાત્વતકુળના રક્ષક ભગવાન શ્રીકૃષ્ણ વસુદેવજીનાં ધર્મપત્ની દેવકીજીના ગર્ભમાંથી જે વિશેષ કાર્ય કરવાની ઈચ્છાથી અવતીર્ણ થયા હતા. ॥૧૨॥

શ્રી.ટી. : અવતરણિકા : 'सूत – जानासि' થી પાંચ શ્લોકો (૧૨ થી ૧૬) (कलिमलापहम्) દ્વારા બીજો પ્રશ્ન પૂછે છે.

'भद्रं ते' આપનું કલ્યાણ થાઓ ! તેમ ઉત્સુકતાપૂર્વક આશીર્વાદ આપે છે. (વિસ્તારપૂર્વકના આશીર્વાદના વચનથી વિષ્ણુકથામાં વિઘ્ન થાય એટલે ટૂંકમાં 'भद्रं ते' થી આશીર્વાદ આપ્યા. જેમ કે "જે મુહૂર્તમાં કે ક્ષણમાં વાસુદેવનું ચિંતન ન થાય તે હાનિ છે. તે જ મોટી ખામી છે. તે મોહ છે અને તે જ ભ્રમ છે.") 'भगवान्' સર્વશ્રેષ્ઠ ઐશ્વર્ય વગેરે (વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય) - ગુણો ધરાવનાર, 'सात्वताम्' 'सत्' શબ્દ દ્વારા સત્ત્વમૂર્તિ ભગવાન, જે સાત્વત ભક્તો માટે ઉપાસ્ય દેવ તરીકે છે. स्वार्थे એટલે કે અર્થમાં ફેરફાર થયા વગર अण પ્રત્યય લાગવાથી જેમ (रक्षस् એ જ) राक्षस, (वयस् એ જ) वायस् તેમ सात्वन्तः (એ જ सात्वताः થાય) તેના अण् પ્રત્યયનું 'अश्रवणम्' આર્ષ પ્રયોગ છે. તેઓના 'पतिः' પાલક, રક્ષક 'यस्य' જે વિશેષ કાર્ય 'चिकीर्षया' કરવાની ઈચ્છાથી 'वसुदेवस्य' વસુદેવજીનાં ધર્મપત્ની 'देवकयाम्' દેવકીજીના ગર્ભમાંથી (અવતીર્ણ થયા હતા.)

(* सत्वत् શબ્દમાં तद्धित પ્રત્યય अण् (=अ) લગાડતાં આદિસ્વરની વૃદ્ધિ થતાં सात्वत શબ્દ બને. પરંતુ; અહીં વૃદ્ધિ થઈ છતાં શબ્દના अ પ્રત્યયનું શ્રવણ નથી તે આર્ષ પ્રયોગ છે, તેથી सत्वत् અને सात्वत् એ બન્ને શબ્દો શુદ્ધ છે. પરંતુ મૂળ પદ્યમાં सात्वत् શબ્દ લઈને ષ.બ.વ.નું રૂપ 'सात्वताम्' આપેલું છે. નિયમ પ્રમાણે અહીં सात्वतानाम् શબ્દ હોવો જોઈએ.)

तन्नः शुश्रूषमाणानामर्हस्यङ्गानुवर्णितुम् ॥ यस्यावतारो भूतांनां क्षेमाय च भवाय च ॥१३ ॥ आपन्नः संसृतिं घोरां यन्नाम विवशो गृणन् ॥ ततः सद्यो विमुच्येत यद्बिभेति स्वयं भयम् ॥१४ ॥

अङ्ग हे सूत, तन्नोऽनुवर्णयितुमर्हसि । सामान्यस्तावद्यस्यावतारो भूतानां क्षेमाय पालनाथ। भवाय समृद्धये ॥१३ ॥ तत्प्रभावमनुवर्णयंतस्तद्यशः श्रवणौत्सुक्यमाविष्कुर्वन्ति – आपन्न इति त्रिभिः । संसृतिमापन्नः प्राप्तः । विवशोऽपि गृणन्। ततः संसृतेः । अत्र हेतुः – यद्यतो नाम्नो भयमपि स्वयमेंव विभेति ॥१४ ॥

અનુવાદ : હે સૂત, અમને તે (કૃષ્ણકથા) સાંભળવાની ઈચ્છા છે, એવા અમારી સમક્ષ તે વિશેષકાર્યને વર્ણવવું ઘટે છે કારણકે ભગવાનનો અવતાર જીવોના પાલન અને સમૃદ્ધિ માટે જ થાય છે. ॥૧૩॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી.દી. : 'अङ्ग' હે સૂત 'तत् नज्ञ अनुवर्णयितुम् अर्हसि।' તે (વિશેષકાર્ય) અમારી સમક્ષ વર્ણવવું ઘટે છે. સામાન્ય રીતે 'यस्यात्कारो' જેનો અવતાર 'भूतानाम्' જીવોના 'क्षेमाय' પાલન માટે (અભ્યુદય) તથા 'भवाय' સમૃદ્ધિ (નિઃશ્રેયસ્) માટે થાય છે.॥૧૩॥

अवतरणिका – (ભગવાન કૃષ્ણના) તેમના પ્રભાવનું વર્ણન કરતાં તેમના યશને શ્રવણ કરવાની ઉત્સુકતાને પ્રકટ કરે છે.

અનુવાદ : જન્મ-મૃત્યના ભયંકર સંસારચક્રમાં પડેલો (આ જીવ) જેનું (મંગલમય) નામ વિવશતાથી પણ ઉચ્ચારે તો તે જ ક્ષણે (સંસારરૂપી ચક્રમાંથી) મુક્ત થઈ જાય કારણકે સ્વયં ભય પણ ભગવાનના નામથી ભય પામે છે ॥૧૪॥

શ્રી.દી. 'आपन्न' શ્લોકથી ત્રણ શ્લોકો દ્વારા (ભગવાનના પ્રભાવનું વર્ણન કરે છે.) 'संसृतिम् आपन्नः' (જન્મ મરણરૂપ) સંસારને પ્રાપ્ત થયેલો 'विवश (अपि) गृणन्' લાચારીથી પણ ઉચ્ચારતો, 'ततः' તેમાંથી (સંસારમાંથી) (મુક્ત થઈ જાય છે.) અહીં કારણ આપે છે કે સ્વયં ભય પણ ભગવાનના નામથી ભય પામે છે. ॥૧૪॥

यत्पादसंश्रयाः सूत मुनयः प्रशमायनाः ॥ सद्य पुनन्त्युपस्पृष्टाः स्वर्धुन्यापोऽनुसेवया ॥१५ ॥ को वा भगवतस्तस्य पुण्यश्लोकेड्यकर्मणः ॥ शुद्धिकामो न श्रृणुयाद्यशः कलिमलापहम् ॥१६ ॥

किंच यस्य पादः संश्रयो येषामत एव प्रशमोऽयनं वर्त्म आश्रयो वा येषां ते मुनय उपस्पृष्टाः सन्निधिमात्रेण सेविताः सद्यः पुनन्ति। स्वर्धुनी गङ्गा तस्या आपस्तु तत्पादान्निसृता नतु तत्रैव तिष्ठन्त्यतस्तत्संबन्धेनैव पुनन्त्योऽप्यनुसेवया पुनन्ति नतु सद्य इति मुनीनामुत्कर्षोक्तिः ॥१५ ।। पुण्यश्लोकैरीड्यानि स्तव्यानि कर्माणि यस्य तस्य यशः । कलिमलापहं संसारदुःखोपशमनम् ॥१६ ॥

અનુવાદ : હે સૂતજી, જેમના શ્રીચરણોનો આશ્રય કરેલો છે તેવા અને પરમ શાંતિનો આશ્રય લેનારા મુનિજનો (સંસારના જીવને પોતાની) સન્નિધિથી તરત જ પવિત્ર કરે છે. ગંગાજીનું જલ તો વારંવાર સેવન કરવાથી (જીવને) પવિત્ર કરે છે. ॥૧૫॥

શ્રી.દી. : વળી, જેનું ચરણ જે મુનિજનોનો આશ્રય છે તેવા, 'प्रशमः' પરમ શાંતિ (ભગવાન્નિષ્ઠ બુદ્ધિ હોવી તે) એ જ 'अयनम्' જેમનો આશ્રય છે તેવા 'मुनयः' મુનિઓ 'उपस्पृष्टाः' માત્ર સાન્નિધ્યથી જેમની સેવા કરવામાં આવે છે, તેવા 'सद्यः पुनन्ति' તરત જ પવિત્ર કરે છે. 'स्वर्धुनी' ગંગા પરંતુ ગંગાજીનું જલ ભગવાનના ચરણકમલમાંથી નિઃસૃત થયું હોવા છતાં તે ત્યાં જ સ્થિર થતું નથી તેથી ભગવાનના ચરણના સંબંધથી – (પંરપરા સંબંધથી) – પવિત્ર કરે છે તેમ જ વારંવાર સેવન કર્યા પછી પવિત્ર કરે છે, પણ તરત જ પવિત્ર નથી કરતું. આમ મુનિજનોના ઉત્કર્ષનું અહીં વર્ણન છે. ॥૧૫॥

અનુવાદ : પવિત્ર કીર્તિવાળા ભક્તો દ્વારા જેમની લીલાની સ્તુતિ કરવામાં આવે છે તે ભગવાનના કલિમલહારી (સંસારનાં દુઃખોનું ઉપશમન કરનાર) યશનું આત્મશુદ્ધિની ઈચ્છાવાળો કોણ શ્રવણ ન કરે ? ॥૧૬॥

શ્રી.દી. : 'पुण्यश्लोकैः' જેમની પવિત્ર કીર્તિ છે તેવા પુરુષો દ્વારા 'इड्यानि' સ્તુતિ કરવા યોગ્ય 'कर्माणि' લીલાઓ જેની છે તેમના 'यशः' યશને 'कलिमलापहम्' જે કલિમલહારી છે, જે સંસારનાં દુઃખોને શાંત કરનાર છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥१६॥

तस्य कर्माण्युदाराणि परिगीतानि सूरिभिः ॥ ब्रूहि नः श्रद्दधानानां लीलया दधतः कलाः ॥१७॥ अथाख्याहि हरेर्धीमन्नवतारकथाः शुभाः ॥ लीला विदधतः स्वैरमीश्वरस्यात्ममायया ॥१८॥ वयं तु न वितृप्याम उत्तमश्लोकविक्रमे ॥ यच्छृण्वतां रसज्ञानां स्वादुस्वादु पदेपदे ॥१९॥

प्रश्नान्तरं - तस्येति। उदाराणि महान्ति विश्वसृष्ट्यादीनि। सूरिभिर्नारदादिभिः। कला ब्रह्मरूद्रादिमूर्तीः ॥१७॥ अथेति प्रश्नान्तरे। अवतारकथाः स्थित्यर्थमेव तत्तदवसरे ये मत्स्याद्यवतारास्तदीयाः कथाः खैरं लीला कुर्वतः। श्रीकृष्णावतारप्रयोजनप्रश्नेनैव तच्चरितप्रश्नोऽपि जात एवेति ज्ञातव्यम् ॥१८॥

અનુવાદ : બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપે લીલાથી અવતાર ધારણ કરીને, વિશ્વનાં સર્જન, પાલન અને સંહાર જેવાં મહાન (ઉદાર) કર્મો કે જેમનું ગાન (નારદમુનિ વગેરે જેવા) વિદ્વાનો દ્વારા કરવામાં આવે છે, તેમનું શ્રદ્ધાળુઓ એવા અમારી સમક્ષ વર્ણન કરો. ॥૧૭॥

'यस्येति' 'उदाराणि' વિશ્વનાં સર્જન, પાલન, સંહાર જેવાં મહાન કર્મો 'सूरिभिः' નારદમુનિ વગેરે જેવા વિદ્વાનો દ્વારા 'कलाः' બ્રહ્મા રુદ્ર વગેરે મૂર્તિના સ્વરૂપોને (અવતારીને) ॥૧૭॥

અનુવાદ : હે બુદ્ધિમાન સૂતજી, સર્વસમર્થ પ્રભુ પોતાની યોગમાયાથી સ્વચ્છંદ લીલા કરે છે. એ શ્રીહરિની મંગલમયી અવતાર-કથાઓનું આપ હવે વર્ણન કરો ॥૧૮॥

શ્રી.દી.: 'अथ' થી પ્રારંભાતા શ્લોકમાં (ચોથો) પ્રશ્ન છે. સૃષ્ટિના પાલન માટે તે તે પ્રસંગે મત્સ્યાદિ અવતારો લીધા તેની કથા (કહો). 'स्वैरम्' સ્વચ્છંદ લીલા કરતાં, શ્રીકૃષ્ણચરિત્ર વિષેનો પ્રશ્ન પણ આવી જાય છે તેમ જાણવું ॥૧૮॥

અનુવાદ : પુણ્યકીર્તિ ભગવાનની લીલામાં અમને તૃપ્તિ થતી નથી, કે જેને સાંભળનારા રસજ્ઞોને ક્ષણે ક્ષણે નવા નવા રસનો અનુભવ થાય છે. ॥૧૯॥

अत्यौत्सुक्येन पुनरपि तच्चरितान्येव श्रोतुमिच्छन्तस्तत्रात्मनस्तृप्त्यभावमादेयन्ति - वयं त्विति। योगयागादिषु तृप्ताः स्म। उद्गच्छति तमो यस्मात्स उत्तमा-स्तथाभूतः श्लोको यस्ये तस्य विक्रमे तु विशेषेण न तृप्यामोऽलमिति न मन्यामहे। तत्र हेतुः - यद्विक्रमं श्रृण्वताम्। यद्वा अन्ये तृप्यन्तु नाम वयं तु नेति तुशब्दस्यान्वयः। अयमर्थः - त्रेधा ह्यलंवुद्धिर्भयति उदरादिभरणेन वा, रसाज्ञानेन वा, खादुविशेषाभावाद्वा। तत्र श्रृण्वतामित्यनेन श्रोत्रस्याकाशत्वादमरण-मित्युक्तम्। रसज्ञानामित्यनेन चाज्ञानतः पशुवत्तृप्तिर्निराकृता। इक्षुमक्षणवद्रसान्तरामावेन तृर्प्ति निराकरोति। पदेपदे प्रतिक्षणं खादुतोऽपि खादु ॥१९॥

कृतवान्किल वीर्याणि सह रामेण केशवः ॥ अतिमर्त्यानि भगवान्गूढः कपटमानुषः ॥२०॥

अतः श्रीकृष्णचरितानि कथयेत्याशयेनाहुः - कृतवानिति। अतिमर्त्यानि मर्त्यानतिक्रान्तानि गोवर्धनोद्धरणादीनि। मनुष्येष्वसंभावितानीत्यर्थः ॥२०॥

શ્રી.દી. : અવતરણિકા : અતિઉત્સુકતાપૂર્વક ફરી ફરી ભગવાનનાં ચરિત્રો સાંભળવા ઈચ્છતા શૌનકાદિ ઋષિઓ પોતાને તૃપ્તિ થઈ નથી તેમ જણાવે છે - 'वयंत्विति।'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

- અમે યોગ, યજ્ઞ વગેરેથી ધરાઈ ગયા છીએ. જેમાંથી અજ્ઞાન કે અંધકાર નીકળી ગયો છે તે उत्तमस् उत्तमाः છે. આવી અજ્ઞાનરહિત જેની કીર્તિ છે તેમની લીલામાં અમને વિશેષ રૂપે તૃપ્તિ થતી નથી. 'બસ હવે' તેમ મનમાં નથી થતું. તૃપ્તિ થતી નથી તેનું કારણ બતાવે છે - જેની લીલા સાંભળતા રસજ્ઞોને ક્ષણે ક્ષણે નવા રસનો અનુભવ થાય છે. અથવા તો, બીજા ભલે તૃપ્ત થાય, પરંતુ અમે તૃપ્ત નથી થતા. અહીં 'तु' શબ્દનો સંબંધ (વિરોધ દર્શાવે છે.) અર્થ આ છે - તૃપ્તિ ત્રણ પ્રકારે થાય છે. પેટ વગેરે ભરાઈ જવાથી કે રસનું જ્ઞાન ન હોવાથી અથવા વિશિષ્ટ પ્રકારના સ્વાદનો અભાવ હોવાથી તેમાં 'श्रृण्वताम्' એ દ્વારા કર્ણેન્દ્રિય આકાશરૂપ હોવાથી તેને કદી ભરી શકાતી નથી, તેમ કહે છે. 'रसज्ञानाम्' એમ કહીને (રસના) અજ્ઞાનને કારણે પશુની જેમ તૃપ્તિ થઈ જાય તે વાતનું નિરાકરણ કર્યું છે. શેરડીના ભક્ષણની જેમ તેમાં અન્ય રસના અભાવથી (એટલેકે શેરડીમાં એક જ રસ છે જ્યારે ભગવાનની કથામાં અનેક રસ છે.) થતી તૃપ્તિનું નિરાકરણ કર્યું છે. 'पदे पदे' ક્ષણે ક્ષણે, મધુર કરતાં પણ વધારે મધુર અર્થાત્ નવા નવા રસનો (અનુભવ કરાવે છે.) ॥૧૯॥

અવતરણિકા : આથી શ્રીકૃષ્ણચરિત્ર કહો - તે આશયથી કહ્યું છે - 'कृतवानिति'

અનુવાદ : કપટથી મનુષ્યનો અવતાર ધારણ કરનાર અને ગુપ્ત રહેલા કેશવ ભગવાને શ્રી બલરામજી સહિત મનુષ્ય ન કરી શકે તેવાં જે જે પરાક્રમો કર્યાં હોય તે (કહો)॥૨૦॥

શ્રી.દી. : 'अतिमर्त्यानि' મર્ત્ય માનવોનું અતિક્રમણ કરે તેવી ગોવર્ધનધારણ વગેરે જેવી મનુષ્ય ન કરી શકે તેવી લીલાઓ - તેવો અર્થ છે. ॥૨૦॥

(ક્રમશઃ)

"વર્તમાન યુગમાં આધ્યાત્મિક પ્રેરણાનો એકમાત્ર સ્રોત મા હતાં. એ વિગ્રહ ભલે આપણી નજરમાંથી અલોપ થઈ ગયો હોય, પરંતુ એમના દિવ્ય જીવનથી મા હજી પણ બધાંને આધ્યાત્મિક પ્રેરણા આપતાં જ રહેશે એવો મને વિશ્વાસ છે."

- મહામંડલેશ્વર
શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી વિદ્યાનન્દ
ગિરિજી મહારાજ, કૈલાસ આશ્રમ, ઋષિકેશ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સૂર્ય-માહાત્મ્ય

- ઉત્તરા ચિનુભાઈ

'સૂર્ય'ના પંડિતે સ્પર્દ્ધાનો આરંભ કર્યો, કારણકે સર્વ ગ્રહોમાં સૌથી તેજસ્વી સૂર્ય છે.

(રાજા વિક્રમાદિત્ય રાજસભામાં સર્વ ગ્રહોના જાણકાર વિદ્વાનોને તે - તે ગ્રહ વિષે સમજાવવા કહે છે. ત્યારની આ વાત છે.)

આ પંડિતના વાળની શોભા એમના મક્કમ મુખમંડળની આજુબાજુ શોભતી હતી. એમનાં સ્થિર જ્વલંત નેત્રોમાં ગરિમા, શક્તિ અને વર્ચસ્વ ઝળકતાં હતાં, ગૌરવશાળી વ્યક્તિત્વ હતું. નમ્ર છતાં સ્વાભિમાની ગંભીર સ્વરયુક્ત વાણી સભામાં ગાજી રહી હતી, ''સર્વ ગ્રહોમાં સૂર્ય શ્રેષ્ઠ છે, અને એમને નિરંતર ભજનાર પર તેઓ પ્રસન્ન થાય છે. ગ્રહોમાં તેઓ સૂર્યરૂપે પ્રત્યક્ષ બ્રહ્મ છે. જેઓ નિયમિત રૂપે ભક્તિપૂર્વક સૂર્યનું સ્મરણ કરે છે, તેઓ આધિ, વ્યાધિ અને દારિદ્રયમાંથી મુક્તિ મેળવે છે, કારણ કે સૂર્યની અચળ ભક્તિ સર્વ વિઘ્નોનો નાશ કરે છે તથા સર્વ કામનાઓ પૂર્ણ કરે છે.

સૂર્યના આછા તથા વાંકડિયા વાળ છે. તીક્ષ્ણ મન છે, પ્રભાવશાળી વ્યક્તિત્વ છે, રાજસી અવાજ છે અને સહેજ ઊંચુ શરીર છે. એમની આંખોનો રંગ મધુ સમાન છે અને મદિરા જેવી તેજસ્વી છે, એમનાં અસ્થિ મજબૂત છે, પિત્ત પ્રકૃતિ છે. તેઓ વીર તથા ધીર છે, એમની ત્વચાનો રંગ તાંબા જેવો લાલ તથા સોનેરી છે, એમનાં ચરણો ઢંકાયેલા છે. તેઓ રક્ત પુષ્પો તથા કેસરી રંગનાં વસ્ત્રો ધારણ કરે છે, હાથમાં રક્ત કમળ રાખે છે. એમની ધાતુ સુવર્ણ અથવા તાંબું છે, નંગ માણેક છે. શરીરમાં તેઓ અસ્થિના અધિષ્ઠાતા છે.

બધું જ સૂર્યમાંથી ઉદ્ભવે છે, કારણકે સૂર્ય સર્વના આત્મા છે. તેઓ નભોમંડળના રાજા છે, પૃથ્વી તથા સ્વર્ગની વચ્ચે જે કંઈ છે તે સર્વના શાસક છે. પૂર્વ દિશાના સ્વામી સૂર્ય રવિવાર તથા સિંહ રાશિના અધિષ્ઠાતા છે, દિનકર, ભયંકર અગ્નિ સમાન કિરણોવાળા, વિશ્વાનંદદાતા, પ્રકાશમાન્, ચૈતન્યદાતા, પ્રાણદાતા, પ્રકાશક, દિવાકર અને તીક્ષ્ણ તથા તપ્ત કિરણોવાળા છે. સૂર્યના હરિતાશ્વો (લીલા રંગના ઘોડા) તે સાત સૂર્યકિરણો છે અને તે જ સાત વૈદિક છંદો - ગાયત્રી, ત્રિષ્ટુપ્, અનુષ્ટુપ્, જગતી, પંક્તિ, બૃહતી અને ઉષ્ણિક - છે. સૂર્ય વિના કાળની ગણના નથી, અને કાળ વિના કવિના છંદો કે ઋતુઓ ન રહે, વિશ્વમાં નિયમ કે લય ન રહે.

વર્ષ તે સૂર્યના રથનું પૈડું છે. પૈડાના બારા આરા ને વર્ષના બાર મહીના છે. હે રાજન્ ! પ્રત્યેક માસના પોતાનાં દેવ, અપ્સરા, રાક્ષસ, નાગ, યક્ષ, ઋષિ અને ગંધર્વ છે. ઉદાહરણાર્થ જયેષ્ઠ માસમાં મિત્ર દેવ, મેનકા અપ્સરા, પૌરુષેય રાક્ષસ, તક્ષક નાગ, રથસ્વાન યક્ષ, અત્રિ ઋષિ અને હૂહૂ ગંધર્વ છે. દેવ, ઋષિ, ગંધર્વ અને અપ્સરા સ્વર્ગમાં વસે છે, જ્યારે રાક્ષસ, નાગ અને યક્ષ નિમ્ન સ્તરમાં વસે છે.

પ્રત્યેક દેવની દિવ્ય યોનિ છે. સૂર્યના આવાસમાં પ્રત્યેક દેવ એક-એક માસ રહે છે અને શાસન કરે છે. દેવો પોતાના તેજને સૂર્યના પ્રખર તેજમાં મેળવે છે. ઋષિઓ મંત્રો દ્વારા સૂર્યની સ્તુતિ કરે છે. ગંધર્વો તથા અપ્સરાઓ ગીત-નૃત્ય દ્વારા સૂર્યદેવની સેવા કરે છે, યક્ષો પોતાના સેવકો સહિત સૂર્યનાં કિરણોની ઉપાસના કરે છે, નાગો સૂર્યના વાહકો બને છે, અને રાક્ષસો અનુગમન કરે છે. છાસઠ હજાર અંગુષ્ઠપરિમાણના બાલખિલ્ય ઋષિઓ સૂર્યની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આજુબાજુ ઊભા રહી આગળ દોરી જાય છે. આ ઋષિઓ, ગંધર્વ, અપ્સરાઓ ઈત્યાદિના સંસર્ગથી પ્રત્યેક પ્રાતઃકાળે સૂર્યનું તેજ બદલાતું રહે છે, તેથી પ્રત્યેક માસની પોતાની વિશેષતા છે જેને કારણે, સૂર્ય એક હોવા છતાં, બાર પ્રકારનાં રૂપો, નામો, ગુણો તથા વ્યક્તિત્વ ધારણ કરે છે.

બાર સૌર દેવો તે જ અદિતિના પુત્રો દ્વાદશ આદિત્યો છે. પરમાત્માથી સર્જક બ્રહ્મ ઉત્પન્ન થયા, એમનાથી મરીચિ, એમનાથી કશ્યપ ઋષિ. કશ્યપની તેર પત્નીઓ હતી, એમાંની એક હતી અદિતિ - દક્ષ પ્રજાપતિની સાંઈઠ પુત્રીઓમાંની એક. દ્વાદશ આદિત્યો છે : વિવસ્વાન્, અર્યમા, પૂષન્, ત્વષ્ટ્ર, સવિતા, ભગ, ધાતા, વિધાતા, વરુણ, મિત્ર, શુક્ર અને ઉરુક્રમ.

વિવસ્વાન્ સૂર્યને પત્ની સંજ્ઞાથી ત્રણ સંતાનો થયાં - વૈવસ્વત મનુ જે મન્વંતરના સ્વામી થયા તથા યમ અને યમી નામનું જોડકું. છાયા નામની પત્નીથી વિવસ્વાનને બીજાં ત્રણ સંતાનો થયાં - ગ્રહ શનિ, સાવર્ણિ મનુ જે સાવર્ણિક મન્વંતરના સ્વામી થયા, અને દેવી તપતી. સંજ્ઞાએ પૃથ્વી પર ઘોડીનું રૂપ લીધું અને સૂર્યને બીજા બે જોડકા પુત્રો આપ્યા - અશ્વિનીકુમારો, કે જેઓ કદાપિ અસત્યભાષણ નથી કરતા. વૈવસ્વત, કે જેઓ આ કલ્પના સાતમા મન્વંતરના સ્વામી થયા, દસ પુત્રોના પિતા હતા. સૌથી મોટો પુત્ર ઈક્ષ્વાકુ વૈવસ્વતને છીંક આવી ત્યારે એમના નાકમાંથી ઉત્પન્ન થયો હતો. એ ઈશ્વાકુ હતા જેમનાથી પૃથ્વી પર સૂર્યવંશ શરૂ થયો. ભગવાન વિષ્ણુના સપ્તમ અવતાર ભગવાન રામચંદ્ર ઈક્ષ્વાકુના વંશજ હતા, જેમણે રાવણના ત્રાસમાંથી રાવણપ્રાપ્ત પૃથ્વીનો ઉદ્ધાર કરવા જન્મ લીધો હતો. જ્યારે મહાભારતના યુદ્ધમાં બૃહદ્બલ મૃત્યુ પામ્યો ત્યારે એ સૂર્યવંશ સમાપ્ત થયો."

રાજા વિક્રમાદિત્યે પ્રશ્ન કર્યો, "એવું શાથી થયું કે વિવસ્વાને પહેલાં એક પત્નીથી સંતાન ઉત્પન્ન કર્યાં, પછી બીજીથી અને ફરી પહેલીથી ? મને સંપૂર્ણ કથા કહો."

પંડિત બોલ્યા, " ત્વષ્ટ્ર અર્થાત્ દેવોના સ્થપતિની પુત્રી સંજ્ઞા વિવસ્વાન્ની પત્ની હતી. સંજ્ઞા (અર્થાત્ પરસ્પરની સમન્વય બુદ્ધિ) એના પ્રખર તેજસ્વી પતિ સાથે અનેક વર્ષો સુધી રહી. તે દરમ્યાન એણે ત્રણ સંતાનોને જન્મ આપ્યો. - વૈવસ્વત મનુ, યમ અને યમી. જ્યારે એના પતિનો પ્રખર તાપ એને માટે અસહ્ય થયો ત્યારે એણે પોતાની છાયામાંથી પોતાની બરોબર પ્રતિકૃતિરૂપી સ્ત્રીને પત્ની તરીકે મૂકી. ત્યાર બાદ એ પિતુગૃહે રવાના થઈ. પિતા ત્વષ્ટ્રને એણે જણાવ્યું કે સૂર્યનાં દાઝક કિરણોને લીધી હવે એનાથી ત્યાં રહેવું શક્ય નથી. ત્વષ્ટ્રએ એને પતિગૃહે પાછા જવાનો ઉપદેશ આપ્યો, ત્યારે પાછા જવાને બદલે એણે પૃથ્વી ઉપર ઘોડી બનીને રહેવાનું પસંદ કર્યું. ઘોડીના રૂપમાં એણે ઉગ્ર તપસ્યા શરૂ કરી. માત્ર સૂકું ઘાસ ખાઈને રહેવા લાગી, જેથી એ તપસ્યા દ્વારા એ સૂર્યનું પ્રખર તેજ ઝીલવા સમર્થ બને.

આ બાજુ છાયાએ સાવર્ણિ મનુ, શનિ અને તપતી નામનાં ત્રણ સંતાનો વિવસ્વાન્ દ્વારા ઉત્પન્ન કર્યાં. છાયામાંથી ઉત્પન્ન થયા હોવા છતાં એ બાળકો દીર્ઘાયુષી હતાં. વર્તમાન કલ્પના અષ્ટમ મન્બંતરના સ્વામી સાવર્ણિ થશે, તપતી પૃથ્વી પર નદી થઈને આવી, અને આપણે થોડી વારમાં શનિના માહાત્મ્ય વિષે વાત કરીશું.

સંજ્ઞાનાં સંતાનો કરતાં છાયા પોતાનાં સંતાનોને અધિક પ્રેમ કરતી હતી. આથી યમને ક્રોધ આવ્યો. એક દિવસ છાયાના ભેદયુક્ત વર્તનથી કંટાળીને યમે એને લાત મારતો હોય તેમ પગ ઊંચા કર્યા. જોકે એણે હજી લાત મારી ન હતી, છતાં છાયાએ ક્રોધિત થઈને શાપ આપ્યો કે તારા પગ શરીરમાંથી છૂટા પડી જશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભયથી દોડીને યમે પિતાને કહ્યું, "બચાવો ! બચાવો !" પુત્રએ છાયાના શાપની વાત કરી એટલે સૂર્યે શાપને ઓછો કરતાં તરત જ કહ્યું કે એના પગમાંથી થોડું માંસ કીડા ખાઈ જશે અને એ કીડા પૃથ્વી પર પડશે, જેથી શાપ એક પ્રકારે પૂર્ણ થશે. આ પ્રમાણે પુત્રના પગ બચાવીને, યમને સ્નેહયુક્ત આશ્વાસન આપીને વિવસ્વાન્ શંકા કરવા લાગ્યા કે જે સ્ત્રી સાથે આટલો વખત રહ્યા તે એમની પત્ની સંજ્ઞા ન હોઈ શકે. કઈ માતા પોતાના સગા પુત્રને શાપ આપી શકે ? આમ વિચારી એમણે છાયાને બોલાવી અને કડક થઈ પૂછ્યું, "એવું કેમ છે કે તારાં બધાં સંતાનોને તું સમાન દૃષ્ટિથી નથી જોતી ?" જ્યારે કોઈ સંતોષજનક ઉત્તર ન મળ્યો ત્યારે સૂર્યનો ક્રોધ ભભૂકી ઊઠ્યો, અને પત્નીની છાયાને શાપ આપવા ઉદ્યત થયા. એમના પ્રજ્વલિત ક્રોધથી છાયા એટલી ભયભીત થઈ ગઈ કે એણે સઘળી વાત જણાવી દીધી. સૂર્યે સત્વર એનો ત્યાગ કર્યો:

ક્રોધિત વિવસ્વાન્ ત્વષ્ટૃ પાસે ગયા જેમણે એમને શાંત પાડીને સંજ્ઞાની દશા વિષે સ્પષ્ટીકરણ કર્યું, અને એને પરિસ્થિતિમાંથી મુક્ત કરવાનો માર્ગ સૂચવ્યો. સૂર્ય સમ્મત થયા, ત્વષ્ટૃએ એમની દાહકતાની તીવ્રતા થોડી છેડી નાખી. જેટલો ભાગ છોલી નાંખ્યો તેના એક અંશમાંથી વિષ્ણુનું ચક્ર બનાવ્યું, બીજા અંશમાંથી શિવનું ત્રિશૂળ બનાવ્યું, ત્રીજા અંશનો કુબેરનો આકાશગામી રથ બનાવ્યો, અને ચોથામાંથી દેવોના સેનાપતિ કાર્તિકેયનું ખડ્ગ બનાવ્યું.

શાંત પડેલા વિવસ્વાન હવે સંજ્ઞાની શોધમાં નીકળ્યા. સંજ્ઞાને ઘોડીના રૂપમાં જોઈને એમણે ઘોડાનું રૂપ ધારણ કર્યું, અને કામોન્મુખ થઈ એની પાસે આવ્યા. આવા અજાણ્યા પશુને જોઈને સંજ્ઞા બચવા માટે દૂર જતી રહી, કારણ કે તે એમને ઓળખી ન શકી. પરંતુ સંજ્ઞા પ્રત્યેનો એમનો પ્રેમ એટલો તીવ્ર હતો કે એની પાછળ જઈને એને પકડી લીધી. એના મુખમાં વીર્યસિંચન કર્યું. આ મારો પતિ નથી એમ સમજીને સંજ્ઞાએ નાસિકા દ્વારા એનું વમન કર્યું. એ મહાતેજસ્વી બીજમાંથી બે જોડકાં બાળકો અશ્વિનીકુમારો તરત જ ઉત્પન્ન થયા. વેદો આ અશ્વિનીકુમારોને સદા સત્યવાદી કહે છે.

એ સંજ્ઞાના પુત્ર યમ છે જે મરણોન્મુખ જીવાત્માના આત્માને લઈ લે છે, અને જે દક્ષિણ દિશાના સ્વામી છે. એક વાર દાનવરાજ રાવણના ભયથી યમે કાગડાનું રૂપ લીધું હતું, તેથી બધા જ કાગડા યમના સેવકો ગણાય છે. નચિકેતા અને માર્કંડેય યમને પ્રસન્ન કરીને, મૃત્યુને જીતીને અમર થઈ ગયા. પોતાની ભક્તિથી યમને પ્રસન્ન કરીને સાવિત્રિએ પતિ સત્યવાન્‌ને પાછો મેળવ્યો. એ મૃત્યુના દેવ યમને હું પ્રણામ કરું છું." ભય પામેલા પંડિતે, એટલો વખત પોતાના જીવનમાંથી મૃત્યુદેવને દૂર રાખવાના આશયથી વાત સમાપ્ત કરી.

રાજાએ ઉત્સુકતાથી પૂછ્યું, "હું માનું છું કે કર્ણ પણ સૂર્યનો પુત્ર હતો?"

સૂર્ય વિષેના વિદ્વાન પંડિતે પ્રશંસાપૂર્વક કહ્યું, "હા રાજન્ ! ભગવાન સૂર્ય અને માનુષી કુંતીનો વીર પુત્ર કર્ણ કુંડળ અને કવચ સહિત જન્મ્યો હતો. આ એના શરીરના માંસ સાથે જોડાયેલાં હતાં, અને દરેક પ્રકારનાં શસ્ત્રોથી એને અજેય બનાવ્યો હતો. જ્યારે દેવરાજ ઈન્દ્રને ચિંતા ઉપજી કે કર્ણ કદાચ મારા પુત્ર અર્જુનનો વધ કરશે, ત્યારે તેઓ કર્ણની સામે ઉપસ્થિત થયા અને એનાં કવચ-કુંડળ માગી લીધાં. કર્ણએ શરીર પરથી ઉખાડીને આપી દીધાં, પીડાની દરકાર કર્યા વગર કે ચિંતા કર્યા વગર કે હવે એ અવધ્ય નથી રહ્યો. કર્ણની આવી અદ્વિતીય નિઃસ્વાર્થતાને લીધે ઈન્દ્રે એને દાનવીરોનો અધિપતિ કહ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુત્ર કર્ણની જેમ જ સૂર્યદેવ પણ મહાન્ દાતા છે. એક વાર અર્જુન તથા એના ભાઈઓ વનવાસમાં ગયા, ત્યારે એમની પાસે મૃગચર્મ અને વલ્કલ સિવાય બીજું કંઈ નહોતું, જલપાન કરવા માટે પાત્ર સુદ્ધાં નહોતું. તે સમયે આચાર્યની સલાહથી મોટા ભાઈ યુધિષ્ઠિરે સૂર્યની સવિધિ આરાધના કરી. એમની ભક્તિથી યુધિષ્ઠિરે અક્ષયપાત્ર મેળવ્યું, જેના વડે એમની સર્વ વાંછિત કામનાઓ પૂર્ણ થઈ. એમણે જે જે માગ્યું તે પાત્રમાંથી મળતું.

શ્રીરામચંદ્રને રાવણ સામેના યુદ્ધમાં સહાય કરનાર હનુમાનજી જ્યારે વિદ્યોપાર્જન કરવા, વેદો ભણવા અને અન્ય વિદ્યાઓમાં પારંગત થવા ગયા ત્યારે સૌ પ્રથમ દેવગુરુ બૃહસ્પતિ પાસે આવ્યા. એક વાનર જે એક જગાએથી બીજી જગાએ નિરંતર કૂદ્યા કરે તેને ભણાવવાની એમણે ના પાડી. નિરાશ થઈને હનુમાનજી સૂર્ય પાસે ગયા. સૂર્યે કહ્યું, ''હું નિરંતર ફરતો રહું છું, તને કેવી રીતે ભણાવું?''. હનુમાનજી બોલ્યા, ''હું પણ તમારી સામે રહીને સતત ફરતો રહીશ.'' આમ સૂર્યની મહિમાથી તેઓ ભણી શક્યા.

સૂર્યની જ મહિમાથી યાજ્ઞવલ્ક્ય ઋષિએ શુક્લ યજુર્વેદનું જ્ઞાન મેળવ્યું. ઋષિ વેદવ્યાસે વેદોના ચાર વિભાગ કરીને એમના ચાર શિષ્યોને એની સોંપણી કરી. યાજ્ઞવલ્ક્યના ગુરુ વૈશમ્પાયનને યજુર્વેદના ઋષિ બનાવ્યા. એક વાર યાજ્ઞવલ્ક્યની ગર્વિષ્ઠ વાણીથી ક્રોધિત થઈને વૈશમ્પાયને કહ્યું, ''ગુરુની નિંદા કરનાર તું અહીંથી ચાલ્યો જા, અને મારી પાસેથી લીધેલી સઘળી વિદ્યા અહીં મૂકતો જા.''

યાજ્ઞવલ્ક્ય યજુર્વેદના ભણેલા બધા મંત્રોનું વમન કરીને ચાલી નીકળ્યા. આ વમિત થયેલા યજુર્મંત્રોને ભૂમિ પર વીખરાયેલા જોઈને ત્યાંના બીજા શિષ્યો તેતર પક્ષીનું રૂપ લઈને તરત જ ખાઈ ગયા. આ અદ્‌ભુત ઘટનાને કારણે (તેતરો દ્વારા ખવાયેલા ને ગ્રહણ કરાયેલા) યજુર્મંત્રો યજુર્વેદની તૈત્તિરીય શાખા કહેવાય છે.

હવે યાજ્ઞવલ્ક્ય એવા વૈદિક મંત્રોની શોધમાં નીકળ્યા કે જેનું જ્ઞાન એમના ગુરુને પણ ન હોય. આ માટે એમણે સૂર્યનારાયણના રૂપમાં સૂર્યની ઉપાસના કરીને પ્રેરણા માટે પ્રાર્થના કરી. ઉપાસનાથી પ્રસન્ન થયેલા ભગવાન સૂર્યનારાયણ વાજી (ઘોડા)નું રૂપ લઈને પ્રગટ થયા અને જે યજુર્મંત્રોનું બીજા કોઈને પણ જ્ઞાન ન હતું તે મંત્રો યાજ્ઞવલ્ક્યને આપ્યા. યાજ્ઞવલ્ક્યે એ મંત્રોનું પંદર શાખાઓમાં વિભાજન કર્યું. એ મંત્રો વાજસનિ (વાજિ-ઘોડા પાસેથી મળેલા) કહેવાયા, તથા યજુર્વેદની વાજસનેયી સંહિતા બની.

''રાજન્ ! જન્મકુંડળીમાં સૂર્ય સારો ન હોય તો અનેક જાતના રોગો થાય છે.'' પંડિતે આગળ કહ્યું, ''ખાસ કરીને કોઢ જેવા ચર્મરોગો. જ્યારે સૂર્યની ઉપાસનાથી સર્વપ્રકારના રોગોનો નાશ થાય છે, સૂર્યની કાંતિની જેમ ચામડી ચળકે છે. એક દિવસ ઋષિ દુર્વાસા શ્રીકૃષ્ણનાં દર્શન માટે દ્વારિકા ગયા. ભગવાન કૃષ્ણએ એમનું સ્વાગત કર્યું, અને સર્વ પ્રકારે આવકાર્યા, પરંતુ શ્રીકૃષ્ણના પુત્ર સાંબે એ ક્રોધી ઋષિનો ઉપહાસ કર્યો. પહેલાં તો દુર્વાસાએ સંયમ રાખ્યો, પણ જ્યારે સાંબે બીજી વાર મશ્કરી કરી ત્યારે દુર્વાસાએ એને રોગનો શાપ આપ્યો. શ્રીકૃષ્ણ આ સાંભળીને તરત દુર્વાસા પાસે પુત્રના અપરાધને ક્ષમા કરવાનું તથા શાપ પાછો લઈ લેવાનું કહેવા ગયા. દુર્વાસાએ ઉત્તર આપ્યો, ''છોકરાને કહો કે રવિવારનું વ્રત તથા સૂર્યની ઉપાસના કરે.'' સામ્બે તદનુસાર કર્યું, શાપમુક્ત થયો, અને ત્યાર બાદ ઉપકૃત થઈને સુંદર સૂર્ય-મંદિરનું નિર્માણ કર્યું.

એટલા માટે જ ભગવાન સૂર્યનારાયણની નિયમિત, તપસ્યાપૂર્વક ઉપાસના કરવી જોઈએ. ગાયત્રી કરવાથી બ્રાહ્મણોને ઉત્તમ વિવેકબુદ્ધિ (સારાનરસાની નિર્ણયાત્મક બુદ્ધિ) ઉપલબ્ધ થાય છે, સૂર્યનમસ્કાર કરવાથી યોગીઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વાસ્થ્ય, બળ અને બુદ્ધિ પ્રાપ્ત કરે છે. જેઓ નિત્ય નિયમિત રીતે પવિત્ર આદિત્યહૃદયસ્તોત્રનો પાઠ કરે છે, તેઓ સર્વ શત્રુઓ પર વિજય મેળવે છે એ જ રીતે જેમ શ્રીરામચંદ્રે યુદ્ધમાં રાવણને હણ્યો. ભગવાન સૂર્યનાં પ્રકાશ અને તેજ એવાં મહાન છે કે સૂર્યનારાયણનું આત્મા તરીકે અને સર્વજીવોની દૃષ્ટિના અધિષ્ઠાતા તરીકે, તથા પાપનાશક તરીકે ધ્યાન કરનારનાં અંધત્વ અને અજ્ઞાન નાશ પામે છે. આ એ જ સૂર્ય ભગવાન છે જેમને પ્રતિદિન પ્રાતઃકાળે હું દંડવત્ પ્રણામ કરું છું. ઇતિ."

('શનિ-માહાત્મ્ય'ને આધારે)

"શરણાગત ભક્ત થવું હોય તો ભાષા અને ભાવમાં અહમ્‌નું મૂલોચ્છેદન કરીને બુદ્ધિ-વિચારને એકદમ તોડી નાખવાં આવશ્યક છે."

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમ-સમાચાર

- નવીનં અસ્તી

વારાણસી આશ્રમમાં શ્રી શ્રી માની જન્મજયંતિ તથા મહાશિવરાત્રિ પૂજન થયાં. ફેબ્રુઆરીમાં પૂ. ગુરુપ્રિયા દીદીની જન્મશતાબ્દી તથા કન્યાપીઠને પચાસ વર્ષ પૂર્ણ થયાનો ઉત્સવ એક સપ્તાહ સુધી ઉજવાયો.

કનખલ આશ્રમમાં તેમ જ અન્ય આશ્રમોમાં પણ શ્રી શ્રી માનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. દીદીને અંજલિ આપવા માટે સ્મરણાંજલિ તથા સંપૂર્ણ ગીતાનું પારાયણ થયું. મહાશિવરાત્રિ પૂજન રાત્રિના ચારે પ્રહરમાં થયું.

ભીમપુરામાં ચૈત્ર પૂર્ણિમાને દિવસે શ્રી હનુમાન જયંતિ પ્રસંગ મંદિરમાં પૂજન થયું. લગભગ ૩૫ ભક્તોએ હાજર રહીને ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ કર્યા. ભક્તો ઉપરાંત ૫૦૦ ડેટલા દરિદ્રનારાયણોએ મહાપ્રસાદ લઈ સેવાનો લાભ આપ્યો.

જન્મોત્સવ : તા. ૩ જીની રાત અને તા. ૪ થીની સવારે ૬ વાગ્યા સુધી શ્રી શ્રી માની તિથિપૂજા સંપન્ન થઈ. સવારે ૬ વાગ્યા સુધી વિધિસર ષોડશોપચારથી માતૃપૂજન તથા બે કુમારિકાઓનું સાંગોપાંગ પૂજન થયું. લગભગ ૪૦ ભક્તોએ ભાગ લીધો. પતિતપાવની રેવાજીને તીરે બ્રાહ્મ મુહૂર્તમાં માતૃપૂજન એક અનેરો લ્હાવો હતો.

પૂજ્ય સ્વામી શ્રી ભાસ્કરાનંદજી મહારાજ એપ્રિલ મહીનામાં ભીમપુરા પધાર્યા, અને પંદરેક દિવસ રોકાઈ સત્સંગનો લાભ આપ્યો. ૧૮ એપ્રિલે રાજકોટ-ગોંડલ ભાગવત-સપ્તાહ માટે પૂ. સ્વામીજીએ પ્રસ્થાન કર્યું. ગોંડલનાં શ્રી રાજલક્ષ્મીદેવીની પુણ્ય સ્મૃતિમાં ભાગવતનું આયોજન હતું. ભીમપુરા તથા કનખલ આશ્રમ માટે એમનું ઘણું યોગદાન હતું, તેમજ સંઘના સભ્ય તરીકે ઘણા વર્ષો સેવા આપી હતી.

ફેબ્રુઆરીમાં સરસ્વતી પૂજા થઈ. આશ્રમમાં લઘુરુદ્રનું તથા પૂ. દીદી ગુરુપ્રિયા દેવીની જન્મશતાબ્દી નિમિત્તે સત્સંગ તેમ જ સાધુભોજનનું આયોજન થયું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 6840365)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 327835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 5362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram,
Main Road, P.O. Ranchi-834001, Bihar (Tel : 312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth,
Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193, U.P.

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 310054+311794)

23. VINDHYACHAL: Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel: 05442–64343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel : 442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

श्री श्री आनन्दमयी संघ

ॐ माँ

मातृ शरणं

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन–३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માઁ આનન્દમયી

અમૃત વાર્તા

VOL. 3 OCTOBER, 1999 NO. 4

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

SHREE SHREE ANANDAMAYEE SANGHA

❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram,
P. O. Kamarhaiti, Calcutta-700058 (Tel : 5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram,
Palace Compound, P.O. Agartala-799001. West Tripura
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram,
Patal Devi, P.O. Almora-263602, U.P. (Tel : 23313)
4. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Dhaul-China, Almora-263881, U.P.
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram,
Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 33208)
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
Kishenpur, P.O. Rajpur, Dehradun-248009
U.P. (Phone: 684271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
Kalyanvan, 176, Rajpur Road,
P.O. Rajpur, Dehradun-248009, U.P.
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
47/A Jakhan, P.O. Rajpur, Dehradun, U.P.
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram,
Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram,
P.O.Kankhal, Hardwar-249408, U.P. (Tel: 416575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok,
P.O. Kedarnath, Chamoli-246445, U.P.
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir,
P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
તથા
દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૩ | ઓક્ટોબર, ૧૯૯૯ | સં - ૪

-: સંપાદક સમિતિ :-
સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-
શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

ભારતમાં	રૂા. ૬૦/-
વિદેશમાં	યુ. એસ. ડૉલર ૧૨/-
એક અંકની છૂટક કિંમત	રૂા. ૨૦/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રીં મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી, સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિંટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છા વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાહેર વિનંતિ

૧. શ્રી શ્રી મા આનન્દમયીના પુણ્ય નામથી ગુજરાત વિશેષ પરિચિત છે. શ્રી શ્રી માનું ગુજરાતમાં સર્વપ્રથમ આગમન વીસના દશકના ઉત્તરાર્ધમાં થયું, કે જે આજની શતાબ્દીનો આરંભકાળ જ હતો. હવે આવનારી નવી શતાબ્દીની નવી પેઢીને જીવનમાં પગલે પગલે સાચી પૂરવાર થતી શ્રી શ્રી માની અમૂલ્ય વાણી દ્વારા જીવનરૂપી પ્રાસાદને સુસજ્જિત કરવાનો સુઅવસર મળે એવા આશયથી સર્વ ભક્તજનોને વિનંતિ છે કે તેઓ શ્રી શ્રી માની અમૂલ્ય વાણી તથા અનુપમ લીલાકથાઓથી ગ્રથિત શ્રી શ્રી આનન્દમયી સંઘની આ ત્રૈમાસિક પત્રિકા "મા આનન્દમયી અમૃતવાર્તા"ના શક્ય તેટલી અધિક સંખ્યામાં ગ્રાહક બને અને બીજાને બનાવે. પત્રિકાનું લવાજમ હિંદી ભાષામાં વારાણસી આશ્રમમાં મોકલવા વિનંતિ છે, તે સાથે "ગુજરાતી અમૃતવાર્તા માટે" એમ લખવું જરૂરી છે.

૨. પત્રિકાની નિરંતર પ્રગતિ માટે જાહેરખબરો આપવા વિનંતિ છે. એની રસીદ ઈન્કમટેક્સ માફી માટે આ ... મળશે. જાહેરખબરનો વાર્ષિક દર : આખા પૃષ્ઠના રૂા. ૨,000/-, અડધા પૃષ્ઠના રૂા. ૧,000/- તથા ... ભાગ માટે રૂા. ૫00/- રહેશે.

૩. શ્રી શ્રી માની જન્મ-શતાબ્દીને સુઅવસરે પ્રકાશિત તથા શ્રી શ્રી માનાં વિવિધ ચિત્રોથી પૂર્ણ "આનન્દજ્યોતિ"નું ગુજરાતી સંસ્કરણ માત્ર રૂા. ૩0/-માં ઉપલબ્ધ છે, જે મેળવવા માટે વારાણસી આશ્રમમાં મનિ ઑર્ડર, મોકલવા વિનંતિ.

૪. પરદેશમાં 'અમૃતવાર્તા' મંગાવવા માટે ટપાલખર્ચ સહિત લવાજમનો વાર્ષિક દર છે માત્ર ૧૨/- ડૉલર.


નવીન પ્રકાશન

આદરણીય ગુરુપ્રિયા દીદીની જન્મશતાબ્દી પ્રસંગે પ્રકાશિત કરેલું આ એક ઉચ્ચ કોટિનું પ્રકાશન છે. પૂજ્ય શ્રી શ્રી માનાં તથા પૂજ્ય દીદીનાં અનેક દુર્લભ ચિત્રોવાળું દીદીનું આ સચિત્ર જીવનચરિત્ર વિશેષરૂપે પ્રકાશિત થયું છે. આર્ટ પેપરમાં છપાયેલાં વિશિષ્ટ ચિત્રોની સંખ્યા ૧૩૪ છે. દીદી ગુરુપ્રિયાનું જીવનચરિત્ર, શ્રી શ્રી મા સાથેનો એમનો પ્રથમ સાક્ષાત્કાર, શ્રી શ્રી માના ચરણોમાં પૂર્ણ સમર્પણ, એમના પ્રત્યે માની અપરંપાર કરુણાનું વર્ષણ તથા એમની મહિમામય જીવનશૈલીનો સચિત્ર પરિચય ઉપલબ્ધ થાય છે. આ પુસ્તક માતૃભક્તો માટે પ્રેરણારૂપ રહેશે. મૂલ્ય માત્ર રૂા. ૧00/- છે.

ટપાલ દ્વારા મેળવવાનું સરનામું :
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ, ભદૈની, વારાણસી - ૨૨૧ 00૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

ઈશ્વર કોઈ ચીજ નથી. ઈશ્વર-ચિંતન કરવાથી શાંતિ મળે છે. સ્વયમ્ ભગવાન જ પોતાની તરફ ખેંચી લે છે.

❖

સત્ય-અનુસંધાનથી મનુષ્ય ઉપર જઈ શકે છે, એ જ કર્તવ્ય સમજીને કોશિશ કરે.

❖

પ્રશ્ન : મન સ્થિર થતું નથી, વળી સાંસારિક કામોમાં અનેક બાધાઓ આવે છે કે ભગવાનનું નામ જરીકે કરી નથી શકતી.

મા : કેમ સ્થિર થશે ? જે ખરાબ ચીજો ખાધી છે તેનાથી અપચો તો થશે જ. ડૉક્ટરો શું કરે છે જાણો છો ? પહેલાં ઝાડાની દવા આપવાનું શરૂ કરે છે. તમે લોકો પણ એવું જ કરતા જાઓ. જેમ બહુ અધિક દવા આપવી બરાબર નથી, તેમ જ એક દિવસ ખૂબ નામ-જપ કર્યા, પરિણામે બહુ થાકી ગઈ, પછી ઘણા દિવસો સુધી નામ લેવાની ઈચ્છા જ ન થઈ, આવું બરાબર નથી. બધું જ ધીરે ધીરે નિયમથી કરવું ઉચિત છે જેથી સુફળ મળી શકે. એક દિવસમાં એવું કરવાથી સુસ્તી અને નાસ્તિકતા આવવાનો ડર રહે છે.

❖

લોકો સદ્ગુરુ કહે છે, શું ગુરુ અસત્ પણ હોય? બધા જ ગુરુ સદ્ગુરુ છે. જુઓ, જગદ્ગુરુ એ જ તો ગુરુ છે, એક ઈશ્વર જ ગુરુ છે, કુલગુરુ છે કુલના દેવતા, જ્યાં કૂલ (કિનારો) મળે છે. અકૂલનો પ્રશ્ન જ નથી રહેતો, એમનું કુલ એ જ તો કૂલ છે, છે ને? એમનો તો કંઇ વિચાર ન કરી શકીએ. એ સિવાય સ્વભાવમાં જે સ્થિત છે તે સદ્ગુરુ છે, વળી જેઓ સ્વભાવમાં સ્થિત થવાના છે તેઓ પણ સદ્ગુરુ છે, કારણ કે જેઓ બી.એ., એમ.એ. ભણે છે પોતાનાથી નીચેની કક્ષાના વિદ્યાર્થીઓને ભણાવવાથી એમને બી.એ., એમ.એ.ની કક્ષામાં જવાને સહાયક થાય છે. એ હિસાબે એ પણ સદ્ગુરુ જ છે. વળી જેની પાસેથી જેટલી સત્ શિક્ષા મળે તેટલાને માટે એ પણ ગુરુ છે. જે સ્વરૂપ-પ્રાપ્તિમાં સહાયક થાય, યથાર્થમાં એ જ સદ્ગુરુ છે.

❖

ભગવાનને પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરતી વખતે જે રીતે તાપ સહન કરવો પડે છે, તે તાપ સહનની સાંસારિક ત્રિતાપ-જ્વાલાને દૂર કરવામાં સહાયક છે, જે રીતે હવન કરતી વખતે આગનો તાપ સહન કરવો પડે છે અને એ જ અગ્નિમાં આહુતિ આપવાની હોય છે. જપ કરવા માટે બેઠા પછી થોડાક સમય પછી જ જપ કરવાની ઈચ્છા નથી થતી. અસ્થિરતા રહેવા છતાં ચેષ્ટા થાય છે, એનું જ નામ છે તાપ-સહન.

❖

સંસારમાં જેને તાપ માનવામાં આવે છે તે પણ તપસ્યા છે - જેમ કે તડકા કે વરસાદમાં છોકરાઓ ભણવા માટે સ્કૂલ-કૉલેજ જાય છે, નોકરી કરવા જાય છે, આ બધી જ તપસ્યાઓ છે, જો ભગવાન બાજુ લક્ષ્ય રહે (તો.) લક્ષ્ય રહે કે ન રહે એક પ્રકારે એ પણ તપસ્યા જ છે, કારણ કે સૃષ્ટિ-સ્થિતિ-લય હંમેશાં જ થતાં રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❖

અનિચ્છા રહેતાં જે સાંસારિક કર્મો કરવામાં આવે છે, એનાથી નવાં કર્મોની સૃષ્ટિ નહીં થાય, કારણ કે તેથી સંચિત કર્મોનો ક્ષય જ થઈ જાય છે. વાસનાથી જ તો કર્મની સૃષ્ટિ થાય છે. ભગવાનની પ્રાપ્તિની વાસનાને બંધનનું કારણ ન કહેવાય. સાંસારિક કર્મોની અનિચ્છાની અંદર જો ભગવત્ પ્રાપ્તિની ઈચ્છા રહે તો એ બંધનનું કારણ નથી થતું. આ કારણે ભગવત્ - કર્મની આકાંક્ષાનું પ્રયોજન છે.

❖

જેમ લોકો કહે છે કે પોતાનું સ્વરૂપ જોવા માટે, શરીરનો મેલ ધોવા માટે સાબુ લગાડવામાં આવે છે, પરંતુ સાબુ પણ મેલ જ છે, એને ધોયા વગર પોતાનું સ્વરૂપ નથી દેખાતું. જુઓ, આમાં પણ જ્ઞાન, કર્મ ને ભક્તિ છે. જેવી રીતે સાબુ લગાડવાથી જ કામ નહીં ચાલે, એનાથી ઘસવું પડશે, ત્યાર પછી જળથી ધોવું પડશે, ત્યારે જ સ્વરૂપ દેખાશે ને. 'ત્યાં' શેનાથી ધોવામાં આવે છે, જાણો છો ? જ્ઞાન - ગંગાથી ધોવામાં આવે છે.

❖

सत्यं ब्रूयात् प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम्।

प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥

સત્ય બોલવું, પ્રિય બોલવું, ન બોલવું અપ્રિય સત્ય, ન બોલવું પ્રિય અસત્ય. આ સનાતન ધર્મ છે.

- મનુસ્મૃતિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાઙ્માધુરી

૨૪-૧૦-૬૦, મહા મહિનો છે, અર્ધકુંભનો મેળો છે. શ્રી શ્રી મા ત્રિવેણી તટે એમની કુટિયામાં વિરાજમાન છે. મહાન યોગી યોગાનન્દ પરમહંસના આશ્રમના સ્વામી ક્રિયાનંદ મા સામે ઉપસ્થિત છે. શ્રી શ્રી માના શ્રીમુખેથી અમૃતમયી વાગ્ધારા પ્રવાહિત થઈ રહી છે.

મા : ભગવાન. એમનું જ સંતાન છે આખું જગત. બધું એમનાથી જ પ્રકાશિત છે. ક્યાં જવાનું ? એમના પોતાનામાં જ છે. એમના પોતાનામાં પોતાનું એ જ છે, એ જ છે, એ જ છે. જ્યાં ઈષ્ટ છે ત્યાં અમંગળ નહીં, અકલ્યાણ નહીં. ઈષ્ટ ગુષ્ટિ એટલે *family* (પરિવાર), ઈષ્ટ કોણ એ જ ને (પરમાત્મા) ગુષ્ટિ અર્થાત્ *family* (પરિવાર), જો ગુષ્ટિ (પરિવાર)ની દૃષ્ટિએ કહો જગત આખું ભાઈ બહેન. બધા ભાઈઓ છે. પરમ માતા, પરમ પિતા, પરમ બંધુ. બધાં ભાઈ બહેન, બધાં વિશ્વવ્યાપક, બધાં ત્યાંથી જ આવ્યાં છે. વિવિધ દેશ-દેશો જે છે, એમનો જ પ્રકાશ, અને એમનામાં જ છે. આ તો પાક્કી વાત છે. એમની પાસે "નથી" એ બુદ્ધિને હટાવવા માટે જ સાધના, જોગ અભ્યાસ ઈત્યાદિ, આ 'જુદી' બુદ્ધિને હટાવવા માટે જ સાધન આદિ વિવિધ પ્રયત્નો.

એક સજ્જન : મા, હુકમ હોય તો કહું.

મા : બાળકી અને હુકમ !

અવકાશપ્રાપ્ત આઈ.એ.એસ. ઑફિસર ભક્ત-પ્રવર શ્રી પન્નાલાલજીને શ્રી શ્રી મા કહે છે -

મા : પાંચ દિવસ થયા અવધૂતજી ભાષણ આપી રહ્યા છે. (આ) શરીર તો ચટપટ વાત નથી કરતું. મેં જોયું. આગ, અને ઠહર જાઓ - ઠહર જાઓ એમ કહ્યું. એ દિવસે નવ વાગે, પોણા નવ વાગ્યા પહેલાં હું જોઈ રહ્યો (મા "દેખ રહા" એમ ઘણી વાર કહેતાં) આગ બિલકુલ સામે એવું કંઇ છે. મોંમાંથી નીકળી ગયું. પછી ૨૪ કલાકની વચ્ચે પેલો જે મિઠાઈવાળો - બસ ૨૪ કલાકની અંદર, એટલામાં આગ ઓલવાઈ જાય તો સારું. માએ ઠહરો ઠહરો કહ્યું. બિલકુલ ગાયબ થવાનું નહીં. સવારે એમની વાત - આનાથી જ સચવાઈ જાય તો સારું, આનાથી જ થઈ જાય તો સારું.

(ઉપર્યુક્ત અંશમાં શ્રી શ્રી માનાં વાક્યો તૂટક-તૂટક છે. શ્રી શ્રી મા કદાપિ પોતાને વિષે કંઇ પણ સ્પષ્ટ નહોતાં કરતાં, કૃપા-પ્રાપ્ત ભક્તગણો માના આવા તૂટક-તૂટક શબ્દોનો ગહન અર્થ સમજી જતા, તેમ જ માની અપરંપાર મહિમાને મનોમન અનુભવતા, એમની વાણી મૂક થઈ જતી. ઉપરનાં વાક્યોથી સમજાય છે કે કુંભમેળામાં માના શિબિરમાં જ્યારે અવધૂતજીનો સત્સંગ ચાલતો હતો ત્યારે માએ આગ જોઈ. પરંતુ એ આગ સર્વસાધારણની દૃષ્ટિમાં અગોચર હતી. આગને સામે આવતી જોઈને માના શ્રીમુખેથી "ઠહરો ઠહરો" શબ્દો નીકળ્યા, છતાં કોઈને પણ શ્રવણ-ગોચર ન થયા. શ્રી શ્રી મા આ બધું કહેતા નહીં, પણ ૨૪ કલાકમાં જ પ્રાતઃકાળે એક જગાએ આગની ઘટના સંભળાઈ. તે વખતે માએ પૂર્વદર્શિત ઘટનાનો ઉલ્લેખ કર્યો. શ્રી શ્રી માના મુખેથી "ઠહરો ઠહરો" નીકળ્યું હતું, "ગાયબ હો જાઓ" એમ નહોતું નીકળ્યું, તેથી જ આગનું તાંડવ બંધ પડી ગયું હતું. પરંતુ સંપૂર્ણ અદૃશ્ય નહીં. ત્યારે શ્રી શ્રી માના શ્રીમુખેથી નીકળ્યું, "ઈસીસે સંભલ જાય તો અચ્છા." માત્ર આ એક જ નહીં, અગણ્ય ઘટનાઓ થઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે જેનો આભાસ હજારો માઈલ દૂરથી મા આપતાં, અને માની મહિમા બચાંવી લેતી. જય મા.)

એક હઠયોગી શ્રી શ્રી મા પાસે આવ્યા છે. તેઓ બબ્બે દિવસ સુધી ભૂમિમાં જતા રહે છે. તેઓ સામાન્ય કંઈક લે છે, પણ મિઠાઈ, ફરસાણ એવું નથી ખાતા. હવે તેઓ એમની એ ક્રિયાને છોડવા ઈચ્છે છે.

મા : છોડી શા માટે દો, મુદ્રામાં રહો જ શા માટે ?

સજ્જન : જીવ જન્મ કાપવો પડે છે.

તેઓ ઘણી વાર એનું બાહ્ય પ્રદર્શન પણ કરે છે.

મા : હમણાં જ તો કહ્યું સાધનામાં છે. એમણે કહ્યું હું એક સાધક છું. શું સાધનામાં પ્રચાર કરવો બરોબર છે?

મા : જેમ વૃક્ષ હોય છે. વૃક્ષ મરી પણ જાય છે. બીજ પેદા થાય છે. વૃક્ષ હોવું તે છેવટનું છે. પણ જેમાંથી ઉત્પન્ન થયું તે બીજ આપી દે છે. એમ જે બીજ-બીજમાંથી ઉત્પન્ન થવાથી અને એના બીજમાંથી ફરી વૃક્ષ થયું, પછી અનંત - પછી કેટલું થશે - શું થાય છે - અંત શું સાધન કરવા જાય. અનંત સાધન, પાછું બીજ, પાછું વૃક્ષ જે અનંત સાધન ન અંત. તમે કોણ છો - એ (એમના) સિવાય બીજું કોઈ નહીં. અનંતમાં અંત ના મળે. પોતાને મેળવવા માટે સાધન એક થયું. પોતે જાતે પોતાના છે ને, વિશ્વવ્યાપક પોતાનો પ્રચાર થાય છે. ગુરુનો આદેશ હોય તો પ્રચાર કરે.

સજ્જન : પોતાનું રસ-સ્વરૂપ પોતાનું જ રસગુલ્લું બની જશે.

મા : ગુરુનો ઉપદેશ હોય તો કરો.

સજ્જન : આદેશ નથી.

મા : જ્યાં સુધી પોતાની જાતને જાણવા માટે ના જાય તો મૃત્યુના રસ્તામાં ચાલી રહ્યા. વાસના કામના *Return Ticket* કરીને જશે, પછી ભોગવવા માટે આવશે. મોટા શહેરની કામના કરો તો મોટા શહેરમાં પેદા થશે, ગામડાનો (ભાવ, વાસના) કરો, (તો) ગામડામાં પેદા થઈ જશે. ભગવાન દૂર થોડા (જ) છે? બીજું થોડું છે ? હું હું જે કરી રહ્યા (છો) તમારામાં છે. પોતાને મેળવવાની કોશિશ જે ના કરે - આત્મઘાતી. પોતાને મારે છે. વાસના-કામના મૂકીને જશે (તો) મૃત્યુ - જન્મ. કેમ? અમે અમૃતનાં સંતાનો છીએ. આત્મારામ ભગવાનનો નિત્ય દાસ. ફરી જાઓ બાબા ફરી જાઓ (ઉલટ જાઓ). પોતાને ઘેર. આ તો આવવાનું - જવાનું મુસાફરી કેટલો બે-આરામ, પોતાના મળવાથી (પોતાને પામવાથી) તે સફળ.

સજ્જન : જંગલમાં છે.

મા : જંગલમાં બેસીને મેદાન - સફાઈ કરો, આગ લગાડી દો, સળગાવી દો ને, પીગળાવી દો, જ્ઞાન અગ્નિથી સળગાવી દો. બહારથી કરવામાં લજ્જા થાય તો છાનેમાને કરો, ગુરુ કરી લો, પોતાના છે ને, પોતાની સાથે વાત કરવામાં શરમ લજ્જા નથી રહેતી - કોઈ સમજે ન સમજે - આ શરીર તો સમજે છે. જ્યાંરે સાધનમાં મગન થઈ જશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૬-૧૦-૬૦, અલ્હાબાદ. માની કુટિયા. સમય રાત્રે દસ વાગે. ડૉ. પન્નાલાલજી બેઠા છે. શ્રી શ્રી મા આજે ત્રિવેણીમાં સ્નાન કરી આવ્યાં છે. આ જ ઘટના વિષે શ્રીમુખેથી કહે છે.

મા : ચાલ્યું (આ શરીર) - અલખલ્લા (સાધુ પહેરે તે "ચોલા") પહેરી લીધો. એક અંગૂછો અને ...... બે હોડીઓ પાછી ફરી. અંદરથી અલખલ્લો પહેર્યો હતો. બધાંએ ધાર્યું સ્નાન નહીં કરીએ. અમે ત્યાં જ જઈને જોયું ગોપીનાથ (ડૉ. ગોપીનાથ કવિરાજ) મૌન છે, એમણે કહ્યું હતું મને બોલાવી લેજો (મા જાય તો), ગોપીનાથને પહેલાં ન કહ્યું. બે હોડીઓ બોલાવી જલદી આ શરીર બેઠું. રામેશ્વર સહાય, યોગીભાઈ બધાએ સ્નાન કર્યું. ગોપીનાથ જવાના નથી. પન્નાલાલા બેસી રહ્યા. મૈં કહ્યું ચલોગે ? પહેલાં એક હોડી ત્રિવેણીમાં ચાલી ગઈ ગોપીનાથ એમાં ચાલી ગયા. મેં દૂરથી ઓળખ્યા - ગોપીનાથ ચાલી ગયા, કેટલાક લોકો હોડીમાં ગયા હતા. બાકીના બધા લોકોને છોડી દીધા. એ વખતે જેને જેને છોડ્યા (માએ કહ્યું કે) - ત્રણ-ચાર જણ આવી જાઓ (ત્યારે માની હોડીમાં) કેશવ (કેશવાનંદગિરિ), કુસુમ (નિર્વાણાનંદજી), ગોરા, ચૈતન્ય અને એક જણ આવી ગયા. કેવો તમાશો થયો - જાણે ૨-૩ મિનિટની અંદર પહોંચી ગયા. ત્રિવેણીની કૃપા છે. ૨-૩ મિનિટમાં પહોંચ્યા એ લોકો ...... સ્નાન ..... અમારે માટે આટલા દિવસ રાહ જોઈ. લગાવી ડુબકી ઉપરનું સ્વેટર ખોલી નાખ્યું. અંદર અલખલ્લો હતો જ. શરીરને માટે અમારે નહાવાનું નથી આ વાત નથી શરદી-બરદી કંઈ નહીં. (જોકે માને એ વખતે ખાસ્સી શરદી-સળેખમ હતાં.) ડુબકી લગાવી જ દીધી. જો 'ખયાલ' થઈ જાય.

માએ સવારે આમ કહ્યું હતુ જે કહ્યું તે જ થઈ ગયું. જેને જેને છોડ્યા હતા, ઘણા જ દુઃખી થયા.

❖

જે સમસ્ત નાશવાન પ્રાણીઓમાં અવિનાશી પરમેશ્વરને સમભાવે સ્થિત જુએ છે, તે જ જુએ છે.

- શ્રીમદ્ ભગવદ્ ગીતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરિવ્રાજકશબ્દસુમન

હાલમાં વૃન્દાવન આશ્રમમાં રહેતા જોગેશદા (શ્રી યોગેશ બ્રહ્મચારી) પોતે જોયેલી ઘટનાનું સ્વમુખે વિવરણ આપે છે.

જોગેશદા એક સેવકરૂપે જ માની સેવા, આશ્રમ-સેવા તથા ગૌ-સેવા કરતા હતા. એક સમયે મા ઢાકામાંથી બહાર ભ્રમણમાં હતાં, ત્યારે બીજા જોગેશદા આશ્રમ સંભાળતા હતા, અને ઉપર જણાવેલા જોગેશદા ઢાકામાં અન્ય કાર્યો કરતા જેવાં કે મંદિર સાફ કરવું, વાસણો સાફ કરવાં, દેવપૂજન માટે પુષ્પો ચૂંટવાં, નિર્માલ્ય પુષ્પો લઈને તળાવમાં નાખવાં, આશ્રમની સાફસૂફી કરવી. એક દિવસ તેઓ અન્નપૂર્ણા મંદિરનાં ફૂલો તળાવમાં વિસર્જિત કરીને ઉપર ઘાટ પર આવ્યા તો જોયું કે શ્રી શ્રી અન્નપૂર્ણા મંદિરના સામેના વરંડામાં શ્રી શ્રી મા શ્વેત વસ્ત્રોમાં ફરે છે અને સુવર્ણનાં આભૂષણો પહેર્યાં છે ! પહેલાં તો એમને આશ્ચર્ય થયું કે અચાનક મા ક્યારે પાછાં આવી ગયાં ! મા તો ઢાકામાંથી બીજે ગયાં છે ! જલદી વરંડામાં જઈ પ્રણામ કરવા માટે દાદરો ચઢ્યા, અને જેવા પ્રણામ કરવા અગ્રેસર થયા કે શ્રી શ્રી માનું સ્વરૂપ મા અન્નપૂર્ણાની મૂર્તિમાં અદશ્ય થઈ ગયું. તરત જ મોટા જોગેશદાને પોતાના આ અનુભવની વાત કહેવા આ જોગેશદા ગયા. વાત સાંભળીને ભાવ-વિહ્વળ થઈ ગયેલા મોટા જોગેશદા બોલ્યા, "તું તો ધન્ય થઈ ગયો કે માએ તને શ્રી શ્રી અન્નપૂર્ણા સ્વરૂપે દર્શન દીધાં !"

❖

પૂર્વ બંગાળના સિધ્ધ મહાપુરુષ શ્રી શ્રી રામઠાકુર મહાશયના એક શિષ્યે એમના ચરણ પકડી કાતર ભાવે પ્રાર્થના કરી, "ઠાકર, આ જન્મમાં જ મુક્તિ અપાવો." પરંતુ એની પ્રાર્થના પર એમણે બિલકુલ ધ્યાન આપ્યું નહિ. શિષ્ય સાત દિવસ સુધી આ જ પ્રાર્થના કરતો રહ્યો, છેવટે સાતમે દિવસે ઠાકુર બોલ્યા, "ઢાકામાં જઈ રમના આશ્રમમાં મા આનન્દમયી પાસે તું જા." ભક્તે થોડાક જ દિવસમાં મા પાસે આવીને ઠાકુરે કહેલી વાત કરી. માએ કહ્યું, "દિવસમાં એક વાર સ્મરણ કરી લેવું." મસ્તક પર હાથ મૂક્યો, અને પેલાના મનનું જાણે સમાધાન થઈ ગયું. ઉપસ્થિત ભક્તોમાંથી કોઈએ માને કહ્યું, "અમને તો આવું પહેલાં કોઈ દિવસ કહ્યું નથી !" મા માત્ર હસ્યાં.

શ્રી રામ ઠાકુર શ્રી શ્રી મા કરતાં ઉંમરમાં ઘણા મોટા હતા. એક વાર એમના ભક્તવૃંદ સાથે શ્રી રામ ઠાકુર પધારેલા ત્યારે શ્રી શ્રી માને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને શ્રીચરણોનો સ્પર્શ કર્યો. એમના ભક્તો આ જોઈ બોલ્યા, "ઠાકુર, તમે વયોવૃદ્ધ હોવા છતાં શ્રીમાને કેમ પ્રણામ કરો છો ?" ઠાકુર બોલ્યા, "તમે એમના સ્વરૂપને શું જાણો ?" ઢાકા આશ્રમમાં જે દિવસે શ્રી શ્રી અન્નપૂર્ણાની પ્રતિષ્ઠા થઈ તે જ દિવસે શ્રી શ્રી મા ઢાકા છોડી બીજે સ્થળે ગયાં. ત્યાર બાદ થોડાક દિવસમાં જ શ્રી રામ ઠાકુર ઢાકા શ્રી શ્રી માના આશ્રમમાં આવ્યા, ત્યારે શ્રી માના ભક્તવૃંદે દુઃખી થઈ કહ્યું, "ઠાકુર, શ્રી શ્રી મા અન્નપૂર્ણાની પ્રતિષ્ઠા કરી તે જ દિવસે મા ઢાકા ત્યાગ કરી ચાલ્યા ગયાં." ઠાકુર બોલ્યા, "શ્રી શ્રી મા તો પોતાના સ્વરૂપની સ્થાપના કરી ગયાં છે, એ ક્યાં ગયાં છે ! ભક્તો અને જીવ શ્રી શ્રી માના સ્વરૂપને ક્યાંથી જાણે !"

(શ્રી રામ ઠાકુર સિદ્ધ મહાત્મા હતા. એમને વિષે પરિચયાત્મક લેખ આવતા અંકમાં જરૂર વાંચવો.)

❖

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS.

સંતગાથા

બે સંતપુરુષો યાત્રા નિમિત્તે જંગલમાંથી પસાર થતા હતા. મધ્યાહ્નનો સમય થઈ જવાથી એક વિશાળ વૃક્ષ નીચે આશ્રય લેવા રોકાયા. અચાનક બંન્નેની દૃષ્ટિ એક બાળક પર પડી કે જે વૃક્ષના પાંદડા પર સૂતું હતું અને આંખો બંધ હતી. મહાત્માઓએ બાળકની પાસે જઈ એની આંખ પર પાણી છાંટ્યું. બાળકે બંન્ને આંખો ખોલી, અને સૌ પ્રથમ જગતમાં સંતોનાં દર્શન કર્યાં. સંતોએ કરુણાવશ બાળકના મુખમાં જળનાં ટીપાં નાખી, બાળકને પ્રસિદ્ધ સંત અગ્રદાસજીના આશ્રમમાં લઈ જઈ, એમને બધો અહેવાલ કહી બાળકને સુપ્રત કર્યો. સંતના સંરક્ષણમાં બાળક મોટો થવા લાગ્યો. સાત-આઠ વર્ષનો હતો ત્યારથી ત્યાં આવનારા સંતોના ચરણો ધોઈ ચરણામૃત પીવું, સંતોનું ઉચ્છિષ્ટ લઈ પેટ ભરી લેવું આ તેનો કાર્યક્રમ બની ગયો હતો.

એક વાર અગ્રદાસજી ધ્યાનસ્થ હતા, બાળક પંખાથી હવા નાખતો હતો. અગ્રદાસજીના એક વૈશ્ય શિષ્યનું વહાણ સમુદ્રના તોફાનના ઝપાટામાં આવી ગયું હતું; જ્યારે બધી રીતે નિરુપાય થઈ ગયો ત્યારે સંત અગ્રદાસજીને પ્રાર્થના કરી એમને શરણે ગયો. સંતે આ બાજુ નાભિથી વાયુ સ્તંભિત કર્યો અને પેલી બાજુ જહાજ તોફાનમાંથી બહાર આવ્યું. અચાનક બાળક બોલી ઊઠ્યો, ''પ્રભુ, આપે નાભિથી વાયુને સ્તંભિત કર્યો, આટલું કષ્ટ કર્યું, તેને બદલે આપના શબ્દમાત્રથી એ કાર્ય થઈ જાત.'' બાળકની આ વાતથી અગ્રદાસજી આશ્ચર્યચકિત થઈ ગયા કે બાળકે આ નાભિસિદ્ધિ વિષે ક્યાંથી જાણ્યું. એમણે આ વાત બાળકને પૂછી. એ બોલ્યો, ''આપે નારદજીની વાત કહી હતી કે તેઓ સંતોની સેવા કરતા, ઉચ્છિષ્ટને પ્રસાદ રૂપે ગ્રહણ કરતા, અને આખરે ભગવદ્દર્શન પામી શક્યા. તે મુજબ હું પણ સંતોનાં ચરણામૃત તથા ઉચ્છિષ્ટ પ્રસાદથી આ સહજ વસ્તુ આપની કૃપાથી જાણું છું. તરત અગ્રદાસજી બોલ્યા, ''નાભિની આ સિદ્ધિ તેં જાણી તેથી આજથી તારું નામ નાભા, તારા ઉપર સંતોનો - ભગવાનનો અનુગ્રહ ઊતરશે.''

આગળ જતાં અગ્રદાસજીએ નાભાજીને ''ભક્તમાલ'' લખવાનો આદેશ કર્યો. નાભાજીએ કહ્યું, ''ગુરુદેવ, હું વિદ્વાન નથી. કયા ભક્તો ક્યાં થયા છે તેમ જ એમના જીવન વિષે હું જાણતો નથી, તો આવું દુષ્કર કાર્ય કેવી રીતે કરી શકીશ ?'' ગુરુદેવ બોલ્યા, ''ભગવાનની કૃપાથી તું આ મહાન કાર્ય કરી મહાન ભક્ત થઈશ.'' વર્ષો પછી જે પ્રાચીન ''ભક્તમાલ'' પ્રાપ્ત થઈ, એના કર્તા તરીકે નાભાજીનું નામ મહાન સંતરૂપે પ્રસિદ્ધ થયું.

અગ્રદાસજીના આશ્રમમાં ઠાકુરજીનું એક મંદિર હતું. એક વાર ગૌસેવા ઈત્યાદિથી નિવૃત્ત થઈ તેઓ બેઠા કે ત્યાં જ એમણે જોયું - મંદિરમાંથી ઠાકુર બહાર આવીને નાભાજીને કહે છે, ''નાભા, આ અગ્રદાસ સવારથી રાત સુધી ભોગ ધરાવ્યા કરે છે, અને રાત્રે તો મને પાણીનો ભાવ પણ નથી પૂછતા; આજે નવરાશ જોઈ તારી સાથે રમવા આવ્યો છું.'' નાભાજીએ કહ્યું, ''મને પણ આશ્રમની સેવામાંથી રમવા માટે નવરાશ નથી મળતી.'' નાભાજી અને ઠાકુરજી ખૂબ રમ્યા પછી ઠાકુરજીએ કહ્યું - નાભા, બહુ ભૂખ લાગી છે. નાભાજી કહે - અત્યારે તો કોઠાર - ભંડાર બધું બંધ છે, કાલે તારે માટે પ્રસાદના બે પડિયા લેતો આવીશ.''

બીજે દિવસે નાભાજી ઉચ્છિષ્ટ પ્રસાદના બે પડિયા લઈ આવ્યા. રમત પૂરી થતાં ઠાકુરજીએ કહ્યું - મારો પ્રસાદ ક્યાં છે ? નાભાજીએ તરત બે પડિયા કાઢ્યા અને બંન્ને જણ ખાવા લાગ્યા. બનવા કાળ કે અગ્રદાસજી ફરતા ફરતા ત્યાં આવી ચઢ્યા, જોયું કે નાભાજી ઉચ્છિષ્ટ પ્રસાદ ઠાકુરજીને ખવડાવે છે. આ જોઈ એમનો પિત્તો ગયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાભાજીના ગાલ પર બે-ચાર તમાચા ચોઢી દીધા અને બોલ્યા, "મૂર્ખ ! તારો એંઠો પ્રસાદ તું ઠાકુરજીને ખવડાવે છે !" નાભાજીએ કાંઈ ઉત્તર આપ્યો નહિ, પરંતુ એટલું રડ્યા કે રડી રડીને આંખો સૂજી ગઈ. ઠાકુરજી તો મંદિરમાં દોડી ગયા.

બીજે દિવસે અગ્રદાસજીએ ભોગ ધરાવવા માટે મંદિરમાં પડદો ખોલ્યો તો જોયું કે ઠાકુરજીનું મુખ ઊંધી દિશામાં ફરી ગયેલું હતું. અગ્રદાસજી તરત બોલ્યા, "પ્રભુ, મારો દોષ હોય તો ક્ષમા કરો, પણ આપ આમ નારાજ કેમ છો ?" ઠાકુરજી બોલ્યા, " કાલે તેં મને માર્યું છે તેથી હું નારાજ છું." અગ્રદાસજી કહે, "પ્રભુ, મેં તમને ક્યારેય માર્યું નથી." ઠાકુરજીએ કહ્યું, " કાલે નાભાજીને - બાળકને - મારેલું. તમાચાથી મારો ગાલ સૂજી ગયો છે અને મારી આંખો રડી રડીને સૂજી ગઈ છે. ભક્ત અને ભગવાન અભિન્ન છે. તમે નાભાજીના ગાલ પર શેક કરીને સોજો ઓછો કરો."

અગ્રદાસજી નાભાજી પાસે જઈ એમના ચરણો પકડવા ગયા, પરંતુ નાભાજીએ પગ ખેંચી લીધા. અગ્રદાસજીએ કહ્યું, "નાભાજી, તમે ભગવાનના લાડકા, પ્રિય ભક્ત છો. તમે મને તમારા ગાલ શેકવા દો. પ્રભુનો આદેશ છે." અગ્રદાસજીના શેકથી નાભાજીનો સોજો ઊતરી ગયો.

❈

કૃત્રિમ (અપ્રાકૃતિક) રૂપ ત્યજી, અકૃત્રિમ (સાચા) રૂપમાં આવવું અને જીવવું તેનું નામ સ્વરૂપસ્થિતિ.

❈

પ્રત્યેક પ્રાણી અને પદાર્થમાં વસતા આત્માને નજર સમક્ષ રાખીને જીવતાં જીવનનું યથાર્થ નામ આધ્યાત્મિક જીવન.

વસ્તુમાત્રનું શક્તિથી સંપાદન કરો, ભક્તિથી સંરક્ષણ કરો અને અનાસક્તિથી આત્મસમર્પણ કરો.

❈

મરણ પર્યંત વાપરવાની અને છેલ્લા શ્વાસ સુધી સાચવવા જેવી નિધિનું નામ હરિકથા.

❈

"વર્તમાન યુગમાં આધ્યાત્મિક પ્રેરણાનો એકમાત્ર સ્રોત મા હતાં. એ વિગ્રહ ભલે આપણી નજરમાંથી અલોપ થઈ ગયો હોય, પરંતુ એમના દિવ્ય જીવનથી મા હજી પણ બધાંને આધ્યાત્મિક પ્રેરણા આપતાં જ રહેશે એવો મને વિશ્વાસ છે."

- મહામંડલેશ્વર
શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી વિદ્યાનન્દ ગિરિજી મહારાજ,
કૈલાસ આશ્રમ, ઋષિકેશ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રાણનું આધ્યાત્મિક રૂપ

- સ્વામી વિવેકાનંદ

યોગીઓના મતે મેરુદંડની અંદર ઈડા અને પિંગલા નામક બે સ્નાયવિક શક્તિપ્રવાહો અને મેરુદંડસ્થ મજ્જાની વચ્ચે સુષુમ્ના નામની એક શૂન્ય નળી છે. એ શૂન્ય નળીની સૌથી નીચે કુંડલિનીનું આધારભૂત પદ્મ રહેલું છે. યોગીઓનું કહેવું છે કે એ ત્રિકોણાકાર છે. યોગીઓની રૂપક ભાષામાં કુંડલિની શક્તિ એ સ્થાને કુંડલાકાર થઈને વિરાજે છે. જ્યારે આ કુંડલિની શક્તિ જાગે છે, ત્યારે એ આ શૂન્ય નળીની અંદર માર્ગ બનાવીને ઊંચે ચઢવાનો પ્રયત્ન કરે છે, અને જેમ જેમ એ અક્કેક સોપાન ઊંચે ચઢે છે, તેમ તેમ મનના અક્કેક સ્તર જાણે ખુલવા માંડે છે, અને યોગીને અનેક પ્રકારનાં અલૌકિક દર્શનો થવાનું શરૂ થાય છે, તથા અદ્‌ભુત શક્તિઓની પ્રાપ્તિ થવા લાગે છે. એ કુંડલિની જ્યારે મસ્તકમાં પહોંચે છે, ત્યારે યોગી સંપૂર્ણ રૂપે શરીર અને મનથી પૃથક્ થઈ જાય છે, અને એનો આત્મા પોતાના મુક્ત સ્વભાવની ઉપલબ્ધિ કરે છે. આપણે જાણીએ છીએ કે મેરુમજ્જા એક વિશેષ પ્રકારે ગઠિત છે. અંગ્રેજીના આઠ અંક (8) ને આડો કરીએ ( ) તો જણાશે કે એનાબે અંશો છે અને એ બંન્ને વચમાંથી જોડાયેલા છે. આ જાતના અનેક અંકોને એકની ઉપર એક મૂકીએ તો જેવું દેખાય, કરોડરજ્જુ ઘણી એવી દેખાય છે. એની ડાબી બાજુએ ઈડા અને જમણી બાજુએ પિંગલા છે; અને જે શૂન્ય નળી મેરુમજ્જાની બરાબર વચમાંથી પસાર થાય છે તે જ સુષુમ્ના છે. કટિપ્રદેશસ્થ મેરુદંડના થોડા અસ્થિઓ પછી તરત જ નીચે મેરુમજ્જા પૂરી થઈ જાય છે, પરંતુ ત્યાંથી પણ તાંતણા જેવો બહુ જ સૂક્ષ્મ પદાર્થ છેક નીચે ઉતરતો જાય છે. સુષુમ્ના નળી ત્યાં પણ છે જ, પરંતુ ત્યાં અત્યંત સૂક્ષ્મરૂપે છે. નીચેની દિશામાં એ નળીનું મોં બંધ રહે છે. એની નજીકમાં જ કટિપ્રદેશસ્થ નાડીજાળ (sacral plexus) આવેલું છે. જે અત્યારના શરીરશાસ્ત્ર (physiology) ના મતે ત્રિકોણાકાર છે. આ વિવિધ નાડીજાળોનાં કેન્દ્રો મેરુમજ્જાની અંદર આવેલાં છે; એ નાડીજાળો જ યોગીઓનાં વિભિન્ન પદ્મો અથવા ચક્રો તરીકે લઈ શકાય.

યોગીઓનું કહેવું છે કે સૌથી નીચે મૂલાધારથી માંડીને મસ્તિષ્કસ્થિત સહસ્રાર અથવા સહસ્રદલ પદ્મ સુધી ચક્રો છે. આપણે જો એ પદ્મોને પૂર્વોક્ત નાડીજાળોનાં જ પ્રતિરૂપે ગણીએ તો અત્યારના શરીરશાસ્ત્ર દ્વારા ખૂબ જ સહેલાઈથી યોગીઓની વાતનો મર્મ સમજાઈ જશે. આપણને ખબર છે કે આપણા સ્નાયુઓની અંદર બે પ્રકારના પ્રવાહો છે. એમાંના એકને અંતર્મુખી અને બીજાને બહિર્મુખી, એકને જ્ઞાનાત્મક અને બીજાને કર્માત્મક, એકને કેંદ્રગામી અને બીજાને કેંદ્રાપસારી કહી શકાય. એમાંનો એક મસ્તિષ્ક તરફ સંવાદ લઈ જાય છે, અને બીજો મસ્તિષ્કથી બહારનાં સમસ્ત અંગોમાં. પરંતુ અંતે આ પ્રવાહો મસ્તિષ્ક સાથે સંયુક્ત થઈ જાય છે. આગળ આવનાર વિષયને સ્પષ્ટ રીતે સમજવા માટે આપણે થોડી બીજી વાતો ધ્યાનમાં રાખવી પડશે. આ મેરુમજ્જા મસ્તિષ્કમાં જઈને એક જાતના 'બલ્બ'માં - medulla નામના એક અંડાકાર પદાર્થમાં - પૂરી થાય છે, કે જે મસ્તિષ્ક સાથે સંયુક્ત નથી, પણ મસ્તિષ્કમાં જે એક તરલ પદાર્થ છે તેમાં તરતો રહે છે. તેથી જો માથા પર આઘાત થાય તો એ આઘાતની શક્તિ પેલા તરલ પદાર્થમાં વિખરાઈ જાય છે અને એનાથી એ બલ્બને વાગતું નથી. આ એક મહત્ત્વની વાત છે જે આપણે યાદ રાખવી જોઈએ. બીજું આપણે એ પણ જાણી લેવું જોઈએ કે આ બધાં ચક્રોમાંથી સૌથી નીચે આવેલું મૂલાધાર, મસ્તિષ્કમાં આવેલું સહસ્રાર અને નાભિપ્રદેશમાં આવેલું મણિપુર - આ ત્રણ ચક્રોની વાત આપણે વિશેષ રૂપે ધ્યાનમાં રાખવાની છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે ભૌતિકવિજ્ઞાનનું એક તત્ત્વ આપણે સમજવાનું છે. આપણે વિદ્યુત્ અને વિદ્યુત-સંબંધી બહુવિધ શક્તિઓની વાતો સાંભળી છે. વિદ્યુત્ શું છે તે કોઈને ખબર નથી. આપણે માત્ર એટલું જાણીએ છીએ કે વિદ્યુત્ એક પ્રકારની ગતિ છે. જગતમાં બીજા પણ ઘણા પ્રકારની ગતિઓ છે, વિદ્યુત્માં અને એ ગતિઓમાં શો ફેર છે ? માનો કે આ મેજ ચાલે છે અને એના પરમાણુઓ વિભિન્ન દિશાઓમાં જઈ રહ્યા છે. હવે જો એ પરમાણુઓને એક જ દિશામાં ચલાવવામાં આવે તો એ વિદ્યુત્ના માધ્યમથી જ કરી શકાય. સમસ્ત પરમાણુઓ જો એક બાજુ ગતિશીલ થાય તો એને જ વિદ્યુત્-ગતિ કહેવાય. આ ઓરડામાં જે વાયુ છે, એના બધા પરમાણુઓને જો સતત એક બાજુ ચલાવવામાં આવે તો આ ઓરડો એક પ્રચંડ બેટરીના રૂપમાં બદલાઈ જશે. શરીરશાસ્ત્રની બીજી એક વાત પણ આપણે યાદ રાખવાની છે, તે એ કે જે સ્નાયુકેન્દ્ર શ્વાસ-પ્રશ્વાસનાં યંત્રોને નિયમિત રાખે છે, એનો કંઈક અધિકાર બધા સ્નાયુપ્રવાહોના નિયમન પર પણ છે.

હવે આપણને પ્રાણાયામ કરવાનું કારણ સમજાશે. પહેલું તો એ કે જો શ્વાસપ્રશ્વાસની ગતિને લયબદ્ધ અથવા નિયમિત કરવામાં આવે તો શરીરના બધા પરમાણુઓ એક જ દિશામાં ગતિશીલ થવાનો પ્રયત્ન કરશે. જ્યારે વિભિન્ન દિશાઓમાં દોડનારું મન એકમુખી થઈને એક દઢ ઈચ્છાશક્તિના રૂપમાં પરિણત થાય ત્યારે બધા સ્નાયુપ્રવાહો પણ પરિવર્તિત થઈને એક જાતની વિદ્યુત્-પ્રવાહ જેવી ગતિ પ્રાપ્ત કરે છે, કારણ કે સ્નાયુઓ ઉપર વિદ્યુત્-ક્રિયા કરવાથી જણાય છે કે એમના બંન્ને પ્રાંતોમાં ઘનાત્મક અને ઋણાત્મક એ બે વિપરીત શક્તિઓ ઉદ્ભવે છે. આથી સ્પષ્ટ થાય છે કે જ્યારે ઈચ્છાશક્તિ સ્નાયુપ્રવાહના રૂપમાં પરિણત થાય ત્યારે એ એક જાતની વિદ્યુત્નો આકાર ધારણ કરી લે છે. જ્યારે શરીરની બધી ગતિઓ સંપૂર્ણ રૂપે એકાભિમુખી થાય ત્યારે એ શરીર જાણે કે ઈચ્છાશક્તિનો એક પ્રબળ વિદ્યુદાધાર બની જાય છે. આ પ્રબળ ઈચ્છાશક્તિ પ્રાપ્ત કરવી તે જ યોગીઓનો ઉદ્દેશ્ય છે. આ પ્રમાણે શરીરશાસ્ત્રની સહાયથી પ્રાણાયામની ક્રિયાની વ્યાખ્યા થઈ શકે. પ્રાણાયામ ક્રિયા શરીરની અંદર એક પ્રકારની એકમુખી ગતિ પેદા કરે છે, તથા શ્વાસ-પ્રશ્વાસનાં કેન્દ્રો પર આધિપત્ય મેળવીને શરીરનાં અન્ય કેન્દ્રોને વશ કરવામાં પણ મદદ કરે છે. અહીં પ્રાણાયામનું લક્ષ્ય મૂલાધારમાં કુંડલાકારે રહેલી કુંડલિની શક્તિને જગાડવાનું છે.

આપણે જે કંઈ જોઈએ છીએ, કલ્પના કરીએ છીએ અથવા તો સ્વપ્ન જોઈએ છીએ - આ બધા જ અનુભવો આપણને આકાશમાં કરવા પડે છે. આપણે સામાન્ય રીતે જે પરિદૃશ્યમાન આકાશને જોઈએ છીએ એનું નામ છે મહાકાશ. જ્યારે યોગીઓ બીજાના મનોભાવો સમજતા થાય છે. અથવા અલૌકિક વસ્તુઓ જોતા થાય છે ત્યારે એ બધાં દર્શનો ચિત્તાકાશમાં થાય છે; અને જ્યારે અનુભૂતિ વિષયશૂન્ય થઈ જાય, જ્યારે આત્મા એના સ્વરૂપમાં પ્રકાશે ત્યારે એનું નામ ચિદાકાશ. જ્યારે કુંડલિની શક્તિ જાગૃત થઈને સુષુમ્ના નાડીમાં પ્રવેશે ત્યારે જે જે વિષયો અનુભવાય છે તે ચિત્તાકાશમાં જ થાય છે. જ્યારે કુંડલિની સુષુમ્ના નાડીની અંતિમ સીમા - મસ્તક - માં પહોંચે છે ત્યારે ચિદાકાશમાં એક વિષયશૂન્ય જ્ઞાનનો અનુભવ થાય છે.

હવે વિદ્યુત્ની ઉપમા ફરી લઈએ. આપણે જોઈએ છીએ કે મનુષ્ય માત્ર તારના યોગથી એક જગાએથી બીજી જગા સુધી વિદ્યુત્-પ્રવાહ ચલાવી શકે છે, પરંતુ પ્રકૃતિ એના મહાન શક્તિપ્રવાહોને મોકલવા માટે કોઈ તારનો આધાર નથી લેતી. આથી બરોબર સમજાય છે કે કોઈ પણ પ્રવાહને ચલાવવા માટે હકીકતમાં તારની જરા પણ જરૂર નથી. આપણે તાર વગર કામ નથી કરી શકતા તેથી આપણને એની જરૂર રહે છે. જેવી રીતે વિદ્યુત્-પ્રવાહ તારની મદદથી જુદી જુદી દિશાઓમાં વહે છે, બરાબર તે જ રીતે શરીરનાં સમસ્ત સંવેદનો અને ગતિઓ મસ્તિષ્કમાં, તથા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મસ્તિષ્કમાંથી બહિર્દેશમાં પ્રેરિત થાય છે; સ્નાયુતંતુરૂપી તારની મદદથી જ આ થાય છે. મેરુમજ્જાની વચ્ચે સ્થિત જ્ઞાનાત્મક અને કર્માત્મક સ્નાયુગુચ્છસ્તંભ તે જ યોગીઓની ઈડા અને પિંગલા નાડીઓ છે. એ બે પ્રધાન નાડીઓમાંથી જ પૂર્વોક્ત અંતર્મુખી અને બહિર્મુખી બે શક્તિપ્રવાહો સંચારિત થઈ રહ્યા છે. પરંતુ હવે પ્રશ્ન એ છે કે આ જાતના તાર જેવા કોઈક પદાર્થની મદદ વગર મસ્તિષ્કની ચારે બાજુ વિભિન્ન સંવાદો મોકલવા અને વિભિન્ન સ્થાનોમાં મસ્તિષ્કના વિભિન્ન સંવાદો ગ્રહણ કરવા શક્ય કેમ ન હોય? પ્રકૃતિમાં તો આવા વ્યાપારો બનતા જોવામાં આવે છે. યોગીઓનું એમ કહેવું છે કે આમાં સફળ થયા પછી જ ભૌતિક બંધનોને ઓળંગી શકાય છે. તો પછી હવે એમાં સફળ થવાનો શો ઉપાય છે ? જો મેરુદંડ મધ્યે રહેલી સુષુમ્નામાંથી સ્નાયુપ્રવાહ ચલાવી શકાય તો એ સમસ્યા ઉકેલાઈ જાય. મન દ્વારા જ એ સ્નાયુજાળ તૈયાર કરાયો છે અને એણે જ એ જાળ તોડીને કોઈ પણ પ્રકારની સહાયતાની રાહ જોયા વિના એનું કામ કરવું પડશે. તો જ બધું જ્ઞાન આપણા અધિકારમાં આવશે, દેહનું બંધન પછી નહિ રહે. એટલા માટે સુષુમ્ના પર વિજય મેળવવો આપણે માટે એટલો જરૂરી છે. તમે આ શૂન્ય નળીમાંથી સ્નાયુજાળની સહાય વગર પણ જો માનસિક પ્રવાહ ચલાવી શકો તો બસ, એ સમસ્યાનું સમાધાન થઈ ગયું. યોગીઓ કહે છે કે એ શક્ય છે.

સામાન્ય મનુષ્યોમાં સુષુમ્નાનો નિમ્નતર છેડો બંધ હોય છે, એના માધ્યમથી કોઈ કાર્ય થતું નથી. યોગીઓનું કહેવું છે કે આ સુષુમ્નાનું દ્વાર ખોલીને એના માધ્યમથી સ્નાયુપ્રવાહ ચલાવવાની એક નિર્દિષ્ટ સાધના છે. બાહ્ય વિષયના સંસર્ગથી ઉત્પન્ન થતી સંવેદના જ્યારે કોઈ કેન્દ્રમાં પહોંચે ત્યારે એ કેન્દ્રમાં એક જાતની પ્રતિક્રિયા થાય છે. સ્વયંક્રિય કેન્દ્રો (automatic centres) માં એ પ્રતિક્રિયાઓને પરિણામે કેવળ ગતિ થાય છે, પરંતુ સચેતન કેન્દ્રો (conscious centres) માં પહેલાં અનુભવ, અને પછી ગતિ થાય છે. બધી અનુભૂતિઓ બહારથી આવેલી ક્રિયાઓની માત્ર પ્રતિક્રિયા છે. તો પછી સ્વપ્નમાં અનુભૂતિ કેવી રીતે થાય છે ? ત્યારે તો બહારની કોઈ પણ ક્રિયા નથી હોતી. આથી સ્પષ્ટ છે કે વિષયોના અભિઘાતથી પેદા થયેલી સ્નાયવિક ગતિઓ શરીરના કોઈને કોઈ સ્થાને ચોક્કસ અવ્યક્ત ભાવે રહે છે. માનો કે મેં એક નગર જોયું. 'નગર' નામક બાહ્ય વસ્તુના આઘાતની જે પ્રતિક્રિયા છે તેનાથી જ નગરની અનુભૂતિ થાય છે, અર્થાત્ એ નગરની બાહ્ય વસ્તુ દ્વારા આપણા અંતર્વાહી સ્નાયુઓમાં જે વિશેષ ગતિ ઉત્પન્ન થઈ, એનાથી મસ્તિષ્કમાં પરમાણુઓની અંદર એક ગતિ પેદા થઈ ગઈ છે. આજે ઘણા દિવસો પછી પણ એ નગર મારી સ્મૃતિમાં છે. આ સ્મૃતિમાં પણ બરોબર એ જ વ્યાપાર થાય છે, પરંતુ અપેક્ષાકૃત ઓછા રૂપે પણ જે ક્રિયાથી મસ્તિષ્કમાં આ જાતનું મૃદુતર કંપન થાય છે. એ આવે છે ક્યાંથી ? એવું તો કદાપિ ન કહી શકાય કે એ પૂર્વેના વિષય-અભિઘાતથી પેદા થઈ છે. આમ સ્પષ્ટ થાય છે કે વિષય-અભિઘાતથી ઉત્પન્ન થયેલો ગતિપ્રવાહ અથવા સંવેદનાઓ શરીરના કોઈક સ્થાનમાં કુંડલીકૃત થઈને રહ્યો છે, અને એ બધાંની ક્રિયાને પરિણામે જ સ્વપ્ન-અનુભૂતિરૂપે મૃદુ પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે.

જે કેન્દ્રમાં વિષય-અભિઘાત વડે ઉત્પન્ન થયેલી સંવેદનાઓના અવશિષ્ટ અંશો અથવા સંસ્કારો જાણે સંચિત થઈને રહે છે એને જ મૂલાધાર કહે છે, અને એ કુંડલીકૃત ક્રિયાશક્તિને કુંડલિની કહે છે. કદાચ ગતિશક્તિઓનો અવશિષ્ટ અંશ પણ આ જ જગાએ કુંડલીકૃત થઈને રહે છે; કારણકે ગંભીર અધ્યયન તથા બાહ્ય વસ્તુઓ પર મનન કર્યા બાદ શરીરના જે સ્થાને આ મૂલાધાર ચક્ર રહેલું છે (કદાચ sacrel plexus) - તે તપ્ત થઈ જાય છે. હવે જો આ કુંડલિની શક્તિને જગાડીને જ્ઞાતભાવથી સુષુમ્ના નળીમાં પ્રવાહિત કરતાં કરતાં એક કેન્દ્રમાંથી બીજા કેન્દ્રમાં ઉપર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લઈ જવામાં આવે તો એ જેમ જેમ વિભિન્ન કેન્દ્રોમાં ક્રિયા કરતી જશે, તેમ તેમ પ્રબળ પ્રતિક્રિયા ઉત્પન્ન થતી જશે. જ્યારે શક્તિનો તદ્દન સામાન્ય અંશ કોઈ સ્નાયુતંતુમાંથી પ્રવાહિત થઈને વિભિન્ન કેન્દ્રોમાં પ્રતિક્રિયા ઉત્પન્ન કરશે ત્યારે તે જ સ્વપ્ન અથવા કલ્પના નામે કહેવાય છે. પરંતુ જ્યારે મૂલાધારમાં સંચિત વિરાટ શક્તિપુંજ દીર્ઘકાલવ્યાપી તીવ્ર ધ્યાનના બળથી ઉદ્‌બુદ્ધ થઈને સુષુમ્ના માર્ગમાં ભ્રમણ કરે છે, અને વિભિન્ન કેન્દ્રો પર આધાર કરે છે, ત્યારે એક બહુ જ પ્રબળ પ્રતિક્રિયા થાય છે કે જે સ્વપ્ન અથવા કલ્પનાકાલીન પ્રતિક્રિયાથી અનંતગુણી વધારે શ્રેષ્ઠ હોય છે જ, પણ જાગ્રત્‌કાલીન વિષયજ્ઞાનની પ્રતિક્રિયા કરતાં પણ અનંતગુણી પ્રબળ હોય છે. આ જ અતીંદ્રિય અનુભૂતિ છે. પછી એ શક્તિપુંજ જ્યારે સમસ્ત જ્ઞાનના અને સમસ્ત સંવેદનાઓના કેન્દ્રરૂપી મસ્તિષ્ક સુધી પહોંચે છે ત્યારે સંપૂર્ણ મસ્તિક જાણે પ્રતિક્રિયા કરે છે, અને એનું પરિણામ છે જ્ઞાનનો સંપૂર્ણ પ્રકાશ અથવા આત્મસાક્ષાત્કાર. કુંડલિની શક્તિ જેમ જેમ એક કેન્દ્રમાંથી બીજા કેન્દ્રમાં જાય છે, તેમ તેમ મનનો જાણે કે અક્કેક પડદો ખુલતો જાય છે, અને ત્યારે યોગીઓ આ જગતની સૂક્ષ્મ અથવા કારણરૂપે ઉપલબ્ધિ પામે છે. તે જ વખતે વિષયસ્પર્શથી ઉત્પન્ન થયેલી સંવેદના અને એની પ્રતિક્રિયારૂપી જગતના જે "કારણ" છે એમના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. એટલે કે ત્યારે સર્વ વિષયોનું પૂર્ણ જ્ઞાન થાય છે કારણ કે "કારણ"ને જાણી લીધા પછી કાર્યનું જ્ઞાન તો ચોક્કસ થશે જ.

આ પ્રમાણે આપણે જોયું કે કુંડલિનીને જગાડવી તે જ તત્ત્વજ્ઞાન, અતિચેતન અનુભૂતિ અથવા આત્મસાક્ષાત્કારનો એકમાત્ર ઉપાય છે. કુંડલિનીને જાગૃત કરવાના અનેક ઉપાયો છે. કેટલાકની કુંડલિની ભગવાન પ્રત્યેના પ્રેમના બળથી જ જાગૃત થઈ જાય છે, કેટલાકની સિદ્ધ મહાપુરુષોની કૃપાથી તો કેટલાકની સૂક્ષ્મ જ્ઞાનવિચાર દ્વારા (અથવા તો જપ દ્વારા.) લોકો જેને અલૌકિક શક્તિ કે જ્ઞાન કહે છે, એનો ક્યારેક પણ કંઈક પ્રકાશ દેખાય તો સમજવું કે ત્યાં કેટલાક પરિમાણમાં આ કુંડલિની શક્તિ સુષુમ્નાની અંદર ગમે તે રીતે પણ પ્રવેશી ગઈ છે. તેમ છતાં આ પ્રકારની અલૌકિક ઘટનાઓમાં ઘણું ખરું જણાય છે કે એ વ્યક્તિએ અજાણતાં જ એકાએક કોઈ સાધના કરી દીધી છે જેને કારણે એની કુંડલિની શક્તિ આજ્ઞાત રૂપે કેટલાક પરિમાણમાં સ્વતંત્ર થઈને સુષુમ્નાની અંદર પ્રવેશી ગઈ છે. સમસ્ત ઉપાસના, પછી તે જ્ઞાત ભાવે હોય કે અજ્ઞાત ભાવે, એ જ એક લક્ષ્ય સુધી પહોંચાડી દે છે - અર્થાત્ એના દ્વારા કુંડલિની જાગૃત થઈ જાય છે. જે લોકો માને છે કે મેં મારી પ્રાર્થનાનો ઉત્તર મેળવ્યો, એમને ખબર નથી કે પ્રાર્થનારૂપી મનોવૃત્તિ દ્વારા પોતાના જ દેહમાં સ્થિત અનંત શક્તિના એક બિંદુને જગાડવામાં તેઓ સફળ થયા છે. તેથી જ યોગીઓ ઘોષણા કરે છે કે મનુષ્ય જાણ્યા વગર પણ જેની વિભિન્ન નામોથી બીતાં બીતાં અને કષ્ટ વેઠીને ઉપાસના કરે છે, એના પ્રત્યે કેવી રીતે અગ્રસર થવાનું છે એ જાણી લીધા પછી સમજાશે કે એ જ પ્રત્યેક વ્યક્તિમાં કુંડલીકૃત યથાર્થ શક્તિ છે - ચિંરતન સુખની જનની છે. એટલા માટે રાજયોગ એ યથાર્થ ધર્મવિજ્ઞાન છે. સર્વ ઉપાસના, સર્વ પ્રાર્થના, વિભિન્ન પ્રકારની સાધન-પદ્ધતિ અને સમસ્ત અલૌકિક ઘટનાઓની એ જ યુક્તિસંગત વ્યાખ્યા છે.

('રાજયોગ'માંથી)

મારાથી પર કંઇ પણ નથી. આ સંપૂર્ણ જગત મારામાં એવી રીતે પરોવાયેલું છે જેવી રીતે દોરામાં મણિઓ પરોવાયેલાં છે.

- શ્રીમદ્ ભગવદ્ ગીતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રી માની સાથે

- સ્વામી નારાયણાનંદ તીર્થ

શ્રી શ્રી માની અહૈતુકી કૃપા

સન્ ૧૯૪૨માં કાર્યકાળની અવધિ પૂર્વે જ અવકાશ ગ્રહણ કરીને પરમ સ્નેહમયી શ્રી શ્રી માની પાસે દહેરાદૂન ગયો. મા ત્યારે રાયપુરના શિવમંદિરમાં રહેતાં હતાં. શ્રી શ્રી માની પવિત્ર ઉપસ્થિતિમાં શ્રી શારદીયા દુર્ગાપુજા ત્યાં જ ઉજવાશે એમ નક્કી કરવામાં આવ્યું. વાતવાતમાં એક દિવસ માએ મને દુર્ગાપૂજા કરવાનું કહ્યું. મેં એમના શ્રીચરણોમાં નિવેદન કર્યું, "મા, મેં હજી સુધી કોઈ પાસેથી તાંત્રિક દીક્ષા નથી ગ્રહણ કરી. અમારે ત્યાં પ્રચલિત નિયમ છે કે અદીક્ષિત વ્યક્તિને શક્તિપૂજા કરવાનો અધિકાર નથી હોતો. તે ઉપરાંત હું આ બધું જાણતો પણ નથી, એટલે જ હું દુર્ગાપૂજા કરવાનું સાહસ નથી કરતો." મારી આ વાત પછી નક્કી થયું કે માના જૂના ભક્ત શ્રીયુત મન્મથનાથ ચટ્ટોપાધ્યાય મહાશય આ વખતે દુર્ગાપૂજા કરશે. તંત્રધારકનું કાર્ય શ્રી શોભન બાગચી કરશે. તેઓ પણ માના જૂના ભક્ત છે અને અત્યારે શ્રીકૃષ્ણાનંદ બ્રહ્મચારી નામે જાણીતા છે.

આશા છે કે અહીં એ પ્રસંગનો ઉલ્લેખ કરવો અયોગ્ય નહીં ગણાય કે હું તાંત્રિક મંત્રમાં દીક્ષિત ન હોવા છતાં ત્રણ વાર નિયમિત રૂપે સંધ્યા અને ગાયત્રી જપ કરતો, તેમ જ હંમેશાં હરતાં-ફરતાં વૈદિક બ્રહ્મ ગાયત્રીનું સ્મરણ કરતા રહેવાનો પ્રયત્ન કરતો. બ્રાહ્મણ બાળકોના ઉપનયન કાળે જ સાવિત્રી મંત્રની દીક્ષા થઈ જાય છે. એક રીતે વિચારતાં ઉપનયન દ્વારા સંસ્કૃત કે ઉપવીત વ્યક્તિ જ શક્તિ-મંત્રમાં દીક્ષિત થાય છે. વૈદિક બ્રહ્મ ગાયત્રીના જપ વખતે એહૈતુકી કૃપાના નિદર્શન-સ્વરૂપા એક દેવી મૂર્તિ ક્ષણવાર માટે દર્શન આપતી. વર્તમાન સમયે એ ધારામાં સાધન ન કરવા છતાં પણ તેઓ આ સંતાન ઉપર કરુણા કરવામાં કૃપણતા નથી કરી રહ્યાં. સ્વપ્ન આદિમાં અથવા જપને સમયે તેઓ જુદા જુદા ભાવે દર્શન આપતાં રહ્યાં છે. મને લાગે છે કે પહેલાના કોઈક જન્મમાં ઈષ્ટરૂપે એમની ઉપાસના કરી હતી, તેથી જ જનની દયાવશ થઈને આ અધમ સંતાનને ભલે ને ક્ષણવાર માટે જ, સ્મરણ કરાવી દેતાં કે આ અબોધ બાળકને એ ભૂલ્યાં નથી. શ્રીગુરુકૃપાથી એક વાર શ્રીઈષ્ટદેવતા સાથે યુક્ત થયા પછી એ સંબંધ કદી પે વિચ્છિન્ન નથી થતો. મારો વ્યક્તિગત દૃઢ વિશ્વાસ છે કે ગાયત્રીમાં અધિકાર છે, તેમને તો એ ગાયત્રી-ઉપાસના દ્વારા જ મનુષ્યનો જે પરમ પુરુષાર્થ છે તે નિઃશ્રેયસ કે મુક્તિ પણ પ્રાપ્ત થઈ શકે. જે ઉપાસના આત્મજ્ઞાન કે બ્રહ્મજ્ઞાન મેળવી આપે તે શું સાધારણ ઉપાસના હોય ?

શ્રીમદ્ ભાગવત, તંત્ર, પુરાણ અને રામાયણ બધામાં ગુરુ દ્વારા દીક્ષિત થવાનો નિર્દેશ છે. ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણ એમના પરમ ભક્ત ઉદ્ધવને કહે છે : वैदिकी तान्त्रिकी दीक्षा मदीयव्रतधारणम्। (૧૧-૧-૩૭) "હે પ્રિય ઉદ્ધવ ! વૈદિક અને તાંત્રિક પદ્ધતિ અનુસાર દીક્ષા ગ્રહણ કરો અને મારાં વ્રતાદિ પાલન કરો." 'તંત્રસાર'માં સ્પષ્ટ ઉલ્લેખ છે કે કલિકાલમાં આગમોક્ત વિધાનથી દેવારાધના કરવી જોઈ અન્ય વિધાનથી કરવાથી દેવતા પ્રસન્ન નથી થતા. 'તારાપ્રદીપ'માં કહ્યું છે :

आगमोक्त विधानेन कलौ देवान् यजेत् सुधीः।
न हि देवाः प्रसीदन्ति कलौ चान्यविधानतः ॥ ३९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્યયુગમાં શ્રુત્યુક્ત વિધાન, ત્રેતાયુગમાં સ્મૃત્યુક્ત વિધાન, દ્વાપરયુગમાં પુરાણોક્ત વિધાન અને કલિયુગમાં આગમોક્ત વિધાન એ જ યોગ્ય છે. 'તંત્રસાર'માં એવું પણ લખ્યું છે :- અદીક્ષિત વ્યક્તિ મૃત્યુ પછી નર્કમાં જાય છે, મૃત્યુ થયા પછી એનું પિશાચત્વ નથી જતું, એટલા માટે યત્નપૂર્વક તાંત્રિક ગુરુ પાસે દીક્ષિત થવું જોઈએ. આપણાં બધાં જ શાસ્ત્રોમાં ગુરુ-મહિમા જે પ્રકારે વર્ણિત છે, એવી બીજા કોઈ પણ ધર્મમાં હશે કે નહિ, ખબર નથી.

कृते श्रुत्युक्त मार्गः स्यात् त्रेतायां स्मृतिसम्भवः ।

द्वापरे तु पुराणोक्तः कलावागम सम्मतः ॥ ४० ॥

अदीक्षितोऽपि मरणे रौरवं नरकं व्रजेत् ।

अदीक्षितस्य मरणे पिशाचत्वं न मुञ्चति ॥

तस्माद्दीक्षां प्रयत्नेन सदा कुर्वीत तान्त्रिकात् ॥ ८७ ॥

ગોસ્વામી તુલસીદાસે એમના પ્રસિદ્ધ ગ્રંથ શ્રીરામચરિતમાનસમાં કહ્યું છે કે સદ્ગુરુ પ્રાપ્ત થયા પછી સંદેહ અને ભ્રમ અર્થાત્ અજ્ઞાનનો નાશ થાય છે, જેમ વર્ષા ઋતુમાં પૃથ્વી કીટાદિ દ્વારા પૂર્ણ થઈ જાય છે અને શરદ ઋતુના આગમનથી તે જ કીટસમૂહો વિનષ્ટ થતા રહે છે.

भूमि जीव संकुल रहे, गये सरद रिंतु पाइ ।

सद्‌गुरु मिले मिटै जिमि संसय भ्रम समुदाइ ॥

આલોચ્ય વિષયમાંથી થોડુંક વિષયાંતર થઈ ગયું. આવો, આપણે ફરી દેહરાદૂનના રાયપુર શિવાલયમાં પાછા આવીએ. જે સમયનું વિવરણ લિપિબદ્ધ કરી રહ્યો છું, તે સમયે શ્રી શ્રીમાના નિર્દેશથી દેહરાદૂનના રાયપુરમાં આશ્રમના ઉપરના ભાગમાં પહાડ પર સાધુ-સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓને રહેવા માટે સૂકા ઘાસના 'બ્રહ્મલોક' નામે પાંચ ઘરો બનાવવામાં આવ્યાં હતાં. એમાંના એક ઓરડામાં રાત-દિવસ ચોવીસ કલાક અખંડ રૂપે ધ્યાન તથા જપ ચાલુ રહેતાં. એ શુભ કાર્યક્રમમાં ભાગ લેવાનું સદ્ભાગ્ય મને પણ સાંપડ્યું. રાત્રે બાર વાગ્યાથી રાતના ત્રણ વાગ્યા સુધીનો ત્રણ કલાકનો સમય મેં સ્વેચ્છાથી જપ માટે સ્વીકાર્યો. મારા પછીની વ્યક્તિ ત્રણ વાગે નહિ પણ બનતાં સુધી ચાર વાગે જ આવતી. એથી મને સહેજે કષ્ટ નહોતું થતું. ધ્યાન-જપ કરવાનો આવો સુઅવસર માએ મને કૃપા કરીને આપ્યો હતો. એ કહેવાની જરૂર નથી કે મારા જપ માટે કોઈ પણ મંત્ર ન હતો તેથી હું એક વિશિષ્ટ છંદ કે તાલમાં બ્રાહ્મણોની વૈદિક બ્રહ્મ ગાયત્રીના પંચજપ જ એ વખતે કરતો. પૂર્વોક્ત પેલાં જ મહાદેવી અહૈતુકી કૃપા કરીને મુજ અભાગિયાને એ વખતે પણ વચ્ચે વચ્ચે દર્શન આપીને કૃતાર્થ કરતાં હતાં.

આ સંસાર ખરેખર તો અનિત્ય અને ક્ષણભંગુર છે. જેમને આત્મીય ગણીને કોણ જાણે કેટલાં સુખ સ્વપ્નો મનની કલ્પનામાં જોયાં હતાં, એ બધાં પણ આંખો સામે ચિતાના અગ્નિમાં ભસ્મીભૂત થઈ જશે. આવાં વૈરાગ્ય-ઉત્પાદક દૃશ્યો પણ એમની કરુણાથી જોવા મળતાં હતાં. જેઓ જીવન-મરણના એકમાત્ર આશ્રય છે, અતિ પ્રેય અને શ્રેય છે, એમને જ પરમ સ્વજન માનીને હૃદયમાં ધારણ કરવા પડશે - આ પણ એમણે કૃપા કરી જણાવ્યું હતું. જીવનનાં એકમાત્ર આધારસ્વરૂપા અને પરમ કલ્યાણમયી એ મહાદેવી માત્ર દર્શન આપીને જ વિરત ન થયાં, પરંતુ એમને હૃદયમાં ધારણ કરવાથી જે સુખ, શાંતિ, ને આનંદ મળે છે તે અનુભવવાનો પણ જનનીએ દયા કરીને મને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુયોગ આપ્યો હતો. ક્ષણવાર માટે એકાંત શાંત ચિત્તે બ્રહ્મલોકના ધ્યાનમગ્ન શુભ મુહૂર્તનું સ્મરણ કરીને અત્યારે પણ આખું શરીર આનંદથી પુલકિત થઈ જાય છે. એ વખતે સ્થિરાસનમાં રહીને કરવાની એક વિશેષ ક્રિયા પણ એમણે આ શરીરને કરાવી હતી.

ઘોર રાત્રિમાં કે જ્યારે જગત ગાઢ નિદ્રામાં મગ્ન હતું, હું આસન પર સ્થિર બેસીને એક વિશેષ છંદોબદ્ધ ભાવે ગાયત્રી મંત્રનો જપ કરી રહ્યો હતો. જપ કરવાના લગભગ એકાદ કલાક પછી, શી ખબર, કઈ અચિંતનીય શક્તિના પ્રભાવથી મારું શરીર આસનમાં બેઠું બેઠું જ ધીમે ધીમે દક્ષિણાવર્તમાં આવર્તિત, ઘૂર્ણિત થવા માંડ્યું. એનો વેગ ક્રમશઃ વૃદ્ધિ પામીને કુંભારના ચક્રની માફક એ ભમવા લાગ્યું. મને થયું કે આ શું થઈ રહ્યું છે ? એમાં મારો લેશમાત્ર પ્રયત્ન કે ચેષ્ટા નહોતી, પરંતુ ચેષ્ટા કરવા છતાં હું એને રોકી ન શક્યો. થોડાક સમય સુધી આમ થતું રહ્યું ને પછી ધીરે ધીરે શાંત થઈ ગયું. જ્યાં સુધી એ ક્રિયા મારા શરીરમાં થતી રહી, ત્યાં સુધી સાથોસાથ એક શબ્દ મારી અંદરથી નીકળ્યા કરતો હતો. હું શંકિત થતો હતો કે એ શબ્દ (અવાજ)થી જો પાસેના ઓરડામાં સૂતેલું કોઈ જાગી જશે તો શું વિચારશે ? આવી શંકાને લીધે હું એ અવાજને બંધ કરવા મથી રહ્યો. જો એ વખતે મને એવી ખબર હોત કે આ શબ્દ માત્ર મારે જ સાંભળવા માટે છે, બીજા માટે નથી, તો કદાચ એ ક્રિયાને અટકાવવાનો પ્રયત્ન જ હું ન કરત. કદાચ એનું ફળ સારું જ હોત.

બીજે દિવસે પણ આમ બન્યું, પણ એનો વેગ આગલા દિવસ કરતાં થોડો ઓછો હતો અને સમયનો પરિભાગ પણ થોડો હતો. ત્રીજે દિવસે અથવા ત્યાર પછી બીજે કોઈ દિવસે એવું ન બન્યું. કૃતકર્મા (અનુભવી) વ્યક્તિ પાસેથી એ ક્રિયા શીખવી જોઈએ અથવા તો સ્વાભાવિક રૂપે શ્રી શ્રી માતૃ-કૃપાથી કોઈનામાં જો એ સ્ફુરિત થાય તો જ કરાય અન્યથા એનું વિપરીત ફળ મળે. આ ઘટના બાદ લગભગ દસ વર્ષ પછી પૂનાના પ્રસિદ્ધ યોગી શ્રી ગુલાબની મહોદય સાથે મારી મુલાકાત મારા મહારાષ્ટ્રીય મિત્ર શ્રી રાજારામ ગોવિંદ આકૂતને ઘેર થઇ, ત્યાં સાંભળ્યું કે કુંડલિની શક્તિને જાગૃત કરવા માટે તેઓ આ ક્રિયા એમના શિષ્યોને શીખવાડતા હતા. વાતવાતમાં શ્રી ગુલાબનીજીને મારા એ દિવસોના અનુભવ તથા અજ્ઞાનતા વિષે જણાવ્યું તો એમણે કહ્યું કે તમારી કુંડલિની શક્તિ જાગૃત થવાની ક્રિયા થઈ રહી હતી, તમે એને અટકાવીને તમારી ઉન્નતિના પથમાં બાધા દીધી. જ્યારે કંઈ થવાનું ન હોય ત્યારે એવી જ બુદ્ધિ તથા યોગાયોગ પેદા થઈ જાય છે. આધ્યાત્મિક ઉન્નતિનો સુયોગ જીવનમાં એક વાર જ આવે છે, વારંવાર નહિ. કરુણામયી મા સંતાનોને સર્વ પ્રકારે દુઃખમુક્ત કરવા માટે કેવી વ્યવસ્થા કરે છે, પરંતુ આપણું પ્રારબ્ધ એટલું બધું પ્રબળ છે કે એને સફળ નથી થવા દેતું.

એક દિવસ મોકો મળ્યો ત્યારે સ્નેહમયી શ્રી શ્રી માનાં ચરણોમાં પેલી વિલક્ષણ ઘટના વિષે વાત કરી, તો શ્રી શ્રી માએ આગામી શ્રીકાલી-પૂજાની મહાનિશામાં એક નામ ગ્રહણની વાત કરી. જોતજોતામાં એ શુભ દિન આવી પહોંચ્યો. માના રાયપુર આશ્રમમાં ત્યારે કાલીપૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જે શિલ્પીએ શ્રીદુર્ગા-પ્રતિમા બનાવી હતી, તેમણે તે વખતથી જ કાલી મૂર્તિ બનાવી રાખી હતી. શ્રી શ્રી માના નીચેના શયનકક્ષમાં પૂજા નક્કી થઈ. દુર્ગાપૂજાથી અત્યાર સુધી એ ઓરડામાં જ શ્રી મા કાલીની મૂર્તિને સફેદ ચાદરથી ઢાંકી રાખી હતી.

શ્રી કાલી-પૂજા પહેલાં એક દિવસ શ્રી શ્રી માએ દયા કરીને મને એમની સાથે એકાંતમાં બેસીને વાત કરવાનો અવસર પ્રદાન કર્યો, વાતવાતમાં મને પૂછ્યું કે કયું નામ મને વધારે ગમે છે તથા કયા દેવતાની મૂર્તિ મને અધિક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પસંદ છે. આ બધી આલોચના દરમ્યાન એક અભિનવ રીતે જ "નામ-ગ્રહણ"નો સંકેત માએ દયા કરીને કહી દીધો.

એ અભિનવ સંકેત શો હતો, તેનું અહીં સવિસ્તાર વર્ણન નથી કરતો, કારણ કે એ એક નવી જાતની પ્રક્રિયા છે. એ ઉપાય એટલો બધો સુંદર અને મર્મસ્પર્શી છે કે એ જાણી શકાય તો કેટલાક એનું અનુકરણ કરી શકે, એ જ આશંકાથી એનું સંપૂર્ણ વિવરણ નથી આપી શક્યો. પરમારાધ્યા શ્રી શ્રી મા પણ એના પ્રકટીકરણનું અનુમોદન નથી કરતાં, તે હું જાણું છું. જો કોઈને એ જાણવાની તીવ્ર આકાંક્ષા હોય તો તેઓ કરુણામયી શ્રી શ્રી માને પ્રકૃત જિજ્ઞાસુની આર્તિ સાથે પૂછી શકે છે. તેઓ જો દયા કરીને એના પર પ્રકાશ નાખે તો જ એ અભિનવ સંકેત પ્રકાશિત થશે, અન્યથા ગુપ્ત જ રહેશે. એ અપૂર્વ તથા નવીન પ્રકારનો સંકેત પ્રકાશ માટે મેં લખ્યો હતો, પરંતુ પછીથી આગળ-પાછળનો વિચાર કરીને મેં માંડી વાળ્યું.

શ્રીકાલી માતાની પૂજાનો આરંભ થયા પછી મહાનિશામાં શ્રી શ્રી માને મારા વાસસ્થાને લઈ જવા માટે માએ મને કહી રાખ્યું હતું. એમના નિર્દેશાનુસાર યથાસમય માને પ્રાર્થના કરતાં જ કરુણામયી મા પૂજા-સ્થળેથી ઊઠીને મારા ઓરડામાં આવ્યાં, અને અન્ય કોઈને ત્યાં પ્રવેશવાનો નિષેધ કર્યો. પરમ કરુણામયી શ્રી શ્રી માએ આસન પર બિરાજતાં તરત કહ્યું, "અપની વહ ચીજ લે આઓ. જૈસે કહા ગયા થા વૈસે હુઆ યા નહીં દેખૂં." માના આદેશ પ્રમાણે એને મા સામે લાવ્યો, માએ જોઈને કહ્યું, "હાં, ઠીક હુઆ." પછીનું કર્મ સમાપ્ત થયા બાદ માની સંપૂર્ણ વસ્તુઓને લાવ્યા પછી માએ ફરીથી કહ્યું, "ઈસ નામકો ગ્રહણ કરો." અનુષ્ઠાનિક ક્રિયાના સમાપન પછી શ્રી શ્રી માના શ્રીપાદપદ્મમાં પ્રણામ કર્યા ત્યારે એમણે વરદ હસ્ત મારા મસ્તક પર મૂકીને આશીર્વાદ આપ્યા. આ રીતે મહાપુણ્યશાળી ક્ષણે શ્રીકાલી-પૂજાની મહાનિશામાં પરમ કૃપામયી શ્રી શ્રીમા દ્વારા અપાયેલી "નામ-દાન" ક્રિયા સંપન્ન થઈ. એ દિવસથી માંડીને પ્રત્યેક રાત્રિએ બાર વાગ્યાથી પ્રાતઃકાળ ત્રણ વાગ્યા સુધી 'બ્રહ્મલોક'માં બેસીને આ અભિનવ રૂપે મળેલા નામનું જ સાધન કરવાનો મને નિર્દેશ આપ્યો. મારાં આ સામાન્ય જીવનમાં આ જાતની ઘટનાને માની અહૈતુકી કૃપા સિવાય બીજું શું કહેવું ? માએ આપેલા નામ-સાધનનો મન ઉપર શો પ્રભાવ પડ્યો. તેનું સંક્ષેપમાં વિવરણ અહીં આપવાનો પ્રયાસ કરું છું.

થોડા દિવસ સુધી માના આદેશ પ્રમાણે રાતના બાર વાગ્યાથી પ્રાતઃ ત્રણ કે ચાર વાગ્યા સુધી નામ કરવાને પરિણામે મારા મનમાં એક ભાવનો ઉદય થયો. મને થયા કરતું હતું કે "આ સંસારમાં મારા જેવો દીન, હીન માણસ બીજો કોઈ નથી ! મારી આવી દીનતા અને અયોગ્યતાને લીધે બધા જ મને ઉપેક્ષાની દૃષ્ટિથી જુએ છે." તેથી હંમેશ હું ઓરડામાં એકલો રહેતો હતો. કોઈની સાથે વાતચીત કરવી તો દૂર, કોઈને મળતો સુદ્ધાં નહિ. રડી રડીને આંસુથી ઓશિકું ભીનું કરી દેતો. આ પ્રકારની મર્માન્તક વેદના અને ગ્લાનિ મનમાં ભરીને થોડા દિવસ પસાર કર્યા. આવા ભરાયેલા મન સાથે હું મા પાસે પણ ન જતો. ઓરડામાંથી નીકળતો જ નથી કદાચ એ જોઈને એક દિવસ સાંજે સ્નેહમયી શ્રી શ્રી માં દયા કરીને એકલાં જ મારા ઓરડામાં ઉપસ્થિત થયાં. એમણે જ્યારે ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે હું પથારીમાં પડ્યો પડ્યો આંખોના પાણીથી તકિયાને ભીંજવી રહ્યો હતો. મારી પથારી પાસે બેસીને માએ પૂછ્યું, "તુમકો ક્યોં નહીં દેખ પાતી ? કમરેસે બાહર ભી નહીં આતે, કિસીસે બાતચીત ભી નહીં કરતે, તુમકો ક્યા હુઆ?" કરુણામયી શ્રી શ્રી માના સ્નેહમય અવાજથી મર્મવેદનામાં હું એકદમ વિહ્વળ થઈ ગયો, મારી વાણી રૂંધાઈ ગઈ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થોડી વારમાં ધૈર્ય ધારણ કરીને માના ચરણોમાં નિવેદન કર્યું. મારી હૃદય-વેદનાની વાત સાંભળીને એમણે થોડાક જ શબ્દોમાં કહ્યું, "સાધનાકી અવસ્થામેં કિસી કિસીકા મનોભાવ ઐસા હોતા હૈ." આમ કહેતાં સંતાનવત્સલા માએ એમનો વરદ હસ્ત બે-ત્રણ વાર મારા મસ્તક અને હૃદય ઉપર ફેરવ્યો. અહો આશ્ચર્ય ! કેવી અદ્‌ભુત શક્તિ માની ! માની વાતોએ મંત્રશક્તિ સમાન કાર્ય કર્યું. મનની પેલી વિષાદગ્રસ્ત અવસ્થા જો વધારે દિવસ ચાલુ રહેત તો હું ગાંડો થઈ જાત અથવા તો કોઈ માનસિક રોગથી આક્રાંત થઈ જાત. આમ એ દિવસે એમણે મને આસન્ન વિપત્તિમાંથી બચાવ્યો. આ પણ મારા જીવનમાં સ્નેહમયી માની એક અહૈતુકી કૃપાનો જ પરિચય છે. ન બોલાવ્યા છતાં, પ્રાર્થના ન કર્યા છતાં પણ તેઓ આવે છે અને આપણને વિપત્તિમાંથી મુક્ત કરે છે, એનો દાખલો આ ઉપર્યુક્ત ઘટના છે.

મંગલમયી શ્રી શ્રી માનો સ્પર્શ પામ્યા પછી મારી માનસિક ગ્લાનિ સદંતર દૂર થઈ ગઈ, અને સાથોસાથ હું અનુભવવા લાગ્યો કે આ જગતમાં કોણ કોને ઘૃણા કરે ? કોણ કોની ઉપેક્ષા કરે ? બધાં એ ભગવાનના જ સચળ અને અચળ વિગ્રહો છે. બધાં પ્રાણીઓમાં, એટલે સુધી કે ઝાડ-પાન-લતા-ગુલ્મમાં પણ એકમાત્ર એ જ પરમાત્માનો નિવાસ છે. એટલા માટે આ સંસારમાં કોઈ પણ ઘૃણ્ય કે ઉપેક્ષણીય નથી, બધાં જ શ્રદ્ધાને પાત્ર અને નમસ્કારયોગ્ય છે.

એ દિવસોમાં એક વાર શૌચાદિ પતાવીને, નહેરને કિનારે બેસીને; દાંત ઘસતી વખતે ઝાડની ડાળી તોડતાં મનમાં એવું જ થતું હતું કે મારા હાથને બીજું કોઈ મરડે તો જેમ મને પીડા થાય તેમ જ ઝાડની ડાળી તોડતાં એને પણ એવી જ પીડા થાય છે. તે દિવસથી ઝાડની ડાળી તોડીને દાંત ઘસવાનું સદાને માટે બંધ થઈ ગયું. આચાર્ય જગદીશચંદ્ર બસુ (વૈજ્ઞાનિક) કહેતા કે આ વિશ્વની પ્રત્યેક વસ્તુમાં એક અખંડ શાશ્વત સત્ય છુપાયેલું છે. આ વાત તદ્દન સાચી છે એ હું જાણે ક્રમવાર અનુભવવા લાગ્યો. કરુણામયી માની સ્પર્શશક્તિનું આ અમોઘ ફળ છે એને હું મુક્તકંઠે સ્વીકારું છું. આ અયોગ્ય સંતાન પર એમની અહૈતુકી કૃપાને માટે એમના શ્રીપાદપદ્મમાં હું વારંવાર કૃતજ્ઞતા અર્પણ કરું છું.

સંતની અવળી વાતો

સંત ઈબ્રાહીમ રાત્રે રસ્તા પરથી જતા હતા. મધ્યરાત્રિએ એક માણસને જતો જોઈ પહેરેગિરે પૂછ્યું, "કોણ જાય છે ?" સંતે જવાબ આપ્યો, "ગુલામ." પહેરેગિરે પૂછ્યું, "ક્યાં જાઓ છો ?" સંતે ઉત્તર આપ્યો, "કબ્રસ્તાનમાં." આવા અવળા ઉત્તરો સાંભળીને પહેરેગિરે સંતને માર્યા અને અંધારી કોટડીમાં પૂરી દીધા. સવાર થતાં કોટડીનો દરવાજો ખોલ્યો તો જોયું કે આ તો સંત ઈબ્રાહીમ છે, એટલે એણે ખૂબ માફી માગી અને પૂછ્યું, "તમે જે ઉલટા ઉત્તરો આપ્યા તેનો શો અર્થ છે ?" સંતે કહ્યું, "આપણે સહુ ખુદાના ગુલામ છીએ, એટલે કહ્યું ગુલામ; અને સહુનું આખરી ગંતવ્ય સ્થાન કબ્રસ્થાન છે, એટલે કહ્યું કબ્રસ્તાન." પહેરેગિરે ફરીથી ક્ષમા માગી અને છુટા કર્યાં.

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્મૃતિ-સુમન

- પદ્મશ્રી રાની લીલા રામકુમાર ભાર્ગવ.

માને ગુરુરૂપે પ્રાપ્ત કરવામાં એમની અહૈતુકી કૃપા તથા મારા પૂર્વ જન્મનાં સંપિત પુણ્યકર્મો જ કારણ છે, જેને પરિણામે મને માના આર્શીવાદ અને સાન્નિધ્ય સાંપડ્યું. માના પ્રથમ દર્શન તે મારા જીવનની સહુથી અમૂલ્ય ક્ષણ હતી. એમના કરુણામય મમતાસભર મુખમંડળ અને તેજસ્વી વ્યક્તિત્વએ તો સદા-સદાને માટે મારા હૃદયપટલ પર ઘર કરી દીધું.

મારાં કેટલાંક સંસ્મરણો રજુ કરું છું. :

મે, ૧૯૫૬ની વાત છે. બનારસમાં માની હીરક જયંતિ ઉજવાતી હતી. આશ્રમમાં ખૂબ જ ભવ્ય આયોજન કર્યું હતું. ઉચ્ચ કોટિના અનેક સંતો, મહાત્માઓ તથા દેશવિદેશના હજારો શ્રદ્ધાળુઓ માના જન્મોત્સવ માટે આવ્યા હતા. માના આસન તરીકે અષ્ટધાતુનું અત્યંત સુંદર સિંહાસન બનાવવામાં આવ્યું હતું. એમનું "તુલાદાન" પણ થયું હતું. પ્રાતઃ કાળથી જ વિભિન્ન આયોજનો, ભજન-કીર્તન, પ્રવચનો, શતચંડી પાઠ ઈત્યાદિ શરૂ થઈ ગયાં હતાં. આખો દિવસ ભંડારો ચાલુ હતો.

મધ્યરાત્રિથી માનું પૂજન શરૂ થયું. જન્મોત્સવનું પૂજન સામાન્ય પૂજન નહોતું, ષોડષોપચારથી થતું અને કેટલાયે કલાકો સુધી ચાલતું, જેના 'કવરેજ' માટે ભારતીય અને વિદેશી કૅમેરામૅનોની 'ટીમ' કલાકો સુધી ઊભી રહીને ફોટા લેતી. પૂજનની ગતિ વધતાં માના શ્રીશરીરમાં પણ જાણે વિલક્ષણ ક્રિયાઓ શરૂ થતી. પૂર્ણ સમાધિનાં દર્શન થતાં. ભક્તોનું નિરંતર કીર્તન થતું. પ્રત્યેક જન્મોત્સવમાં આમ થતું. કેટલીક વાર બપોર સુધી મા સમાધિસ્થ રહેતાં. ઘણા ભક્તોમાં ચિંતા વ્યાપી જતી - મન આજે પણ યાદ છે કે શ્રી ગોપીનાથ કવિરાજજી આર્ત સ્વરે "માઁ માઁ" પોકારી રહ્યા હતા અને અમારા સહુનાં હૃદય-સ્પંદનો વધી ગયાં હતાં. માના પ્રકૃતિસ્થ થવાની સાથે જ બધાંમાં હર્ષની લહેરો વ્યાપી ગઈ. આ જ ક્રમ પ્રત્યેક જન્મદિવસે થતો.

મા ઘણી વાર નૈમિષારણ્ય પધારતાં. ૧૯૬૦માં ત્યાં સંયમ-સપ્તાહ ઉજવાયો હતો. આશ્રમની ઝાડૂવાળીએ પણ ખૂબ પ્રેમ અને શ્રદ્ધાથી માની આરતી ઉતારી, અને માએ એને આશીર્વાદરૂપે એક સુંદર બનારસી સાડી આપી.

કાનપુર પણ મા ઘણી વાર પધારતાં. જયપુરિયા અને સિંઘાનિયા પરિવારનું આમંત્રણ રહેતું. સ્વદેશી હાઉસમાં ૧૯૬૭માં માનો જન્મોત્સવ પણ ઉજવાયો હતો. ૧૯૬૧માં પણ એમનું આગમન થયું હતું. થોડાં વર્ષો બાદ શ્રી અતુલકૃષ્ણ ગોસ્વામી દ્વારા વાલ્મીકિ રામાયણ પર નવ દિવસનું પ્રવચન પણ ત્યાં જ યોજાયું હતું.

સિંઘાનિયાજીના રાધાકૃષ્ણ મંદિરમાં સ્વામી અખંડાનંદજી દ્વારા ભાગવત-પ્રવચન ૧૫ દિવસ માટે ૧૯૭૦માં શરૂ થયું, જે દર વર્ષે થતું. આ ક્રમ પાંચ વર્ષ સુધી ચાલુ રહ્યો. સર્વ આયોજનનું કેંદ્રબિંદુ મા હતાં. દર્શન માટે અસંખ્ય લોકો પ્રાતઃકાળથી જ લાઈનમાં ઊભા રહેતાં.

૧૯૭૧માં 'ગંગાકુટી'માં, જેનું નિર્માણ સર પદમપત સિંઘાનિયાએ માને માટે કર્યું હતું, માએ મને દીક્ષા આપી, અને માને ગુરુરૂપે મેળવીને મારું જીવન ધન્ય થઈ ગયું.

તત્કાલીન રાજપાલ શ્રી ગોપાલ રેડ્ડી સપત્નીક માના દર્શનાર્થે ત્યાં ગયા હતા. તેઓ માના જૂના ભક્ત હતા,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને એમણે એમના એક પુત્રનું નામ પણ માના નામ ઉપરથી આનન્દ પાડ્યું હતું. ૧૯૭૫માં કાનપુરમાં સંયમ સપ્તાહ યોજાયો. ગવર્નર ડૉ. ચેન્ના રેડ્ડી આતુરતાથી માના દર્શનાર્થે આવ્યા. એમને તથા એમનાં પત્નીને માનાં દર્શન-મુલાકાત મારા જ પ્રયાસથી થયાં.

નૈમિષારણ્ય પ્રત્યે જાણે માને વિશેષ સ્નેહ હતો. માનું આગમન અવારનવાર થતું. ૧૯૬૮માં સ્વામી અખંડાનંદજીએ ત્યાં ભાગવત કર્યું. ૧૯૮૧ ના જુલાઈમાં શ્રીમતી ઈંદિરા ગાંધીએ માની પુનીત ઉપસ્થિતિમાં 'વૈદિક અને પૌરાણિક અનુસંધાન કેંદ્ર'નું ઉદ્‌ઘાટન કર્યું. (એ સંસ્થા માના 'ખ્યાલ'થી જ શરૂ થઈ છે.) ત્યાર બાદ ઈંદિરાજીએ આશ્રમમાં ભોજન કર્યું, અને લાંબો સમય મા પાસે ઉપરના ઓરડામાં બેસી રહ્યાં. ઉ. પ્ર.ના તત્કાલીન મુખ્ય પ્રધાન, અન્ય પ્રધાનો, અધિકારીઓ વગેરે નીચેના વરંડામાં જ બેસી રહ્યા. મા એમના ઓરડામાં ખાટલા પર વિરાજમાન હતાં. સામે નીચે જમીન પર એક બાજુ ઈંદિરાજી તથા બીજી બાજુ હું બેઠી હતી. માને આંગણે આ કંઈ અસાધારણ બનાવ નહોતો. ભારતના રાષ્ટ્રપતિઓ, મુખ્ય પ્રધાનો ઉપરાંત વિદેશોના પણ રાષ્ટ્રાધ્યક્ષો માના ચરણોમાં બેસતા. પંડિત જવાહરલાલ નેહરુને પણ મા પ્રત્યે પુષ્કળ શ્રદ્ધા હતી. એમનાં માતા સ્વરૂપરાનીજી, પત્ની કમલાજી તથા પુત્રી ઈંદિરાજી તો માનાં અનન્ય ભક્તો હતાં જ. નેતાઓમાં સુભાષચંદ્ર બોસ, લોકનાયક જયપ્રકાશ નારાયણ, રાજગોપાલાચાર્ય, ડૉ. રાજેંદ્રપ્રસાદ, ગુલઝારીલાલ નંદા, મોરારજી દેસાઈ, ઝૈલસિંગ વગેરે પણ માને ખૂબ માનતા. અનેક વિદેશી વિશિષ્ટ રાજનેતાઓ ઉપરાંત કેનેડાના રાષ્ટ્રપતિ ટ્રુડો પણ માના દર્શનાર્થે આવ્યા હતા. ('આનંદવાર્તા'ના એક અંકમાં શ્રીટ્રુડો મા દ્વારા અપાયેલા આસન સાથે મા પાસે ઊભા છે તે ફોટો પણ છપાયો હતો. સાંભળ્યું છે કે તેઓ કાર્યાલયમાં પણ માનો ફોટો રાખતા.) પાકિસ્તાનના હાઈ કમિશ્નર રજા ગજનફર અલી ખાં પણ માના દર્શન માટે આવ્યા હતા.

રાજમાતા વિજયા રાજે સિંધિયાને મા પ્રત્યે અખંડ શ્રદ્ધા હતી. એક વાર માના દર્શનાર્થે તથા અનુષ્ઠાનમાં ભાગ લેવા માટે તેઓ નૈમિષ આવ્યાં. વિમાન દ્વારા આવ્યાં હોવાથી એમના કર્મચારીઓ જીપમાં આવવાના હતા. એમનો સામાન પણ એમાં એમાં આવવાનો હતો. એમણે માને કહ્યું, "મા, હું હવે શું કરું? મારો તો એક્કે સામાન નથી આવ્યો." માએ કહ્યું, " ચિંતા મત કરો," અને મારી સામે જોઈને કહ્યું, "તુમ ઈનકો સંભાલ લેના." મેં કહ્યું કે "હું એમને મારી સાથે નિરીક્ષણ-ભવનમાં ઉતારો આપી દઈશ, એમને કોઈ જાતની અગવડ નહીં પડે. રાજમાતા સાથે મને જૂની ઓળખાણ પણ હતી.

૧૪, મે, ૧૯૭૪ની અક્ષય તૃતીયા વખતે નૈમિષમાં પુરાણ મંદિરની સ્થાપના થઈ. શોભાયાત્રામાં મા આગળ આગળ દ્રુત ગતિએ ચાલતાં હતાં અને પાછળ પાછળ અમે લોકો. ધગધગતો તડકો હતો, જમીન દઝાતી હતી, અમે બધાં ઉઘાડે પગે હતાં, પરંતુ માની ઉપસ્થિતિ એટલી બધી પ્રેરણાપ્રદ હતી કે ધરનીની ઉષ્ણતાનો અમારા પર કંઈ પ્રભાવ પડતો ન હતો.

મા વેદમંદિરની સામે વરંડામાં ખુરસીમાં બેઠાં હતાં. હું પગથિયા પર એમના ચરણો પાસે બેઠી હતી.-મા થોડો, વખત પહેલાં અયોધ્યા ગયાં હતાં, ત્યાંનું કનકભવનનું વર્ણન ખૂબ મુદિત હોય તેમ સંભળાવતાં હતાં, - ઉપરના કક્ષમાં સીતાજીનો બેડરૂમ તો છે જ, એમનો ડ્રેસિંગરૂમ અને બાથરૂમ પણ છે, અને સાથે સેવિકાઓ ડ્યૂટી પર રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા તો મા જ છે !

એક વાર હું માના દર્શન માટે માત્ર થોડાક કલાક નૈમિષ ગઈ. સાથે ઘણા લોકો હતા. ભોજન હું લખનૌથી સાથે જ લેતી ગઈ હતી. માએ મને કહ્યું, "પ્રસાદ લેકર જાના" મેં આશ્રમમાં સૂચના પણ મોકલી નહોતી. માએ સ્મિતપૂર્વક કહ્યું, "અપના અચ્છા અચ્છા ભોજન આશ્રમમેં છોડ દેના ઔર યહાંકા સીધાસાદા પ્રસાદ લે લેના". માનો પ્રસાદ એટલો બધો સ્વાદિષ્ટ હોય કે એની આગળ છપ્પન ભોગો યે ફિક્કા પડે !

મા જ્યારે જ્યારે નૈમિષ કે કાનપુર આવતાં ત્યારે હું માના દર્શન માટે અચૂક જતી.

મા કાનપુર પધાર્યાં. ભાગવત ચાલતું હતું. હું પણ માના દર્શન માટે લખનૌથી ગઈ. એમની પાસે થોડી વાર બેસી રહી. સાથે બીજા લોકો પણ હતા. ભોજનનો સમય થયો હતો. મા પાસે ઘણા બધા ભક્તો બેઠા હતા, માએ પ્રસાદની કંઈ ચર્ચા ન કરી. હું બધાંને લઈને એક ભોજનાલયમાં ચાલી ગઈ જ્યાં બધાંએ ભોજન કર્યું, મેં ભોજન ન કર્યું. મારું મન દુઃખી હતું કે આજે માએ પ્રસાદ લેવાનું ન કહ્યું. સાંજે દર્શન કરવા ગઈ, માએ પૂછ્યું, "પ્રસાદ લિયા થા?" મેં કહ્યું, "મા, આજે આપે ન પૂછ્યું તો મને થયું કે આપ મારાથી નારાજ છો, એટલે મેં પણ પ્રણ લઈ લીધું કે જ્યાં સુધી મા ન પૂછે ત્યાં સુધી હું ભોજન નહીં કરું." બસ, આ ઘટના પછી મા કંઈ કેટલીયે વાર મને ભોજન માટે કહેવડાવતાં. કોઈ વાર પોતે જ બોલાવડાવીને કહેતાં, કોઈ વાર લેડી સિંઘાનિયા મારફત કહેવડાવતાં, કોઈ વાર એમની વહુઓ બોલાવવા આવતી. મેં માને કહ્યું, "મા, હવે બહુ થયું. હું લજ્જિત છું. મને ક્ષમા કરો. હું જાતે જ પ્રસાદ લેતી રહીશ."

મારા પતિ રાજા રામકુમારજી ભાર્ગવ તથા મારાં બાળકોને મામાં અટૂટ શ્રદ્ધા હતી. મારા જોડિયા પુત્રો લવ-કુશ જ્યારે નાના હતા ત્યારે ખૂબ કીર્તન કરતા, અને ગાતા પણ બહુ. બંન્ને માની પાછળ પાછળ ફરતા. મા કહેતાં, "યે હમારે દોસ્ત લોગ હૈં." અને એમને કીર્તન કરવાનું કહેતાં. જ્યારે મા નૈનીતાલ આવ્યાં હતાં ત્યારે અમારા પાડોશી રાજા જગન્નાથ બખ્શ સિંહને ત્યાં રહ્યાં હતાં. એમણે પોતાના કમ્પાઉન્ડમાં એક નવો ઓરડો બંધાવ્યો હતો જેમાં મા એક રાત રહ્યાં. એમની પુત્રી પ્રેમકુમારીજી તથા જમાઈ કુચામનના રાજા પ્રતાપસિંહ માના અનન્ય ભક્તો હતાં. આખો દિવસ માના દર્શન માટે લોકો આવતા રહ્યા. આઝાદ હિંદ ફૌજના કૅપ્ટન રામસિંહે વાયોલિન વગેરે ઑરકેસ્ટ્રા પર માને ભજન-કીર્તન સંભળાવ્યાં. મા જ્યારે અંદરના કક્ષમાં વિશ્રામ કરતાં હતાં ત્યારે માના આદેશાનુસાર બહાર વરંડામાં હું હારમોનિયમ પર ભજન સંભળાવતી હતી.

માએ લખનૌ-આગમન દરમ્યાન અમારે ઘેર પણ બે-ત્રણ વાર પધારવાની કૃપા કરી હતી. ઘરની અંદર તો ન પધાર્યાં, પણ બહાર વરંડામાં પધાર્યાં, કે જ્યાં પાટ પર માને માટે અમે આસન ગોઠવતાં. જ્યારે મા પહેલી વાર પધાર્યાં, ત્યારે મોટરમાંથી ઉતરતી વખતે ડૉ. પન્નાલાલ (આઈ.સી.એસ.) કે જેઓ મા સાથે જ આવ્યા હતા, વાંધો ઉઠાવતા બોલ્યા, "મા, આપ ઘરની અંદર કેવી રીતે જશો?" એ વિષે મેં કહ્યું, "મા, અહીંયા દર વર્ષે જન્માષ્ટમી ઉપર ઉત્સવ ચાલે છે, દર અઠવાડિયે કીર્તન થાય છે અને સંત-મહાત્માઓ આવ્યા કરે છે, એમનાં પ્રવચનો પણ થાય છે. આ વરંડાની ઉપર અગાશી છે જ્યાં કોઈ રહેતું નથી." માએ પન્નાલાલને કહ્યું, "યહાં પર કૃષ્ણ-જન્મોત્સવ હોતા હૈ ઈસલિયે કોઈ હર્જ નહીં."

ગોમતીને કિનારે પેપર મિલની સામે અમારું એક વિશાળ મંદિર તથા બે ઘાટ હતા. માએ એક વાર ત્યાં પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પધારવાની કૃપા કરી હતી, અને ભગવાન કૃષ્ણનો વિગ્રહ જોઈને પ્રસન્નતાપૂર્વક કહ્યું, "કાલી મૂર્તિ કૈસી સુંદર હૈ. વૃંદાવન, મથુરાકે દ્વારિકાધીશ ઔર બિહારીજીકી તરહ." આજકાલ તો ઘણા મંદિરોમાં કૃષ્ણની સફેદ મૂર્તિ હોય છે. ૧૯૭૧ માં ઉત્તર પ્રદેશ સરકારે પૂર-નિયંત્રણ-યોજના હેઠળ જ્યારે મંદિર અને એની સાથેનો વિશાળ ભૂમિ-ખંડ અધિકૃત કરી લીધો ત્યારે મંદિરનું સ્થાનાંતર મેં મારા નિવાસે કરી દીધું. ત્યાર પછી જ્યારે મા અમારે ઘેર પધાર્યાં ત્યારે મંદિરમાં બહુ વાર સુધી ઊભાં રહીને રાધાકૃષ્ણના વિગ્રહોની પ્રશંસા કરી.

મારા મોટા દીકરા રંજીત સાથે એક વાર હું કલકત્તા અને પુરી જતી હતી. દિવસે થોડા કલાક માટે બનારસ આશ્રમમાં માના દર્શનાર્થ રોકાઈ ગઈ. માએ સ્વયમ્ સામે ઊભા રહીને ભોજન કરાવ્યું. થોડા સમય પૂરતાં અમે મંદિરોના દર્શન કરવા બહાર નીકળી પડ્યાં હતાં. પાછાં ફર્યાં ત્યારે બ્રહ્મચારીઓએ કહ્યું, "તમે ક્યાં જતાં રહ્યાં હતાં ? મા તમારા ઓરડામાં આવ્યાં હતાં." કેટલો પસ્તાવો થયો મને બહાર રહેવાનો, હું કહી નથી શકતી !

મારી પુત્રી રીતા ખૂબ અસ્વસ્થ રહેતી હતી. મેં માને પ્રાર્થના કરી, "મા, આને એવા આશીર્વાદ આપો કે એને સારી રીતે એક પુત્ર થઈ જાય." માની કૃપાથી જ એને દીકરો મળ્યો જેનું નામ અમે આનન્દ પાડ્યું.

સાલ તો મને યાદ નથી, પણ બહુ જૂની વાત છે. મા લખનૌમાં જંગલખાતાના નવનિર્મિત વિશ્રામગૃહમાં બે-ત્રણ દિવસ રોકાયાં. શ્રી રામેશ્વર સહાય (ડૉ. પન્નાલાલના જમાઈ) 'ચીફ કન્ઝર્વેટર ઑફ ફૉરેસ્ટ્સ' હતા. થોડા જ સમય પહેલાં એમના એકમાત્ર પુત્રનું દુઃખદ અવસાન એક દુર્ઘટનામાં પૅરિસમાં થઈ ગયું હતું. માનો કાર્યક્રમ લખનૌ પહેલાં કાનપુરમાં ચાલતો હતો. શ્રી સહાય તથા એમનાં પત્ની લીલા સહાયની મનઃસ્થિતિ એવી બરોબર નહોતી કે માને માટે વ્યવસ્થા કરી શકે. તેથી એ જવાબદારી મેં સંભાળી લીધી, અને હું કાનપુરથી વહેલી આવતી રહી. એ વખતે માની કૃપાથી માની સેવાનો મને થોડોક અવસર મળ્યો. માને માટે થોડુંક ભોજન પણ મેં જાતે બનાવ્યું, અને મારે હાથે માને ખવડાવ્યું. મા તો પરમહંસ, પોતાને હાથે ભોજન કરતાં નહિ.

તત્કાલીન રાજ્યપાલ ડૉ. ચેન્ના રેડ્ડીના કાર્યક્રમ દરમ્યાન મા લખનૌના રાજભવનમાં રહ્યાં હતાં. વિશાળ લૉનમાં માની કુટિયા બનાવી હતી. ત્યાંની વ્યવસ્થા પણ રેડ્ડી દંપતિએ મને સોંપી હતી. કારણકે એમને માનાં પ્રથમ દર્શન કાનપુરમાં મેં જ કરાવ્યાં હતાં. સાંજે અનૂપ જલોટાએ, કે જે ત્યારે ખૂબ નાની ઉંમરના હતા, અને કમલા શ્રીવાસ્તવે માને ભજનો સંભળાવ્યાં. શ્રી પુરુષોત્તમદાસ જલોટા (શ્રી અનૂપના પિતા) તે વખતે લખનૌથી બહારગામ ગયા હતા. મા જ્યારે પણ લખનૌ પધારતાં, ત્યારે મા પાસે ભજન ગાવા માટે પુરુષોત્તમદાસ જલોટા, વિનોદ ચેટર્જી તથા સહાના ચેટર્જીને હું આમંત્રણ આપતી.

૧૯૭૧ની ૧૨મી ડિસેમ્બરે મા ટ્રેનમાં લખનૌ થઈને કાનપુર જતાં હતાં. હું દર્શન કરવા સ્ટેશને ગઈ. દર વખતે મારી જેમ બીજા અનેક ભક્તો સ્ટેશને આવતા. મારા પતિના સ્વર્ગવાસને થોડાક જ દિવસ થયા હતા. (૧૪ નવેમ્બર) તેથી હું સફેદ સાડીમાં હતી, અને મોં ઊતરેલું હતું. માની આંખો કરુણાથી ભીની થઈ ગઈ, પૂછ્યું, "કબ ઐસા હુઆ? ઔર ઈસ બચ્ચીકો ખબર ક્યોં નહીં દી ?" મા પોતાને "બચ્ચી" કહેતાં. મેં કહ્યું, "આપના આશીર્વાદ મેળવવા મેં દેહરાદૂન પત્ર લખ્યો, પરંતુ પત્ર ત્યાં છેક ત્યારે પહોંચ્યો કે જ્યારે આપ ત્યાંથી ભોપાલ જવા રવાના થઈ ગયાં હતાં. રાજા સાહેબના સ્વર્ગવાસની સૂચના પણ આપને ભોપાલથી ગયા પછી પહોંચી." માએ પીઠ પર હાથ મૂકીને મને સાંત્વના આપી, આદેશ આપ્યો કે મારે સ્વામી અખંડાનંદજીની કથામાં કાનપુર આવવું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૯૮૨માં માનો અંતિમ, જન્મોત્સવ કનખલમાં. મા અસ્વસ્થ હતાં. અમારા કોઈનામાં હંમેશની જેમ ઉલ્લાસ ને ઉત્સાહ નહોતાં. મારું મન અંદરખાનેથી જાણે ઓલવાઈ ગયું હતું. એવી આશંકાથી કે કોણ જાણે ફરી વાર માનાં દર્શનનું સદ્ભાગ્ય મળશે કે નહીં ? આશંકા ૨૭ ઑગસ્ટે સાચી પડી. માએ પોતાની જીવનલીલા સંકેલી દીધી.

૩, મે, ૧૯૯૫ થી ૬, મે, ૧૯૯૬ સુધી માની જન્મશતાબ્દી દેશ-વિદેશમાં ઉજવાઈ રહી છે. શતાબ્દી-સમારોહનું ઉદ્ઘાટન ઉ. પ્રદેશમાં ૨૫, મે, ૧૯૯૫ ને દિને મહામહિમ શ્રી મોતીલાલ વોરાએ લખનૌના રાજભવનમાં કર્યું. સુવિખ્યાત ગાયિકા વાણી જયરામે ભક્તિ-સંગીત ગાયું. ગણમાન્ય અતિથિઓ ઉપરાંત બનારસ આશ્રમમાંથી શ્રી પાનુ બ્રહ્મચારી, બ્રહ્મચારિણી ગીતા બૅનર્જી તથા અન્ય આશ્રમવાસીઓ ભાગ લેવા આવ્યાં.

મા વિષે જેટલું લખાય કે કહેવાય તે ઓછું છે. મા વિષે વિચારતાં જ અનેક સ્મૃતિઓ ફૂલોની જેમ મનમાં મહેકે છે. મારી સ્મૃતિના થોડા સુમનો શ્રદ્ધારૂપે અહીં માના શ્રીચરણોમાં અર્પણ કરું છું. જય શ્રી મા.

❖

"સંસારનું આ જ રૂપ છે. અશાંતિપૂર્ણ જીવન. ભગવત્ ચિંતા સિવાય શાંતિની બીજી આશા આ સંસારમાં નથી. ભગવાનને માટે ભગવાનને પોકારો. ત્યારે જ શાંતિની આશા."

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત

- વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ

कलिमागतमाज्ञाय क्षेत्रेऽस्मिन्वैष्णवे वचम्। आसीना दीर्घसत्रेण कथायां सक्षणा हरेः ॥२१॥ त्वं नः संदर्शितो धात्रा दुस्तरं निस्तितीर्षताम्॥ कलिं सत्त्वहरं पुंसा कर्णधार इवार्णवम्॥२२॥

ननु याजनाध्यापनादिव्यग्राणां कुत एतच्छ्रवणावकाशः स्यादत आहुः – कलिमिति। कलिमागतं ज्ञात्वा तद्भिया विष्णुपदं गन्तुकामा दीर्घसत्रेण निमित्तेनात्र वैष्णवे क्षेत्रे आसीनाः। हरेः कथायां सक्षणा लब्धावसराः ॥२१॥ अस्मिंश्च समये त्वद्दर्शनमीश्वरेणैव संपादितुमित्यभिनन्दन्ति – त्वमिति। कलिं संसारं निस्तर्तुमिच्छताम्। अर्णवं तितीर्षतां कर्णधारो नाविक इव॥२२॥

અવતરણિકા : હવે શંકા થાય કે યજ્ઞયાગાદિ, અધ્યયન વગેરેમાં વ્યસ્ત (ઋષિઓને) આ કથા શ્રવણ કરવાનો અવકાશ ક્યાંથી મળે? આવી શંકાના ઉત્તરમાં કહે છે - 'कलिमिति।'

અનુવાદ : (હે સૂતજી) કલિયુગ આવી ગયો છે તેમ જાણીને દીર્ઘકાલીન સત્ર દ્વારા શ્રીહરિની કથા માટે અવસર પ્રાપ્ત કરીને આ વૈષ્ણવક્ષેત્રમાં અમે બેઠા છીએ ॥૨૧॥

શ્રી.દી. : કલિયુગ આવી ગયો છે તેમ જાણીને તેના ભયથી વૈકુંઠમાં જવાની ઈચ્છાવાળા (ઋષિમુનિઓ) દીર્ઘસત્રના નિમિત્તથી અહીં વૈષ્ણવક્ષેત્રમાં બેઠા હતા. હરિની કથા માટે 'सक्षणाः' જેને અવસર પ્રાપ્ત થયો છે તેવા (ઋષિઓ) ॥૨૧॥

અવતરણિકા : આ સમયે ઈશ્વર દ્વારા જ આપનાં દર્શન પ્રાપ્ત થયાં છે તેમ (સૂતજીનું) અભિનંદન કરે છે. 'त्वमिति।'

અનુવાદ : સમુદ્ર તરવાની ઈચ્છા રાખનારને જેમ નાવિક મળે તેમ પુરુષના સત્ત્વને હરી લેનારો અને મુશ્કેલીથી તરી શકાય એવા કલિયુગને તરવાની ઈચ્છા કરનારા અમને વિધાતાએ આપને દર્શાવ્યા. ॥૨૨॥

શ્રી.દી.: 'कलिम्' એટલે સંસાર, તેને તરી જવાની ઈચ્છા રાખનારાઓને 'अर्णवम्' સાગરને તરવાની ઈચ્છા રાખનારને જેમ નાવિક મળી જાય તેમ ॥૨૨॥

ब्रूहि योगेश्वरे कृष्णे ब्रह्मण्ये धर्मवर्मणि॥ स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः ॥२३॥ इति श्रीमद्भागवते महापुराणे प्रथमस्कन्धे नैमिषेयोपाख्याने प्रथमोऽध्यायः ॥१॥

पुनः प्रश्नान्तरं – ब्रूहीति। धर्मस्य वर्मणि कवचवद्रक्षके। स्वां काष्ठां मर्यादाम्! स्वस्व- रूपमित्यर्थः। अस्य चोत्तरं 'कृष्णे स्वधामोपगते धर्मज्ञानादिभिः सह' इत्ययं श्लोकः॥२३॥ ॥इति श्रीमद्भागवते प्रथमस्कन्धे भावार्थदीपिकायां टीकायां प्रथमोऽध्यायः ॥१॥

અવતરણિકા : પુનઃ આગળ પ્રશ્ન કરે છે. (છઠ્ઠો પ્રશ્ન) 'ब्रूहि इति।'

અનુવાદ : ધર્મરક્ષક, બ્રાહ્મણભક્ત, યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા ત્યારે, હવે, ધર્મ કોને શરણે ગયો તે કહો. ॥૨૩॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી.દી. : ધર્મના કવચરૂપ કવચની જેમ ધર્મનું રક્ષણ કરનાર 'स्वां काष्ठाम्' એટલે મર્યાદા (ધારણ સ્થિતિ) પોતાનું સ્વરૂપ, તેવો અર્થ થાય છે અને આનો ઉત્તર છે, આ શ્લોક -

'कृष्णे स्वधामोपगते धर्मज्ञानादिभिः सह।

कलौ नष्टदृशामेष पुराणार्कोऽधुनोदितः॥'

श्रीमद्भा. १-३-४५

"શ્રીકૃષ્ણ ભગવાન ધર્મ અને જ્ઞાનસહિત સ્વધામ પધારવાથી કલિયુગમાં નાશ પામેલી દૃષ્ટિવાળા મનુષ્યોને આ પુરાણરૂપ સૂર્યનો હમણા ઉદય થયો છે." 'श्रीमद्भा.१-३-४५'॥૨૩॥

આ પ્રમાણે શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયની શ્રીભાગવતભાવાર્થ દીપિકા ટીકાનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ થયો.

આ પ્રમાણે પરમહંસોની સંહિતા શ્રીમદ્ ભાગવત મહાપુરાણના પ્રથમ સ્કંધનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ થયો.

અધ્યાય - ૨

व्यास उवाच॥ इति संप्रश्नसंहृष्टो विप्राणां रौमहर्षणिः॥ प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे॥१॥ ॥सूत उवाच॥ यं प्रवजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव॥ पुत्रेति तन्मयतया तरवोऽमिनेंदुस्तं सर्व भूतहृदयं मुनिमानतोऽस्मि॥2॥

तदेवं प्रथमेऽध्याये षट् प्रश्ना मुनिभिः कृताः॥ द्वितीये तूत्तरं सूतश्चतुर्णामाह तेष्वध॥१॥ विप्राणां इत्वेवंभूतैः सम्यक् प्रश्नैः सम्बग् हृष्टो रोमहर्षणस्य पुत्र उग्रश्रवास्तेषां वचः प्रतिपूज्य सत्कृत्य प्रवक्तुमुपचक्रमे उपक्रान्तवान्॥१॥ प्रवचनस्योपक्रमो नाम गुरुदेवतानमस्कार इति। तमाह - यमिति त्रिमिः। तत्र स्वगुरोः शुकस्यैश्वर्ये तच्चरितेनैव द्योतयन्नाह - यमितिः। यं प्रव्रजन्तं संन्यस्य गच्छन्तम्। अनुपेतं मामुपनयखेत्युपनयनार्चमाचार्यमनुपसन्नम्। यद्वा केनाप्यनुपेतमननुगतम्। एकाकिनमित्यर्थः। तत्र हेतुः - अपेतकृत्यं कृत्यशून्यं कर्ममार्गेऽप्रवर्तमानं नैष्ठिकलात्। द्वैपायनो व्यासो विरहात्कातरो भीतः सन् पुत्रा ३

અધ્યાય શ્લોક : આ પ્રમાણએ પ્રથમ અધ્યાયમાં મુનિઓ દ્વારા છ પ્રશ્નો કરવામાં આવ્યા. હંવે તેમાંથી ચાર પ્રશ્નોના ઉત્તર સૂતજી દ્વિતીય અધ્યાયમાં આપે છે ॥૧॥

અનુવાદ : વ્યાસજી કહે છે - (બ્રાહ્મણોના) યોગ્ય પ્રશ્નોથી અત્યંત હર્ષ પામેલા રોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવાએ તેમની વાણીનો સત્કાર કરીને પ્રવચન કરવાનો આરંભ કર્યો ॥૧॥

શ્રી.દી. : બ્રાહ્મણોના આવા યોગ્ય પ્રશ્નોથી અત્યંત હર્ષ પામેલા રોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવાએ તેમની વાણીનો 'प्रतिपूज्य' સત્કાર કરીને 'प्रवक्तुमुपचक्रमे' પ્રવચન કરવાનો પ્રારંભ કર્યો ॥૧॥

અનુવાદ : સૂતજી કહે છે - જેનો યજ્ઞોપવીત સંસ્કાર પણ થયો નથી, જે (લૌકિક-વૈદિક) કર્મોમાં પ્રવૃત નથી થયા, જેમને સંન્યાસ ગ્રહણ કરીને એકાકી જતા જોઈને વ્યાસજીએ વિરહથી વ્યાકુળ થઈને "પુત્ર..." એમ સાદ કર્યો ત્યારે શુકરૂપે તન્મય થવાને કારણે વૃક્ષોએ ઉત્તર આપ્યો; તેવા સર્વના હૃદયમાં વિરાજમાન શ્રીશુકદેવમુનિને હું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રણામ કરું છું. ॥૨॥

અવતરણિકા : પ્રવચનનો આરંભ એટલે ગુરુદેવતાને નમસ્કાર. તે 'यम्' થી ત્રણ શ્લોકો દ્વારા કહે છે. તેમાં પોતાના ગુરુદેવ શ્રીશુકદેવમુનિનું ઐશ્વર્ય તેમના ચરિત્ર દ્વારા જ પ્રકાશિત કરતાં કહે છે - 'यमिति।'

શ્રી.ટી. : 'यं प्रवजन्तम्' સંન્યાસ ગ્રહણ કરીને જતા 'अनुपेतम्' "મને ઉપનયન સંસ્કાર આપો" એમ ઉપનયન સંસ્કારાર્થે આચાર્ય પાસે જે ગયા નથી તે, અથવા તો, જેની પાછળ કોઈ ગયું નથી તેવા એટલે કે એકાકી, તેવો અર્થ થાય છે. તે માટે કારણ આપે છે - 'अपेतकृत्यम्' જેને કાંઈ જ કરવાનું નથી તેવા, નૈષ્ઠિક હોવાથી કર્મમાર્ગમાં જે પ્રવર્તમાન નથી 'द्वैपायनः' એટલે વ્યાસજી, 'विरहकातरः' વિરહથી ભયભીત થઈને 'पुत्र....' એમ પ્લુત* દ્વારા

(હ્રસ્વની એક, દીર્ઘની બે અને પ્લુતની ત્રણ માત્રા હોય છે.) *(જ્યાં પ્લુત સ્વર આવે ત્યાં સામાન્યતઃ સંધિ થતી નથી તેથી पुत्र ३ इति - એ બન્ને શબ્દોની સંધિ થાય નહીં અર્થાત્ 'पुत्रेति' એમ વ્યાકરણ પ્રમાણે થઈ શકે નહીં. પરંતુ અહીં સંધિ કરી છે. તેને આર્ષ પ્રયોગ માનવો.)

इति ल्पुतेनाजुहावाहूतवान्। दूरादाह्वाने श्रुते सत्यपि सन्धिरार्षः। तदा तन्मयतया शुकरूपतया तरवोऽभिनेदुः प्रत्युत्तरमुक्तवन्तः। पितुः स्नेहानुबन्धपरिहाराय यो वृक्षरूपेणोत्तरं दत्तवानित्यर्थः। तं मुनिमानतोऽस्मि। तन्मयत्वोपपादनाय विशेषणम्। सर्वभूतानां हृन्मनः अयते योगबलेन प्रविशतीति सर्वभूतहृदयस्तम्॥२॥ तत्कृपालुतां दर्शयन्नाह – य इति। अन्धं गाढं तमः संसाररूपमतितर्तुमिच्छताम्। पुराणानां मध्ये गुह्यं गोप्यम्। तत्र हेतुत्वेन चत्वारि विशेषणानि। स्वो निजोऽसाधारणोऽनुभावः प्रभावो यस्य तत्स्वानुभावम्। अखिलश्रुतीनां सारम्। एकमद्वितीयम्। अनुपममित्यर्थः। आत्मानं कार्यकारणसंधातमधिकृत्य वर्तमानमात्मतत्त्वमध्यात्मं तस्य दीपं साक्षात्प्रकाशकम्। उपयामि शरणं ब्रजामि॥३॥

यः स्वानुभावमखिलश्रुतिसारमेकमध्यात्मदीपमतितितीर्षतां तमोऽन्धम्॥ संसारिणां करूणयाहे पुराणगुह्यं तं व्याससूनुमुपयामि गुरुं मुनीनाम्॥३॥

'आजुहाव' સાદ કરવા લાગ્યા. દૂરથી બોલાવવાને કારણે પ્લુત છે છતાં સંધિ કરી છે તે આર્ષ પ્રયોગ છે. ત્યારે 'तन्मयतया' શુકરૂપે તન્મય થવાને કારણે 'तरवः अभिनेदुः' વૃક્ષોએ પ્રત્યુત્તર આપ્યો. પિતાના સ્નેહના સંબંધને છોડવવા માટે જેણે વૃક્ષરૂપે ઉત્તર આપ્યો, તેવો અર્થ છે. તે મુનિને હું પ્રણામ કરું છું. તન્મયત્વ સિદ્ધ કરવા માટે વિશેષણ આપે છે. સર્વ પ્રાણીઓના હૃદયમાં એટલે મનમાં (हृद + अय = પ્રવેશ) યોગબલથી પ્રવેશ કરે છે તેવા 'सर्वभूतहृदयम्' સર્વ પ્રાણીઓના હૃદયમાં પ્રવેશેલા (શુકદેવજીને હું પ્રણામ કરું છું.) ॥૨॥

અનુવાદ : પોતાના (શુકદેવજીના) અસાધારણ પ્રભાવવાળું, સમસ્ત વેદોના સારરૂપ, આત્મતત્ત્વને પ્રકાશિત કરનાર એક માત્ર અનુપમ દીવડારૂપ, પુરાણોમાં રહસ્યાત્મક શ્રીમદ્ ભાગવત પુરાણ ઘોર અંધકારરૂપી સંસાર-સાગરને તરી જવાની ઈચ્છાવાળા સંસારીઓને જેણે કરુણા કરીને કહ્યું, તેવા મુનિજનોના ગુરુ તેમજ વ્યાસજીના પુત્ર શ્રી શુકદેવજીને શરણે હું જાઉં છું. ॥૩॥

શ્રી.ટી. : તેમની (શ્રી શુકદેવજીની) કૃપા દર્શાવતાં કહે છે - 'य इति।' अंधम् ગાઢ અંધકાર, જેને સંસાર કહેવાય છે; તેને તરી જવાની ઈચ્છાવાળા, સર્વ પુરાણોમાં 'गुह्यम्' રહસ્યાત્મક તે માટે ચાર વિશેષણો આપે છે. 'स्वः' પોતાનો (શુકદેવજીનો) અસાધારણ 'अनुभावः' પ્રભાવ જેમાં છે તેવું ભાગવતપુરાણ, 'एकम्' અદ્વિતીય,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુપમ તેવો અર્થ છે. દેહાદિ અને ઈશ્વરના સમૂહરૂપ આત્માને વિષય બનાવીને રહેલું તે આત્મતત્ત્વ અર્થાત્ અધ્યાત્મ, તેવા અધ્યાત્મને પ્રકાશિત કરતા દીપકરૂપ (ભાગવતપુરાણ) 'उपयामि' શરણે જાઉં છું. ॥૩॥

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम्॥ देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत्॥४॥ मुनयः साधु पृष्टोऽहं भवद्भिर्लोकमङ्गलम्॥ यत्कृतः कृष्णसंप्रश्नो येनात्मा सुप्रसीदति॥ ५॥ स वै पुंसां परो धर्मो यतो भक्तिरधोक्षजे॥ अहैतुक्यप्रतिहता ययात्मा संप्रसीदति॥६॥

जयत्यनेन संसारमिति जयो ग्रन्थस्तमुदीरयेदिति स्वयं तथोदीरयन्यान्पौराणिकानुपशिक्षयति॥ ४॥ तेषां वचः प्रतिपूज्येति बदुक्तं तत्प्रतिपूजनं करोति। हे मुनयः, साधु यया भवति तन्न पृष्टः। यतो लोकानां मङ्गलमेतत्। यद्यतः कृष्णविषयः संप्रश्नः कृतः। सर्वशास्त्रार्थसारोद्धारप्रश्नश्चापि कृष्णे पर्यवसानादेवमुक्तम्॥ ५॥ तत्र यत्प्रथमं पृष्टं सर्वशास्त्रसारमैकान्तिकं श्रेयो ब्रूहीति तत्रोत्तरम्। स वै पुंसामिति। अयमर्थः – धर्मो द्विविधः प्रवृत्तिलक्षणो निवृत्तिलक्षणश्च। तत्र वः स्वर्गार्थः प्रवृत्तिलक्षणः सोऽपरः। यतस्तु धर्मा–

અનુવાદ : મનુષ્યોમાં સર્વશ્રેષ્ઠ નરને અને ભગવાન નારાયણને, સરસ્વતીદેવીને તથા વ્યાસમુનિને નમસ્કાર કરીને પછી ગ્રન્થનો આરંભ કરવો ॥૪॥

શ્રી.દી.: આ (ગ્રન્થ) દ્વારા સંસાર ઉપર વિજય પ્રાપ્ત થાય છે તેથી 'जयः' એ જ ગ્રન્થ છે, તેને કહેવાનો આરંભ કરવો. પોતે તે પ્રમાણે કહીને અન્ય પૌરાણિકોને તે પ્રમાણે કરવા ઉપદેશ આપે છે. ॥૪॥

અનુવાદ : હે ઋષિઓ, આપના દ્વારા વિશ્વકલ્યાણ માટેનો ખૂબ સુંદર પ્રશ્ન મને પૂછવામાં આવ્યો છે, કારણકે કૃષ્ણસંબંધી પ્રશ્ન કર્યો છે, જે વડે મન સારી રીતે પ્રસન્ન થાય છે. ॥૫॥

શ્રી.દી. : મુનિજનોની વાણીનું અભિનંદન કરીને જે કહેવામાં આવ્યું (શ્લોક-૧), તે પ્રમાણે સૂતજી પ્રશ્નનો સત્કાર કરે છે. હે મુનિઓ, કલ્યાણ થાય તેવી રીતે મને પૂછવામાં આવ્યું છે, જેના વડે વિશ્વનું કલ્યાણ થશે, કારણકે કૃષ્ણવિષયક સુંદર પ્રશ્ન કરવામાં આવ્યો છે. સર્વ શાસ્ત્રના અર્થના સારને ઉદ્ધૃત કરીને મનુષ્યના સુનિશ્ચિત શ્રેય માટે જે પ્રથમ પ્રશ્ન પૂછ્યો હતો તેની પૂર્ણતા પણ કૃષ્ણની કથામાં જ થાય છે, તેથી એમ કહ્યું કે કૃષ્ણ વિષે યોગ્ય પ્રશ્ન કર્યો છે. ॥૫॥

અનુવાદ : મનુષ્યોનો સર્વશ્રેષ્ઠ ધર્મ એ જ છે કે જેનાથી અધોક્ષજ (અતીન્દ્રિય) ભગવાનમાં ફળના અનુસંધાન વગરની તેમજ અવરોધોથી અટકે નહીં તેવી (દૃઢ) ભક્તિ થાય, જેનાથી મન પ્રસન્ન થાય છે. ॥૬॥

શ્રી.દી. : અવતરણિકા : ત્યાં (પ્રથમ અધ્યાયમાં) જે પ્રથમ પૂછવામાં આવ્યું હતું કે સર્વશાસ્ત્રોના સારરૂપ સુનિશ્ચિત કલ્યાણનું સાધન કહો, તેનો ઉત્તર આપે છે. 'स वै पुंसाम् इति।' આ પ્રમાણે અર્થ છે – ધર્મ બે પ્રકારનો છે પ્રવૃત્તિલક્ષણ અને નિવૃત્તિલક્ષણ. તેમાં સ્વર્ગાદિની પ્રાપ્તિ માટેનો પ્રવૃત્તિલક્ષણ ધર્મ ગૌણ અથવા નિકૃષ્ટ છે. પરંતુ જે ધર્મને લીધે

च्छ्रवणादरादिलक्षणा भक्तिर्भवति स परो धर्मः स एवैकन्तिकं श्रेय इति। कथंभूता। अहैतुकी हेतुः फलानुसन्धानं तद्रहिता। अप्रतिहता विघ्नेरनभिभूता॥६॥

वासुदेवे भगवति भक्तियोगः प्रयोजितः॥ जनयत्याशु वैराग्यं ज्ञानं यत्तदहैतुकम्॥७॥ धर्मः स्वनुष्ठितः पुंसां

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

विष्वक्सेनकथासु यः ॥ नोत्पादयेद्यदि रतिं श्रम एव हि केवलम् ॥८ ॥

ननु 'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन तपसाऽनाशकेन' इत्यादिश्रुतिभ्यो धर्मस्य ज्ञानाङ्गत्वं प्रसिद्धं तत्कुतो भक्तिहेतुत्वमुच्यते। सत्यम्। तत्तु भक्तिद्वारेणेत्याह – वासुदेव इति। अहैतुकं शुष्कतर्काद्यगोचरमौषनिपदमित्यर्थः ॥ ७ ॥

શ્રવણ વગેરે માટે આદરરૂપ લક્ષણવાળી ભક્તિ થાય છે, તે શ્રેષ્ઠ ધર્મ છે, અને એ જ એકાંતિક (નિશ્ચિત) શ્રેય છે. 'अहैतुकी' હેતુ એટલેકે ફળનું અનુસંધાન, તે વગરની (ભક્તિ) 'अप्रतिहता' અવરોધોથી પરાજિત ન થાય તેવી (ભક્તિ) ॥૬॥

અનુવાદ : ભગવાન શ્રીકૃષ્ણમાં સારી રીતે સંપાદિત કરેલો ભક્તિયોગ તત્કાલ વૈરાગ્ય અને તર્ક વગરનું નિર્મલ જ્ઞાન ઉત્પન્ન કરે છે. ॥૭॥

શ્રી.ટી. : અવતરણિકા : શંકા કરે છે કે "વેદાભ્યાસ, નિષ્કામ (કામ-અનશન) યજ્ઞ, દાન અને તપ દ્વારા બ્રાહ્મણો તેને (પરમાત્માને) જાણવાની ઈચ્છા કરે છે." - બૃ.૪-૪-૨૨ વગેરે શ્રુતિ દ્વારા ધર્મ જ્ઞાનનું અંગ છે કે હેતુ છે તે પ્રસિદ્ધ છે, એટલે કે નિષ્કામ કર્મથી કે ધર્મથી જ્ઞાનની ઈચ્છા ઉત્પન્ન થાય છે પરંતુ ભક્તિથી જ્ઞાન ઉત્પન્ન થાય એમ શાસ્ત્રમાં કહ્યું નથી, તો પછી ભક્તિને જ્ઞાનના કારણરૂપ કેમ કહે છે ? વાત સાચી છે, એટલેકે ધર્મ જ જ્ઞાનને ઉત્પન્ન કરે છે, પરંતુ ધર્મ જ્ઞાનને ભક્તિ દ્વારા જ ઉત્પન્ન કરે છે. 'वासुदेव इति।' 'अहैतुकम्' શુષ્ક તર્ક વગેરે જેનો વિષય નથી તેવું જ્ઞાન અર્થાત્ ઉપનિષદમાં નિરૂપેલું જ્ઞાન. ॥૭॥

અનુવાદ : સારી રીતે આચરણમાં મૂકેલો એવો ધર્મ પણ જો મનુષ્યના હૃદયમાં વિશ્વક્સેન (સર્વવ્યાપી સેનાવાળા) ભગવાનની લીલા-કથાઓ પ્રતિ અનુરાગ ઉત્પન્ન ન કરે તો એ કેવળ શ્રમ જ છે.

व्यतिरेकमाह–धर्म इति। यो धर्म इति प्रसिद्धः स यदि विष्वक्सेनस्य कथासु रतिं नौत्पादयेत्तर्हि खनुष्ठितोऽपि सन्नयं श्रमो ज्ञेयः। ननु मोक्षार्थस्यापि धर्मस्य श्रमत्वमस्त्येवात आह। केवलम् धर्म विफलः श्रम इत्यर्थ। नन्वस्ति तत्रापि स्वर्गादिफलमित्याशङ्क्यैवकारेण निराकरोति। क्षयिष्णुत्वान्न तत्फलमित्यर्थः। ननु 'अक्षय्यं ह वै चातुर्मास्ययाजिनः सुकृतं भवति' इत्या दिश्रुतेर्न तत्फलस्य क्षणिष्णुत्वमित्याशङ्क्य हिशब्देन साधयति। 'तद्यथेह कर्मचितो लोकः क्षीयते एवमेवामुत्र पुण्यचिंतो लोकः क्षीयते' इति तर्कानुगृहीतया श्रुत्या क्षयिष्णुत्वप्रतिपादनात् ॥ ८ ॥ तदेवं हरिभक्तिद्वारा तदितरवैराग्यात्मज्ञानपर्यन्तः परोधर्मइत्युक्तम्। अन्ये तु मन्यन्ते। धर्मस्यार्थः फलं, तस्य च कामः फलं, तस्य चेन्द्रियप्रीतिः, तत्प्रीतेश्च पुनरपि धर्मार्थादिपरम्परेति। यथादुः – 'धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेब्यते' इत्यादि। तन्निराकरोति – धर्मस्येति द्वाभ्याम्।

धर्मस्य ह्यापवर्ग्यस्य नार्थोऽर्थायोपकल्पते ॥ नार्थस्य धर्मैकान्तस्य कामो लाभाय हि स्मृतः ॥ ९ ॥

શ્રી.ટી. : અવતરણિકા : ભગવાન કૃષ્ણમાં ભક્તિ જન્માવે તે ધર્મ જ શ્રેષ્ઠ છે, નહીં તો તે કેવળ શ્રમ જ છે, એમ વ્યતિરેક (નિષેધની રીતે) કહે છે. 'धर्म इति।' એ પ્રસિદ્ધ છે કે જે ધર્મનું યથોચિત અનુષ્ઠાન કરવા છતાં જો તે વિશ્વક્સેન ભગવાનની કથામાં રતિ ઉત્પન્ન ન કરે તો તેને કેવળ શ્રમ જ જાણવો. શંકા કરે છે કે મોક્ષાર્થે કરેલો ધર્મ પણ શ્રમ જ છે; તે માટે કહે છે કે કેવળ નિષ્ફળ શ્રમ જ છે, તેવો અર્થ છે. તેમાં પણ સ્વર્ગાદિફળની આશંકા કરતાં (श्रम) 'एव' કાર દ્વારા ખંડન કરે છે. નશ્વર હોવાથી તે ફળ નથી તેમ અર્થ થાય છે. હવે શંકા કરે છે કે -

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"ચાતુર્માસ્યયજ્ઞ કરનારનું પુણ્ય તો ખરેખર અક્ષય થાય છે." વગેરે શ્રુતિ દ્વારા તેનું ફળ નશ્વર નથી એવી આશંકા કરીને 'हि' શબ્દ દ્વારા તેની નશ્વરતા સિદ્ધ કરે છે. "જેવી રીતે આ લોકમાં સેવાદિ કર્મ દ્વારા પ્રાપ્ત થયેલું ફળ ક્ષીણ થઈ જાય છે તે જ રીતે અગ્નિહોત્રાદિ પુણ્યકર્મ દ્વારા પ્રાપ્ત થયેલું ફળ પણ નષ્ટ થઈ જાય છે. - છાં. ૮-૧-૬

આ પ્રમાણે તર્કની સહાયવાળી શ્રુતિ દ્વારા સકામ કર્મના ફલની નશ્વરતા પ્રતિપાદિત થાય છે. ॥૮॥

અનુવાદ : મોક્ષ સંબંધી ધર્મનો અર્થ (પ્રયોજન) અર્થ (ફલ કે સ્વાર્થ) માટે નથી. ધર્મ જેનાથી થઈ શકે તેવા અર્થનો એટલેકે ધર્મની સાથે રહેનારા અર્થ (ધન)નો ભોગ ફલ માટે (સ્વાર્થ માટે) કહેલ નથી. ॥૯॥

શ્રી.દી. : અવતરણિકા : આમ, હરિભક્તિ દ્વારા ભક્તિથી અન્યમાં (જે કંઈ હોય, દા.ત. સ્વર્ગાદિ) વૈરાગ્ય અને આત્મજ્ઞાન સુધીનો જે ધર્મ છે તે શ્રેષ્ઠ ધર્મ છે તેમ કહ્યું છે. અન્ય લોકો માને છે કે ધર્મનું ફલ અર્થ છે, અર્થનું ફલ કામ છે અને તેનુ (ફલ) ઈન્દ્રિયપ્રીતિ. (ઈન્દ્રિયોના મનપસંદ ભોગ) ઈન્દ્રિયોની પ્રસન્નતાથી વળી પાછી ધર્મ, અર્થ વગેરેની પરમ્પરા (તેનું ફળ છે.) જેમ કે, કહે છે - "ધર્મથી અર્થ અને કામ છે તો શા માટે ધર્મનું સેવન ન કરવું ?" વગેરે તેનું 'धर्मस्य' થી બે શ્લોકો દ્વારા ખંડન કરે છે.

कामस्य नेन्द्रियप्रीतिर्लाभो जीवेत यावता॥ जीवस्य तत्त्व-जिज्ञासा नार्थो यश्चेह कर्मभिः ॥१०॥ वदन्ति तत्तत्त्वविदस्तत्त्वं यज्ज्ञानमद्वयम्॥ ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥ ११ ॥

आपयंर्ग्यस्योक्तन्यायेनापवर्गपर्यन्तस्य धर्मस्यार्थाय फलत्वायार्थो नोपकल्पते योग्यो न भवति। तथार्थस्याप्येवंभूतधर्माव्यभिचारिणः कामो लाभाय फलत्वाय नहि स्मृतो मुनिभिः ॥९॥ कामस्य च विपयभोगस्येन्द्रियप्रीतिर्लाभः फलं न भवति किंतु यावता जीवेत तावानेव कामस्य लाभः। जीवनपर्याप्त एव कामः सेच्य इत्यर्थः। जीवस्य जीवनस्य च पुनः कर्मानुष्ठानद्वारा कर्मभिर्य इह प्रसिद्धः सोऽर्थो न भवति किंतु तत्त्वजिज्ञासैवेति क्षणिकविज्ञानपक्षं व्यावर्तयति। ननु तत्त्वयिदोऽपि विगीतवचना एव। मैवम्। तस्यैव तत्त्वस्य नामान्तरैरभिधानादित्याह। औपनिपदैर्ब्रह्मेति, हैरण्यगर्भैः परमात्मेति, सात्वतैर्भगवानित्यभिधीयते ॥११॥

'आपवर्ग्यस्य' કહેલ નિયમ પ્રમાણે મોક્ષસંબંધી ધર્મનું 'अर्थाय' ફલ 'अर्थः' (ધન, પશુ, પુત્રાદિ રૂપે રહેલો)- બા. પ્ર. (બાલ પ્રબોધિનીનું ટૂંકું રૂપ) અર્થ 'न उपकल्पते' યોગ્ય નથી. તેમ જ કેવળ આવા ધર્મની સાથે રહેનારા અર્થ(ધન)નો (ધર્મ જેનાથી થઈ શકે તેવા ધનનો) 'कामो लाभाय' ભોગ સ્વાર્થ માટે છે તેમ મુનિઓએ કહ્યું નથી. ॥૯॥

અનુવાદ : ભોગવિલાસનું ફળ ઈન્દ્રિયોને તૃપ્ત કરવી તે નથી, પરંતુ જેટલા (ધનકે પદાર્થ)થી જીવી શકાય તેટલું જ તેનું ફલ છે. જીવનનું ફળ છે તત્ત્વજિજ્ઞાસા, નહીં કે અનેક કર્મો કરીને જે અર્થ આ લોકમાં પ્રસિદ્ધ છે, તે. (સ્વર્ગાદિની પ્રાપ્તિ વગેરે) ॥૧૦॥

શ્રી.દી. : વળી, 'कामस्य' ભોગવિલાસનું 'इन्द्रियप्रीतिः' ઈન્દ્રિયોની તૃપ્તિ 'लाभः' ફળ નથી, પરંતુ 'यावता जीवेत' જેટલાથી જીવાય તેટલું જ કામનું ફળ છે. જીવવા માટે પર્યાપ્ત હોય તેટલા જ વિષયભોગોનું સેવન કરવું તેવો અર્થ છે. 'जीवस्य' જીવનનું, વળી, અનેક કર્મોના અનુષ્ઠાન દ્વારા 'कर्मभिर्य इह' કર્મ વડે જે આ લોકમાં પ્રસિદ્ધ છે, (સ્વર્ગાદિ) તે ફલ નથી, પરંતુ તત્ત્વને (ભગવાનને) જાણવાની ઈચ્છા કરવી, (એ જ જીવનનું ફલ છે.) ॥૧૦॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ : તત્ત્વવેત્તાઓ જે અદ્વય જ્ઞાન છે તેને તત્ત્વ કહે છે. તે તત્ત્વ 'બ્રહ્મ', 'પરમાત્મા' અને ભગવાન - એ નામથી કહેવાય છે. ॥૧૧॥

શ્રી.દી.: અવતરણિકા : શંકા કરે છે કે તત્ત્વજિજ્ઞાસા એ જ ધર્મજિજ્ઞાસા છે કારણકે કેટલાક કહે છે કે ધર્મ એ જ તત્ત્વ છે: તત્ત્વવેત્તાઓ તેને જ તત્ત્વ કહે છે. તે શું છે ? તે કે જેને જ્ઞાન કહે છે. 'अद्वयम् इति।' ક્ષણિકવિજ્ઞાનવાદી બૌદ્ધના પક્ષનું ખંડન કરે છે. (બૌદ્ધો ધારાપ્રવાહી અનેક જ્ઞાનોમાં માને છે જ્યારે ભાગવત અદ્વય અર્થાત્ એક જ જ્ઞાન (બ્રહ્મ)માં માને છે.) શંકા કરે છે કે તત્ત્વવેત્તાઓ પણ વિસંવાદી વચનોવાળા જ છે, તો કહે છે કે ના, તેમ નથી. તે જ તત્ત્વને નામ જુદું આપીને કહે છે. જ્ઞાનીઓ બ્રહ્મ કહે છે, યોગીઓ પરમાત્મા કહે છે અને ભક્તો ભગવાન કહે છે. ॥૧૧॥

तच्छ्रद्दधाना मुनयो ज्ञानवैराग्ययुक्तया ॥ पश्यन्त्यात्मनि चात्मानं भक्त्या श्रुतगृहीतया ॥१२॥

तच्च तत्त्वं सपरिकरया भक्त्यैव प्राप्यत इत्याह। तच्चेत्यन्वयः। ज्ञानवैराग्ययुक्तयेत्यत्र ज्ञानं परोक्षम्। तथा तच्च तत्त्वमात्मनि क्षेत्रज्ञे पश्यन्ति। किं तत्। आत्मानं परमात्मानम्। श्रुतेन वेदान्तादिश्रवणेन गृहीतया प्राप्तयेति भक्तेर्दार्ढ्यमुक्तम् ॥१२॥

अतः पुंभिर्द्विजश्रेष्ठा वर्णाश्रमविभागशः ॥ स्वनुष्ठितस्य धर्मस्य संसिद्धिर्हरितोषणम् ॥१३॥ तस्मादेकेन मनसा भगवान्सात्वतांपति ॥ श्रोतव्यः कीर्तितव्यश्च ध्येयः पूज्यश्च नित्यदा ॥१४॥

धर्मस्य फलं भक्तिर्नार्थकामादिकमितीममर्थमुपपाद्योपसंहरति – अत इति। हे द्विजश्रेष्ठाः। हरितोषणं हरेराराधनम्। संसिद्धिः फलम् ॥१३॥ यन्माग भक्तिहीनो धर्मः केवलं श्रम पय तम्माद्भक्तिप्रधान एव धर्मोऽनुष्ठेय इत्याह – तस्मादिति। एकेनैकाग्रेण मनसा ॥१४॥

અનુવાદ : અને તે તત્ત્વમાં શ્રદ્ધાવાળા મુનિજનો વેદાંતાદિ શ્રવણ દ્વારા ગ્રહણ કરેલી જ્ઞાન-વૈરાગ્યયુક્ત ભક્તિથી પોતાના આત્મા (ક્ષેત્રજ્ઞ)માં એ પરમાર્થરૂપ તત્ત્વને દેખે છે. ॥૧૨॥

શ્રી.દી. : અને તે તત્ત્વ શ્રવણકીર્તનાદિસાધનયુક્ત ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થાય છે એમ કહે છે. 'तत् च' શ્લોકમાંના એ બન્ને શબ્દોને જોડીને અર્થ થાય છે. 'ज्ञानवैराग्ययुक्तया' इति – અહીં જ્ઞાન પરોક્ષ છે (અપરોક્ષાનુભૂતિ નહીં) અને તે જ તત્ત્વને 'आत्मनि' ક્ષેત્રજ્ઞમાં દેખે છે. કયા તત્ત્વને ? 'आत्मानम्' પરમાત્માને; 'श्रुतेन' વેદાંતાદિ શ્રવણ દ્વારા 'गृहीतया' ગ્રહણ કરેલી ભક્તિ દ્વારા આત્મામાં પરમાત્માને દેખે છે. આમ ભક્તિની દઢતા વર્ણવી છે ॥૧૨॥

અનુવાદ : માટે હે ઉત્તમ બ્રાહ્મણો, પોત-પોતાના વર્ણ તથા આશ્રમના વિભાગ અનુસાર સારી રીતે પાળેલા ધર્મનું ફલ શ્રીહરિની આરાધના કરવી (શ્રીહરિને પ્રસન્ન કરવા) તે જ છે. ॥૧૩॥

શ્રી.દી. અવતરણિકા : ધર્મનું ફળ છે ભક્તિ, નહીં કે અર્થ, કામ વગેરે - આ વાત સમજાવીને ઉપસંહાર કરે છે. 'अत इति।'

હે શ્રેષ્ઠ બ્રાહ્મણો, 'हरितोषणं' શ્રી હરિની આરાધના (શ્રીહરિને પ્રસન્ન કરવા પ્રયુક્ત થવું તે) 'संसिद्धिः' ફલ ॥૧૩॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ : આથી એકાગ્ર મન વડે સાત્વતકુળના પતિ પતિ ભગવાનનું જ નિત્યનિરંતર શ્રવણ કરવું, કીર્તન કરવું, ધ્યાન કરવું અને પૂજન કરવું. ॥૧૪॥

શ્રી.દી. અવતરણિકા : ભક્તિ વગરનો જે ધર્મ છે તે કેવળ શ્રમ જ છે તેથી ભક્તિપ્રધાન ધર્મનું જ અનુષ્ઠાન કરવું તેમ કહે છે 'तस्मात् इति एकेन' એકાગ્ર મન વડે ॥૧૪॥

❖

નિયતિ અને નિર્ભયતા

- ચૈતન્ય શાહ

માનવીય જીવનકાળમાં જે ઘટના ઘટવાની હોય છે તે નિયત થયેલી જ હોય છે. જે ઘટના ચોક્કસ સમયે બનવાની હોય છે તે બને જ છે અને તે નિયતિ છે. આટલું સાદું ગણિત જો વ્યક્તિ સ્વીકારી લે તો પછી જીવનમાં તેને કશો પણ ભય રહેતો નથી. તે નિર્ભય થઈ જાય છે. આમ નિયતિવાદને જે સ્વીકારે છે તે નિર્ભય બને છે અર્થાત નિયતિ ને નિર્ભયતા બંન્ને સાથે ચાલે છે.

માનવી જીવનમાં પુરુષાર્થ કરે અને સફળતા મળે તે પણ નિયત થયેલું છે. કોઈપણ ઘટના એવી નથી કે જે વ્યક્તિ કે માનવીના જીવનમાં નિયત થયેલી ન હોય. પુરુષાર્થ કરવાથી દરેક વ્યક્તિ જીવનમાં સફળ બને તેવું બનતું નથી હોતું, કારણકે તે નિયત થયેલું નથી. મારે સ્વતંત્ર રીતે જીવવું છે તેમાં કુટુંબ કે સમાજ મદદરૂપ થવાનાં ના હોય તો કંઈ વાંધો નહિ. હું એકલો પણ જીવન આ રીતે જીવવા શક્તિમાન બનીશ. જો આ બાબત તમારા જીવનમાં નિયત થયેલી હશે તો સમાજ કે કુટુંબ કાંઈ બગાડી ન શકે. આમ જીવન જીવવાની ખુમારી આપમેળે આવશે તેથી મારા મત પ્રમાણે નિયતિ અને નિર્ભયતા બંને એકબીજાનાં પૂરક છે.

મારા જીવનમાં જે કાંઈ ઘટવાનું છે તે નિયત થયા પ્રમાણે જ બનશે ને બનતું આવ્યું છે. મૃત્યુ કે અકસ્માત પણ આ ઘટનાક્રમમાં જ ઘટે છે. આટલું સાદું ગણિત સ્વીકારીને જે વ્યક્તિ પોતાનું જીવન કંડારે તેના જીવનમાં નિષ્ફળતા, નિરાશા કે ભય રહેતાં નથી. મૃત્યુનો પણ તેને ભય રહેતો નથી. અંતમાં એટલું જરૂરથી કહી શકીએ કે નિયતિ નિર્ભયતાને જન્મ આપે છે.

❖

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણા ઋષિઓ

- ઉત્તરા ચિનુભાઈ

સનકાદિ કુમારો

સૃષ્ટિના આરંભકાળે કેવળ જળ હતું. ક્ષીરસાગરમાં શેષશાયી ભગવાન નારાયણની નાભિમાંથી નીકળેલા પ્રકાશમય કમળમાં બ્રહ્માજી બિરાજ્યા હતા. નાર એટલે જળમાં જેમનો વાસ છે તે નારાયણ. દીર્ઘકાળની તપસ્યાને અંતે બ્રહ્માજી નારાયણનાં દર્શન પામી શક્યા હતા. ભગવાને એમને સૃષ્ટિ-રચનાનો આદેશ આપ્યો.

ભગવાન વિષ્ણુનાં દર્શનથી બ્રહ્માજીનું ચિત્ત અત્યંત શુદ્ધ થઈ ગયું હતું, તેથી એમણે સૃષ્ટિનો સંકલ્પ તો કર્યો પણ વિશુદ્ધ સાત્ત્વિક ચિત્ત દ્વારા. આથી એમના ચાર કુમારો ઉત્પન્ન થયા : સનક, સનંદન, સનાતન, સનત્કુમાર.

સૃષ્ટિક્રમ આગળ વધારવા માટે હવે બ્રહ્માજીએ એમના આ ચાર પુત્રોને સૃષ્ટિ રચવાનું કહ્યું. વિશુદ્ધ સત્ત્વગુણથી ઉત્પન્ન થવાને કારણે એમનાં ચિત્ત પણ સત્ત્વગુણમય હતાં, એમની સૃષ્ટિ કરવાની ઈચ્છા ન હતી. જન્મતાંની સાથે જ તેઓ પરમ વિરક્ત, પરમ જ્ઞાની તથા ભગવાનના પરમ ભક્ત હતા. એમણે બ્રહ્માજીને કહ્યું, "પિતાજી, ક્ષમા કરો. ભગવાનનું ભજન કરવું તે જ એકમાત્ર પરમ લાભ છે. ભગવદ્ ભજન છોડીને એક ક્ષણ માટે પણ અન્ય કાર્યમાં લાગવું તે ઘોર અનર્થ છે. માટે અમને આશીર્વાદ આપો કે અમારું મન સદૈવ ભગવાનમાં જ લાગેલું રહે."

સનકાદિ ચારે કુમારો સદા ભગવાનના ગુણોનું શ્રવણ કરવામાં રત રહેતા. શંકર ભગવાન પાસે, શેષ ભગવાન પાસે, તો ક્યારેક નર-નારાયણ ભગવાન પાસે જઈને ભગવાન નારાયણનાં ગુણકથન-કીર્તન-શ્રવણમાં પરોવાયેલા રહેતા. ચારે કુમારો પોતે પણ એકબીજા સાથે હરિચર્ચા જ કર્યા કરતા, અને નિત્ય "હરિઃશરણમ્" નો જપ કરતા. ચારે કુમારો સદા સાથે રહે છે, અજર-અમર છે, તથા ભજન, ભક્તિ અને તપસ્યાના પ્રભાવથી સદા પાંચ વર્ષનાં બાળકો રહે છે. વધારે ઉંમર હોય તો કામક્રોધાદિ રિપુઓ આક્રમણ કરે તેથી નિત્ય બાલવયમાં જ રહે છે.

એમના ઉપદેશો "સનત્કુમાર-સંહિતા"માં છે. શ્રીમદ્ ભાગવતની કથા સૌ પ્રથમ સનકાદિ કુમારોએ નારદ મુનિને સંભળાવી હતી, ત્યાર બાદ ક્રમશઃ કાળક્રમે શુકદેવજી દ્વારા પરીક્ષિતે સાંભળી. ભગવાનના ધામમાં એમનો મુક્ત પ્રવેશ હતો. એક વાર વૈકુંઠધામમાં ગયા ત્યારે ભગવાન વિષ્ણુના દ્વારપાળો તરીકે જય-વિજય નામના બે પાર્ષદો ઊભા હતા, જેમણે બાલમુનિઓને ન ઓળખીને અંદર પ્રવેશતા રોક્યા. સનકાદિ કુમારોએ જય-વિજયને ત્રણ જન્મો સુધી રાક્ષસયોનિમાં પડવાનો શાપ આપ્યો. પ્રથમ જન્મમાં સતયુગમાં બંન્ને હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ થયા, દ્વિતીય જન્મમાં ત્રેતાયુગમાં રાવણ અને કુંભકર્ણ થયા, અને અંતિમ જન્મમાં દ્વાપરયુગમાં શિશુપાલ અને દંતવક્ત્ર થયા. ત્રણે વાર ભગવાનને હાથે મૃત્યુ પામ્યા, પરંતુ શાપગ્રસ્ત હોવાથી પુનઃ જન્મ લેવો પડ્યો. ભગવાન પૃથ્વી પર જ્યારે અવતાર લે છે ત્યારે એમના પાર્ષદો પણ કોઈ ને કોઈ રૂપે સાથે આવે છે.

સનકાદિ કુમારો નિત્યસિદ્ધ છે, સર્વ લોકોમાં ફરી રહ્યા છે, પરંતુ એમનું મુખ્ય ધામ જનલોક છે જ્યાં સદા ભગવાનની કથા થતી હોય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહર્ષિ દધીચિ

અથર્વા ઋષિનાં લગ્ન મહર્ષિ કર્દમની કન્યા શાંતિ સાથે થયાં હતાં. એમના પરમ તેજસ્વી પુત્રનું નામ હતું દધીચિ. જન્મતાંની સાથે જ દધીચિમાં વૈરાગ્યનાં લક્ષણો હતાં, તેઓ વિરક્ત અને પરમ શિવભક્ત હતા.

દક્ષ પ્રજાપતિએ કનખલ ક્ષેત્રમાં વિશાળ યજ્ઞનું આયોજન કર્યું, જેમાં પોતે શિવદ્રોહી હોવાને કારણે પુત્રી સતીને, કે જે શિવપત્ની હતાં, યજ્ઞમાં આમંત્રણ આપ્યું નહિ, તેમ જ યજ્ઞમાં શિવનો ભાગ ન રાખીને શિવનો મોટો અનાદર તથા અપરાધ કર્યો હતો. મહર્ષિ દધીચિએ યજ્ઞભૂમિમાં જઈને જોયું કે એમના ઈષ્ટદેવ શંકરજીનો યજ્ઞમાં ભાગ નથી ત્યારે એમણે દક્ષને ઘણો સમજાવ્યો અને સદ્બુદ્ધિ આપવા પ્રયત્ન કર્યો, પરંતુ દક્ષ કેમે કરીને માન્યો નહિ. ત્યારે સત્વર દધીચિ યજ્ઞમંડપમાંથી ઊભા થઈને ચાલતા થયા, અને પોતાના આશ્રમમાં જતા રહ્યા. અંતે, આ જ યજ્ઞમાં સતીએ દેહત્યાગ કર્યો, તથા વીરભદ્ર આદિ શિવગણોએ સમસ્ત યજ્ઞનો વિધ્વંસ કર્યો, અન્ય ઋષિઓને તેમના અપરાધની સજા આપી અને દક્ષનું માથું કાપી નાખ્યું.

મહર્ષિ દધીચિની કઠોર તપસ્યા જોતાં દેવરાજ ઈન્દ્ર ભય પામ્યા, ઈન્દ્રપદ જતા રહેવાની શંકા જાગી. આથી દધીચિની તપસ્યા ભંગ કરવાના ઈરાદાથી સાક્ષાત્ કામદેવને સ્વર્ગની અપ્સરા અલંબુષા સાથે તપમાં વિઘ્ન નાખવા માટે મોકલ્યા. કામદેવે એમનાં સમ્મોહન બાણો ચલાવ્યાં, અપ્સરા મનમોહક ઉત્તેજક નૃત્ય-ગાન કરવા લાગી, તેમ છતાં મહર્ષિની આંખો સુદ્ધાં ન ખુલી, એમની તપસ્યા નિર્વિઘ્ને ચાલુ રહી.

નિષ્ફળ કામદેવ અને અલંબુષા સ્વર્ગમાં પાછાં ફર્યાં. હવે ઈન્દ્રની આજ્ઞાથી અન્ય દેવોએ દધીચિના આશ્રમમાં જઈને શસ્ત્રોથી એમની હત્યા કરવાનો પ્રયાસ આદર્યો, પરંતુ જે જે શસ્ત્રો તેઓ ચલાવતા તે સઘળાં મહર્ષિના તેજથી વચમાં જ પડી જતાં. સર્વ દેવતાઓનાં અસ્ત્ર-શસ્ત્રો વ્યર્થ ગયાં, આખરે ઈન્દ્ર પોતે પણ હાર માની પાછા ફર્યા.

થોડા સમય પછી આ જ ઈન્દ્ર દધીચિને શરણે ગયા. બન્યું એવું કે વૃત્ર નામનો અસુર દેવોને હરાવીને ઈન્દ્રપદ મેળવવા ઈચ્છતો હતો. એણે દેવોને સ્વર્ગમાંથી કાઢી મૂક્યા. ઈન્દ્રે અને દેવતાઓએ દધીચિને શરણે જઈ નિવેદન કર્યું કે વૃત્રાસુર અમારાં બધાં જ અસ્ત્રશસ્ત્રોને ગળી ગયો છે. દધીચિને પ્રાર્થના કરી કે એમનાં અસ્થિમાંથી હથિયાર બને તો તેની સામે અસુર ટકી ન શકે. દેવતાઓ તેજપુંજ મહર્ષિને મારી ન શકે, તેથી એમણે અસ્થિની માગણી કરી.

મહર્ષિની મહાનતા અદ્વિતીય હતી. એમણે કહ્યું કે શરીર તો એક દિવસ નાશ પામવાનું જ છે, તો એ નશ્વર શરીર કોઈના ઉપકારાર્થે વપરાય તો એથી ઉત્તમ બીજું શું હોઈ શકે ! એમણે શરીરત્યાગ પૂર્વે સર્વ તીર્થોનાં દર્શન તથા સર્વતીર્થજળમાં સ્નાનની ઈચ્છા દર્શાવી. એમની તપસ્યાથી નૈમિષારણ્ય ક્ષેત્રમાં સમગ્ર ભારતવર્ષનાં તીર્થોનું આગમન થયું, તથા સર્વ નદીઓનાં જળ એક કુંડમાં આવિર્ભૂત થયાં. અત્યારે પણ નૈમિષક્ષેત્રમાં બધાં તીર્થો દર્શનીય છે તથા 'મિશ્રીખ' નામના સ્થળે એક કુદરતી જળકુંડ છે કે જે સર્વ નદીઓનાં મિશ્ર જળોથી પૂર્ણ છે. દધીચિએ સમાધિમાં યોગશક્તિથી દેહમાંથી પ્રાણને ખેંચીને દેહત્યાગ કર્યો. વનની ગાયોએ ચાટી ચાટીને કેવળ અસ્થિપુંજ રાખી મૂક્યો, જેમાંથી વિશ્વકર્માએ વજ્ર બનાવ્યું. વૃત્રાસુરનો નાશ કરી ઈન્દ્ર 'વૃત્રહા' બન્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહર્ષિ મુદ્‌ગલ

મહાન ત્યાગી અને વિરક્ત ઋષિ મુદ્‌ગલ ગૃહસ્થાશ્રમી હોવા છતાં કોઈની પાસેથી કશું લેતા નહિ. કુટુંબના ભરણ-પોષણ અર્થે પણ 'શિલોંછવૃત્તિ'થી જ અન્ન લાવતા. ખેતરનો પાક કપાઈ ગયા પછીં નીચે પડેલું ધાન્ય પણ ખેડૂતો લઈ જાય, તેમ છતાં જે થોડા ઘણા દાણા ભૂમિ પર વેરાયેલા પડી રહે તે દાણાને સંસ્કૃતમાં 'શિલ' કહે છે, તથા એ શિલથી આજીવિકા ચલાવનાર 'શિલાદ' કહેવાય છે. વળી બજારમાં દુકાનદાર દુકાન બંધ કરી જતો રહે ત્યારે પણ તોળતી વખતે વેરાયેલા તેમ જ ગ્રાહકને આપતી વખતે વેરાયેલા દાણાને 'ઉંછ' કહે છે, તથા એ દાણા પર નિર્વાહ કરનારની વૃત્તિને 'ઉંછવૃત્તિ' કહે છે. આ પ્રમાણે આ બંન્ને પ્રકારે મેળવેલા અનાજ પર જીવનનિર્વાહ ચલાવનારા આ મહર્ષિ મુદ્‌ગલ હતા. આટલું પણ તેઓ યત્નપૂર્વક કરતા કારણ કે એમને શિરે પરિવારનું પોષણ કરવાનું દાયિત્વ હતું, અન્યથા તેઓ પોતે તો સર્વથા નિષ્કામ હતા. આવી પરિસ્થિતિમાં પણ એમનો એવો નિયમ હતો કે ચોંત્રીસ શેરથી વધારે અન્નનો સંગ્રહ ન કરવો. બીજો નિયમ એ હતો કે પોતે તથા પોતાના કુટુંબીજનો મહીનામાં માત્ર બે દિવસ જ ભોજન કરે અને તે પૂર્ણિમા તથા અમાવસ્યાને દિવસે. આ બે દિવસે ગૃહસ્થાશ્રમના નિયમાનુસાર એમણે શ્રાદ્ધ કરવું પડતું, તેથી શ્રાદ્ધ માટે ભોજન બનાવવું આવશ્યક હતું. બાકીના દિવસોમાં મહર્ષિ એમના કુટુંબીજનો સાથે સાધન-ભજનમાં ડૂબેલા રહેતા, રસોઈ બનાવવી અને વાસણો સાફ કરવા જેવાં ક્ષુલ્લક કામોમાં કોઈ સમયનો મિથ્યા વ્યય કરવા નહોતું ઈચ્છતું.

એક વાર પૂર્ણિમાને દિવસે મહર્ષિ દુર્વાસા મહર્ષિ મુદ્‌ગલને ત્યાં પધાર્યા. મુદ્‌ગલ ઋષિ અત્યંત પ્રસન્ન થયા કે ભગવાન શંકરના અંશાવતાર અને પરમ તપસ્વી દુર્વાસા અતિથિ થઈને આવ્યા છે. એમણે ખૂબ પ્રેમપૂર્વક દુર્વાસાને ભોજન કરાવી તૃપ્ત કર્યા, પરંતુ આશ્ચર્ય એ કે દુર્વાસા તે દિવસે રંધાયેલું સઘળું ભોજન એકલા જ આરોગી ગયા. એમના વિદાય થયા પછી મહર્ષિ મુદ્‌ગલ એમના કુટુંબીજનો સાથે કેવળ જલપાન કરીને સાધન-ભજનમાં લાગી ગયા. જળ પીને જ અમાવસ્યા સુધીના દિવસો પસાર કર્યા. અમાસને દિવસે ફરી શ્રાદ્ધાન્ન પકવ્યું, અને ફરી દુર્વાસા અતિથિ થઈને આવ્યા, ફરી બધું ભોજન આરોગી ગયા અને ફરી મહર્ષિ મુદ્‌ગલ તથા એમનો પરિવાર જળ પીને સંતુષ્ટ થયો. અન્ન વીણી લાવવું, એને રાંધવું અને જમ્યા પછીનાં કાર્યો કરવાં એ બધામાં સમય બગાડવો કોઈને પરવડે એમ નહોતું. સાધન-જપ-તપ અનવરત ચાલુ રહ્યાં. આમ અન્ન વિના ભૂખ્યા રહેવું અને દુર્વાસાનું આવવું, ફરી પાછું ભૂખ્યા રહેવું અને જળ પી લેવું આ પ્રમાણે ત્રણ મહીના સુધી બન્યું. દુર્વાસાના આગમનથી કોઈને પણ અણગમો થતો નહિ, તેઓ સદા સ્નેહ તથા આદરથી ભોજન કરાવતા.

મહર્ષિ મુદ્‌ગલનાં ધૈર્ય, તપસ્યા અને ધર્મ જોઈને દેવરાજ ઈન્દ્રે પ્રસન્ન થઈ એમને સ્વર્ગમાં લાવવા વિમાન મોકલ્યું. દેવદૂતોએ વિનંતિ કરી કે પરિવારસહિત વિમાનમાં બેસીને સ્વર્ગમાં પધારો.

મહર્ષિ મુદ્‌ગલ બોલ્યા, ''પહેલાં મને સ્વર્ગના ગુણ-દોષ જણાવો.''

દેવદૂતોએ સ્વર્ગનાં સુખોનું અત્યંત વિસ્તારપૂર્વક વર્ણન કર્યું, અંતમાં કહ્યું કે છતાં સ્વર્ગમાં દૈત્યોના આક્રમણનો ભય રહ્યા કરે છે, તેમ જ પુણ્ય ક્ષીણ થતાં ત્યાંથી નીચે પડવાનું હોય છે. જે અધિક પુણ્યાત્મા છે તે અધિક સુખ ભોગવે છે, આથી ઓછા સુખ અને ઓછા પદવાળા અધિક સુખી અને ઊંચા પદવાળાનાં ત્યા પણ ઈર્ષ્યા-દ્વેષ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ બધી વિગતો સાંભળીને મહર્ષિ મુદ્‌ગલ બોલ્યા, "ત્યારે તો આ પૃથ્વી જ વધારે સારી, અહીં ભગવાનની પૂજા તો થઈ શકે છે. મારે સ્વર્ગમાં નથી જવું."

દેવદૂતોએ ખૂબ સમજાવ્યા. સ્વર્ગથી ઉપરના બ્રહ્મલોક ઈત્યાદિ અન્ય લોકોનાં પ્રલોભનો આપ્યાં, છતાં જે દોષો સ્વર્ગમાં છે તે અન્ય લોકોમાં પણ છે તે પણ સ્વીકારવું પડ્યું. મહર્ષિ મુદ્‌ગલ મક્કમ રહ્યા અને ન જ ગયા.

મહર્ષિ મુંદ્‌ગલની તપસ્યા અને ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન સ્વયં એમને નિત્યધામમાં લઈ ગયા.

મહર્ષિ યાજ્ઞવલ્કય

મહર્ષિ વિશ્વામિત્રના પુત્ર દેવરાતના પુત્ર યાજ્ઞવલ્કયના મામા ઋષિ વૈશંપાયન તે મહર્ષિ વેદવ્યાસના શિષ્ય હતા. તેઓ યજુર્વેદના આચાર્ય હતા. યાજ્ઞવલ્કય મામાના આશ્રમમાં વેદાભ્યાસ કરવા રહ્યા. પ્રખર મેધાયુક્ત યાજ્ઞવલ્કય અલ્પ સમયમાં વેદજ્ઞ બની ગયા. એક વાર ઋષિઓની સભા હતી. એમાં એવો નિયમ ઘોષિત કરવામાં આવ્યો કે સમયસર ઉપસ્થિત ન રહે એને બ્રહ્મહત્યાનું પાપ લાગશે. ઋષિઓ સત્‌વાક્ હતા, એમની વાણી સદૈવ સત્ય હોવાથી શાપ તેમ જ આશીર્વાદ આપવા સમર્થ હતી, એ બ્રહ્મતેજ હતું. એ દિવસે વૈશંપાયન સમયસર ન પહોંચી શક્યા. વાચિક બ્રહ્મહત્યાનું પાપ એમને લાગ્યું. એમણે શિષ્યોને પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું. યાજ્ઞવલ્કયજીએ કહ્યું કે આ બધા શિષ્યો એમની શક્તિથી શું પ્રાયશ્ચિત્ત કરશે ? હું એકલો જ આપને માટે સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત કરી દઈશ.

વૈશંપાયને આવી ગર્વિષ્ઠ વાણી બદલ યાજ્ઞવલ્કય પ્રત્યે ક્રોધિત થઈ કહ્યું કે તું ગુરુદ્રોહી છે, માટે મારો શિષ્ય થવાને યોગ્ય નથી, મેં જે કંઈ તને ભણાવ્યું છે તે પાછું આપીને અહીંથી ચાલ્યો જા.

યાજ્ઞવલ્કયે વમન કરીને યજુર્વેદને બહાર કાઢી દીધો. જે યજુઃ મંત્રો વમન દ્વારા નીચે ધરતી પર વેરાયા તે બધાને તરત જ બીજા શિષ્યો તેતર પક્ષીનું રૂપ લઈને ચણી ગયા. ત્યારથી એ મંત્રો યજુર્વેદની તૈત્તિરીય સંહિતા નામે પ્રચલિત થયા.

ઉક્ત પ્રસંગ શબ્દશઃ સત્ય છે, તેમ જ એનો સાંકેતિક અર્થ પણ નીકળી શકે. યાજ્ઞવલ્કયે યોગબળથી વિદ્યાનો ત્યાગ કર્યો. હવે વૈશંપાયન સિવાય એમને કોણ ભણાવે ? એમણે સ્વગૃહે જઈને સૂર્યનારાયણની પ્રખર ઉપાસના આરંભી. ભગવાન સવિતાનારાયણે દર્શન આપ્યાં, યાજ્ઞવલ્કયે એવા મંત્રો જાણવાની માગણી કરી કે જે બીજા કોઈ પાસે ન હોય. સૂર્યએ કહ્યું કે હું તો સતત ગમનશીલ છું, તો યાજ્ઞવલ્કય કહે યોગવિદ્યાથી હું સૂક્ષ્મ રૂપ ધારણ કરીને સતત આપની સામે રહીશ, મને વિદ્યાદાન આપો.

સૂર્યની સામે બેસવું કેવું અઘરું ! રથની આગળ જોડેલા ઘોડાના રથમાં ઋષિએ સ્થાન લીધું. સૂર્યે અશ્વરૂપે વેદનો ખજાનો ખોલી નાખ્યો. સમર્થ શિષ્યના નખશિખમાં સૂર્ય-મંડળ ચમકતું હતું. સવિતાનારાયણના વરણીય ભર્ગના તેજસ્વી પ્રવાહ વડે શિષ્યનું પાત્ર ભરાવા લાગ્યું. સાક્ષાત્ ગુરુ સૂર્યનારાયણ હતા. શિષ્યને બ્રહ્મવિદ્યા લાધી.

યાજ્ઞવલ્કય જે મંત્રો પામ્યા તે "વાજિ" અર્થાત્ ઘોડાના મુખથી ગ્રહણ કર્યા તેથી શુક્લયજુર્વેદની એ સંહિતાના ઋષિ યાજ્ઞવલ્કય કહેવાયા અને એ સંહિતા "વાજસનેયી" કહેવાઈ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ સમયે મિથિલા નગરી બ્રહ્મવિદ્યાનું કેંદ્ર ગણાતી. રાજા વિદેહ જનક વંશપરંપરાથી બ્રહ્મજ્ઞાનીઓને બોલાવી આદર-સત્કાર કરતા. ત્યાં ચર્ચાઓ થતી, સંવાદો રચાતા, વિચારણાઓ થતી બ્રહ્મવિદો દ્વારા.

યાજ્ઞવલ્ક્ય ત્યાં જઈ પહોંચ્યા. જનકે મોક્ષ વિષે જાણવાની આતુરતા દર્શાવી. જનકસભામાં યાજ્ઞવલ્ક્ય અગ્રગણ્ય સ્થાન પામ્યા. અનેક પ્રશ્નોત્તરો થયા, જેમાં ગાર્ગી અને યાજ્ઞવલ્ક્ય સંવાદ બૃહદારણ્યક ઉપનિષદ્‌માં અનન્ય છે.

યાજ્ઞવલ્ક્યને બે પત્નીઓ હતી - મૈત્રેયી અને કાત્યાયની. બંન્નેને સંપત્તિ વહેંચી આપવાનું નક્કી કર્યું ત્યારે મૈત્રેયી જ્ઞાનપિપાસુ હોવાથી એણે ભૌતિક સંપત્તિ ન લેતાં બ્રહ્મવિદ્યા માગી. યાજ્ઞવલ્ક્યે સંન્યાસ ગ્રહણ કરતાં પહેલાં મૈત્રેયીને જે ઉપદેશ આપ્યો છે તે યાજ્ઞવલ્ક્ય મૈત્રેયી - સંવાદ છે. યાજ્ઞવલ્ક્યના જીવનની આ ઘટનાઓ નોંધનાર બે જ શિષ્યો છે - માધ્યંદિન અને કણ્વ. શુક્લયજુર્વેદની પણ આ જ બે ''શાખા''ઓ છે ''માધ્યંદિની'' અને ''કાણ્વ''.

મહર્ષિ ભરદ્વાજને યાજ્ઞવલ્ક્યે શ્રીરામ-કથા સંભળાવી હતી. તેઓ કર્મકાંડ, યોગશાસ્ત્ર, વ્યાકરણ, આયુર્વેદ, અને ધનુર્વેદના પણ આચાર્ય હતા. વૈદિક સનાતન ધર્મ એટલે શ્રુતિ-સ્મૃતિ-પુરાણો. એમા ''યાજ્ઞવલ્ક્ય-સ્મૃતિ''નું આગવું સ્થાન છે.

બાળકે એની માના ઓરડામાં મૂકેલા અરીસામાં પોતાનો પડછાયો (પ્રતિબિંબ) જોયો. આખી રાત એ હેરાન થયો કારણકે એની માની પાસે બીજો સૂતો હતો જેને હમણાં જ એણે અરીસામાં જોયો છે. જાગ્યા પછી એણે પોતાને મા પાસે જોયો અને સમજ્યો આ તો હું જ છું. એનું બધું દર્દ જતું રહ્યું. એ પ્રસન્ન થયો. અરીસામાં જોઈને એ દુઃખી થઈ ગયો હતો. દ્વંદ્વમાં દુઃખ છે. દ્વૈતનું નિવારણ તે જ વેદાંતની સીમા છે.

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા દુર્ગાનો આવિર્ભાવ ક્યારે અને કેવી રીતે

(શ્રીમદ્ દેવીભાગવતને આધારે)

- પ્રતિમા ભારદ્વાજ

નવરાત્રિની પુણ્યવેલા ઉપસ્થિન થઈ છે. ચારે બાજુ દુર્ગાપૂજા ઉજવાઈ રહી છે. નવદુર્ગાના દર્શન માટે ભીડ થઈ છે, યુગોથી આ પૂજા ચાલી આવે છે.

''प्रथमं शैलपुत्री च द्वितीयं ब्रह्मचारिणी ।
तृतीयं चन्द्रघंटेति कूष्मांडेति चतुर्थकम् ॥
पंचमं स्कन्दमातेति षष्ठं कात्यायनीति च ।
सप्तमं कालरात्रीति महागौरीति चाष्टमम् ॥
नवमं सिद्धिदात्री च नवदुर्गाः प्रकीर्तिताः ॥''

એ જાણવાનું મન થાય છે કે દુર્ગા દેવીનું પ્રાકટ્ય ક્યારે અને કેવી રીતે થયું. શ્રીમદ્ દેવીભાગવતમાં દેવીનાં બધાં જ રહસ્યોનું વિસ્તૃત વર્ણન આવે છે. એમાં ભક્ત સુદર્શનની ગાથા છે, જેના પર કૃપા કરીને સમરાંગણમાં દેવી દુર્ગા પ્રગટ થયાં. કથા આ પ્રમાણે છે -

કોશલ દેશમાં મહાતેજસ્વી સૂર્યવંશી રાજા પુષ્ટાના પુત્ર ધ્રુવસંધિનો શાસનકાળ હતો. એ સત્યવાંદી, પવિત્ર ધર્માત્મા તથા આશ્રમ-ધર્મના સાચા સમર્થક હતા. અયોધ્યા એમની રાજધાની હતી. એમની બે રાણીઓ મનોરમા અને લીલાવતી નામની હતી. મનોરમાના પુત્રનું નામ સુદર્શન હતું. શરીરમાં સર્વ રાજચિહ્નો હતાં. લીલાંવતીનો પુત્ર શત્રુજિત્ હતો. અવાજ મધુર હોવાને લીધે સુદર્શનની તુલનાએ શત્રુજિત્ને બધાંનો સ્નેહ અધિક મળતો. એક દિવસ શિકાર કરતાં સિંહ દ્વારા રાજા ધ્રુવસંધિનું મૃત્યુ થયું. મંત્રીવર્ગ તેમજ ગુરુ વસિષ્ઠ સુદર્શનને રાજ્યભાર સોંપવા ઈચ્છતા હતા, પરંતુ આ ઘટના સાંભળીને લીલાવતીના પિતા ઉજ્જૈન-નરેશ રાજા યુધાજિત તથા મનોરમાના પિતા કલિંગ-નરેશ રાજા વીરસેન પોતપોતાના દૌહિત્રને રાજા બનાવવાનો પક્ષ લઈને આવ્યા. વિવાદને પરિણામે બંન્ને વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું જેમાં વીરસેન વીરગતિને પામ્યા. ત્યાર બાદ પ્રધાન વિદલ્લ સાથે ચર્ચા કરીને મનોરમા સુદર્શન સાથે ચિત્રકૂટમાં ભારદ્વાજ મુનિના આશ્રમમાં રહેવા જતી રહી. સુદર્શનને હણવાનો વિચાર કરીને યુધાજિત ભારદ્વાજ મુનિના આશ્રમમાં ગયા, પરંતુ હારીને પાછા ફરવું પડ્યું. આ બાજુ બાળકોએ રમતાં રમતાં વિદલ્લને ''ક્લીવ'' (કાયર) કહ્યો. સુદર્શન પર એ શબ્દનો અનેરો પ્રભાવ પડ્યો. એના અજાણતાં જ ''ક્લી'' એ મંત્રનો જપ થવા માંડ્યો. આ ''કામબીજ'' હતું. એ કામબીજનો જપ કરતાં કરતાં સુદર્શનને વૈષ્ણવી દેવીનાં દર્શન થયાં. દેવી પાસેથી સુદર્શનને અસ્ત્રશસ્ત્ર પ્રાપ્ત થયાં.

કાશી-નરેશ રાજા સુબાહુની પુત્રી શશિકલાએ એમના ગુણશ્રવણ કર્યા, અને એમને પતિ તરીકે વરવાનો સંકલ્પ કર્યો. રાજા સુબાહુએ શશિકલાનો સ્વયંવર રચ્યો. તેમાં દેશના સર્વ રાજા-મહારાજાઓ શશિકલાને મેળવવાની ઈચ્છાથી આવ્યા. શશિકલાએ તો રાજા સુદર્શનનું જ વરણ કર્યું. સજ્જન રાજાઓએ તો આનો વિરોધ ન કર્યો, પરંતુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યુધાજિત ક્રોધિત થયા. દેવીએ યુધાજિતનો અને શત્રુજિતનો વધ કર્યો. ત્યારે સુબાહુએ માગ્યું, ''આપ મારી અવિચળ ભક્તિ દ્વારા મારા હૃદયમાં નિવાસ કરો. મારી કાશીપુરીમાં સર્વદા વિરાજો. 'દેવી દુર્ગા' નામે આપની પ્રસિદ્ધિ થાય. આપ કાશીપુરીની નિરંતર રક્ષા કરો. જ્યાં સુધી પૃથ્વી રહે ત્યાં સુધી કાશીમાં નિવાસ કરો.'' દેવીએ ''તથાસ્તુ'' કહ્યું.

પછી સુદર્શને દેવીની સ્તુતિ કરતાં કહ્યું, ''આપે બાલ્યાવસ્થાથી મારી રક્ષા કરી છે. હવે મને આદેશ આપો કે હું શું કરું.'' દેવી બોલ્યાં, ''અયોધ્યા જા અને યત્નપૂર્વક મારી પૂજા કર. અષ્ટમી, ચતુર્દશી અને વિશેષ કરીને નવમીએ મારી પૂજા પરમ આવશ્યક છે. નગરમાં મારી પ્રતિમા સ્થાપીને સાવધાનીથી ત્રણે કાળ પૂજા કરાવજે. નવરાત્રિમાં વિશેષ રૂપે પૂજા-મહોત્સવ ઉજવવો જોઈએ.'' આમ કહીને દેવી અંતર્ધાન થયાં. સર્વ રાજાઓએ સુદર્શનને પ્રણામ કર્યા. સુદર્શને એમને દેવી-મહિમાનો સાર સંભળાવ્યો. સુદર્શન માતા સહિત અયોધ્યા પાછા ફર્યા.

શુભ મુહૂર્ત જોઈને સુવર્ણના સિંહાસન પર દેવીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી અને શુભ મંદિરનું નિર્માણ કરાવ્યું. અયોધ્યા ધન-ધાન્યથી પરિપૂર્ણ થઈ. પ્રજાજનો સુખેથી નિવાસ કરવા લાગ્યા. આ બાજુ કાશી-નરેશ સુબાહુએ પણ કાશીમાં દુર્ગા-મંદિર બનાવીને દેવીની પ્રતિષ્ઠા કરી. ત્યારથી દેવી દુર્ગા સંપૂર્ણ ભારતમાં પ્રસિદ્ધ થયાં, તથા લોકો મંદિરો બનાવીને એમની પૂજા કરવા લાગ્યા.

❖

> ''આવરણ નષ્ટ કરવાના માર્ગો પણ અનંત છે. તેથી જ સાધનાનો પણ અંત નથી. સાધનાનો અર્થ છે આવરણ નષ્ટ કરવાની ચેષ્ટા. આવરણનો નાશ થયા પછી જેઓ નિત્ય છે, જેઓ એક હોવા છતાં અનંત છે, અને અનંત હોવા છતાં એક છે એમનો પ્રાદુર્ભાવ થાય છે.''
>
> - શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમ સમાચાર

ભીમપુરામાં શ્રી શ્રી માનો ૧૦૩ જન્મોત્સવ ગુરુપૂર્ણિમાને દિવસે માતૃરૂપા ઉજવાયો પરાત્પર શ્રીગુરુનું પૂજન સુંદર રીતે ઉજવાયું.

તે ઉપરાંત કચ્છ-ભુજમાં ભક્તો દ્વારા શ્રી શ્રી માનો જન્મોત્સવ તથા ગુરુપૂર્ણિમાના ઉત્સવો ઉજવાયા. તા. ૩૦-૪ તથા ૧-૫ને દિને પ્રાતઃકાળ ત્રણ વાગ્યાથી પૂજન, ત્યાર બાદ મહા આરતી તથા ભજનો થયાં, કે જે સવારે ૧૦ વાગ્યા સુધી ચાલ્યાં. દરિદ્ર-નારાયણને શેવ-બૂંદી, દાળ-ભાત-શાક વિ. થી તૃપ્ત કરવામાં આવ્યા. બ્રહ્મ-ભોજન થયું તથા ભક્તોએ મહાપ્રસાદ લીધો, કે જેમાં ગરીબો તથા બાળકોએ તથા આસપાસના લોકોએ પણ ભાગ લીધો. ભાવિક બક્તોને શ્રી શ્રીમાના આશ્રમમાં હોવાની અનુભૂતિ થઈ. ગુરુપૂર્ણિમાનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવાયો. એ પ્રસંગે પણ પૂજા, આરતી, બ્રહ્મ-ભોજન તથા મહાપ્રસાદનો કાર્યક્રમ હતો.

વારાણસી આશ્રમમાં વાસંતી પૂજા (ચૈત્રી નવરાત્રિ) ઉજવવામાં આવી. તે દરમ્યાન સપ્તશતી વિષેનું સારગર્ભિત વ્યાખ્યાન થયું. ૧૪-એપ્રિલે પૂજ્ય દીદીમાનો સંન્યાસોત્સવ તથા ૨૩-એપ્રિલે પૂજ્ય બાબા ભોલાનાથજીનો ઉત્સવ ઉજવાયો. માતૃ-જન્મોત્સવમાં મહાપૂજા ઉપરાંત, કુમારીપૂજન તથા બીજે દિવસે ૧૦૮ વ્યંજનોથી શ્રી શ્રી માનો ભોગ થયો.

કનખલ આશ્રમ, આગરપાડા (કલકત્તા) આશ્રમ, રાંચી આશ્રમ, ડિબ્રૂગઢ (આસામ), પૂના આશ્રમ તથા ભોપાલ આશ્રમમાં પણ આ સર્વ ઉત્સવો થયા. તે ઉપરાંત વૃન્દાવન અલ્મોડા, વિન્ધ્યાચલ જેના સમાચાર નથી આવ્યા, ત્યાં પણ હંમેશની જેમ આ ઉત્સવો ઉજવાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાહેર વિનંતિ

શ્રી શ્રી આનન્દમયી સંઘ, કનખલ હરિદ્વાર.

હરિદ્વારના કનખલ આશ્રમમાં આવેલી "શ્રી શ્રી મા આનન્દમયી વિદ્યાપીઠ" એક એવું સંપૂર્ણ નિઃશુલ્ક શૈક્ષણિક સંસ્થાન છે કે જે પ્રાચીન ગુરુકુળ પદ્ધતિથી આધ્યાત્મિક વાતાવરણમાં છોકરાઓને શિક્ષણ તથા કેળવણી આપે છે. શ્રી શ્રી માના અનન્ય ભક્ત પૂ. ભાઈજીના આદર્શ વિચારને એમાં મૂર્ત રૂપ આપવામાં આવ્યું છે, એ વિચાર કે સશક્ત નૈતિક તેમ જ આધ્યાત્મિક વ્યક્તિત્વની કેળવણી પામેલાં બાળકો ભવિષ્યનાં રત્નો સમાન છે, કારણ કે એ બાળકો જ લોકોમાં સત્ય, વિશ્વાસ અને નિષ્ઠા લાવીને સમાજનું યોગ્ય ઘડતર કરી શકશે.

વિદ્યાપીઠમાં હાલમાં માત્ર બાર વિદ્યાર્થીઓનો જ સમાવેશ થયો છે. રાજ્યના તેમ જ કેન્દ્રના કેળવણી વિભાગ સાથે જોડાવા માટે મકાનને વધારીને મોટું કરવાનું કરવું તેમજ વર્ગોમાં - હૉસ્ટેલમાં તથા અન્ય સગવડો માટે ઓછામાં ઓછા ત્રીસ વિદ્યાર્થીઓનું હોવું જરૂરી છે. વિદ્યાપીઠને પોતાના આદર્શોની પૂર્તિ માટે ઘણાં જ મજબૂત પરિબળોની જરૂર છે.

તે માટે સહુ માતૃભક્તોને હાર્દિક વિનંતિ છે કે વિદ્યાપીઠને સહાય કરીને ભાઈજી દ્વારા વ્યક્ત કરાયેલા શ્રી શ્રી માની પ્રેરણારૂપ જીવનમૂલ્યોનું અનુમોદન કરવું.

દાનની રકમ ઈન્કમટેક્સ U/S 80G, I.T. Act, 1961 પ્રમાણે બાદ મળશે.

૧. વિદ્યાપીઠના મુખ્ય ફંડ માટે દાન

૨. વિશેષ દાન :

મકાનને વધારવા માટે તતા નિઃશુલ્ક હૉસ્ટેલ માટે.

બાળકો માટે નિઃશુલ્ક ભોજન.

બાળકો માટે નિઃશુલ્ક કપડાં, પુસ્તકો, શિક્ષણ અને તબીબી સહાય.

બેન્કના ડ્રાફ્ટ / ચેકમાં "શ્રી શ્રી આનન્દમયી સંઘ - (વિદ્યાપીઠ માટે)" એમ લખવું, અથવા મની ઑર્ડરમાં સાથે સંઘના જનરલ સેક્રેટરીને ઉપરને સરનામે દાનનો ઉદ્દેશ્ય લખી જણાવવો.

- સ્વામી સ્વરૂપાનન્દ

જનરલ સેક્રેટરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❊ Branch Ashrams ❊

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 6840365)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 327835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 5362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram,
Main Road, P.O. Ranchi-834001, Bihar (Tel : 312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth,
Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193, U.P.

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 310054+311794)

23. VINDHYACHAL: Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel: 05442–64343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel : 442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

श्री श्री आनन्दमयी संघ

ॐ माँ

मातृ शरणं

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन–३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi